ખુશ દર્પણ.

યાને રમુજી ટાહુકા; દીલપસંદ હાજર જવાબી, તથા
ખુશ ટોળ ટપ્પાનું ચોથું પુસ્તક.

રચનાર—જાહાંગીર બેહરામજી મરઝબાન,

તે તારાબાઇ—કીર્તક સંગ્રહ—મુંબઇથી કાશમીર—ભુલામણી—અક્કલના
સમુદર—ટોચકા સંગ્રહ—રમુજી ફકરા સંગ્રહ—તલેસમ—વગેરેનો કરતા.

મુંબઈ:

જામે જમશેદ સ્ટીમ પ્રેસમાં

મેસરસ જાહાંગીર બે. મરઝબાનની કુ૦ એ છાપ્યું છે.

૧૮૯૧.

૪૯૩૦

ખુશ દર્પણ.

[redacted]

અરે ભાઈ આમ તો આમ.

કરમચંદ શેઠને લગાર ગપ્પા મારવાની ટેવ ઝાઝી હતી. સાંજ કોરા ઓટલા ઉપર પગપર પગ ચહડાવીને બેશે, અને પગ પપાળતા જાય ને ગપ હોકયા જાય ને કાંઇ જોય નહીં. બીજા શેઠ સાહુકારો આસપાસ બેસી હાજી હા કરે પણ મનથી સમજે કે શેઠની જીભને તાળું નથી. હવે શેઠની પાસે કાહાનજી કરી એક વીશ્વાસુ નોકર હતો તેને શેઠની આ ચાલથી બહુ માઠું લાગે. એક દહાડો તેણે હીંમત ધરીને શેઠને શીખામણ દીધી કે આમ કરવુ ઠીક નહીં. કોઇ દહાડે કોઈ મોહોડા પર કહી આપશે તો ખરાબ લાગશે ઇત્યાદી. શેઠના ધ્યાનમાં આ વાત ઉતરી ગઈ, અને બોલ્યા "તું કહે છે તે પણ ખરૂં અલ્યા, જ્યારે આમ મારાથી આડું અવળું ઠોકાઇ જાયના, ત્યારે મને હળવેથી બરડામાં એશારત કરજે એટલે હું સમજી જઇશ."

હવે એક દહાડે સાંજના શેઠ ઓટલે બેઠા છે અને વાતચીત ચાલે છે એવામાં વાંદરાની પુછડી કેટલી લાંબી હોય તેની વાત નીકળી. આ ટાંણે શેઠે ભડકાવી મેલ્યું કે "હું જ્યારે હબસાનમાં વેપાર અર્થે ગયલો હતો ત્યારે ત્યાં મેં વાંદરા જોયલા તેનું પુંછ કંઇ નહીં તો કમમાં કમ વીશ વાર લાંબુ હશે!"

આ ધરપછાંટ સાંભળી કહાનજીના તો ડોળા ઉપર ચહડી ગયા. સર્વે સાંભળનારાઓબી હાજી હા કરી મુછમાં હસવા લાગ્યા. કહાનજીએ શેઠને બરડામાં હળવેથી આંગળી ઘોંચી, જે યાદ કરી શેઠ બોલ્યા:—"વીસ નહીં તો પન્નર વાર તો હશેજ હશે."

પણ કહાનજીએ વળી પાછી આંગળી ઘોંચી ત્યારે શેઠ કહે "હું જાણુંછ કે પુંછ દશ વાર તો હશે એમાં ફેર નહીં."

પણ કહાનજી તેથીબી ધરાયો નહીં.

એટલે વળી પાછી ઇશારત થઈ કે શેઠ લગાર મોહ કુમલાવી બોલ્યા "પણ બાપુ, બે વારબી તો હશેના? બે વારમાંથી તો ન જાય."

કહાનજીએ ફરીથી એશારત કરતાં શેઠ છેડાઇ પડ્યા. "પણ રોંડના ફોકટમાં શીદને પોંસલીઓ ભોંજી નાંખેછે. લે નહીં તો વાંદરાઓને પુછડાં હતીજ નહીં બસ હવે તને કળ વળી?"

કહાનજી તો ખશીઆણો પડી ગયો અને સઘળાઓ ખડખડાટ હશી પડ્યા.

નાટક બે અંકી.

દેખાવ પેહલો—ધણીઆંણી—"ડીઅર જાંગુ, તું આજે હાફીસમાં જાય તારે જતાં જતાં ડાકટરને ઘેર જજેની ? આજે ત્રણ ત્રણ દાહાડા થયા આવવાને સારૂં પોસ્ટ કારડ નાખ્યો ને ઠેકાણું નહીં મલે. જરા બરાબર ખખરાવીને કેહજે હો."

જાંગુ—હા ડીઅર—હું પોતે ડાકટરને જઈને મોહોને મોહોનું કેહીને સખત તાકીદ આપશ.

* * *

દેખાવ બીજો—(એક કલાક પછી) **જાંગુ**—"ડાકટર, આએ ત્રણ પોસ્ટ કારડ મારી બઈરીએ તમારે સારૂં ટપાલમાં નાખવા આપ્યા હતા તે હું ભુલી ગયો ને બધા ગજવામાં એકઠા થયા કીધા. જરા મેહરબાની કરીને આજે જજો નહીં તો મારા ઉપર તોપ પડશે.

ડાકટર—ચીંતા નહીં, હું કેહીશ કે હું બાહાર ગામ ગયલો હતો.

સમાપ્ત.

"શું થયું મંચી, માટીડા જેવો માટીડો થયો ને એટલું રોસ્ટ બટક કાપતાં નહીં આવરતું? છરી તો આજેજ ઘસાવી ને એમ ફાંફાં કાંય મારેછ? બધાં ટેબલ પર ડાચું જોયા કરેછ?"

"છરી તો ઘસેલી સારી છે, પણ કાકી, જરા બટકને ઘસાવી મંગાવ્યું હોતે તો ઠીક પડતે."

ઘરાક—(મારવાડીની દુકાન ઉપર ઉતાવળો પાછો આવીને) એ મારવાડી, હમણાં ભુલમાં મેં તુને દોઢોરીયાંને બદલે અડધો રૂપીયો આપ્યો?

મારવાડી—નારે બાપુ.

ઘરાક—અં! તારે તો કંઈ નહીં. મારી પાસે એક ખોટો પતાંનો અડધો હતો જે મેં નવાઇ તરીકે રાખ્યો હતો, તે હું જાણું કે ભુલમાં અપાઈ ગયો હશે.

મારવાડી—હા-હા-કોણ જાણે-જરા ઠેરો બાપુ, હું જોઉંછું.

કરકસરની શરૂઆત.

"જો વાહાલા જીમી, આપણે ઘણા કરકસરથી રહી શકશું. તું જો દારૂ પીવાનું મુકી દે, કલબમાં નહીં જાય ને કોઇને જમવા નહીં તેરે તો કેટલો ફેર પડે?"

"હા ડીઅર પુતલ, ને તું શું કરે?"

"હું? હું નવી સારીઓની કોર મારે પોતાને હાથે ટાંકું, કબી દરજીને નહીં બોલાઊં."

જમસેદજી કંજુસ—મેહતાજી, આજે તીજોરીનું બારણું બંધ કરતાં તમે ભુલી ગીયા.

મેહતાજી—નારે સાહેબ, મેં જાણીજોઇને ઊઘાડું રાખ્યું છ તે અંદર બે ચાર રૂપીયા છે તેને ખાતર નકામી બસો રૂપીયાની તીજોરી કોઇ નહીં ભાંજે.

ધણીઆણી—જમશેદજી, એક દસ રૂપીયા આપતા જજો.

ધણી—હા—કાંય ?

ધણીઆણી—ઘેરમાં ખુરશીઓની ઘણી અગવર પડતી હતી તે મેં થોડીક લીલાંઉમાંથી કાલે સાંજના લીધી.

ધણી—હેં ! કયાં લીલાંઉમાંથી ? કેટલી લીધી ?

ધણીઆણી—'જામે જમશેદ'ની પાસે કરાફરડનું લીલાંઉ થાયછ તાંહથી.

ધણી—(ધબરાઇને) કેટલી ?

ધણીઆણી—છ.

ધણી—નખ્ખોદના ગાલાં ! તેતો મેંજ મારી હાશીની ભાગેલી તુટેલી વેચવા મુકીતી.

બાવા—દીકરા સાવીઆ, તારી માએ ફરીઆદ કરેછ કે હમણાં તું ઘણું જુઠું બોલવા શીખીઓછ. મારો જીવ એથી ઘણો દલગીરછે. કધુ જુઠું નહીં બોલીએ. ગમે તેટલું આપુને દુઃખ થાય તો શું થયું. ચાલ બોલ કે હવે ફરીથી જુઠું નહીં બોલું.

દીકરો—(વળગીને) હા બાવાજી, હવે કભી નહીં બોલું.

બાવા—જીવતો રેહ. ચાલ જા, જો હવે બારણું કોણ ઠોકેછ. જો મયુનીસીપાલીટીનો બીલવાળો આયો હોય તો કેહજે કે બાવા ઘેરમાં નથી, બાહાર ગીએલાછે !

ચીઠી લખીને બે વાર વાંચીએ.

આલીબાઇએ ડાકટર ધનજીશાહને ચીઠી લખી. "ડાકટર સાહેબને માલમ થાયજે બુચાને દુધ બીલકુલ જરતુ નહીં તેથી કંઈ ઉપાય બતાવજો."

ડાકટરે ઉતર લખ્યો "જો કાચું દુધ બુચાને જરતુ નહીં હોય તો એને જરા ઝીની આંચ ઉપર ગરમ કરજો."

કોણને ?

"કેમ ધનજી, એ ખુબ સંભાળથી સાની ચીઠી બંધ કરેછ ?"

"મારી મોહોરદારના કાનપર કાંઈ વાત લાવવાની છે તે સારૂં ટપાલમાં કાગળ મોકલુંછ."

"પણ કાગળ ઉપર સરનામું તો તારૂં પોતાનું છે ?"

"તારેજ ઠીક તો."

"તે કેમ?"

"મારૂં સરનામું કરીને ઉપર 'ખાનગી' કરીને કાળા અક્ષરમાં લખશ ને અજાણ્યા અક્ષર કરશ એટલે મારી બહેરી સો કામ મુકીને કાગજ ઉખેરીને વાંચશે."

"આહ! ડીઅર! તારો પ્યાર મેળવવાને હું હજારો રૂપીયા આપી દેઊં."

"રોકડા કે ઉધાર ?"

લે બીજો !

મુંબઈમાંથી કાલેજનો અભ્યાસ કરી ખરશેદજી માસ્તર નવસારી જઇ રહ્યા હતા. તેજ શેહેરમાં રતનજી ડાકટર નામે તેનો પુરાણો દોસ્તબી રહેતો હતો. આ બન્ને ભાઈબંધોને છાંટો પાણી સારી પેઠે લેવાની આદત હતી, અને જ્યારેબી સાથે જમવા બેસે ત્યારે બાટલીનું માથું ભાંજે. એક વાર ક્રીસટમસ ટાંકણે ખરશેદજીને ત્યાં શાપુરજી નામનો તેનો એક બીજો પુરાણો મીત્ર આવી ઉતરયો.

બીજે દીને ખરશેદજી અને રતનજી બજારમાં મળ્યા ત્યારે નીચલી વાતચીત થઇ.

"જો દોસ્ત રતન, આએ શાપુર આવ્યોછ તે અઠંગ પીનાર છે, પણ કાલે હું તુને જમવા બોલાઉં અને તું એની સાથે પીવાની સરત બકી એને તૈયાર કરે તો ખરો. એ પીવાવાળો બહાધર તો છે પણ આપરે એની સાથે ઠાગો રમશું. હું દરેક જણ આગલ અકેકી બ્રાંડીની બાટલી મુકાવશ પણ તારી ને મારી આગલ ખાલી પાણી બ્રાંડીના જેવા રંગનું મુકાવશ, ને એની આગલ બ્રાંડી મુકશું એટલે અરધી પોણી બાટલીમાં એ આવી રહેશે. જો ખુબ મજાહ પડશે."

આ ગોઠવણ પ્રમાણે રાતના આ ત્રણ દોસ્તો જમવા બેઠા અને રતનજીએ પોતાનું ટંબલર અડધું ભર્યું અને "લેવો શાપુરજી તમારી સલામતી" કરીને ગટાવી ગયો.

શાપુરજીએબી અડધાં ટંબલરનું માથું ભાંજ્યું. આ પ્રમાણે ઉપરા સાપરી તેઓ પોતાની બાટલીમાંથી ગ્લાસ ભરતા જાય

ને પીતા જાય. ખરશેદજી તો ફક્ત એકજ ગ્લાસ પીને બેસી રહ્યા અને મુછમાં હસીયા કરે.

આખરે બેઉની બાટલી પુરી થવા આવી ત્યારે રતનજીનું પાકી આવ્યું. તેણે જોરમાં ટેબલ ઉપર હ્ઠેલી ઠોકી અને બોલ્યા "એ સોદો કંઈ મને પરવડે નહીં. એક કલાક થયો આએ પાણીનું ડોહોચાણ હું પીયા કરૂંછ ને તમે મજેહથી બ્રાંડી પીયા કરોછ તે બધો કાંહ નાખોછ?

આથી શાપુરજી અકરાઇને બોલી ઉઠયા "લે વરી આએ સોખાઇ જોઇ કે, ક્યારનો હું રંગનું પાણી પીઉંછ ને નરો બ્રાંડી તો તમે પીઓછ."

હવે ખરી વાત એ હતી કે ખરશેદજીએ શાપુરજીને બી એમજ સમજાવ્યું હતું કે આપને રતનજીને છાકટો કરીએ. એવી ઉમેદમાં આ બન્ને જણ લગભગ એકેક બાટલી રંગત પાણી પી ગયા હતા અને ખરશેદજી ઠંડે પેટે ગ્લાસ બ્રાંડી પીને આ લોકની મુર્ખાઇથી મજાહ મેળવતા હતા.

સેહલું વશીયતનામું.

એક ચકડોળ હમણાંજ મરણ પામ્યો છે તે પોતાની પાછળ નીચલું વશીયતનામું મુકી ગયો છે:—

"આએ મારૂં છેલ્લું વશીયતનામું છે. મારૂં જે કંઇ હોય તે મારાં જે કોઇ સગાં હોય તેઓએ ગમે તેમ વેહેંચી લેવું. જે કોઇ પંચાતી કરે અથવા વાંધો ઉઠાવે તેને કંઇ મલે નહીં સહી. લા૦——"

મુવા પછી ચોથે દાહાડે જ્યારે વીલ વંચાયું ત્યારે કેમ તોટા પીસાયા હશે તે વીચારવું સેહલ છે.

માકાંડોસાં સબી પરાવો આયાં.

માકાંડોસાંને જી નરાઇ—જો વરી ખીખી ખાખા કરીને દાંત નો કાહારતાં તમે શેંડો આકલી બીલસ જેકલી મતુ-કલીઓ મોજ કરો તારે શું અમે તે કંઇ ઘસરાઇ તનાઈ આયાં કે? જાઓ—રેએએ! મારા કુંવરની સાતે ભીંદી બજા-રમાં હું મારી સબી પરાવી આવી—શે વરી તેમાં તમારી શું બપાઇ મમાઇનું ખાધું લીધું જે વરી તમે એમ નોખના નસકોરાં કરોછ? કુંવર કેહેજે ચાસો આપરે—પેલું શું રે—તોપો ઘરાક—ગોટી ગરાક—બતો બરાક—બલા જાણે કંઇ છેની—તે પરાવા જઈએ. મેં કેહું જે નારે બા, આપરે ગરીબ મનખ, એ આપરૂં કામ નહીં. વરી આપરે મેહરબાઈ ફુલકસુર પરીઆની તે વરી ચેહરા ચીતરાવવાના બાકી ઉતા. મુઓ જાંગલો જોઇને ખુસ ખુસ થઈ જશે. પણ કુંવર કેહજે તન સબી લઈએ તો બાર ઓણા આપવાના. તારે તો મુઓ જરા જીવ થયો. વારૂં, મરી ગીઆં તો બધી વાતથી જતાં રહીએ ને માંદલાગું ડાકુંતરાપ પરાવસું તો દોસલાંમાં તો મુકવા કામ લાગશે. બાર ઓણા રોકરા નઇ ઉતા તે મારી ફુવન સાસુની નજીએ મને એક જુની કસબા તોપી આપીતી તે જરીપુરાના વારાને બોલાવીને બાર ઓણા ને સુવા ફદીએ વેચી ને અમે ટરાંમબોલમાં બેસીને ભીંદી બજાર ગીઆં. ટરાંમબોલના પૈસા તો જી ભરૂં, ઉવા આપું, શો વરસનો ડોસો થાય ને બધી ઓવરઇ જાણી તે મારા કુંવરે આપીઆ, જુથું સું કરવા બોલું.

એક નાહાલી દુકાન ઉતી તેમાં એક તાતીઓ એમથી તેમ ખકેલાંની ગુરી ખાતોથો. મુવાના પગમાં તો પેતાવા નહીં મલે ને માથે મોટાં ઘટીના પઇ જેવી પાઘરી ચહરાવેલી. મુવો ભારખી કેમ ઝીલાતો હોસે. ડોકી તો મરઘીની નડડી જેવી ને માથે મોટું મસ ડપચર! મુવાનું માથું ખીસી જાય તેમાં કંઈ નવઇ? હું તો જાણું કે સબી ચીતરવાની તે બધી કેવીક આરસીઓ—ને રંગ—ને પીછી—ને બધું હોસે પણ ખાલી ખપપા ને ખરીઆ ખાસતું! એક નાહાલી પેતી ને એક ચુહુલા આંગણેનું પોતું જેવું કપરૂં—બીજું કંઈ મલે નહીં. મેં તો જાણુયું કે ચાલ જા, ડોસીને ઘેર બાર ઓનાની સેસ આવી. ઉપરથી કાચનું છાપરૂં તે તરકું તો એવું પરે કે બધી ચામરી ફારી નાખે. બધા બડડે પાણીના રેલા ઉતરે. જેમ તેમ કરતાં એક ખુરસી પર મને બેસારી ને મને કેહજે સરખાં બેસો. મેં બે હાથ બરાબર પોહોરા કરીને મારા ગુંથણ પર મુકાઆ. મારા મનમાં કે બધાં આંગલાં સરખાં પરે ને મારે છેલ્લે આંગરે રૂપાંની વીટી પેહેરેલી ઉતી તે જરા બરાબર દેખાય ને સારૂં તે ઓંગલી ઊંચકી રાખી. પણ મુવો તો ખભરી પરીઓ. બાઇ એમ નહીં—એમ નહીં—સીધાં બેસો. મને તો એવો કાર લાગો કે જાણે અમના ખાસરૂં કાહારીને ઉઠું. વરી એમ નહીં તો કેમ—સીધાં નથી બેઠાં તો વાંકાં કેમ બેસાતું હોસે. મારા હાત ધરીને મુવાએ તો ખીસારી નાખ્યા. કેવાં મજેના ઓંગલાં ગોઠવી ગાઠવીને મુકીઆંતાં! મેં અદબ વારી તો કેજે તેમ નહીં; સારીમાં ઘોકીઆ તો કેજે એમ નહીં. પછવારે કીધા તો કેજે તેમ નહીં. તારે શું ખદાએના આપેલા હાત મુવા કાપી નાખું.

વરી મુવો એ પોતાની મમાઈ બપાઇના ડોરા બારવા બાઠ્ઠી ઉતો. મેં કહ્યું જે લે બા માથું ના ખા; તારે જોઇએ તો હાત લઇ જઇને તારા ઘેરમાં ઊંચા મુક. જેમ તેમ હાત ગોઠવાયા તારે વરી પગની સુગ મુવાને લાગી. મરેરે એમથી તેમ, તેમથી એમ ઊંચક મુક કરતાં મારા તો પગ ભરાઈ આયા તે જરાક સપાત કાહારીને અંગોઠાનો કટકો ફેરવા ખુરશી પર મુકીઓ તો મુવો તો લાલ ને પીરો થઇ ગીઓ. નીચે મુક, નીચે મુક કરીને મને તો ખસીઆની પારી નાખી. કાહાની કીરતે પગ ઠર પરીઆ તારે ગોતી ગરીઓ તો પેલી પેટીની પછવારે મહાઉ બાહુની કાની કપરું ઓઢીને મને બીહીવારવા આયો. મેં કહ્યું જે એવી મસખેરી બાઇ માણુસ સાથે નહીં ચાલશે. ચીર લાગસે તો મુવાને લાત મારીને ઉદારી નાખસ. આએ ગરબર સાંભરીને કુંવર બાહાર ઉભોનો તે અંદર આયો. મુવો પેલો તો કેહજે એ માહાતારી કાય ગાંડી હય. હોયની ગાંડી તારી માય મમાઈ! પણ કુંવર કેજે મારી સબી એમજ પારવાની એટલે હું પાછી બેઠી. થોરો વાર ફાંફાં મારીને પેલો કેહજે હવે સીધાં બેસજો. મેં કહ્યું જે વાંકાં કે દાહારે બેઠાં. પછી પેલાએ સબી પારવાની પેટીનો કાચ ઉઘારીઓ તે ટીકતાં ટીકતાં મારી ઓંખમાં પોંણી આવી ગીઆં તે જરા લુછવા સારીનો છેરો ઊંચકયો તો કેજે મારો કાચ બગરી ગીઓ! આએ તે સા ડખ! વાય! વાય! ઓંખબી નહીં લુછું? વરી ફરી ચટકીને બીજી વાર બેસારી ને ડોરા બારી બારીને કાચ ઊઘારીઓ તેવામાં નાખ પર જરા કીર લાગી તે હાત ઊંચકવા જાઉંચ કે પેલાએ બુમ મારી. મેં બે હાથ ઊંચા કરીને ઓવરણા

લીધાં કે નહીં રે નહીં મરી જાણી નાખ કોણુ ઘવરેચ. વરી મુવાનો ખીચરો બગરી ગીઓ તે સારૂં ફ્ફરીઓ તો ફ્ફરીઓ કે બસ. મેં નાખ ઘવરીણી તેમાં એના કાચ સાને બગરીઆ હોસે. મેં કહ્યું જે એટલા બધા તાતા સાના થાઓચ ? મારે ઘેર વારામાં એક બારીનો મોટો કાચ ભાગેલો મુકી રાખેલોછે તે કેહસો તો લાવી આપશ. પણ મુવાની તો દાર બરી ગેઈ તે સમરેજ નહીં. મોટું આચ ડાચું કરીને વરી પાછી મને બેસારી. કાચ ઉંધારીઓ તેટલાં મને યાદ આયું કે માથુંબાનું સરી ગીયુંછ તે જરા બરાબર બાંધું. જેવું માથુંબાનું છોરયું કે મુવાએ તો બુમ બરારા કરી મુકીઆ. પેલું કપરૂં ભોંય ઉપર ફેંકી દીધું ને "ઉઠ ઉઠ તેં સબી પરાવી" એમ કહી મને તો ઝંઝેરીને ઉઠારી મુકી. કોણ જાણે સું થયું તે મુવોતો જઈને એક અંધારી કોથરીમાં ભરાયો તે બાહાર આવેજ નહીં. મેં કુંવરને કહ્યું કે જોની બા, મુવાએ ચીરના મારીઆ કંઈ કુવો તલાવ તો નહીં કીધો હોય. થોરા વારમાં તો જી ભરૂં આયા. હાતમાં કાચ પકરેલા ઉતા તે મને દેખારીઆ તો ઓ આઈ બાઇઓ આવોરે ! એકમાં મારા ચાર પગ પરેલા ! બે ભોંયપર ને બે ખુરશીપર ! જાંહ છે તાં કોઇએ ચેરાં કાહારેલાં, બાકી હું સબીની પેટીમાં કાંહ ભરાઈ જતીતી. બીજા કાચમાં ચાર ડોક પરેલાં ; એકમાં માથું બાંધેલું ને એકમાં છુટું. મુઇ એવી મકાઈ બાહુ જેવી લાગું કે મારે બડડે પાણી ઉતરયું. એકમાં તો જાણે મેં મારે હાતે મારૂં નાખ નીટ કાહારવા પકરયું હોય તેમ ! મેં તો પેલાને મોહોને

છુટી ગાર દીધી ને કહ્યું કે મુવાને નાચતાં નહીં આ-વરે તારે બાનનું વાકું. ચલ મુવા, આવરે નહીં તારે હજામત કાંય નહીં કરતો. સહવારના કોણજાણે બી-લારી આરી ફરી હોસે કે તે દાહારે રરમેસ થઈને ઘેર આવી.

અકલના બાદશાહ.

પ્રમાનંદ નામે એક નાગર ભોલો ભટ્ટ હતો તે ગીરગામમાં રહેતો. એકવાર મનસુખરામભાઇએ તેને વાલકેશ્વર જમવા બોલાવ્યો. રાતના વાળું કીધા પછી ઘર જવાની વખત થઈ ત્યારે વરસાદ તો એવો માર મારનો પડવા લાગ્યો કે મનસુખ-રામભાઈની વહુ કમલા ગવરીએ આગ્રહ કરીને પ્રમાનંદને રાતો રાત ત્યાંજ સુઇ રહેવા કહ્યું. પ્રમાનંદે હા પાડી. થોડીક-વારે તે ગેબ થઇ ગયો. સઘળે શોધ કરી પણ મલે નહીં. આખરે દસ વાગતે સઘલાં સુવા જતાં હતાં તેટલાં તે દોડતો અને હાંફતો કાંપતો આવ્યો. તેના કપડાં સઘલાં ભીંજાઈને તડબોર થઇ ગયાં હતાં.

"કેમ ભાઇ, ક્યાં ગયો હતો? આ ભીંજાઈ ક્યાંથી આવ્યો?"

"એતો હું ભીંજાઈ ન જાઉં માટે તમે મને અત્રે સુવા કહ્યું તેથી ઘેરે મારી ઓઢણી લેવા ગયો હતો."

ભેંસના શીંગડાં ભેંસને ભારી.

કાસમજી અબદુલહુસેન નામના એક હોરા ઉપર એક વાર તવાઇ આવી. ઘર ફાડીને ચોરીનો અપરાધ તેના ઉપર મુકવામાં આવ્યો અને સેશનમાં સાત વરસ જાય એવું સાંટક આવી બન્યું. કાસમજી પોતાના વકીલ મોહનશંકરને ત્યાં ગયા અને પોતાની ઉપર આવેલી સઘલી આફ્ત માંડીને કહી. મોહનશંકર બડા કાવાદાવા વાળા હતા તેવણે કાસમજીને સલાહ આપી કે "તમોએ દેવાના હોવાનું ડોળ ઘાળવું. જે કંઈબી સવાલ પુછે તેનો ઉત્તર "સુઈ દોરાની દરી દોરાના કાટ" એમ આપજો પછી તેમાંથી બચો તો બચો."

સેશન આવી પુગી. જુરીના સાહેબો બીરાજીઆ અને કાસમજીને બાકસમાં લાવી ઉભા કીધા. તેવણ બહુજ અકળાયલા ઘભરાયલા દીસતા હતા.

સરકારી બારીસટરે ઉઠીને પેહલો સવાલ કરયો "કાસમજી અબદુલહુસેન—તુને સવાલ કરવામાં આવે છે કે તું તકશીરવાર છે કે બીન તકશીરવાર?"

"સુઇ દોરાની દરી, દોરાના કાટ" કાસમજીએ ગાંડા ઘેલા થઇ ઉત્તર દીધો.

જડજે ડોળા કકડાવી પુછયું "બંધવા, જે સવાલ પુછે તેનો બરાબર જવાબ આપ, નહીં તો સખત સજા થશે."

"સુઇ દોરાની દરી, દોરાના કાઆટ" બીજો જવાબ નહીં મળે.

આ ઠેકાણે મોહનશંકરે કાસમજીને માટે રોકેલા બારીસટરના કાનમાં કંઇ કહ્યું જેથી બારીસટર ઉઠીને બોલ્યો "માઇ

લારડ, અને જુરીના સાહેબો, આએ બંધવો તદન માથાંથી ગીએલો છે, અને પોતાના કામનો જોખમદાર નથી. જે વ-કીલ મને આજે એના તરફથી સલાહ આપે છે તે એને સારી તરેહ ઓળખે છે."

જડજે આ સાંભળી બંધવાને પુછ્યું "કેદી, આએ બારી-સટર સાહેબ શું કેહછ તે સમજ્યો ?"

"સુઈ દોરાની દરી દોરાના કાઆઆટ" કાસમજીએ રાગડો કાહાડીને જવાબ દીધો.

આખરે જુરીએ પોતપોતામાં વીચાર કરી બંધવાને જતો મુકીયો.

બીજે દીને મોહનશંકર પોતાનું બીલ લઇને કાસમજીને મુબારકબાદી આપવા ગયા "કેમ કાસમજી, મારી સલાહ કેવી કામ લાગી ? લેઓ આએ ત્રણુસે ચાળીશ રૂપીયાનું બીલ છે તે આપો. એમાંથી દોહોડશો તો બારીસટરને ફીના આપ્યા છે."

કાસમજીએ ડોકું ધુનાવ્યું અને બોલ્યા "સુઇ દોરાની દરી દોરાના કાઆઆઆટ."

"લે ચાલો, હવે ડાહેલા થોડા થાઓ—તોલો—નહીં તો સમા-લકાઝ કોરટમાં ફરીઆદી માંડીશ."

"સુઇ દોરાની દરી દોરાના કાઆઆઆઆટ !"

આ પછી મોહનશંકર ચતુરે શું ઉપાય લીધો તે અમારો રીપોરટર લાવ્યો નથી.

ડાહ્યો કાગડો ભુખે ન મરે.

જાહાંગીર અને તેમના ધણીઆણી પીરોજા એક ઈંગ્રેજી દુકાનેથી એક પીકચર લાવ્યાં. સહવારના હાલમાં ટાંગવાને માટે ગરબડ ચાલી રહીછે. મતમાં ફેર પડી ગયો. જાહાંગીરજી કહેજે પીકચર જમણીગમ ટાંગવું જોઇએ અને પીરોજા કહેજે ડાબી ગમ. માલી મસ મોટી સીડી લાવીને હાથમાં હથોડી ખીલા લઈને ઉભો રહ્યો. આખરે શેઠ જીદે પડયા અને માલીને ડોળા કાહાડીને હુકમ કીધો "બસ હું તુને હુકમ કરૂં ત્યાં ટાંગ." હવે કાંઇ રહ્યું નહીં. માલીએ સીડી ગોઠવી અને એક ખીલો જમણી ગમ અને બીજો ડાબી ગમ મારયો.

જાહાંગીરજીએ અચરત થઈને પુછ્યું "કાંય આગ્મે બીજો ખીલો કાંય મારીઓ ?"

"તે સાહેબ, કાલે બાઇ તમુને સમજાવશે એટલે આરસી તમે ડાબી ગમ પાછી ફેરવાવવાના, ને શીરી પાસેના રતનશા પાસેથી ઉછીની લાવ્યોછ, તે વળી કાલે પાછી કાંહ લેવા જાઉં તેથી અત્યારથી ખીલો મારી મુકયોછે."

ઇનસાફ!

માણુસ અને કેળાંની છાલ વચ્ચે ઈનસાફ સારી રીતે જલવાયલોછે. કોઇવાર માણુસ છાલને ગટરમાં નાખી દેછે તો કોઈવાર છાલ માણુસને તેજ ગટરમાં પોતાનું કદ મપાવેછે!

બોલા ન હોય તો ઘડીઆલી ભુખે મરે.

ઘરાક—જરા જુવોની બા આએ મારૂં ઘડીઆલ ચાલતું કેમ નથી ?

ઘડીઆલી (તપાસીને)—ઓ બાપરે, તમે ચોથે માલથી નાખી બાખી દીધું'તું કે ?

ઘરાક—નહીં !

ઘડીઆલો—તારે એનેથી બદામ કે અખરોત કંઇ ભાંગ્યું હશે ?

ઘરાક—નહીં રે નહીં ! હું તો એને ઘણી જતનથી વાપરૂંછ. એને સમારતાં કેટલા દાહાડા થશે ?

ઘડીઆલી—(ફરીથી તપાસીને) આઠેક દાહાડા રાખી જાઓ તો સારૂં. પણ ઘણી ઉતાવલ નહીં હોય ને પંદર દાહાડા રાખશોતો બરાબર કરી આપશ.

ઘરાક—ઠીકછે-જરા મેહનત લઈને ઘણું રાઉસ કરજો. હું પંદર દાહાડા પછી મંગાવી લેવશ, સાહેબ મેહરબાન.

ઘડીઆલી—(ઘરાકના જવા પછી) જમસુ, અહીં આવ તો. આએ ઘડીઆલને કંઇ નથી. પણ આએ અડગરો કુંચી આપતાં ભુલી ગીઓછ. હમણાં તો એને તીકીટ મારીને રહેવા દે. પંદરમે દાહાડે લેવા આવે તારે પાંચ રૂપીઆ લઈને પાછું આપજે.

ચોરને ઘેર ચોર પરોણા.

એક હોરાજી લોહોડાંનો જુનો પુરાનો સામાણ વેચવાનો ધંધો કરતા હતા. તેવણને ત્યાં વારેઘડીએ બાલુ નામે એક વાહાણનો સીધી આવે અને દુકાનમાં આમ તેમ ફરીને સામાણનો ભાવ પુછે પણ કાંઇ ખરીદ કરે નહીં. હોરાજી જોકે અભણેલ હતા તોએ ખંધા હતા. બાલુ સીધીની આ મુલાકાતોની તેવણને સમજ પડે નહીં. ઘણીબી બારીક નજર રાખી પણ તે ફક્ત દુકાનમાં આવીને ચાલી જવા સીવાય બીજા કસાને હાથ લગાડે નહીં.

ઘણી ખોળ કરતાં મીયાંભાઈને જણાયું કે દુકાનના ખુનામાં ત્રાંબાના થોડાક બોલ્ટ નાખેલા હતા તે આસ્તે આસ્તે ઓછા થતા જતા હતા.

"એ કુન બેટી બાપ લઇ જાયછે? મેં મારે હાતસી ગણ્યાંને પચાસ મુકાતા, ને આજતો બે ડજનબી નથી. મારો વાહાલો પેલો બાલુ સીધીતો આ કારેસ્તાન નહીં કરતો હોય? પણ તેમ થાય કેમ? એ કસાને હાથતો લગાડતો નથી કે વાંકુંબી વળતો નથી—ઠીકછે—જોઇશું."

તેજ દાહાડે સાંજના રાબેતા મુજબ બાલુ સીધી પાછો આવ્યો અને એક કરવતીનો ભાવ પુછયો. તેને આમ તેમ ફરાવી જોઇ, પણ કીંમત ભારી લાગવાથી મુકીને ચાલયો ગયો. હોરાજી તુરત ઉઠયા અને પેલા ત્રાંબાના ખીલા ગણી જોયા તો બે ઓછા! હા તારી! ગુલામનો ખાધો એજ ચોર! પણ એ ઉંચકેછ કેમ? બીજે દીને હોરાજીએ સીધી ઉપર

ખુબ સંભાળ રાખી. બાલુ ફરતો ફરતો ત્રાંબાના ખીલાના ઢગ આગળ ગયો અને પોતાના અંગુઠા વચે ખીલો ધરીને ઘણી સીફતથી પગ હલવડવાને મશે ઉંચકીને પોતાના ખીસામાં ઓળાવી દીધો.

હોરાજી તે વાર તો કંઇ બોલ્યા નહીં પણ મુછમાં હસીને મનમાં ઠરાવ કીધો કે સીધીભાઈ સરસ કે હોરાજી તે નક્કી કરવું. આખી રાત હોરાજીએ વીચાર કરયો અને બરાબર તાગડો ઘડીને સહવારમાં દુકાનમાં આવ્યા. સાંજના સીધીભાઇ જેવા પધાર્યા કે જોય શું કે પેલા ત્રાંબાના બોલ્ટ મજેહથી વખેરાઇને છુટા પડેલાછે. તેવણ હજારેથી પાછા તે ઉપર જઇને ઉભા કે જબરદસ્ત ચીચારી મારી અને વાંદરની પેડે છલાંગ મારીને દુકાનમાંથી નાહા. હોરાજીતો પેટ પકડીને હસવા લાગ્યા. સીધીને દુરથી આવતાં જોઈ હોરાજીએ ત્રાંબાના બોલ્ટ લાલ ચોળ તપાવીને તુરતનાજ મુકી છાણ્યા હતા.

ધંધો!

એક ભીખારી બીજા ભીખારીને—"એઇ, તારા લંગડા છોકરાને આજે મારી સાથે ભીખ માગવા મોકલવાનું શું લેશે?"

"ત્રણ આના."

"ત્રણ આના? જા, જા, બેઆને તો મને એક આંધળો મળેછે."

માંથાની ભાંજનારી.

શીરીન શહેતાન—વાહરે વાહ! તમારા જેવાબી ઉજમારા કોઇ જોયાતા નહીં. રાતના બાર વાગતે બાંયતલીએ કેટલી ગરબડ સરબડ થઇ, ને હું આખી રાત ઉજાગરે ઉજાગરે મરી ગેઇ ને તમે તો જી ભરૂં ખરેખર ઉંઘ કાહારતાતા. મુવા કોઇ ચોર આવીને મને ઉંચકી જતે તોબી તમે જાણુતે નહીં. એ તે કેવી ઢોર જેવી ઉંઘ!

કાઉ કાંકણો—અરે કંઈ નહીંરે ડીઅર, કોણુ કમબખત તુને લઈ જતુંતું. ભુલમાં લઈ જતે તો બચારો હાકીને પોતાની મેળે પાછો મુકી જતે.

નવી બિમારી.

કાવશદારૂ એક દહાડો તારી પીવા ગીઆતાંથી રાતના બારેબાર થઈને આયા ને કરસીઓ ઉંચકી ગટગટ પાણી પીધું. હવે એવું બન્યું કે આ કરસીઆમાં તેવણુનાં બુચાએ રમતાં રમતાં દોરાની દડી નાંખી હતી તેબી પાણી સાથે ગળાઇ ગઇ અને દોરાનો છેરો બાહાર રહી ગયો. આ છેરો થોડે વારે કાવશદારૂના હાથમાં આવી-આથી તેવણે તાણી જોયો તો દડી ઉખેરાયા કરે અને મોહોના વાટે દોરો બાહાર આવ્યા કરે. પચાશેક વાર દોરો બાહાર પડીઓ એટલે કાવશદારૂ ગભરાયા તેથી બુમ પાડીને પોતાની ધણીઆણીને હાંક મારી "એ શાંભરેશ કે—અરે ઓરી આવની વેહેલી, આમે પેટમાંથી પચાશ વાર લાંબો કરમ નીકરયો!"

ગરીબ બચારો !

સરકસમાં નીચલી વાતચીત અમારા સાંભળ્યામાં આવી હતી.

"કેમ ભાઈ રણછોડદાશ, આજે અહીં કેમ ?"

"શું કરૂં ભાય, મારો પોએરો કેહજે આઉંને આઉં એટલે તેની સંભાળ લેવા થકી મને પણ આવવું પડયું."

"અંહં ! પોએરો કયાં છે ?"

"ઘરમાંથી નીકળતીવાર તેતો ઉંઘી ગયો એટલે મારે એકલું આવવું પડયું."

નીર્દય બાપ—તારૂં સત્યાનાશ થાય તારૂં. તું વરી પાછો રસ્તામાં રખડવા શીખ્યો. લે આય (સરરરર સરરરર—નેતરના સપાટા) જજે હવે ફ્રીથી બાહાર (સરરરર સરરરર).

દયાલુ માય—ઓ વાય, બધો છોકરાને ચુંથી પીખી નાખ્યો.

બાપ—(ગુસ્સાથી) તું ખીસતી રેહ, બસ; હું આજે એને મારીને કટકા કરી નાખવાનો.

દયાલુ માય—અરે હારે, પણ તે કોણ ના કહેછ. જરા થોભો, મને એના દીલપરનું નવું બદીઆન કાહારી લેવા દેઓ. આજેજ પહેરાવેલું છે તે ફ્રાટીને ફન ફન થઇ જશે.

તવંગર માણુસ જો ન આપે તો કેહશે મખીચુશછે, અને આપે તો કેહશે નામ કાહાડવા અકડેછ.

ઉપાયમાં કંઇ કસરછે ?

"વીલાયતી બરાંડીન આવેસે ના, તે છાતીમાં સરક મારે તેનો બહુ અછો ઉપાય સે. કેમ પટલાણી ?" આ પ્રમાણે ભાણાભટ ગામની પટલાણીને પુછેછે.

પટલાણી બોલ્યાં "તેતો કોણુ જાણે ભાય, પટેલને આગલ બાર મહીને બે ચાર વાર પેટમાં દુખી આવતું, પણુ જારથી પેલા મુંબઈવારા પારહાએ બરાંડી બતાએવો તારથી બે દાહારે ને બે દાહારે દુખે."

તેજી ને તુકારો.

ગામડેથી આવેલો ગામડીઓ વાડીમાં કચરો કાહાડેછે. તેને બાહારથી મળવા આવેલો ધણી પુછેછ "શીટ—શીટ—એઇ—એ તારા શેઠના બંગલામાં ગરબડ શું છે."

"કોણુ જાણે ભાય, ઇ તો ભેંહ ડોહોવવાની થઇ ઓહે, નીતો બાઈની પોરી ઓલો પેનો વજારતી ઓહે."

કમાયો !

" ડીઅર જાલી, આજે પચાસ રૂપીયા કમાયો."

" તે કેમ ? કાંઇ શેરમાં તડાકો મારયો કે ?"

" નહીં. તારા ભાઈએ રૂપીઆ પચાસ ઉછીના માગ્યા તેને મેં તાલમેલ કરીને ઉડાવ્યો."

ઝડપ.

કરકસરીઆ બાવા બોલેછે:—"દીકરા મારા, આગગાડીની ઝડપ ઘણીછે એ ખરી વાત, વીજળીનો ચમકારોબી ઝડપવાળો છે, ખરતા તારાની ઝડપબી ઠીકછે, પણ બીજી કેટલીક ચીજની ઝડપ આગળ તેઓ કંઇ બીસાદમાં નથી."

"ઓહો! બાવાજી, વીજળી કરતાં તો વધારે ઝડપથી શું જતું હશે?"

"એકવાર વટાવીઆ પછી પચાસ રૂપીઆની નોટ."

ખરો હીસાબી.

નાહાના જાલે એકવાર ગુનાહ કરયો એટલે તેના બાપે કહ્યું "તને સજાતો કરવી જોઇએ, બોલ તને બાર ફટકા મારીએ કે એક કલાક અંધારી કોઠડીમાં બંધ કરીએ?"

જાલે થોડોવાર વીચાર કરી ઉત્તર દીધો "પપાજી, જો, ફટકા માએ મારવાના હોય તો ફટકા, ને જો તમે મારવાના હોવ તો અંધારી કોઠડી."

વીદવાનો કહે છે કે ઘણો મુરબ્બો અથવા મીઠાસ ખાધાથી આંખને નુકસાન થાય છે. અમારો અનુભવ એ વાતમાં જુદો છે. અમે કહીએ છૈએ કે એકાદ છોકરો મુરબ્બો તફડાવીને ખાતો હોય તો તે પોતાની માએને પાંચસો વાર દુરથી આવતી જોઈ શકે છે.

બસ એટલુંજ !

" તારે નસલાં, તું કેહછ કે તું મારા ઉપર ઘણો ફીદા છે, ને કામ પડે તો જીવ આપે ? "

" જીવ આપું ! ઓ વાહાલી હીલાં ; તારા એક સખુનને માટે એકસો જીવ હોય તો એકસો આપું. "

" તું ખરેખર ગ્રહસ્થ છે ને તારો બોલ પાળે તેવો છે. "

" અરે પ્યારી, હજી તું મને બરાબર ઓળખેછ કાંહ ? તારી ઉપર મારો જાન ખુરબાન છે. "

" નહીં—નહીં—તારા જીવથી તું હલાક પામે એવું હું ઈચ્છતી નથી, પણ મારા ઉપર તારૂં ખરેખરૂં હેત છે તે દેખાડવા સારૂં તું મારૂં એકજ કહેલું કરે તો બસ છે. "

" બોલ, બસ અબઘડી બોલ--શું આશમાનના સીતારાને મારી મોહોબતની મરોડદાર ચાંચી કમાનનો ચીલ્લો ચઢાવી ચીરી નાખું, કે દરીઆ ડોહોવીને તારા દીલને ખુશાલ કરૂં, કે પરેસાતનની—

" નહીં, નસલાં નહીં, એવી નહીં બને તેવી વાતો બનાવવા હું તુંને કેહતી નથી, મારૂં માગવું ઘણુંજ સેહલું છે. "

(છાતી ઉપર બેહુ હાથ મુકીને) " આહાહ ! બોલ વેહલી બોલ. "

" હું એટલુંજ માગુંછ કે તું ફરીથી અહીં આવતો ના. તુંને જોઈ મારી તબીઅત બગડી આવેછ ! "

ફરીથી ડાહ્યા થવા જજો.

એક પારસી ગ્રહસ્થ મુસાફરી કરતાં કલકતાના ગ્રેટ ઇસ્ટરન હાટલમાં ઉતર્યો. તેવાર ત્યાં એકઝીબીશનને લીધે મોટી ધમાલ ચાલતી હતી. રાતનું ખાનું ખાઇ પૈસા પગાર કરી તેણે રૂખશદ લીધી. ત્યાર પછી આગ્રા, દીલહી વગેરે ઠેકાંણુંઓમાં ફરીને પાછો કલકતે આવ્યો ત્યારે પણ ત્યાંજ ઉતરી આખો દીવસ રહ્યો. સાંજના બીલ ચુકવતી વખતે જોયું તો આ વાર ચાર્જ એવડો કીધેલો.

"કેમ? છેલ્લી વખતે હું આવ્યો ત્યારે સવા ૭ રૂપીઆ લીધા અને આએ વખતે અગીઆર કેમ?"

મેનેજરે બીલ હાથમાં લઇ તપાસ્યું.

"અહો, તે અગાઉ આવી ગયલા શેઠ તમેજ કે? આએ બીલ બરાબર છે. ગઇ વખતે તમારૂં બીલ કરતાં ભુલમાં વાઇનની એક બાટલી અને નાસતો દાખલ કરતાં નજર ચુકથી રહી ગયું હતું. માટે મેહરબાની કરી તેટલા રૂપીઆ આપજોજી."

બુઢીના લગણ.

અમેરીકામાં હમણાંજ એક લગણ થયાં છે. શાદીને દાહાડે કન્યા અખંડ સોભાગ્યવંતો પોશાક પેહરીને પોતાની ૮૩ વરસની ઉમર છતાં લજવાતી પોતાના ૪૬ વરસની ઉમરના ધણી સાથે પાદરીની આગળ આવી ઉભી હતી. આ નાજુક કન્યાની માએ જે ૧૧૭ વરસના ડોસાંછે તેવણુનો જીવ કેવો ખુશાળ થયો હશે કે આખરે મારૂં "બચ્ચું" ઠર પડ્યું!

ધરમના ધકેલા.

લાઇસન્સ વગર બંદુક કોઇથી રખાતી નથી એતો સર્વે કોઈને ખબર હોવી જોઈએ. મકુ મસતાન એકવાર બંદુક પકડી વસઈમાં શેકાર કરતો હતો તેટલાં એક ખટપટીઆ સીપાઇને આવતાં જોઇ ઉભી પુછડીએ નાહાઠો. સીપાઇ તેને પકડવા પુઠે લાગ્યો. મકુ લાગલો એક ઉંચા ઝાડ ઉપર ચહડી ગયો.

સીપાઇ બડો ઉલટમાં હતો. તેને ઇનામની ઉમેદ હતી. "ઉતર નીચે."

"શું કરવા; મને નીચે કાંઈ કામ નથી" મકુએ ઉતર દીધો.

પરવાના વગર બંદુક રાખનારને પકડીને સાહેબ આગળ ઉભો તો કરવોજ જોઈએ. સીપાઈ ઝાડ ઉપર ચહડયો. "ચાલ સાહેબની પાસ."

"શું કરવા?"

"વગર પરવાને બંદુક કેમ રાખી?"

"કોણે કહ્યું કે વગર પરવાને રાખી?"

"ત્યારે તારો પરવાનો કાંહ છે?"

"(બતાવીને) આએ શું."

"(ચાટ પડી જઇને) પણ પરવાનો હતો ત્યારે ખુમાઈને નાહાસી શું કામ ગયો?"

"તે તો મારી ખુશી!"

"પસનદે કરદમ."

મંચેરશા મુગાની, શીરીનબાઇ સીપવી સાથ શાદી હતી. બધી મીજલસ મળી છે, બઇરાં માટીડાઓ આસપાસ ભેગાં થયાં છે. દસતુરજીએ આશીરવાદ નાખવા માંડયા અને બરાબર વખતે મંચેરશાને પુછ્યું "પસનદે કરદમ."

જવાબ નહીં મલે. દસતુરજીએ ફરીથી કહ્યું બોલોની બા "પસનદે કરદમ."

"એટલે શું ?" મંચેરશાએ આખરે જવાબ દીધો.

"એટલેજે તમે આએ બાઇને તમારી ધણીઆણી દાખલ કબુલ રાખોછ કેની ?"

"નહીં" મંચેરશાએ સધળાઓની હેતેજારી વચ્ચે જવાબ દીધો.

"તારે શાદી થાય તેની અગાઉ પેહલાંથી એમ બોલીએ કેની ?" દસતુરજીએ ખબરીને કહ્યું.

"પણ મારૂં મત પુછ્યું કોણે ? આ નાપાક લગણ સારૂં મારૂં મત પેહલવેહલું તમોએજ પુછ્યું અને મેં જવાબ દીધો."

"શું છે ? કાંઇ ઘણો વીચારમાં દેખાયછ ? "

"અરે ઉભો રેહની યાર, મને એક જણ સાથ ઘણું અગતનું કામ છે; પણ પરશોતમને ચીમનાજી સ્ત્રીટમાં મળવાનો હતો કે ચીમનાજીને પરશોતમ સ્ત્રીટમાં મળવાનો હતો તે નામ ભેલમભેલા થઇ ગયાં."

હોંસાળી.

રૂસતમને નાહાને મોહોડે કટકટ કરવાની ઘણી ટેવ હતી. એક દાહાડે પરોણાઓ જમવા આવનાર હતા તે લીધે તેના બાપે કહ્યું "રૂસતમ જો આજે ટેબલ ઉપર એક બોલ નહીં બોલે તો ચાર આના આપશ."

પરોણાઓ આવ્યા અને જમવા બેઠા તેમાં એકનું નાક મોટું સીસોડા જેવડું હતું. ઘણીવાર સુધી આ જોઈ રૂસતમે પોતાના બાપને સઘળા સાંભળે તેમ કહ્યું "પપા, કંઈ ઘણું હસવાનું છે, પાવલામાં એક આના જેટલું બોલું?"

"નહીં—ચુપ રેહ."

"તારે જોઈએ તો પાવલો ના આપતા, પણ જુઓરે એવણનું નાખ! ઓ માય?"

અર્તો લોભમ—મહા પાપમ.

ધનાઢ્ય શેઠ—"હું ત્યારે તું મારી દીકરીમાંથી એકાદ વેરે પરણવા ઈચ્છે છે? ઠીકછે. મારી સર્વેથી ન્હાની અઢાર વર્ષની છે તેને ૫૦૦૦ રૂપીયા રીતમાં આપવાના છે. તેથી મોટી ચોવીસ વર્ષની છે તેને ૧૦૦૦૦ અને તેથીએ મોટી બત્રીસ વર્ષની છે તેણીને ૧૫૦૦૦ આમ ઠરાવ્યું છે. કેહ હવે તારી મરજી કોણની સાથે લગન કરવાની છે?"

રોકડયા હરમાનજી—"શેઠ સાહેબ, એથીએ મોટી વયની બીજી નથી?"

ઈડાંના પોરાએ ફસાવ્યો.

નાહાની ચીજ ઉપરથી કેવા માહાભારત બનાવો બને છે તેનો એક જાણવાજોગ ખરો બનેલો દાખલો અમારે હાથ લાગ્યો છે. આલીવર ક્રામવેલના વખતમાં પાદશાહી પક્ષવાળાઓને ચુંટી ચુંટીને મારી નાખવામાં આવતા હતા. આવી ધાડ એક ઉમરાવ લારડ લારીસ ઉપર આવી અને તે પોતાનું ધડ બચાવવા સારૂં એક ફેરીઆના વેશમાં એક ગામથી બીજે ગામ નાહાસતો ફરતો હતો. સતાવાલાઓએ તેની ઘણીબી શોધ કરી પણ કશો પત્તો મળે નહીં. હવે એવું બન્યું કે લારડ લારીસ નાહાસતો ભાગતો એક નજીવા ગામમાં આવી લાગ્યો અને ત્યાંના હલકાં પોંચખાનામાં ઉતરી નાસતો માંગ્યો. પોંચખાનાની માલેક જે એક બુઢી ડોસી હતી તેણીએ પુછ્યું "નાસતા ઉપર શું લાવું?"

"ઈડાંનો પોરો હશે તો બસ છે."

"વારૂંજી—કેટલાં ઇડાંનો કરૂં?"

હવે લારડ લારીસને પોરાનો શોક ઘણો હતો, પણ તે કેટલાં ઇડાંનો થતો હશે તેનો કોઇ દાહાડેબી ખ્યાલ કીધેલો નહીં. પોતે કરોડપતી એટલે મેહેલના ચાકર નફરો નાસતાની મેજ બીછાવે અને લારડ સાહેબ જમે. બાકી કેટલાં ઇડાંનો પોરો થતો હશે અથવા કેમ થતો હશે અને ઇડાંનો ભાવ શું હશે તે લારડ લારીસને મનથી ચંદરમાહનો ઘેરાવો આપવા બરાબર હતું. જરાવાર માથું ખજવાડી તેણે ઉઘડમાપ જવાબ દીધો:—"પંદર ઈડાંનો હશે તો ચાલશે."

"પંદર ઇડાંનો પોરો એક જણને સારૂં!" ડોસીએ આસમાન ગમ હાથ અને આંખ બન્ને ઉંચાં કીધાં. તેવણ

બાહાર ગયાં અને આ નવાઇ જેવી વાત પોતાના નોકરોને કહી "જોયું કે, બહાર ઓરડામાં કોઈ ઘાઈખોરો આયોછ તેને પંદર ઘડાંનો પોરો જોઇયેછ!" સઘળાં હસવા લાગ્યાં અને એકે બીજાને અને બીજાએ ત્રીજાને એ પ્રમાણે વાત ચાલી. સઘળાંઓએ તો હસી કહાડી, પણ પોલીસના સાંભળવામાં આવ્યાથી તેઓને અચરત લાગી કે એવો તે કોણ મુસાફર છે કે તેને ઘડાંના પોરાની સમજણ નથી. ખબર કહાડતાં લારડ લારીસ પકડાઇ ગયો અને તેને આખરે ફાંસી દીધામાં આવ્યો.

બંધવો—(જેલમાં નવા આવેલા બીજા કેદીને) અહો—તું કેમ અહીં આવ્યો?

બીજો—બેવકુફીથી.

બંધવો—તું કાંઇ કાચો નહીં હતો ને બેવકુફ કેમ બન્યો?

બીજો—પણ મારો બારીસટર બેવકુફ હતોની.

જેના બચ્ચાંઓ ઘણાં ટુકાંની અથવા 'હજરાલ' હોય તેઓને બચ્ચાંઓની પુઠેપુઠ ફરતાં અને પડી ખડી જતાં બચાવવાને માતાઓને ઘણી મેહનત પડે છે. એવી માતાઓને એક સુચના કરવાની અમને સુજે છે. તેઓને પગે અને હાથે બે ચાર નાહાના ચંગ કાંય નહી બાંધતાં કે કાંઇ હે ને શું કરેછ તે તુરત જણાઈ આવે?

આશે વીચલી વાત ખરી બનેલી છે.

અમારા સાહેબનો લાડકો બુટલેર જગલો પોશાગનો ઘણો શોકીન હતો. સાહેબ લાનોલી કે ખંડાલે જાય કે તેનોજ ફ્રાક કોટ, પાટલુન, ટરકી ટોપી, સરટ, નેકટાઇ, કાલર વગેરે સજી હાથમાં પાતલી લાકડી લઇ ભરકી થઇને પોતાના નાતીલા સુરતીઓને ડંગ કરી નાંખે. તેવાજ ડ્રેસમાં તેણે પોતાની મોહોરદારની સાથે સબી પડાવી હતી. જેમાં ઇંગ્રેજી ફ્રાસીન તેણે પોતાની પ્રીયાની કમરે હાથ મેલેલો હતો. એકવાર સાહેબ હાટલમાંથી કોટમાં આવવા નીકળવા પછી અડધે રસ્તે કાંઈ કામ સારૂં પાછું જવું પડયું. અચબુચ ઓરડામાં દાખલ થતાં જોયછ તો મી૦ જગલા પોતાના સાહેબની ગોળ ટેબલ ઉપર બેઠેલા હતા અને પાસે તેવણુની સુરતન બેઠી હતી અને આએ મહમ જાંગલા સાહેબનાજ કલારેટનો મુખવાસ કરતાં હતાં. સાહેબ જે ઘણાં ભલા માણુસ હતા તેવણે આનું કારણ પુછવાથી ‘મારી બેહેન ગામથી મળવા આવી છે’ એવું જણાવ્યું. પણ જગલાની સવૈથી રમુજી વાત તો કહેવી રહી ગઈ છે. સાહેબ બાહેરગામ ગયલા હોય ત્યારે તેનાં કપડાં કરી બીલાંઉઓમાં જગલો જાય અને કેટલાગ બાઈ લાકડી બગલમાં મારી જાણે કેવું કે ઇંગ્રેજી વાંચતો હોય તેમ આમ તેમ પાનું ઉઠલાવે. આ ઇંગ્રેજી વાંચનાર સુરતી બટલર ઉપર બીલાંઉનાં બાટીઓ અને બીજા અલકાતુઓ ખુરબાન થઇ જાય. એકવાર આ પ્રમાણે જગલો વાંચવામાં ખુબ મશગુલ હતો એવામાં હું તેજ બીલાંઉમાં જઈ લાગ્યો. મને

ખબર હતી કે આ લાલીઆને કક્કા ઉપર ખખો મેળતાં આવડતું નથી. હળવેથી પાછળ જઇને જોયું અને એક ધબો સઘળાઓની હજુરમાં ઠાડીઓ. જગલો વાંચવામાં મશગુલ હતો પણ કેટલાગ તો ઉંધો પકડેલો હતો!

પરીક્ષા.

એક ટચાક શખસ છોકરાઓની નીશાળમાં જઈને ઃમર મારવા માટે છોકરાઓની પરીક્ષા લેવા લાગ્યો.

ટેબલ બતાવીને "આએ શું?"

"લાકડું."

આરસી બતાવીને "આએ શું?"

"કાચ."

પોતાની છાતી ઉપર આંગલી મુકીને "હું કાણ?"

(એક નાહાનો છોકરો) "જાનવર સાહેબ."

મારા સાનીઆને છ વરસની ઉમરે પેહલો વેહલો હું પોરટ ફ્લાઇ સ્કુલમાં બેસાડવા લઇ ગયો. જતાંને વાર માસ્તરે તેને ઘણાક સવાલો પુછી બેજાર કર્યો.

માસ્તર—બુચા તુંને કાંઇ આવડતું નહીં. એમ કેમ? તેં મારા એકબી સવાલનો જવાબ આપયો નથી.

સાનીઓ—જેઠલું તમે પુછ્યું તે જો મને આવરતે તો પપા મને તમારી આગળ લાવતે શું કામ?

બન્નુ મકરાની !

(એક ખરો બનેલો બનાવ.)

નીચલો બનાવ ખરો બનેલો છે પણ ચોકસ કારણોને લીધે તે માંહે ભાગ લેનારાઓના નામ ફેરવી નાખવાં પડયાં છે.

રાજકોટ મધે સરકારી તુરંગના કંગુરા ઉપર સુરજ તુરતનોજ પ્રકાસવા માંડયો છે. બાહાર ફાંસી ચહડાવવાનો માંગડો ઉભો કરયો છે અને તેની આસપાસ સહવારના બડી બામદાદથી હજારો લોકની ગીરદી થઇ રહી છે.

જેલની અંદર જુદોજ મામલો ચાલી રહ્યો છે. એક બંબરદસત કોટડીના ભાગમાં ભાડી સાંકળ સાથે બન્નુ મકરાની પડેલો છે. આજે સહવારના આઠ વાગતે તેની અજલ આવી છે. તેને ફાંસી ચહડાવવામાં આવનાર છે અને તેની છેલ્લી ભેટ લેવાને તેની બાયડી માહબુબ અને ત્રણ છોકરાંઓ તેને મળવા આવ્યાં હતાં તે એક કલાક સુધી રડારોળ કરી અને સાથે નેમાઝ કરીને પાછાં ગયાં છે. બન્નુ અને તેની બાનુએ એવી ખરી લાગણીથી અલ્લાહની મદદ ચાહી છે કે દારોગાઓ પણ વીચારમાં પડયા છે કે એ બે ધુનાહ મારીઓ જતો તો ન હોય !

તુરંગના કાયદા પ્રમાણે આ કમબખતોને અડધો કલાક મળવા દીધા પછી માહાબુબ રડતી અને કાકલુદી કરતી પોતાના છોકરાંઓને લઈને ગઈ. બન્નુ હવે ઢાકી ગયો હતો

ને ઉંઘી ગયો. તે એડનની પાસે મકરાનનો રેહવાશી હતો. ગોંદલ અને જુનાગઢની વચે એક મુસાફરનું ખુન કરવાના વાંક માટે તેને પકડવામાં આવ્યો હતો. આ મુસાફર નામે ફીકાભાઈ અને બન્નુ કરી નવાગઢથી સાથે નીકળ્યા હતા. ફીકાભાઇ પાસે ત્રણ હજાર રૂપીઆ હતા. અધવચમાં તેનું ખુન થયું. બન્નુએ બચાવ કીધો કે તે ઉંઘેલો હતો તેટલાં કોઇ ખુન કરી રૂપીઆ લઇ ગયું. બન્નુએ પોતે નીરદોશછે એમ જાહેર કર્યું, અને તેના પાસેથી કાંઇબી પૈસા મળયા નહીં પણ સઘળી સાક્ષી તેના સામી હતી એટલે તેને ફાંસીની સજા ફરમાવી. આજે તેને ફાંસી દેવાનો હતો, માંચડો તૈયાર હતો અને લોક આતુર હતું.

નવ વાગ્યા. જેલના અમલદારો દાખલ થયા અને બન્નુને ઉઠાડયો. તેના હાથ જકડીને બાંધ્યા. બન્નુ આસમાન ગમ જોઇ "યા અલ્લાહ મેરા ખાબ—ખાબ—મેરા ખાબ"—એમ એકત્ર સાધે બોલવા લાગ્યો.

ઘણુંએ કરતાં મુગો રહે નહીં એટલે સઘલા અમલદારો આસપાસ ફરી વળ્યા અને ઘણું આગ્રહ કરીને આમ બોલવાનો અર્થ પુછવા લાગ્યા, આખરે બન્નુ બોલ્યો "ઓ યારો, સરકારે મને ધુનેહગાર ઠરાવી ફાંસીની સજા કરી છે એટલે મારૂં બોલવું નકામું છે પણ તમે જારે બજીદ થાઓછો તારે સાંભળો. મને રાતના એવો ખાબ આવ્યો હતો કે જારે તમે મને માચડા આગળ લઇ જઇ મને લટકાવવાનું વારંટ વાંચશો ત્યારે ખરો ખુની જે ઇબરાહીમ કરીછે તે, સુફેદ કપડાંમાં, સુફેદ દાહાડીવાળો, ભીડમાં આવીને તમાશો જોશે,

તે વેળા એક બસારતી અવાજ થશે કે એ ઈબરાહીમ, ખરો ખુની તું છે.”

સઘળાઓ વીચારમાં પડયા અને આ વાતની ખબર પોલીટીકલ સાહેબને આપી, જેઓ આ તમાસો જોવાને બીજા સાહેબ લોક સાથ ત્યાં આવીને ઉભા. ઘંટ વાગ્યો અને બન્નુને ચલાવીને માંચડા આગળ લઈ આવ્યા. જેવો તે માંચડા ઉપર ચહડયો કે તગર તગર ભીડગમ જોવા અને ‘ખાબ–ખાબ’ કરી સોર પાડવા લાગ્યો. થોડીવારે તેને ધ્રુજરી થઈ આવી અને તે દેવાનાની પેઠે લોક ગમ આંગલી બતાવવા લાગ્યો. ચોબદારોએ ધારી ધારીને જોયું તો ખરેખાત! માંચડાથી પચાસેક વાર આઘે એક ઘરડો મકરાની, સફેદ દાહાડીવાળો સફેદ પાઘડી પેહરીને ગુપચુપ ઉભો રહી તમાસો જોતો હતો. જેવી લોકની નજર તેના ગમ ખેંચાઈ કે તેણે દમ બાંધીને નાહાસવા માંડયું. ખલકમાં ઘભરાટ મચી રહ્યો અને સાહેબના હુકમથી સવારો પુઠે લાગ્યા અને માહ મુશકેલીએ તેને પકડયો. તેણે પોતાના બચાવ માટે તુરત રીવાલવર કાહાડી પણ ફોકટ.

બન્નુને તે દાહાડે ફાંસી દેવાનું મુલતવી રાખ્યું અને આ ઈભરામની બીજે દીને તપાસ ચાલી. તેણે જડજ આગળ પોતાનો અપરાધ કબુલ કીધો, અને ચોરેલા રૂપીઆમાંના પાંચસે બાકી વધેલા રજુ કીધા તથા બાકીના કયાં સાંત્યા છે તેની ઈધાની આપી. તેને શેશન કમીટ કીધામાં આવ્યો અને અલબત બન્નુને છોડી દીધામાં આવ્યો.

ત્રીજે દીને ઈભરાહીમની તપાસ ચાલી. બન્નુ તો કોણ જાણે ક્યાં જતો રહ્યો હતો. તપાસ વેળાએ કોરટે સવાલ નાખ્યો.

"બંધવા તારૂં નામ ઈભરાહીમ?"

"નહી."

"તારે તારૂં નામ શું?"

"માહબુબ!"

ઓત તારી! કોરટમાં તમાશગીરોની અચરતીનો શું પાર! માહાબુએ જાહેર કીધું કે તેણીના ભ્રથારના શીખવ્યાથી તેણીએ આ સઘળો ઈભરાહીમનો ભાગ રચી બતાવ્યો હતો. પેલા રૂપીઆબી બન્નુએજ તેણીને આપ્યા હતા. "મારા ધણી-ને છોડવવા મેં આએ કીધું છે, હવે મને ગમે તે કરો" આ બાહાદુર મકરાની સ્ત્રીએ કુલ કોરટમાં કહ્યું.

થોડા દાહાડા પછી તેણીને પણ છોડી દીધામાં આવી.

આડાની સુંઠ.

પબલીક વરકસ ખાતાંમાં નવરોજજી નામે એક કલારક છે. તેવણ પોતાની જીંદગીનો વીમો કઢાવવાની મતલબથી ડાકટર મ——પાસે ગયા અને રૂ. ૨ ફી આપીને થોડું પરી-મીઅમ આપવું પડે એવી મતલબથી નીચલી સરટીફીકેટ લખાવી "હું; ડાકટર મ——આએ લખીઆથી સરટીફીકેટ આપું છું કે નવરોજજીને મેં ઘણી સારી રીતે તપાસીઓ છે, અને તેને કસું દુઃખ દરદ નથી. એની તંદરોસ્તી ઘણી

સરસ છે અને મારા વીચાર પ્રમાણે એ ઘણી લાંબી જીંદગી ભોગવશે."

હવે એજ નવરોજજીને સરકાર પાસેથી બે માસની રજા જોઇતી હતી તેથી માથે પાટો બાંધીને ડાકટર ક——પાસે ગયો અને તેજ દાહાડે રૂ. ૨ ફી આપીને નીચલી સરટીફીકેટ મેળવી :—

"મેં નવરોજજીને સંભાળથી તપાસીઓ છે. મારૂં ચોકસ મત છે કે જો એને કામથી છુટો કરી તુરત એક બે મહીના આશાયસ લેવા દીધામાં નહીં આવશે તો એના જાનને હાની પુગશે. નવરોજજી ઉપર કામનો બોજો એટલો જણાય છે કે એ ઘણી લાંબી મુદત જીંદગી નહીં કાહાડશે એ ચોકસ છે. એનું શરીર અત્યારથીજ ભાંગી તુટી ગયું છે."

આ બે સરટીફીકેટો હરખાતા નવરોજજીએ તેને તેજ દાહાડે ઘટટે ઠેકાણે મોકલી આપી. આઠ દાહાડા પછી સરકાર તરફથી રજાની અરજીનો જવાબ મળ્યો "નવરોજજી કલારકને માલમ થાય જે જ્યારે તેની તંદરોસ્તી આટલી સારી છે ત્યારે તેને બીજાં બે વરસ સુધી રજાની જરૂર નથી."

તેમજ વીમાની હાફીસ તરફથી જવાબ મળ્યો કે "નવરોજઇના પોતાનાજ ડાકટરથી એવણની આવી મરતતોલ હાલતનો રીપોરટ મળ્યો છે એટલે એવણનો વીમો ઉતારવાને કુંપની દલગીરી સાથે ના પાડે છે."

કમબખ્ત નવરોજજીથી સરટીફીકેટો ઉલટાસુલટી મોકલાઇ ગઇ હતી.

ધણીઆણી—બેસો બેસો, બઇરાંઓના કપડાંની વાત તમે શું જાણો?

ધણી—તેની કીમત, દીઅર.

નવાઈનો નવો નુસખો.

"પપા, પપાજી, નવાઇ એટલે શું?"

"દીકરા, એક માણસ બબડવા વગર મયુનીસીપાલીટીના બીલો પગાર કરે તેને નવાઇ કહે."

"અતિ લોભ પાપનું મૂળ"
"અતિ લોભથી ઉપજે સૂળ"

લોભીદાસ ઠગભાઇ નિર્ધન ગામનો વાણીયો માંદગી ભોગવતો હતો. ગામમાં વૈદનું તો નામ ન હોતું પણ એક આંખે કાંણો હજામ નામે જાલો, 'નહી ઝાડ ત્યાં એરંડો વૃક્ષ' એ માફક કાબેલ તબીબ ગણાતો હતો. અને તેની કાબેલીયતમાં આજારીના શરીરપર ડાંમ દેવા એ હમેશની દવા હતી. લોભીદાસે જાલા હજામને બોલાવી પોતાનો રોગ મટાડવા કહ્યું. ઉંટ વૈધ જાલાએ હોજરી પરના પેટના ભાગપર ૧૨ ડામ દેવા ધારી રાખથી નજીક નજીક ૧૨ નિશાનીઓ કરી કે જે નિશાનીઓ અમુક નસપર હતી. હવે લોભીદાસે હજામને ડાંમનો ભાવ પુછયો, હજામે દોડીઆંનાં બે ડાંમ એ પ્રમાણે ૬ પૈસા માંગ્યા—પણ લોભીદાસે ના કહી અને પૈસાના ત્રણ

ડાંમ ચોંટાડવા એ ભાવ કબુલ રાખવા કહ્યું. હજામે તો તેમ કરવા ના કહી અને ચાલતો થયો. પણ પાછળથી લોભીદાસે વિચાર કરી જે જગાપર હજામે નિશાનીઓ કરી હતી તેમાં બીજાં છ ટપકાં ઘુસાડી દીધાં અને હજામને પાછો બોલાવવામાં આવ્યો. હજામે એક મોટો લોખંડનો ખીલો લાલચોલ તપાવી ઘણી ઝડપથી ચપ ચપ ચપ નિશાની વાળી દરેક જગાએ ડાંમ ચાંપી દીધા. ઉતાવળમાં તેને ગણવાનો વખત ન હોતો કે મેં કેહવા ડાંમ દીધા. તેને તો ૬ પૈસા આપવામાં આવ્યા તે લેઇ ચાલતો થયો. લોભીદાસ મનમાં ફુલાવા લાગ્યો કે હું પણ ખરો વાણીઓ કે સસ્તામાં ધાર્યા મુજબ કામ કરાવ્યુંછે. પણ તેના આ દગા અને લોભીપણાનું પરિણામ તેને લાયક મલેજ. તેની કરેલી નિશાનીઓપર ડાંમ પડવાથી તે પાક્યા અને વધારે માંદો થયો અને થોડો બચાવ કરવા જતાં મોટા ખરચમાં ઉતર્યો ત્યારે મુસીબતે સાજો થયો.

બજુ—આહ! મેહરી! હું ચાહુંછ કે એક માણુસના ભેજાંમાંથી શું વીચાર પસાર થાયછ તે વાંચવાની મારામાં શક્તી હોતે.

મેહરી—કાંય વારૂં ?

બજુ—તો હું તારાં માથામાંથી હમણા શું પસાર થાયછ તે જાણી શકને.

મેહરી—અંહંહં! તારે તો સારૂંજ છે કે તું વાંચી શકતો નથી.

માઈ કોઈ ખાવાનું આપો માઇ.

ધનાગ્રહુની ભીખી—લે એઇ; આએ વધેલું ખાવાનું લે.

ભીખારી—વારૂં માઈ! એ શું છે?

ભીખી—વરી શું હોય, સુરણમાં સાખ રાતનું વધેલું છે તે!

ભીખારી—અરે માઈ, બે દાહાડા થયા મને જરા બાદી જેવું થયુંછ તે એ કેમ ખવાય. જરા દયા તો કરો—કંઈ ગોસનો કતલેસ કે એકુ કવાબ શેઠના ભોણામાંથી વધ્યો હોય તે આપો માઇ! ભુખે મરતાની દુવા લાગશે.

પંતીઆણું.

માજીસ્ત્રેટ—તમે બંને જણ રસ્તામાં ભીખ માંગીને પેટ ભરોછ અને તમે લોકોએ એક બીજાંમાં મરાવાનું કેવું? કેમરે લુચ્છા, આએ તારો સોબતી તદન લકવાથી અડી ગયલો છે તેને મારતાં તુંને શરમ નહીં આવી?

એક ભીખારી—સાહેબ, એ બડો લુચ્છો છે. અમે બે જણ ભાગમાં ધંધો કર્યેછ. ગયે મહીને મેં એને આખો મહીનો હાથની ગાડીમાં ધસડયો ને અમારી સરત પ્રમાણે આએ મહીને જાણે મને લકવો થાય ને એ મને આખો મહીનો ધસડે એવી વારી આવી ત્યારે એ પસરી જાયછ, સાહેબ!"

મી૦ ખોદાબખસ ધાઇપિકુજી.

(બી. એ., એલ. એલ. બી., બેરીસ્ટર-એટ-લૉ;
જસ્ટીસ ઑવ ધી પીસ; યુનિવર્સિટિના ફેલો
ઇત્યાદિ—ઇત્યાદિ—ઇત્યાદિ.)

(રાહ)—" જો તું ખ્વારી—ચાહે સારી."

છે કોઇ નારી—એવી સારી—નરદમ મારી—ટાળે બીડ;
ભૂંડો—ભૂંડો—પણ હું રૂડો—મુજને છે પૈસાની કીડ!
બી. એ., એલ. એલ. બી., ને વળી બારાનો છું બેરીસ્ટર;
ઉપ્રાંત 'જસ્ટીસ ઑવ ધી પીસ' પણ, એકજ વાતનો મુજને ડર:

(કોરસ.)

જર નથી જરા, કોરડા ખરા;
નહિં તો મુજમાં ખામી નહિ કંઈ, એજ આપદા.

જિવ મુજ આપી—કટકે કાપી—આપું સારી—થી મુજ બાપ;
પણ 'કુટિયાં'નો છું હું ભૂખો, ખાઉં ભલે તેની નિત થાપ!
દિલથી કાળી—આંખે બાળી—જમની જાળી—કાં નહિં હોય?
મારે તેથી શું કરવું છે? ધુંધી, બોખી, લંગડી તોય!

(કોરસ.)

ગાડી ઘોડે—કરકર જોડે—માથે બોડે—મોજ મજાહ;
એજ ખરૂંછે સુખ સંસારી, કાં નહિં ઊડે ઘરે બજાહ!
સો–સો બસ મુજને તે આપે, નિતરોજે એવી હોય નાર,
તો હું તેને જીવ મુજ આપું, થાય નકી મુજ બેડો પાર!

(કોરસ.)

જાડી હોયની ભેંશ સમાની, ડબરી કે ચીબી હોય રાંન,
મુજને શી પરવા છે તેની? આજેજ નહિં કાંય જાય મશાણ!
દલ્લો મુકી—મુજતે ચુકી—મુજપર થુકી—જો છરતાય;
ઓ શુકરાના! ત્યારે તો મુજ દિલની સૌ ઉમેદો પાય!

(કોરસ.)

પારકા સાથે હશે—બોલે, કે ઉડાવે પૈસા યાર;
'ચીચોડા' જો ત્યાં મલ્યા તો, રાંન જાય ભલે બાહરો બાર!
'બેનિસ્તાંન' કે 'પાલવા' ઉપર, બે ઘોડાની ગાડીમાંય;
દોસ્તો સાથે નાચું-કુદું, કે દુઃખ દિલ સૌ ભુલી જાય!

(કોરસ.)

પૈસા! પૈસા! હા બા પૈસા! પૈસા! મારાં મા ને બાપ!
પરણી ઉઠતાં પૈસા માગું, કે બ્હાલી તુંજ દલ્લો આપ!
પૈસા! હા બા પૈસા! સારૂં, હું પરણું છું એવી નાર!
લોભાઇ જો કોઇ મારી પર તો, વાગે ખચિત્ત સાહડાબાર!

(કોરસ.)

'પાકીટ' મારી—જોઉં ઉંધાડી, ચોખ્ખા નથી અસપંદાદ
તોબી જાણે લખ્ખો રૂપિયા મારા ઘરમાં આપે સાદ!
દુકતીઓ કંઇ આજે વધીછ, 'ઢગલે ઢેર ને પૈસે શેર'!
પણ તો રાંનો દુધ જેવી જો! જોતાં આવે ચપ દઇ ફેર!

(કોરસ.)

'ખુરશેદ' કેવી ખુબશુરતછે, પણ કંઇ નથી તેની પાસ;
'કુંબા' તો રાન કાલીછે, પણ જાણે તેનો થઇ જાઉં દાસ!
પૈસાવાલી—જોકે કાલી—મુખપર લાલી નહિં કંઇ હોય;
તોપણ મુજ **"દિલજાન"** ગણું હું, જે મુજની હાલત પર જોય!

(કોરસ.)

નસીબનો લાંલો.

કોટના એક ઘણાજ પુરાના ઘરમા હું અવારનવાર જતો હતો તારે મારી નજર એક મસ મોટી કાદવની કોઠી ઉપર પડતી. આ કોઠીમા સાત આઠ મોટાં બકારાં પડેલાં હતાં અને કંઇ જમાનાની ઉપર ધુળ ચહડવા ઉપ્રાંત અંદર સેહેંકડો ઉંદરડીઓએ બચ્ચાં જણેલાં હતાં. હવે જે ધણીનુ આ ઘર હતું તે બે છોકરાઓ બદલુ અને સોહોલુને મુકીને ઘણા ગરીબ સંસારે મરણ પામ્યો. છોકરાઓએ સઘળો સામાણ વેંહેચી લીધો પણ બચારી પેલી કાદવની કોઠી ધક્કા મુક્કીમાં પડી. બદલુ કેહજે નાખીદે અને સોહોલુ કેહજે મને શું કેહછ. આખરે બન્ને ભાઇઓ તેને ઓટલા ઉપર પડતી નાખીને ઘર ખાલી કરી ગયા.

મને હવે વેહેર ભરવા સારૂં કાંઇ પેટી પેટારો જોઇતો હતો તેથી બેહુ ભાઈઓની રજા લઈ આ કોઠીને ઉંચકાવીને મેં મારા સામે ઘરના ઓટલા ઉપર મુકાવી. એક દાહાડે મારા સીનોરની મડમ મારી ધણીઆણીને મળવા આવ્યાં. હવા, સરદી, સ્વીચએક, સ્કેટીંગ રીંક વગેરેની હિંદુસ્તાનીમા વાત કરીને તે જવા સારૂં પાછી ઉતરી એટલે ઓટલા ઉપર પેલી કોઠી ઉપર તેણીની નજર પડી. તે ચમકીને ઉભી “ અલ્લો–આએ શું ? મી૦ જેમસેટજી આએ નાદર બરણી તમારા હાથમાં કાંહથી આવી ? ”

નાદર બરણી ! અવાસ બળી ગયા ને કોયલા રહી ગયા. મને તો એવી શરમ લાગી કે જાણે ભોંયમા ભરાઇ જાઉં.

પણ મડમ તો દુર જાય ને આગળ આવે, વાંકી થાય ને ટીકી થાય, ને તપાસી તપાસીને કોઠીને જુએ. ત્યાર પછી તેણીએ રજા લીધી પણ આઠેક દાહાડામાં વળી પાછી એ ઘોડાની ગાડી ધમ ધમ કરતી મારાં બારણાં આગળ આવીને ઉભી. હું ઝડપથી નીચે ઉતરી ગયો તો મારા સીનોરની મડમ બીજી બે મોટે ઘરની ઇંગ્રેજ બાનુઓને લઇને આવી હતી. એઓ લગામણી કોઠી આગળ ઉભાં રહીને તેઓએ તરેહવાર ડાચાં કરયાં અને પછી મારી નજીને કહ્યું "તમો લોકને આએ જણસની કદર નહીં હોયતો એ વેચવા સારૂં કાફરડ લીલાંઉવાલાને તાંહ કાંય નહીં મોકલતાં, એની સારી કીમત આવશે."

અમુને લાગ્યું કે હમણા જુના પુરાણા બના બાટલાઓની કેટલાક તોપીવાલાઓ સારી કીમ્મત આપેછ તેમ વળી આએ કોઠીના વીસ પચ્ચીસ રૂપીઆ કોઇ બેવકુફ આપી દીયે તો આપનું કલ્યાણ થઈ જાય. વલુ દાનાવાળાનોબી આંકડો ચહડી ગયો હતો તેને દસ બાર રૂપીઆ ઠાંસીએ તો વરી છ મહીના કરાર!

બે હેલકરીઓને માથે ચહડાવીને મેં આએ ભાંગેલી કોઠી કાફરડને ત્યાં મોકલાવી દીધી. આઠેક દહાડામાં હું એ બધી વાત ભુલી ગયો પણ મારી અચરતીનો શું પાર! ટ્રામ ગાડીઓમાં હેંડબીલ વેંહેંચાતાં મેં જોયાં કે, એક ઘણીજ કીમતી પુરાની બરણી કાફરડને ત્યાં આવતા સનીવારે વેચાવાની છે. લીલાંઉવાલાઓને મેં રજા આપી હતી કે જો બે પાંચ રૂપીઆ આવે તેટલાંમાં આએ કોઠી વેચી નાંખવી.

સનીવારે લીલાંઉમાં એક ઈંગ્રેજ ગ્રહસ્થનો ઘણો કીમતી જાપાનીઝ સામાણ વેચાવાનો હતો તે જોવા હું બી ગયો. લીલાંઉખાનું ઈંગ્રેજ, મડમોથી ચીકાર ભરાઇ ગયલું હતું. કોઇ દહાડે લીલાંઉમાં પગ નહીં મુકે તેવા તેવા મોટા સાહેબ લોકો અગાઉથી આવીને બેઠા હતા. પેલો જાપાનીઝ સામાણ ખરેખર જોવાલાયક હતો. હું આમ તેમ ફરૂંછ એવાંમાં મારો મીત્ર મી૦ સીમકીનસ જે અગાઉ મારીજ બેંકમાં મોટો ,સીનોર હતો તે સામેથી આવ્યો. "અલ્લો જેમસેતજી! તુનેબી પુરાના સામાણનો શોકછે કે?"

"નહીં સાહેબ, હું તો આએ સાહેબનો જાપાનીઝ સામાણ અમથો જોવા આયોછ. કેવો સરસ છે!"

"છટ, છટ, બીલકુલ કચરોછે. તુને કાંઇ ખરેખરૂં નાદર જોવું હોયતો આવ દેખાડું."

આમ બોલી તે લીલાંઉખાનાની છેક પછવાડે લઇ ગયો ત્યાં મારી કોઠી તીકીટ લગાડીને તૈયાર ઉભી હતી અને એક પરદેશી શીપાઈ. આગલ ચોકી કરતો હતો. "જો, માલ તે આએ. હું ખાત્રીથી માનુછ કે એની જોડી આખાં હીંદુસ્તાનમા નથી."

મને તો કંઈ સુજ પડયું નહીં તેથી બોલી ઉઠયો "સાહેબ, એતો મારી છે—મેંજ વેચવા મોકલીછ."

"તારી! આહ! આહ! આહ! જમસેતજી આજે કાંઈ

ઘણુા ખુશ મીજાજમા છો? સહવારના પોહોરમાં કાંઇ લીધોછ કે?"

"અરે નારે સાહેબ, જોઈએ તો લીલાંઉવાલાને પુછોની. એ મારીજ કોઠીછે."

હવે અમારી આ વાત આસેપાસે ઉભેલા કેટલાકોએ સાંભળી કે એક હોરાજી ધીરે ધીરે મારી પાસે આવ્યા અને બીજા ચાર પાંચ સમજદારોએ મને ઘેરી લીધા' હોરાજી કહે. "શેઠજી એ કોઠીના રૂ ૧૦૦ આપું, અને ચાલ્યા જાઓ."

બીજો કહે હું બસો આપું, ત્રીજો કહે મારા ચારસો ત્યારે પેહલો હોરો કહે મારા હજાર.

હું તો ઘભરાઇ ગયો. પણ મી૦ સીમશીનર વચ્ચે પડયો અને મને કહ્યું "જમસેતજી, જો આએ બરણી તારીજ હોયતો મુર્ખ બનતો ના. મને ખબર મળવા પ્રમાણે કલકતા, મધ્રાસ વગેરેથી એ ખરીદવા સારૂ તાર આવેલાછે ને પારીસના સંગ્રહસ્થાન તરફથી એને લેવા સારૂં ફ્રેંચ કાનસલને તાર આવ્યોછ. એની કીમત ઘણી મોટી આવશે. આવી બજાર લોકથી ઘલાઇ જતો ના."

લીલાંઉ શીરૂ થયું. મેલો જાપાનીઝ સામાણ પેહલા વેચાયો. સામાણ સારો હતો અને કીમતબી ઠીક આવી, પણ પેલા બડેખાંઓ જાણે કાંઇ બીજી ચીજને માટે ઇંતેજાર દીસતા હતા. આખરે મારી ફરમાસુ કોઠી લાવીને સઘળાની વચ્ચે મુકી. સઘળું ચુપાચુપ થઇ ગયું. લીલાં-

ઉખાંનાના માલેક બોલ્યા "સાહેબો આએ બરણીની વધારે કેફીયત આપવાની જરૂર નથી. જેઓ એ ચીજ સમજેછે તેઓ એની કીમત જાણેછે. એ ઓછામાં ઓછી બે હજાર વરસની પુરાનીછે. અને તે ઉપર અસલ જુલીઆસ સીઝરના વખતના મારકાછે. એ રોમના સંગ્રહસ્થાનમાંથી એકસો વરસની વાત ઉપર ચોરાઇ હતી તે હમણા અચમુચ એક ગરીબ ઘરમાંથી મળી આવી છે. ચાલો સાહેબો, તમારી બીડ આપો."

હું તો ખુણામાં ડંગ થઇને ઉભો.

સર ધામજી મેકીનટાસે પેહલી બીડ આપી "પાંચ હજાર રૂપીઆ!" સઘળાઓએ તાળી પાડી "છ હજાર!"

"સાત, આઠ, નવ, દસ હજાર એક વાર!"

લારડ કામ્બી ગમ ફરી લીલાંઉવાલો બોલ્યો "સાહેબ આએ બીડ બહારની છે." કામતો ચાલ્યું ઘી પર, બાર, તેર, ચૌદ, પંદર હજાર! આખરે મારી વેહર ભરવાની કોઠી એકવીસ હજાર પાંચસો રૂપીએ ઠોકાઇ. પારીસની સાયનટીફીક સોસાઇટીએ તે ખરીદી હતી. હું ઘર ગગો અને મને તાવ ચહડી આવી.

વાંચનાર આએ બનાવ ખરો બનેલો છે. માત્ર, નામ ઠામમાં ચોકસ કારણો સર ફેરફાર કીધેલો છે. તમારે તાંહ કાંઇ પડી ખડી બરણી હોયતો મોકલાવી જુઓ, વખતે તમારૂંબી નસીબ જાગે.

વાણીઆ ગત.

એક તુમાખી 'સાંઇ' એકવાર અમદાવાદના મોહોલામાં ચાલી જતો નીચે પ્રમાણે સવાલ નાખતો હતો.

"કોઈ હરામઝાદે અયસા હય કે દો લાખ રૂપૈયા દેવે ઔર ક્યામતમેં લેવે?"

આ તડકડાનું આવું બોલવું સાંભળી આસપાસનાઓનું બહુજ પાકી આવ્યું, એક પારસી કહે, "એને મારોરે, એને કાપી નાખો," હોરાજી કહે, "એ આવો તેનો મનસી ચાહે સું પીએસ, । એને સુંદીનાને મારા જોઈએસ," આ પ્રમાણે સર્વે જુદી જુદી રીતે પોતાનો કોફ બતાવવા લાગ્યા પણ તેઓમાં ઝણઝણદાશ વાણીઆએ ધીરજ રાખી જોયું કે આ સાંઇ તરકડો અને ઝટ દઇને ગાળ દઇ પડે એટલે તેણે સાંઇને રોકીને કહ્યું, "અરે ભાઇ, શીદને ધાંટા પાડે છે. તું હળવે બોલ, કોઇ પણ મળી જાશે—મળી જાશે. એક તો તારી ઝબોંનમીઠી અમૃત જેવી, બીજું તો તારી બોંગણી નરમ ઘી જેવી, ને ત્રીજું તો તારો વાયદો ટુંકો, એટલે કોઇબી મળી જાશે—મળી જાશે. ફોકટમાં માથું શા સારૂં કુટે છે?"

હવે બન્યું એમ કે વાણીઆની ઉલટથી ઉપલો સાંઈ ઉપ-લાજ અપમાન ભર્યા શબ્દો પોકારતો જાય છે તેટલાં સામેથી એક પરદેશી આવ્યો જેણે આ સાંભળીને કાંઈબી બોલવા વગર સાંઇબાને સારી પેઠ હલકા કીધા. વાણીઓ આ જોઇ ધામેથી આસપાસનાઓને કહે છે "જોયું ના, મેં શી કીધું હતું કે કોઈબી માનો પુત મળી જાશે, તે આ મળી ગયો.'

મકકુ—શીરીનબાઇ આએ નવી બદ કલરની સારીથી તમે એવાં મંજાના લાગોછ—મારા સમ.

શીરીનબાઈ—સાચ્ચે? તમે માટીડા લોકનું કંઈ મનાય નહીં. હમણા જમશેદ આયાતા તેવણબી બરાબર એજ બોલો બોલી ગીયા.

મકકુ—અરે જમશેદે કહ્યું ને તમે માન્યું કે?—એતો બડો તોપ મારૂછે.

"ઓ વાહાલા જીમી, તારા ઉપર મારો જાન ખુરબાન છે. આપણે રોટીનો ટુકડો અને પાણીના ગોટ ઉપર જીવશું પણ એક બીજાની સાથે તો રહીશું."

"કબુલ છે, વાહાલી પુતળી, તું રોટીનો ટુકડો કેયેથીબી શોધી લાવજે, હું માહ મેહનત કરી પાણીનો ગોટ પુરો પાડીશ."

પેસતનજીને સખત તાવ આવતો હતો તેના બીછાણા આગળ કોલાઈ ફુઈઓ બેસીને તરેહવાર ગપાટા હાંકતી હતી. નાજાં ડોસાં બોલ્યાં "અરે માય, કાંઇ બોલોજ ના, મારી માસી સાસુના દીકરાને તાપ આવતીથી, તે કંઈ દીલ ગરમ, કંઈ ગરમ, કે નાર પકરીએ તો જાણે આંગલાં દાઝી જાય." આ સાંભળી 'ગપ-સપ'ના દીકરા ત્યાં હાજર હતા તેવણ બોલી ઉઠયા, "અરે હારે, અમે વસઈ ગીઆતા તારે એક સુંથારને તાપ આવતીથી તે એવી કે ચીપીઆએ નાર ધરીએ તારે.

દુકાનદાર—છોકરા, તું દુકાનપર ચાકરી રહેવા માંગેછ પણ દુકાનના કામની તુમે સમજ છે ?

છોકરો—હાજી, બધું સમજું છ.

દુકાનદાર—વારૂં, સમજ કે અહીં ચાર પાંચ જાતનો સાબુ વેચવા મુકયોછ, તેના બાકસો ભેળાભેળ થઈ જાયતો તું ઊંચો હલકો કેમ પારખી કાહાડશે ?

છોકરો—એમાં શું ? જે બાકસ ઉપર ઘણી એસકી તીકીટ હોય તે હલકો ને જે પર કાંઇ નહીં હોય તે ઊંચો. એતો એક બચુંબી કેહ.

ખરો ગ્રહસ્થ કોણ ? ખરો ગ્રહસ્થ એ કે જે સત્તરમી વખત એકની એક વાત સાંભળે તોબી જાણે નવીજ સાંભળી હોય તેમ પેટ પકડીને હસે.

મકન દુલભ નામના એક ભીલને ખુનના અપરાધ માટે ફાંસી ચહડાવવા કાહડયો. ફાંસીનું દોરડું ગળે લગાડવાની અગાઉ જેલ માસ્તરે પુછયું "તારે કાંઈ છેલ્લી અરજ કરવી છે ? સરકારના હુકમ મુજબ તારી છેલ્લી અરજ બાહાલ રાખવામાં આવશે."

મકને ઠંડે પેટે જવાબ દીધો "હાવે. મને ઇંગ્રેજી શીખવાનું ભાવી આએવું છે."

માજીસ્ટ્રેટ—છોકરા, તારે તેં ચોરી કીધી એમ તું કબુલ કરેછ, હેં ?

છોકરો—હા સાહેબ.

માજીસ્ટ્રેટ—એટલા વારમાંથી ? તું હજુતો દસ વરસનો લાગતો નથી ?

છોકરો—ખરૂં છે સાહેબ, મારો બાપ આજારી પડેલોછે અને તેની બદલી દાખલ હું કામ કરૂંછ.

નવસારીની પાસે એક કસબામાં અમે ગયા ત્યારે ત્યાંની ધર્મશાળામાં એક દાહાડો ઉતર્યા. સાંજના ચાકરે નીચલો નરમ ઘી જેવો આંકડો રજુ કીધો.

માહ આદર, રોજ ૧૨ મોહર

બીછાણું	૦ાા
લાકડાં	૦)=
બપોરતું ભોણું	૦ાા
રાતનું ભોણું	૧
બેવડાની બાટલી ૧)	૦ાા=
જુમલે	૩૧૪ાાા

પેહલાંતો આ એક દીવસનો આંકડો જોઇ સેવકના ડોળા તો આસમાન ગમ ચહડી ગયા, પણ પછી સમજ પડી ત્યારે રખેવાલ શાપુરદારૂ ખંધાને તેડીને કહ્યું "ભાઈ એમબાને એમબી ૧૮૯૦નું સાલબી અંદર ઉમેરીને ૩૧૯૦૪ાાનો આંકડો કરી લાવની."

દેખાવ (એક પારટી)—એક પારટીમાં ડ્રાઇંગ રૂમમાં ઓરડાને નાકે સોફા કોચ ઉપર બે સહીઓ એક બીજા સાથ ગુસ ગુસ વાત કરે છે.

હીલ્લાં—આજે પારટીમાં કેવાં કામન કચરા જેવાં લોક આયાંછ એવી ખબર હોતેતો હું તો આવતેજ નહી. જોની સાંબે પેલી કાઆઆરી ટોકરાં જેવી બેઠીછ તે નખરાં કેવાં કરેછ, જાણે મોટે ઘેરની અબઈછ !

સીલ્લાં—કોઈ, પેલી પીરી સારી વારી ?

હીલ્લાં—નહી રે, પેલી લાલ સારી વારી.

સીલ્લાં—ઓ વાય ! એ તું આજે એમ શું કરેછ ? એતો આપરે મોટા આરસીના તખતાની સાંબે બેઠેલાં છૈએ તેમાં આપરો પોતાનોજ ઓરો પરેછ ને લાલ સારી તો તેંજ પેહરેલી છે.

જાહાંગીરજી—અરે ગુલી ગુલી-આજે તેં નયુસમાં વાંચ્યું કે ? એક નામીચા ઇગ્લાંડના ડાકટરે પોતાનું મત આપ્યુંછ કે સહીઅડ અને ગોવરાં જેવાં ભયંકાર દરદો નોટની મારફતે એક બીજાંમાં ઉડેછ. ખરેખાત, એ દસ ને વીસ રૂપીઆની નોટો કોણ જાણે કેવા કેવા લોક પાસેથી થઈને આપરા હાથમાં આવતી હશે ?

ગુલી—(કદર ખાઇને) ખરેખાત, બલા જાણેરે, લાવો, તમારી પાસે જેટલી હોય તેટલી મને આપી દેઓતો. મને તો સહીઅર ને ગોવરૂં બેઉ આવી ગયલાં છે.

ગુલાબભાઈ વકીલ.

સુરતમાં મઘનભાઈ દેસાઈના ભાઈનો દીકરો ગુલાબભાઇ મુંબઈમાં વકીલની પરીક્ષામાં પસાર થયો. અત્યાર સુધી મઘનભાઈ જેઓ લગાર પોતાના દ્રવ્ય માટે ગર્વીષ્ટ હતા તેઓ આ ગરીબ માબાપના દીકરા તરફ આંખીને જોતા પણ નહીં. પણ હવે જ્યારે તે વકીલ થયો એટલે મદનમોહન વહુજી બોલ્યાં "લે, સોંભળોસો કે? તમારા ભાઇનો દીકરો સે તો નરો ભુતારા જેવો, પણ વકીલ થીઓ એટલે હવે આપણે ઘેરે આવતો જતો રેહ તો હારૂં લાગે."

દેસાઈ બોલ્યા "મારો વાહાલો વકીલ થઇને તે શી કોંદાની ન્યાત જમાડવાનો સે. પાહે પૈહાની અક્કલ તો મલે નહીં."

"હોવે—પણ છોને આવતો જતો રેહ. આપનું હું જા-યસે? ગોમમાં આપણી વાખવાખી થશે ને વળી ભાડાં તોડાં-નું પુછવું કરવું હોય તો પૈહો આપવો ની પડે."

"ઠીક સે–તારી મરજી સે તો મારે શીદને ના પાડવી—એક દી જંબા બોલાવ્ય."

ધણી ધણીયાણી વચ્ચે આ વાત થવા પછી ગુલાબભાઇને કાકા કાકી તરફથી જમવાનું તેડું ગયું અને તેવણ આવ્યા.

જમતાં જમતાં ભત્રીજો પુછેછ "કાકી, આડોશી પાડોશી તો ઠીક હશે?"

"ઠીક સે—પડખે કરમચંદ ગોંધી રેહ તે બહુ કંટારો આપે. વા-હાણુ ભરીને ગાય ઢોરવાં ઘરમાં ભરી મુકેલાં તે આપણા વાડામાં આવીને ઝાડ પાણુ ખાઇ જાય ને આખી રાત હુવા નહીં દીએ."

"ઓહો! તમારા હાથમાં તેનો ઉપાય છે. એને કાળની કાળ નોટીસ મોકલો કે આ ઢોરવાં જો કાંઇ તમારૂં નુકશાન કરશે તો ફેંટ પકડીને ભરી લઇશું. પછી સમજે તો ઠીક નહીં તો કોર્ટ કયાં ગઇ છે?"

ઉછાછળા ભત્રીજાના વેંણ સાંભળી દેસાઇ ચમકયા "ના—ભાઇ—ના—મારે કોર્ટે દરબારે ચહડવું નથી——"

"વારૂં ઠીક–પછવાડેના ઘરમાં રહેછ તેનું કેમ, કાકી?"

"એ બધી રીતે તો સારો છે પણ માણહો બહુજ નઠારાં. આખો દાહાડો કચકચ કરે ને આપણા રામલાને ઘડી ઘડી રમવા તેડી જાય."

"આતો જુલમ થયો કાકી—તમે ઉપાય ઝટ કેમ લેતાં નથી? રામલાને એકદમ રજા આપો. એક મહીનાની નોટીસ આપો એટલે થઇ રીહું."

ગુલાબભાઈ જમીને ગયા કેડે દેશાઇ અને દેશાણ વાતો કરે છે. "તમારા બાઈના દીકરાનું પાણી જોઈ લીધું. મનઃ જાણે વકીલ થીઓ ને મને હીખાડવા આએવોછે કે પાહેના નોકરો કચકચ કરે તે હારૂં રામલુને કાઢી મુકીએ."

"મેં તો તને પેહલાંથી કહ્યું પણ માને ત્યારે કની? એ મારાં ગુંટણ જેવડો પોએરો તે કાયદા હું હમજે? લે ચાલ, દાતણનું પાણી લાવ."

આ વાત ચાલેછે એવામાં ટપાલનું રજીસટર કાગળ આવ્યું. દેશાઇ તેને આમ તેમ ફેરવી બોલ્યા "ગુલાબભાઇના અક્ષર જણાય છે—એ શું હશે?"

"વળી હોય શું? આપણે જંખા તેડયો તેથી યોગ્ય ઉપકાર માન્ય કરશો એમ લખ્યું હશે."

દેશશાએ કાગળ ફોડયું અને ચીચારી પાડી. "ઓ તારી——મારો નાહાલો હું કેહ! મારા ઉપર વકીલનો આંકડો મોકલયોસે અને લખેસે કે આઠ દાહાડામાં રૂપીઆ ન આવશે તો ટાંચ લાવીશ."

"ઓંકડો—ભગવાન! ઓંકડો શેનો?"

"તે લખેસે કે તમે મને હલાહ પુછવા બોલાએવો તેના રૂપીઆ ૪૫) પાહેના કરમચંદ હાથ કોર્ટે ચહડવાની હલાહ પુછી તે આપી તેના ૩૧૬. રામલુને ઝટ કાહાડી મુકાય કે નહીં તે માટે હલાહ પુછી તેના ૩૧૬)—ઓ તારૂ હરનર્કે જાય—હું એને એક પૈ આપનાર નથી. અબઘડી જઇને મંછાહંકર વકીલ પાહે જવાબ લખાવું કે—

"અરે મરવા દયોની પીત્યાને! વળી બીજા પૈહા કાઢવા પડહે. એ કુતરાને એટલી જાણે ભીખ આપો અને એને લખો કે જો ફરીથી મારી આટલીએ ચઢીયો તો તારો તોટો પીશાશ."

"વાહ! તુંબી બહુ ડાહી ડાહી વાતો કરે સે. આમ લખું એટલે જીવને હાની પુગાડવાની ધમકી આપી એવી ફરીયાદ કાલે કરે. એ વકીલોને મોહોડે કાંઈ તાલું સે? ના—ના—ના—હું એના બીલના રૂપીઆ વાળી દઊંસું અને હાથે આપણે ત્યાં ખાધું પીધું તેનો ઓંકડો મોકલાઊં."

"લે બેહો—બેહો—એવું કાંઈ ડાહાપણ ડોળવા જહો તો પીત્યો બીજી ફરીયાદી માંડહે કે તમે હરકારનો પરવાનો લીધા વના જમવાની વીસી રાખી—આપો મુઆને—ને જવા દેઓ—"

બબરચીખાનામાં દેખાવ.

રસતઈના શેઠ સહવારની ટ્રેનમાં લેનોલી જનારછે તે માટે રસતઇ બાંધરૂધ કરેછે. એવામાં રસતઈનો દોસત કાવલો મળવા આવ્યો. રસતઇ શેઠના મેલાં મોજાંમાં બદામ, દરાખ, પસતાં વગેરે એવાં દાબી દાબીને ભરેછે તે જોઈ કાવલો પુછેછ— "એ બધો સુકો મેવો મેલાં મોજાંમાં કાંય ભરેછ ?"

રસતઈએ આંખ મારીને જવાબ દીધો "મારા શેઠ ઘણા સુગાતરાછે. તેવણ જારે લેનોલીમાં આએ બધું મેલાં મોજાંમાં જોશે તારે જરા ગુસ્સો કરીને બધું ફેંકી દેશે ને કેહેશે કે લે હવે તુંજ ખા."

જડજ—બંધવા, આએ જુરીના સાહેબોએ તુને અપરાધી ઠરાવ્યો છે, તું આએ ફરીયાદીને એકાંત મેદાનમાં મલયો અને તાંહ તેને મારીને ભોંય ઉપર નાખી તેના પાસે એક કીમતી સુનાનું ઘડીઆલ હતું તે શીવાય બાકી જે હતું તે બધું લુટી લીધું. બોલ હવે તને કંઈ બચાવ કરવાનો છે ?

બંધવો—તે વખતે એની પાસે સુનાનું ઘડીઆલ હતું સાહેબ ?

જડજ—હા.

બંધવો—તારે તો સાહેબ હું દેવાનો હતો એવો બચાવ મારો રજુ કરૂં છું.

ધણીઆણીના ફારસ.

૧.

ધણી—ઓ વાહાલી મેહરાં, જો હું મરી જાઉં તો તું મને વીસરીતો નહીં જાય ?

ધણીઆણી—કદુ નહીં, મારા સોલી, હું હંમેશ મારા બીજા વરને કેહવશ કે જો મારો સોલી કેવો સરસ ઉતો.

* * * * * * *

૨.

ધણીઆણી—આજે ડાકટર મંચેરજી આયાતા તેવણે કહ્યુંછ કે મારાં ગળાંને કંઇ થયુંછ તેથી ચાર દાહાડા સુધી મારે એક બોલ બોલવો નહીં.

ધણી—(મનમાં) શોકરાના દાદાર હોરમઝદ ! (મોટેથી) ડીઅર એવણને આપરા ઘેરના જાથુકના ડાકટર કરીએ તો કેમ ?

* * * * * * *

૩.

ધણીઆણી—ડીઅર હવે આપરે અદરાયાં. હવે તું મને બીલીઆનની વીટી લાવી આપશે કેની ?

ધણી—અંહ ! આહ ! હા—પણ હમણાં ખોટા હીરા ઘણા નીકળ્યાછ. વખતે ઝવેરી મને ઠગે તો મારો વાંક કાહડતી ના.

ધણીઆણી—અરે નહીંરે. આપરે બેહુ જણા સાથે દુકાનપર જયશું. મને હીરાની ઘણી સમજછે.

* * * * * * *

૪.

માટ્રીમોનીઅલ કોરટમાં આદરજી અડગરાએ પોતાની ધણીઆણી સાથ છુટા રહેવાનો કેસ નોધાવ્યોછે. તેવણુ કારણુ એવું બતાવેછે કે તેવણુની ધણીઆણી હમણાં ઘણી ખરચાલું અને ફ્રાસીનવાળી થઇ ગઇછે. કોઈએ પુછ્યું "તે કેમ?" આદરજીએ જવાબ દીધો "હમણા એને એક મહીનામાં ત્રણ તુવાલ મોહોનું તુછવાના જોઈએછ ને અગાઉ એક તુવાલ ત્રણ મહીનાનો ચાલતો હતો."

* * * * * * *

૫.

ધણી—કુંવર, હવે તો મેં ઘણી કરકસર કરવા માંડીછ. જીવ પર જોરાવરી કરીને હું ચાર મહીના થયા વાડી ગીયો નહીં તેમાં બધા મળીને ચાળીસ રૂપીઆ બચ્યા.

ધણીઆણી—ઓ મરી જાઉંરે, પરમ દહાડે બરજોરજી કાપરીઆને તાંહથી નવી ફ્રાસીનની તીલીની કોર ભરાઈ આવી તેના બરાબર ચાલીસ રૂપીઆનો આંકરો આયોછ, તે પગાર કરવાની હવે કંઇ અરચણ નહીં પરશે.

* * * * * * *

૬.

રાબેતા પ્રમાણે મનચી અને તેની બાયડી ગુલાં વચ્ચે ખટપટ ચાલી રહી છે. આખરે મનચી ખીજાઇને બોલ્યો "ચાલ બસ કર, બઇરાં માણુસ સાથ અને ગધેડાઓ સાથ તકરાર કરવામાં કોઇ દાહાડે સાર હોતો નથી."

ગુલાં તરફથી ઉતર મળ્યો "આપરે પરણુયાં તે વખત આ કેહવત જો હું જાણુતે તો આટલા દાહાડા મારૂં જીું નહીં દુખતે:"

એનો અર્થ ગમે તેમ સમજી લ્યો.

નીમકહલાલ ચાકર.

જામાસજી બજાને છાંટાપાણીની ઘણીજ આદત હતી. તેવણ પોતાની બબાની બાટલી ઉપર ઝેર એવી ટીકીટ મારીને અભરાઇ ઉપર મુકી રાખતા હતા. એક દાહાડે સાંજના તેવણ અચબુચ આવીને જોયછ તો તેવણનો ઘરડો ચાકર ફ્રરામજી આ બાટલી ઉંચકીને ટાંસ મારતો હતો.

" અરે ફ્રરામ, ફ્રરામ, સબુર, સબુર—તું આંખે આંધળોછે? જોતો નથી કે આએ બાટલી ઉપર ઝેર લખેલું છે?"

ફ્રરામે મોહોડું મટમટાવીને જવાબ દીધો " હાજી, પણ આજે મને વીચાર આયો કે મારા શેઠ ઝેર પીને જાન ખતમ કરે તારે હું જીવીનેબી શું કરૂં."

મુફતમાં ખબર અંતર.

વગર ખરચે ટપાલના સંધેસા ચલાવવાનો એક રમુજી દાખલો અમારી જાણમાં આવ્યો છે. એક કુણબી નામે ભગવાન દરરોજ પોસ્ટ આફીસમાં આવે અને ઘણીજ ઇંતેજારીથી પુછેછે " ભાઇ કાંઇ મારે નામનું કાગળ આવ્યું છે?"

કલારક હમેંશ તેના હાથમાં એક કાગળ મુકે અને તે નાટપેડ હોવાથી તેના પૈસા માંગે. કાગળ આમ તેમ ફેરવી ભગવાન તે લેવાની ના પાડે અને ખાલી હાથે ચાલીઓ જાય.

આ પ્રમાણે રોજ રોજ જોયા પછી એક દાહાડે ભગવાન બાહાર પડયા કેડે એક રાહાદારીએ તેને થોભાવ્યો અને

પુછયું "ભાઇ તું રોજ રોજ અકળાવશે કાગળ માંગવા આવે અને લેવા વગર પાછો જાય તેનો અર્થ શો?"

ભગવાને હસીને ઉત્તર દીધો "હું આજે સાંજની ગારીમાં ગામ પાછો જવાનો એટલે હવે કહેવાની અડચણ નથી. ટપાલના તો પૈસા પડે તે સારૂં મેં મારાં છૈયાં છોકરાંને બરાબર તાકીદ આપી મેલી કે નાટપેડ કાગળ લખવાં. સરનામાં ઉપર લખેલું હોય કે "દેશાઇ ભગવાન મોરાર" તારે જાણવું કે બાયડીએ લખાએવું છે ને ઘરમાં છોકરાં સાજાંનરવાં છે. ઉપર અમથું "ભગવાન મોરાર" હોય તારે જાણવું કે છોકરાએ લખેખું છે ને ઢોરવાં સહુ ઠીક છે. "ભગવાન મોરારજી દેશાઇ" લખેખુ હોય તારે મારી છોકરીનું જાણવું ને વેહેલા પાછા આવજો એમ કહેવા માંગે છે. ને મારૂં નામ લખીને "સલામ—રામ રામ" લખેખું હોય તારે જાણવું કે, "પૈસા—મોકલજો." હવે પોસ્ટ આફીસમાં જઇ સરનામું વાંચી લેતાં કેટલી વાર! ઝટ લેતાં પૈસો ખરચવા વગર બધું જાણી લેવાનું."

શેઠે પાંચ દસ ફ્રેંડોને જમવા બોલાવેલા છે. સઘળાઓ ખુશીમાં છે. બેહેરાંમ ઈરાની ટેબલ ઉપર મેનીજ કરે છે. એવામાં એક દોસ્તે બાંડી ચાખીને પુછયું ભાઈ કાવશ, આએ બ્રાંડી કીયો? શેઠને જવાબ દેવાનો વખત આપવા વગર બેહેરાંમ બોલી ઉઠયો "એ પીપમાંથી ભરેલા ગોમઠી બરોંડી છે. (શેઠ ગમ ફરીને) તમે કહયાતા કે બાહારના લોક ખાવા આવેછ તારે કારવાના તે."

તારૂં—મારૂં.

એક રંડાયલા પુરૂશને ત્રણ છોકરાં હતાં તે એક વીધવા સાથ દાણા પાડી આવ્યો. આ વીધવાને પણ ત્રણ છોકરાં હતાં. હવે ચંદરોજમાં આ નવાં જોડાંને ત્યાં પણ ત્રણ છોકરાંની વૃધી થઇ. આ પ્રમાણે આ સુખી કુટુંબમાં નવ નાહાનાં બચ્ચાંની હસ્તી હળીચારી હતી. આ નવમાંનું એકાદ રડે ત્યારે ભ્રથાર કહે "સાંભળોછ કે, તારા વારૂં રડેછ." ત્યારે બાયડી કહેશે "નહીં રે, એ તો તમારા વારૂં છે." પણ તેટલાં ત્રીજા વર્ગ વાળું રડતું સંભળાયતો બેઉ જણ બોલી ઉઠે કે—"નહીં નહીં—એતો આપરા વારૂં છે."

દોસ્ત—તારી કજીયાખોર બઇરી સાથ હજુ તું રહી શકયોછ ? ઘણીજ અજબ વાત છે.

ધણી—અરે અમોને બેઉને એવી ગમત થાયછ કે નાટકમાં જવાનીબી જરૂર નથી.

દોસ્ત—તે કેમ ?

ધણી—તો જોની. મારી બાયડી ચીરડાઇ જાયછ ત્યારે જે હાથમાં આવે તે ફેંકવાની એને આદત છે. જ્યારે તે ચીજ મને વાગેછ ત્યારે એ ખુશી થાયછ. અને જ્યારે છટકી જાયછ ત્યારે હું ખુશી થાઉંછ. એ પ્રમાણે બેમાંથી એકની ગમતનો છેડો આવતોજ નથી.

ધાક !

ભીખારી છોકરો—શેઠ સાહેબ, શેઠ સાહેબ, એક દોહો- રીયું આપો—શેઠ તમોને દુવા લાગશે.

શેઠ—જા—જા—મને ફુરસદ નથી.

છોકરો— એક દોહોડયું—એક પૈ—

શેઠ—નીકલ, એક વખત કહ્યું તોબી સાંભળતો નથી ?

છોકરો—વારૂં સાહેબ કાંઇ ના આપો પણ થોડોવાર મને તમારી સાથે દોડવા તો દેઓ.

શેઠ—કાંય વારૂં ?

છોકરો—મારો બાપ ગલીને નાંકે ઉભેલો છે ને આએ બધી રચણા જોયછ. જો હું તમુંને ઘણું વળગાણુ નહીં કરશ તો રાતના ઘેર જઇને મારી ચામડી ફાડી નાંખશે.

વેચવાનોછે—એક ગુજરી ગયલા ધણીનો સેકંડ હેંડ - થોડોજ વાપરેલો—ખોટા દાંતનો સટ—જેઓને જોઈએ તેઓએ 'ગપ-સપ'ની હાફીસમાં પુછવું.

" **બાવા—બાવાજી**—કોઇ ગ્રહસ્થ કે બાઇ મને કહે કે તું સોવામાણી છે તો તેથી મનમાં ખુશી થવું એમાં કાંઈ પાપ છે કે ? "

" **હાસતો**, દીકરી—જુઠાંથી આપરે કબુ ખુશી થવું નહીં."

હસીયાનું ખશીયું.

લખનાર—રૂરી રતઇ.

સાધારણ રીતે તમે મરદ લોકમાં વીચારછે કે અમે બાઇ માણુસો પ્યાર, ધીક્કાર, ચીબાવલાપણું, ઉસકેરાઈ જવું અને અદેખાઇના મીશ્રથી બનેલાં છેએ. મારી શેઆણી બેહન-પણીઓ તરફથી એ ઉપચાર હું તમો માટીડા ઉપરજ પાછો ફેંકુછું. અદેખાતો તમે લોક છો. સેજ વાતમાં ચચડાટ તમુને વધારે લાગેછે કે અમોને, તેનો નીચલો દાખલો વાંચો અને તમેજ ઇનસાફ કરો.

હમે જે સ્કુલમાં જતાં હતાં તેમાં એક માજરા ડોળાવાળી છોકરી માણેકબાઇ મુલ્લાં નામે ઘણીજ સોવામણી મારી સાથે કલાસમાં હતી. આએ માણેકબાઇ જોકે શીખ-વામાં ઘણી હુશીયાર તો ન હતી પણ એવી ચતુર, એવી હશમુખી, એવી રમુજી હતી કે અમે બધાં એના ઉપર રીઢા હતાં. તે એવી મીંઢી હતી કે અમારી માસતર તેને આખ્ખા કલાસમાં સર્વેથી ગરીબ સમજતાં, પણ છુટીની વખતે બધી મસતી તુફાનની તે સરદાર હતી.

સ્કુલ છોડી ગયા પછી માણેક પોતાના માસીને ઘેર પુના મધે રહેવા ગઈ ત્યાં એક સારાં ખાનદાનનો છોકરો નામે મંચેરજી વાહાડીઆ આવતો હતો. માજરી આંખો અને હસમુખા ગાલોએ આ જવાનને જખમી કીધો અને સારાંસ સરેસતા પ્રમાણે આચ્યું. આ બે જણુની સગાઇ થઇ.

આ પછી થોડીક મુદતે માણેક પાછી મુંબઇ આવી. આ વાર અમો બે વચ્ચે 'જીવેજાન'ની દોસ્તી બંધાઈ હતી અને અમે રોજ એક બીજાને મળતાં હતાં. માણેક પોતાના અદરાયલા ધણીને રોજ રોજ કાગળ લખતી. આહ ! શું તે કાગળો ! નાજુકાઇ, પ્રીત, આશા, નીરઆશા, સઘળાં તેમાં સમાયલાં હતાં. એકજ ચીજ મારા જોવામાં આવી, તે એકે હજુ સુધી માણેકે પોતાની રમુજી વલાણુ પોતાના ધણીને બતાવી નહીં હતી. તે તો તેણીને ઘણીજ 'ડાહી ડાહેરી ને વરીઆવની હોરી' સમજતો હતો.

હવે એવું બન્યું કે આ ટાંકણે મંચેરજીની બેહન 'ખતી' બાહાર ગામથી પોતાના ભાઇને ત્યાં પુને રહેવા આવી. આ 'ખતી' ઉમરે વરસ ૧૬ની અને સ્વભાવે ઘેલું ઘપેડું હતું. આખો દાહાડો મસાલી તુફાન, ધુમચકરી, હસવું, રમવું સીવાય બીજું તેણીને કાંઇ આવડતું ન હતું. તે મંચેરજીને પોતાને કામે જતાં ઘડી ઘડી રોકતી, અને ભાઇ બેહન એક બીજા ઉપર ઘણુંજ વાહાલ રાખતાં. કાંઇ નજર ચુકથી હજી સુધી મંચેરજીએ પોતાની બેહન વીશે પોતાની મોહોરદારને કસું લખ્યું ન હતું. મંચેરજીની ૧૬ વરસની રૂપાળી બેહન છે એવી માણેકબાઇને ખબર પણ ન હતી. એક દાહાડો વાત કરતાં મંચેરજી પોતાની બેહન આગલ પોતાની મોહોરદારની વખાણ કરવા લાગ્યો કે "એ બચારીમાં અદેખાઇ જેવીતો ચીજજ નથી."

"તે તો વખત આવવે જણાય. હજુ સુધી તેં તેણીને અદેખી થવાનું કારણ આપ્યુંછ ? આપ ને પછી જો. એો-

રત જાત બધી સરખી. જરા કારણ મળવા દે ને પછી જો તે નફ્ફરાઇ બતાવે તારે હું માનું."

આ વાર અચમુચ મંચેરજીના માથાંમાં કીડો ચવડી આવ્યો. "સબુર, 'ખતી', મારાં માથાંમાં એક વાત આવીછ. તું મારી બેહન થાય તે માણેક જાણતી નથી અને અલબત તું હમણાં મારે ઘેર આવીછ તેનીબી તેને ખબર નથી. હું હવે માણેકને તારૂં વર્ણન આપું ને—

"હા લખજે કે અમે રોજ ચાંદરણામાં ફરવા જઇએછ ને આખો દાહાડો અમારો સોવાઇ જાયછ. જો એ પછી તારી માણેક બીજાજ નહીં બોય તો એક મહીનો સુધી હું ગોસ્ત નહીં ખાઉં."

આ પછી આ ભાઇ બેહને પોતાના ચેડાં ભેજાં સાથે મેલવ્યાં અને નીચલું કાગળ ઘડી કાહાડયું તથા ટપાલમાં મુંબઇ રવાના કીધું.

"માહારી વાહાલી માણેક—તારૂં મીઠું મધ જેવું કાગળ આજે કેટલા દાહાડા થયા ટેબલ ઉપર પડયું પડયું મને ડોળા ઘુરકે છે પણ જવાબ લખવાને બન્યું નથી. શું બાહાણું કાહાડુ તે સુજતું નથી, પણ તારા દીલમાં ગમે તે બાહાણું સમજી લેજે. હમણા મારી પાસે એક ઘણીજ મનમોહવન બાનુ લેસન લેછ—જો વળી અદેખી થતી ના—અદેખી બી મને નહીં ગમે—એનું નામ 'ખતી' છે. જો તું એને જોશે તો તારી આંખ છક થઇ જશે. પુતલાં જેવી સોવામણી ને બચ્ચાં જેવી રમતીઆળ છે. એ આવેછ તારે મારૂં આખું ઘેર ધમધમી રહેછ—જે જાયછ તારે જાણે દીવસબી ઊખાઇ

ગયો હોય તેવું લાગેછ. જો કોઇ દાહાડે લાગ આવશે તો એનો ફોટોગ્રાફ તુને મોકલશ. એની આંખ કાળી છે ને બાલ સુનેરી છે. ગાલ ઉપર રતાશછે. પેહલાં તો મને શક ગયો કે એ કલર કરતી હશે, પણ એક દાહાડે હસવામાં હાથ લગાડી જોયો તો ખરેખરો છે. આખો વખત મારી આગળ એટલી મસતી કરેછ કે એના અભ્યાસ ઉપર કસું ધ્યાન અપાતું નથી ને એનેબી મારાં વગર સોવાતું નથી. સહવારના પોહોરમાંથી દોડી આવેછ. થોડા દાહાડા થયા 'ખતી' મને પીકચર રંગતાં શીખવેછ. એ કામમાં એ ઘણી હુશીયાર છે ને થોડા દાહાડામાં હુંબી સારૂં શીખ્યોછ.

મારી વાહાલી માણેક, જો તું નાદાન હોતે તો આ વાંચીને જરૂર વીહીલી પડતે. હું જારે 'ખતી' આગળ બેસીને રંગુંછ તારે એમજ સમજુંછ કે તું મારી આગળ બેઠેલી છે. તું મોટાં મનની છે એટલે તું કોઇબી વાતનો તારા મંચી ઉપર શક નહીં લાવશે એવી મારી ખાત્રી છે ને તે સારૂંજ આએ બધું વીગતે તુને લખ્યું છે. આપરે અહરાયલાં છેએ તે 'ખતી'ને મેં જણાવ્યું નથી. અમે બંદ ઉપર હમણાં ફરવા જવાના છેએ તેથી ગાડી ખોટી છે વાસ્તે હાલ તુરત તો બસ."

લા૦ તારો સદાનો મંચેરજી.

માણેકબાઈ મુલ્લાંનો જવાબ.

મંચેરજીનું ઉપલું કાગળ રવાના થયા પછી ચોથે દાહાડે માણેકબાઇનો જવાબ ફરી વળ્યો.

વાહાલા મંચી—તારા છેલ્લાં કાગળથી હું અજાયબી સાથે મધન થઇ છું. ચોકઠું અકસમાતથી કેવું બંધ

બેહુંછ ! ઘણુંજ નવાઇ જેવું. મારા મામાનો દીકરો દીનશા હમણુંજ વેલાતથી બારીસટર થઇને આવ્યોછ તે મારે તાંહ ઉતરેલો છે. હું ખરૂં કેહુંછ કે તેના જેવો ફક્કાવરરૂપવંતો પારસી મેં જોયો નથી. વરસતો છે સુમારે ચોવીસ, પણ ત્રીસ જેવો લાગેછ ને અંગ્રેજ જેવો ગોરોછે. મને તો એના જેવા ઉંચા માટીડા ગમે. મંચી તું જો એક બે તસુ વધારે ઉંચો હતે તો કેવું સારૂં ! દીનુના કપડાં તારા દીલ પર તો ઢીલાં પડે. નહીંતો એનો ડગલો નમુનાને સારૂં તારે વરે લાવતે. તું કહેછ તે ખરૂં છે કે અદેખી સ્ત્રી એક પીડા જેવી છે તેમજ જે સ્ત્રી જાણી જોઇને ડાહી ડોહોરી થાય તેબી મને ગમતી નથી. હું ને દીનશા રોજ સહવારના ચાલતાં ફરવાં જઈએછ તે બાબે આસેપાસેના પરવારતાં લોક જરા ચરચા કરેછ પણ અમે તેની કસી દરકાર કરતાં નથી. તું રંગતાં શીખેછ તે સાંભળીને ખુશી છેઉં. દીશાનેબી સારૂં રંગતાં આવડેછ ને તે આજે બપોરથી મને એકેક કલાક લેસન આપવાનો છે. બાવાની ડાગકારટમાં હમે ફરવા જઇએછ તારે નવરૂં જોઇને દીનશા મને હાંકતા સીખવેછ. એક વખત ઘોડાએ જરા મસ્તી કીધી તારે હું ઘણી બીધી ને ડાગકારટ પરથી પડી જતે, પણ દીનુએ મને કમરમાંથી એવી પકડી રાખી કે હું બચી ગેઇ.

દીનુના બાપ પાસે પૈસા ઘણા છે ને એક પુરોજ છોકરો છે એટલે આગળ ચાલતાં એને મજાહ છે. એ આવતા મહીનામાં મુંબઇ આવવાનો છે તે વખતે તું જઈને જરા એને મોટો વડો કરશે તો વખતે તુને કાંઇ લાભ થશે. અમે

લોકાએ 'મીરઝાં અલી'ને તાંહ સાથે સબી પડાવીછ તે આ-વશે ને હું તુને જોવા મોકલશ.

તારીજ કાની આપરી મોહોબત મેં બધા આગળથી છુ-પીજ રાખીછે. લોક તેમજ દીનશા એમજ સમજેછ કે કોઇ દાહાડે અમે બે જન અદરાશું. એ લીધે તે તો રાત દાહાડો મારી આગળથી ખસતો નથી, પણ એ લોકને થો-ડીજ ખબર છે કે મારૂં વચણ તો બીજાને અપાયલું છે. ગુડ બાઇ ડીઅર!

લા૦ દુવાગીર માણેકબાઇ.

મંચેરજી વાહાડીઆના સાડા બાર ને ત્રણ મીનીટ! તેણે ઘણુંખી હસવામાં કાહાડી નાખવા માગ્યું પણ ફેકટ. તેની છાતીમાં અદેખાઈની અગણ બળતી હતી. ખતીને બેલા-વીને તેના હાથમાં બાઇએ ઉપલું કાગળ મુકયું. વાંચીને ખતી તો હસી પડી. "માણેક બડી શેહતાન દેખાયછ, મશ-ખરી કેમ કરવી ને કેમ ખમવી તે તે સારી પેઠે સમજેછ. વાસતે મંચી તું કાંઈ આડો અવળો જવાબ લખીને ગધેડો બનતો ના."

બેહનની આ નરમ માખણ જેવી શીખામણ અકળાયલા મંચીએ કેમ માની તે નીચે જુઓ.

મારી વાહાલી—મારાં જીગર કરતાં પ્યારી માણેક—આવું બંયકાર કાગળ લખવાને તારા હાથ કેમ ઉપડયા? મેં તો બંધી મશકરી કીધી હતી—પેહલાંથી છેલ્લાં સુધી મ-શકરી—ખતીતો મારી બેહન થાય. મારી પોતાની મા જણી

બેહન ! પણ તારી હકીકત તો ખરીછે, કેમજે તુને આવી જાતની મશકરી કરવાની આદત નથી. આહ ! મને પેહલાંથીજ શક હતો કે તારો મારા ઉપર ખરો પ્યાર નથી. મારૂં કાગળ તો રમુજમાં લખેલું હતું તે તું સેહલાઇથી જોઈ શક્તે, પણ તે કાગળનું બાહાણું લઇ તું એક અણુગમતા ધણીથી છટકી જવા માંગેછ. દેખાઈતું છે કે તારી પ્રીત તારા મામાના દીકરા ઉપર લાગેલીછે. હાબા ! આજના જમાનામાં બારીસટરો, ડાકટરો, ઈજનેરો ઉપરજ તુટાતુટછે, પણ તું આવી રીતે જલદી ફરી જશે એમ હું માનતો ન હતો.

મારૂં માથું ફરેછ, મારૂં દીલ તુટી ગયું છે અને મને તાપ ચહડી આવીછ. હવે તું છે ને તારો મામાનો દીકરો છે, આજથી તારે ને મારે કસું સનાન સુતક રહ્યું નથી.

તારો દુઃખી સેવક મંચેરજી.

ચોથે દાહાડે પાછો જવાબ આવ્યો:—

વાહાલા મંચી—કેવી ભુલચુકની હસાહસ ! આપરા વચ્ચે ફરક માત્ર એટલોજ હતો કે તેં તારી બેહન ને સારૂં એક આશકની પેઠે લખયું ને મેં તો બીલકુલ ટાપજ મારી. દીનશા નામનો મારા મામાનો છોકરો છેજ નહીં. બારીસટર, ડાગકારટ, હાંકવાનું એ બધું મગજમાંથી હતું તેં રમુજમાં કાગળ લખ્યું તેનો મેં તેવીજ ધપમાં ઉત્તર વાળ્યો એટલે આપણું ખાતું જમે ઉધાર થાઇ ગયું. રોમીઓ ને જુલીએટની પેઠે તેં નકામો ચાર દાહાડા જીવ બાળ્યો ! પણ તારા ગમ મારી મોટી ફરીયાદ બીજી છે. તું મારા

ઉપર વિશ્વાસઘાત થયો. તેં તો મને ભુલી મુકી દીધી છે પણ તારી મુર્ખાઈને ખાતર હું મારે પોતાને સજા શું કરવા કરૂં ! મારા વ્હાલા મંત્રી, મારો પ્યાર ખરોછે તે એમ તારી કાની ફેંકી દેવાય નહીં. વાસ્તે મુગો મુગો અહીં આવજે ને તારી બાડકી ખતીને લેતો આવજે. જોજેતો ખરા કે તારી આવી રમતીઆળ બેહન તે કેવીએક છે. હું આવું ત્યાંસુધી તારી તાપ બાપને કબાટમાં ઊંચી મુકજે મળ્યા પછી વાત !

લા૦ માણેક.

તા. ક.—કેમ વાંચનાર ! જે શીખામણથી મેં આ વાત શીરૂ કરી તેનું વાજબીપણું મેં પુરવાર કરી આપ્યું કે નહીં ?

રૂરી રતન.

પેસેનજર બાઈ—(રેલવેના પોતરને) એ પોતર નવની ગાડી કબ જશે ?

પોતર—બાઇ સાહેબ, આઠ કલાક ને સાડી અઠાવણ મીનીટ.

આંટણનો ઈલાજ—થોડુંક તાજું માંખણ અને સોજું વેલાતી પનીર (ત્રીચર યા કંપને ત્યાંનું) તમારાં આંટણપર લગાડીને રાતના સુવું. સુતી વખતે પગ લટકતા રાખીને સુવું. તે એવી રીતે કે ઊંદરો ઉપર ચહડી શકે.

પકડ—પકડ—પકડ.

કોટમાં ચાહેવાળાની ગલીમાં એક દુકાંન ઉપર માણેકજી મોહન નામે એક ઘરડા, મોટી સફેદ દાહાડીવાળા મોબેદ સાહેબ હમેંશ બેસીને પગ પસવારયા કરતા હતા. મોબેદ સાહેબ ઘણું ખુશ મીજાજના આબાશ્દાર અને ભલા માણસ હતા. એક દાહાડે દીવાળીનો મહીમાં હતો તે વાર પાંચ વાગતે પાંચ છ સાહેબો ગપ્પા ચલાવતા હતા તેટલાં એક જણ બોલી ઉઠયો. "માકાદારૂ જો તમે અહીંથી માણેકજી શેઠની અગીઆરી સુધી ઊંધાડે પગે ચાલી જાઓ તો કેવી હો હો થઇ જાય."

"અં! તેમાં શું, સરત બકે તો તેમબી કરૂં."

સઘળાઓએ જોયું કે માકાદારૂ ફકત બપકી કરેછ તેથી રૂપીઓ એક સરત બકી. માકાદારૂ લાગ જોઇને ઉઠયા અને ઘરપચમાં "પકડ—પકડ—પેલા છોકરાની તોપી લેઇને નાઠ. શેચ—પકડ—પકડ"—કરી શોર ઉઠાવતા માણેકજી શેઠની અગીઆરી ગમ ઉંધાડે પગે દોડવા માંડયું. "શું છે શું છે" કરતું લોક પણ પછવાડે દોડયું. બે ચાર સીપાઇ એકઠા મળી ગયા પણ ગડબડ સડબડમાં માકાદારૂના પગ ઉધાડા છે તે ઉપર કોઇનું ધ્યાન લાગું નહીં. આ પ્રમાણે અગીઆરી આગલ પુગતાં તેવણ ત્યાં ઝડપમાં દાખલ થઇ ગયા અને પાછળે રસતે બાહાર પડી પાછા દુકાંન ઉપર આવીને બેઠા. અલબત તેવણ સરત જીત્યા હતા.

આનેજ મળતી એક બીજી વાત છે કે એકવાર એક ગ્રહસ્થ ને એક બાઇ સાથ એમજ સરત લાગી કે બાઈની નાહાની છત્રી ઓઢીને ગ્રહસ્થ મોહોલામાંથી ચાલી જાય તો એક રૂપીઓ બાઇ હારે. ગ્રહસ્થે હા પાડી, અને બાઇની સુનેરી ઝાલરવાળી છત્રી લઈ રસ્તામાં ઉતર્યો, પછી એક નાહાની છોકરી જતી હતી તેને એક પૈસાની પેપરમીટ અપાવી તેની પાંખડી વળગીને વાત કરાવતો કરાવતો મોહોલામાંથી પસાર થઇ ગયો. લોક જાણે કે છત્રી આ બુચીની છે પણ ખરી વાત તો રૂપીઆની હતી.

જનમ કયાં ?

નાના અદુનો જનમ જે ઘરમાં થયો હતો તે ઘર મ્યુનીસીપાલે વેચાતું લીધું અને તે તોડી પાડીને ત્યાં રસ્તો બનાવ્યો. આ જોઇને અદુએ બાવાને કહ્યું બાવાજી બાવાજી હવે હું તો રસ્તામાં જનમ્યો હતો.

એવું તે શું હતું ?

લગનને ત્રણ વરસ થઇ ગયાં છે.

બચુબાઈ—પણ તમે એમ શું બીલાડાની કાની મારી ટગર ટીકીને જોવોછો! જરા શરમબી નથી આવતી ?

રતનજી—અરે ડીઅર, હું તો એમ જોવું છ કે એવું તે શું તારા ચેહેરામાં હતું કે જેથી મને તારી સાથે પરણવાને લાલચ થઇ.

પરણુવા ઇચ્છતા ધણીને સુચના.

જો ભાઇ તારે પરણવું હોય અને જે સ્ત્રી સાથ પરણવાની તારી ઇછા હોય તે ખરેખરી રૂપાળી છે કે નહીં તે જાણવું હોય તો હરગીઝ—બાહાર ફેનસી ફેરમાં, નાટકશાળામાં, સ્કેટીંગ રીંકમાં કે એવી જાહેર જગામાં તેણીને જોઇને તારૂં મત બાંધતો ના. ખરેખરી પરીક્ષા લેવાનો વખત જેવી તે સહવારના ઉંઘમાંથી ઉઠે ત્યારે છે. જ્યારે અંબોડામાં જુની સાડીનો ડુચો ઘાલેલો નહીં હોય, કાસમેટીકથી કપાલ ઉપર બાલ વળગાડયા નહીં હોય, પાઉડરથી ચામડીને વધારે સફેદી ઉપર આણી નહીં હોય, કલયાણ મોતી વાળી નવી આડીસ પેહરીને તરીમ ટરાક થઈ નહીં હોય, પટા પટીવાળાં ઝાંઝર લંગરથી શોભા વધારી ન હોય, ગળે કુતરાના કાળર જેવા પટા બાંધ્યા નહીં હોય, મોજાં પેહેરીને ઊંચી એડીવાળાં બુટથી પોતાના પગ છુપાવ્યા નહીં હોય, ત્યારે તેણીની ખરી ખુબસુરતી અથવા બદસુરતી જોવાનો વખત છે. હું ઘણીક છોડીઓને જાણું છું, જેઓ જાહેર જગામાં રૂપેરી પુતલાં જેવીઓ લાગે છે. પણ—પણ—તેઓનાં ઘરમાં જઇને તેઓના ચેહેરાનો ખરો રંગ સહવારના પોહોરમાં જુઓ. રંગ રૂપને માટેજ નહીં પણ બીજી ઘણી ચાજની પરીક્ષા એ વખતે થઇ શકશે. ઊંઘમાંથી તુરત ઉઠેલી જો તે નવી સાડી પેહેરવા નાહાસી નહીં જાય, પણ સાંમી હસ્તી આવીને ખુશ મીજાજથી બેશીકર પોતાનું ખરૂં રંગ રૂપ અને સ્વભાવ દેખાડે તો જાણુજે કે એ માશુક તારે લાયકની છે. ભલા આદમી, પરણુયા પછી દરરોજ સહવારના પોહોરમાં તેણીનો આ અવતાર જોવો પડશે ત્યારે તેનો અનુભવ પેહેલાંથીજ મેળવી લેની।

સ્થાનીક સ્વરાજ્ય.

મેહસુના ગામમાં પચાસસાહાઠ ઘેરની વસતી છે અને તેઓ સ્થાનીક સ્વરાજ્યનો વાહાલો હક ભોગવે છે એટલેજે પોતાની મયુનીસીપાલીટીનો કારભાર પોતે ચલાવે છે. ત્યાંના ભાણા પટેલ આ શેહર સુધરાઈના પ્રમુખ છે અને તેવણુને પટેલાઇના બદ-લામાં વરસ દાહાડે રૂપીઆ ૦૦૫૦નું સાલીઆણું સરકારતરફથી મળે છે. હવે એક અંધારી રાત્રીએ ભાણા પટેલ જરા તૈયાર થઇને ડોળતા ડોળતા ઘર ભણી જતા હતા તેટલાં રસતે ગટેરમાં ઠોકડ લાગી અને ગુઠણુ ભાગ્યું. તે રાત્રીએ ભાણા પટેલે ઠરાવ કીધો કે આપણા ગામમાં એક દીવાનું ફાણસતો જોઈએ.

બીજે દાહાડે તેવણે પંચ ભેળી કરી અને સુચના કરી કે આપણા ગામમાં બધો સુધારો દાખલ કરયો છે ત્યાં એક બતીનું ફાણસ ઉભું કરયું હોય તો સારૂં. આ વાતની મુંબઈના ગવંન્ડર સાહેબને ખબર પડશે તો આપણને સાબાશી મળશે. આ વાત પંચના સાહેબોને એટલી પસંદ આવી કે એ ફાણસનો ખરચ વગેરે કયાંથી કરવો તે માટે વીચાર કરવાને પંદર દાહાડા પછી સભા મેળવવાનું ઠરાવ્યું.

પંદર દાહાડા પછી સભા મળી ત્યાં કેટલાક કલાક સુધી તકરાર ચાલવા પછી ઠરાવ થયો કે, "મેહસુના ગામમાં એક ફાણસનો પીલર ઉભો કરવાની જરૂર છે અને તે માટેનો ખરચ શું થશે તે નકી કરવાનું અને તેનો રીપોર્ટ કરવાનું પ્રમુખ ભાણા પટેલને સોંપવું અને ભાણા પટેલે પંદર દાહા-ડામાં પોતાનો રીપોર્ટ રજુ કરવો."

પંદર દાહાડા પછી બીજી બેઠક મળી ત્યારે ભાણા પટેલે પોતાનો રીપોર્ટ રજુ કીધો કે ધનજી મીસ્ત્રી ખામલો ફાણુસ વગેરે સઘળું તૈયાર કરી આપવાના રૂ૧૩ માગે છે. આ ઉપરથી કાળાભાઇ નીછાભાઇ હજામે એમેન્ડમેંટ મુક્યું કે "પાસેના બોતાડ ગામમાં ફાણુસ મુક્યું તેનો ખરચ સાડા અગીઆર રૂપીયાને સવા બે આના થયો હતો માટે આ વાત ખરી છે કે નહી તેની તેહકીક કરવાની જરૂર છે."

આ વાતની તેહકીક કરવાને સભા બીજા પંદર દીવસ ઉપર મુલતવી રાખવામાં આવી. જ્યારે ત્રીજી સભા આવી ત્યારે જણાયું કે બોતાડવાળા ખામલા ઉપર કોઇ જાતનો રંગ નથી અને ધનજી મીસ્ત્રી તો રંગ સાથે કરી આપવા માંગે છે. રંગને લીધે એટલો ફેર પડે કે નહી તે નક્કી કરવાને સભા બીજા પંદર દાહાડા ઉપર મુલતવી રાખવામાં આવી.

આ ચોથી સભા ઘણી તુફાની હતી. કમીશનરોએ એક બીજાને ગાળો દીધી. થોડા કહે કે રંગવાળા ખામલાની જરૂર છે અને બીજા કહે રંગની જરૂર નથી. રાતના આઠ વાગયા સુધી તકરાર ચાલયા પછી સભા મુલતવી રહી.

આ પ્રમાણે દર પંદર દાહાડા સુધી મુલતવી રેહતાં જુન મહીનો આયો ત્યારે સભામાં એક કમીશનરે દરખાસ્ત કરી કે હવે તો ચોમાશું માથે આવ્યું માટે બતી પવનમાં રહે નહી તેથી આ વાતનો વીચાર કરવાનુ હાલ તુરત તો માંડી વાળવું.

દરખાસ્ત એક મતે પસાર!

મારો શું વાંક?

સોરાબજી મીજાજના પાજી હતા. તેવણને એક દીવસ માજીસ્ટ્રેટ આગળ ઉભા કીધા. માજીસ્ટ્રેટે કહ્યું "બંધવા તારી ઉપર ફૂર્યાદીને સખ્ત મારવાનો આરોપ છે. બોલ તારો શું બંચાવછે?"

"સાહેબ, એણે મને ઉસકેરાઇ જવાનું કારણ આપ્યું હતું." સોરાબજી હાથ જોડીને બોલ્યા.

"એવું તે શું હતું?"

"મને એણે પુછ્યું કે "એક મરઘી એક અરધાં ઇંડાને એક દાહાડામાં અરધી સેવન પર અરધાં બચ્ચાંને અરધી અરધી—"

"બસ બસ તમને છોડી દેવાનો હું હુકમ આપું છું."

એક ફ્રેંચમેન હમણાં આવ્યો છે જે ધધેડાઓને વાત કરતાં શીખવે છે. અરે ખોદા! કોઇ એવો ફ્રેંચમેન નથી આવતો કે ધધેડાઓને વાત નહીં કરતાં શીખવે?

એક મોટી કાપડીયાની દુકાંનમાં સહવારનું કામ શીરૂ થતાં દુકાંનમાં પોરીઆઓ બેસીને વાત કર્યા કરતા હતા, કેમજે ઘરાકી કાંઇજ નહીં હતી. એવાંમાં એક ધમધમ કરતી ગાડી આવી અને એક બાઇ ઉતર્યા. દુકાંનનો ધણી બોલી ઉઠયો "ચાલો પોરીઆઓ વગેજગે થઇ જાઓ, ઘરાકો આવવા માંડયાં છે." બાઈ દાખલ થયાં અને કહ્યું "ભાઇ આએ બેઆનીના આઠ દોહોર્યા આપોતો."

શરતનું પરીણામ.

સાંજના પાંચ વાગેલા હશે. ગામ માંહેની એકપુરી ધર્મ-શાળા મુસાફરોથી ચીકાર ભરાયલી હતી. એવામાં એક ગ્રહસ્થ મારતી ગાડીએ આવ્યો અને મસાલને જોશથી હાંક પાડી હુકમ કર્યો "લેરે, ઘોડાને છોડીને તાબડતોબ તબેલામાં લઇ જા."

"સાહેબ, તબેલો ચીકાર ભરાઇ ગયલો છે—એક માણુસને ફરી વળવાની જગા નથી." મસાલે જવાબ આપ્યો.

"ઠીક છે—ઠીક છે—પેહેલાં ઘોડા ગાડીનું તો કર, પછી રાતના જમવાની વરદી આપું, મને હમણાં ભુખ નથી."

"પણ સાહેબ, જગા નથી તેનું કેમ કરૂં?"

"હા—દાણા હમણાં તો તારી પાસેથીજ આપ, સહવારના હું પૈસા ચુકવી આપશ" આમ બોલી મસાલના હાથમાં ઘોડાની લગામ આપીને આ નવો આવનાર ધુમધુકાર બંગ-લામાં પેઠો.

મસાલ મનથી વીચાર કરેછે કે "આએ પરાણો અગર મુર્ખ છે કે લફંગો છે, પણ ઘોડાનેતો બાંધી રાખવો જોઈ-એ—નાહાસી બાહાસી જાયતો એનો મારો તોટો ધરે."

અંદર હાલતો સઘળા મુસાફરોથી ભરાઈ ગયલો હતો. ધર્મશાળાવાળો આવ્યો અને બોલ્યો "સાહેબ, હું દલગીર છું કે આજે રાતના તમુંને અહીં ઉતારો મલી શકશે નહીં, બધા ઓરડા ભરેલા છે ને ચાલમાંબી જગા નથી."

પેલાએ ધીરે પેટે કહ્યું “બાપુ—માફ કરજો હો—હું એટલો તો બેહરો છું કે મને એક બોલ સમજાતો નથી. પણ તમારા બોલવાપરથી શક જાયછ કે રખે મને ઘણી અગવડ પડે તેની તમે મારી ચાહોછ, પણ ફકર નહીં—કંઈ ફકર નહીં—અમે મુસાફર ભાઈને એસકાઈ શાની—જેમ તેમ એક રાત ખેંચી કહાડવાની.”

આમ બોલી પેલાએ તો ખુરશી લીધી, અને જાણે ઘરનાજ હોય તેમ બેસી ન્યુસપેપર પડેલું હતું તે ઊંચકીને વાંચવા માંડયું. ધર્મશાળાનો રખેવાલ અને તેની સ્ત્રી બોલ્યાં “ઠીક છે, એને જોઇએ તો આખી રાત ખુરશી ઉપર બેસીને કહાડે, આપરી પાસ સુવાની જગા તો નથી.”

થોડીવારમાં ખાણાની ટેબલ તૈયાર થઇ એટલે આ નવા પરોણા મજેહથી જઇને ટેબલ ઉપર બીરાજ્યા. બધાઓએ તેના કાન ઉપર પડી ઘાંટા પાડીને ઘણુંબી સમજાવવાનું કીધું કે એતો ખાનગી મીત્રોની ટેબલ છે અને તે ઉપર બાહારનાને આવવાનો હુકમ નથી,પણ સાંભળે કોણની બલા?

“અં! મને ટેબલ ઉપર ‘હેડ’ પર બેસાડવા માંગોછ.? ના બા, તે આપરૂં કામ નહીં—આએજ ઠીક છે.”

વધારે પંચાતી કોણ કરે એવું ધારીને સર્વેએ આ બોંસીલા બેહરાને ગગડવા દીધો. પેટ ભરતું ખાણું ખાઇને તેણે ટેબલ ઉપર અડધો રૂપીઓ મુકયો, પણ ધર્મશાળાવાલાએ ફફડીને તે જમીન ઉપર ફેંકયો.

“શું! આજે આએ નંબર વન ખાણું ખાધું તેના આઠ આના?”

"નહીં બા, એમ મફતનું ખાઈ પડવાનું મને પસંદ નથી. પૈસાતો તમારે લેવાજ જોઇશે. એમ કંઇ હોય, હું કંઇ તમારો સગો વાહાલો છું, કે તમે એમ મને શરમાવોછ? એમ કંઇ હોય નહીં; વળી ફરીથી આવું ત્યારે તમારો મેહમાન થઈ રેહવશ, પણ આજેતો પૈસા લેવાજ પડશે."

આમ બોલી સીસોડી વજાડતા વજાડતા આ નવા પરોણા બાહાર જઇને જે સુવાનો ઓરડો પેહેલો હાથમાં આવ્યો તેમાં ભરાયા. તેના જવા પછી તેની હેમકાઈ ઉપર સઘળા ખુબ હસવા લાગ્યા. તે ક્યાં ગયો તે જોવાને તેઓએ એક નોકરને પછવાડે મોકલ્યો. નોકરે આવીને ખબર આપી કે તે તો મોટા શેઠના સુવાના ઓરડામાં ભરાયો છે. વાહ! આતો વળી હદ થઇ. સઘળાઓએ મલીને એને કાન પકડીને બાહાર કાહાડવો જોઈએ. સઘળું સરઘસ સુવાના ઓરડા આગળ ગયું તો માંહેથી બારણું ખુબ બંધ કરેલું હતું, અને પેલો માંહેથી નીચે પ્રમાણે બોલતો હતોઃ—

"હું ખરોજ કમબખત—મારી પાસે નાણું છે તે રખે કોઈ લુટી લે. હું કંઈ આજે ઊંઘાવાનો નથી ને બતીબી બુજાવવાનો નથી. હું આખી રાત આએ ખુરશીપર બેસી રેહવશ ને જો કોઈબી મારા ઓરડામાં મને લુટવા દાખલ થશે તો તેનું આએ પીસતોલ વટી માથું વીંધી નાખીશ."

આમ બોલી તેણે એક પીસતોલનો ઘોડો ચહડાવ્યો જે સઘલાઓએ સાંભળ્યો.

આ પછી પેલાઓએ જોયું કે આ દીવાનો છે, તેથી તેને છેડવા વગર અથવા બારણાંને અડકવા વગર ત્યાંથી ચાલી

ગયા અને મોટા શેઠને સુવાની બીજી ગોઠવણ કરી. પેલા પરોણાએ જોયું કે બધું વગેસગે થયું કે પરવરદેગારના શોકરાના કરી મજેહથી પોઢી ગયા.

સહવારના તેવણ ઉઠયા અને તબેલામાં જઇ પોતાનો ઘોડો બાહાર કાહાડયો અને બગી જોડીને રવાના થવા તેયાર થયા. સઘળાઓ આ પરોણાને એકવાર ફરીથી જોવાને ઓટલા ઉપર ભેગા મળ્યા હતા.

તેવણ સવાર થયા, લગામ ખડી પકડી અને પછી મસાલને રૂપીઓ ફેંકી પોતાની બધી રીત ફેરવી નાંખી બોલ્યા "ગ્રહસથો, એક ઠાકેલા મુસાફર તરફ તમોએ જે લાયકી બતાવી છે તે માટે હું તમારો ઉપકાર માનુંછું. તમારાંમાંથી એકને સુવાની અગવડ પડી હશે, પણ મારા એક દોસ્તને ગઇ કાલે અંહી દાખલ કરવાની ના પાડવામાં આવી હતી તે ઉપરથી મેં તેની સાથ ૨૦૦ રૂપીઆની સરત બકી હતી કે હું તમારે ત્યાં ખાઇ પીને આખી રાત સુઈને આઊં. આ ઉપરથી મેં બેહરો હોવાનો સોંગ કર્યો હતો તેમાં કેમ પાર પડયો તે વીચારવાનું તમુનેજ સોપું છું—સાહેબ મેહેરબાન."

આમ ખુલાસો કરી ઘોડાને એડ મારી સઘળાઓને ચાટ મેલીને પેલો ત્યાંથી વટી ગયો.

હસમુખો—(ટરામ ગાડી ચીકાર ભરેલી હતી તેમા દાખલ થતાં) ઓહો! આજે તો બધું સંઘરહસ્થાન ખુબ ભરેલું છે.

કનડકટર—હાજી, ફકત એક ગધેડાનીજ ખુટ હતી.

મનચેરજીબાનાં ધણીયાંણી બાઇજી કરાફડે મારકેટમાંથી હાંરીહુંપીને એક બુટની જોડી લાવ્યાં, અને સાંજના પોતાનાં ધણીજી ઘેર આવતાંજ દેખાડવા સારૂં તેવણુની સનમુખ ધર્યાં.

"કેમ મંચેરશા કેવાં મજેહનાં લાગેછ? બસ એવીતો બીજી બજારમાં જોડીબી નહીં મલતી."

"હં, હં," મંચેરજીએ ડોળા ચહડાવીને કહ્યું "એ કોણ રડતાંને હસાવી આવી. ક્યાંથી કોચરાને સાલના ઉપાડી લાવી?"

આથી ધણીયાંણીબાઈ છીકી પડયાં ને હાથમાંથી બુટ મારી બોલ્યાં, "લાવો લાવો, તમારી નજરમાંતો હંમેશાં જે એબલગામણું હોય તેજ સારૂં લાગે."

ખરેખર દીઅર! નહીં તો તું મારા નશીબમાં કાંહથી હોતે?" મંચેરજી બોલ્યા.

મોહોડેના હીસાબ.

બે ગ્રહસ્થો વચ્ચે સેહેજ ઓળખાણ હતી તેઓ એકવાર રસ્તામાં સાથે મળ્યા. એકે કહ્યું "ભાઇ સાંભળ, જરા હમણાં બરકત છે તેથી તુને એક સેહેલો મોહોડેનો હીસાબ પુછું."

"ઠીક છે, બોલો."

"જાણે સમજો કે તમારા ગજવામાં રૂપયા પચાસ હોય, અને તેમાંથી હું તમારી પાસે પચીસ ઉછીના માગું તો તમારા ગજવામાં બાકી કેટલા રહે?"

"પાછા પચાસના પચાસ." સામાએ ઉત્તર દીધો અને ચાલવા માંડયું.

બાઈ—(ફરી આવીને) હું બાહેર ગયા પછી કોઈ ઘરમાં આયું'તું ગીયું'તું?

ઈરાની—હા બોઈ, રૂસતમ તીરઅનદાઝ ઓવી ગીયા.

બાઈ—(વીચાર કરીને) હં: રૂસતમ તીરઅનદાઝ કોણ—હું તો કંઇ ઓળખતી નથી?

ઈરાની—નહીં બોઈ, તે તો મને મળવા ઓવીતી.

મરતી વખતની અરજ.

માકાજી નામે અડાજણના એક મોબેદ સાહેબ પેંસી વરસની ઉમરે એક અઢાર વરસની છોકરી સાથ દાણા પાડી આવ્યા. હુંક મુદતમાંજ માકાજીને બીજી જહાન જવાનો પેગામ આવ્યો. સઘળું અણીપર આવ્યું ત્યારે માકાજીએ ધનને પાસે બોલાવી અને પોતે કુચ કરી જનારછે એવું જાહેર કરયું. અલબતે આ સાંભળી ધન સાડીનો છેડો આંખમાં ચાંપીને ખુબ રડવા લાગી. પોતાની આ બાળકી ધણીયાણી ગમ ઘણા પ્રીતથી જોઈ માકાજી બોલ્યા “ધના હું બેહેસતમાં જાઉં તે અગાઉ તારી પાસે મારે એક જબરૂં વચણ લેવું છે. અલબત મારૂં બોલવું તુને ઘણું કડવું લાગશે. પણ જાહાંસુધી તુ મારા કહયાસર ચાલવાના સમ ખાય નહીં ત્યાંસુધી તુને હું મારી એક પૈ આપવાનો નથી.”

ધના બીચારી ગભરાવા લાગી. એવું તે કડવું શું હશે? ફરીથી ઘેર નહીં કરે—અથવા નરણુ જે ઘણી જુવાક હતી

તેના તાબામાં રેહ—એવું કાંઈ હાવું જોઈએ. તેણીએ રડતી રડતી સમ ખાધા કે જેમ ફરમાવશો; તેમ કરશ.

માકાજી આ સાંભળી ઘોલીયા ઉપર જરા ખડા થઇ બોલ્યા "જો ધના મારી માંગણી એવી છે કે મારા મુવા બાદ (ધના તરફથી નીસાસા) હું ટાહારો થઈ જાઉં પછી (ધનાએ બાલ પીખ્યા) મારો માસીસો વીતેને (ધનાએ છાટી કુટી) હું તુને સાફ હોકમ કરૂંછ કે (ધના મોટો ધાંટો કાહાડીને માથું કુટવા લાગી) જો તું ઉલટી ચાલે તો તુંને મારા મુવાનાં સમ છે (ઓ! ઓ! ઓ! ધના તરફથી) હું ચાહુંછ કે તારે ૩૦ વરસની અંદરનાંજ બીજવર સાથ નાતરૂં કરવું! ફરીથી મારાં જેવાં ખોખાં સાથ પછાડા મારતી ના!"

ભલે !

એક મોબેદનો છોકરો મુંબાઇમાં પોતાની ધણીયાણી સાથે રહી અભ્યાસ કરતો હતો. એવું બન્યું કે તેની ધણીયાણીએ જોડ છોકરાંને જણુમ આપ્યો. આ ઉપરથી તેણે નવસારી પોતાના બાપ ઉપર નીચે પ્રમાણે તાર કરયો "ઉતાવળમાં મારી બાયડીએ અબધડી જોડ છોકરાંને જણુમ આપ્યોછે, હવે પછી વધારે."

તે બચારો કેહેવા એમ માંગતો હતો કે તાર ઉતાવળમાં કીધો છે, પણ હવે પછી વધારે ખોલાસો લખીશ. નવસારીમાં બાપે તાર એમ વાંચ્યો કે નજીએ ઉતાવળમાં પડીને જોર છોકરાંને જણુમ આપ્યો છે, પણ ખોદા ચાહાશોતો હવે પછી વધારે જણુશે!

આખો બકરો ખાનાર હોરાજી.

પાલણપુરમાં એક હોરાજી નામે નુરભાઇ રહેતો હતો. ઉમર સુમારે પચાશેકની હશે. દેખાવે લઠ, પણ અકલનો બડો ઓથમીર હતો. આસપાસનાઓ વાત કરે તે કંઇ સમજે નહીં અથવા સાધારણ બોલીમાં જેને આપણા લોક 'ઇડીઅટ' કેહે છે તે જાત હતી. આ નુરભાઇની ભુખની તે ગામના લોક એવી વાત કરતા કે કાંઇ કહેવાય નહી. એકવાર કાઠીઆવાડથી થોડાક મુસલમાન મીત્રો ફરતા ફરતા પાલણપુર જઇ લાગ્યા અને ત્યાં નુરભાઇના ખાધાની વાત નીકળી. એક જણે કહ્યું કે નુરભાઇ બેઠાં બેઠાં બારે રોટલા અને મોટું તપેલું ભરીને ચાવલ ખાઇ જાય.

આ વાત નવા આવનારા મુસાફરોએ હસી કાહાડી જે ઉપરથી ખબર આપનાર ધણી બોલ્યો "ભાઈઓ હમણાંતો તમને રમુજ લાગે છે પણ તમે રૂપીઆ પચાશની સરત બકો તો બતાવું કે એ નુરો એક બેઠકમાં આખો બકરો ખાઇ જાય.'

આ સરત સામાવાળાઓએ કબુલ કરી, અને નુરભાઇની ભુખની પરીક્ષા લેવાની તૈયારી ચાલી. સરત મારનારે નુરભાઇને આ સરતથી વાકેફ કરીને પુછ્યું કે "તું આખો બકરો ખાઇ જાય એવી મેં સરત મારી છે, તે ફસાવેતો નહીં?"

"બો, ફસાસે તે કેમ? એક બોકરો ને ઉપર પાંચ શેર ઘી ચપાટી જવા બંદા હાઝર છે."

આ પછી એક મસ મોટો બકરો કપાવીને તેના એકસો જબરા કવાબ બનાવ્યા અને નુરભાઇ બોલાવ્યા. તેણે એક પછી એક

કવાબ દબાવવા માંડયો અને નીચી મુડીએ એવોતો હાથ ફેરવ્યો કે મુસાફરો અને બીજા જે અજાણુઓ હાજર હતા તેઓની આંખમાં તરસ આવી ગઇ. નુરભાઇએ હેંસી કવાબ તો આસાનથી પુરા કીધા પણ જયારે બાકીના વીશ કવાબ આગળ આણી મુકયા ત્યારે તે લગાર બેચેન દીસવા અને આનાકાની કરતો હોય તેમ જણાયો. તેના તરફથી જેઓએ સરત લીધી હતી તેઓ ઘભરાયા કે મુવો છેલ્લી ઘડીએ ફસાવવાનો કે કેમ.

"કેમ નુરા, આજે એમ કેમ-હેંસી પુરા કીધા ને આટલાને વાસતે આજે લથરેછ કેમ ?"

"નારે ભાઇ લથરે શેનો? મેં તો કહુંછ કે હવે પેલો ઓલો બકરો ખાવાનો છે તે આણો તો ઠીક, કેમજે નીતો પછી આથી પેટ ભરાઇ જાશે તો ઓલો બકરો બધો ખાધાની રૂચી રેહવી કઠણ છે!"

માજીસ્ટ્રેટ—રસ્તામાં રખડવા અને લોકને બેજાર કરવા માટે તુંને આઠ દીવસના સાદા કેદખાનાની સજા કરવામાં આવશે અને તુંને ફક્ત રોટી અને પાણી ઉપર રાખવાનો હુકમ કરવામાં આવશે.

બંધવો--સાહેબ, જોઈયેતો બીજા આઠ દાહાડા વધારો, પણ જરા સાથે મોંહું ને એક નાહા—આ—આ—લો—ચટણીનો લુગદોબી આપવાનો હુકમ કરો તો ઘણી મેહેરબાની.

પીપણું અથવા પીપ્યું.

માકાદારૂ નામે એક આથોરનાન સાહેબ પાસે ખુબ ખજાનો એકઠો થયો હતો અને સ્વભાવે ઘણા હસમુખા હતા. જ્યારે તેવણુની અંતની ઘડી આવી ત્યારે માકાદારૂએ પોતાનું વીલ કરયું. હવે માકાદારૂ પાસે જમશો કરી તેવણુનો ચાકર હતો તેને મોહોડે પીપીઉં લાગ્યું હતું અને દારૂ પીને માકાદારૂને તોબાહ બોલાવતો હતો. વશીયત કરી રહ્યા પછી માકાદારૂએ જમસાને બોલાવી કહ્યું "બચ્ચા જમશા, હું વશીયતમાં તારે વાસતે એવું મુકી જાંઉછ કે તું પીતાં પીતાં ઠાકશે."

જમસો મન સાથ મળકાવા લાગ્યો કે આખરે નસીબ જાગ્યુ ખરૂં. માકાદારૂ ગુજરી જવા પછી વશીયત વંચાયું તેમાં મરનાર ફરમાવી ગયા હતા કે "મારા નીમકહલાલ નોકર જ-મસાને મોહોડે પીપીઉં ઘણું છે તેથી એને ખુબ પીવાની તરસ લાગે તે સારૂં એને બાર ખારી ગરભ મારે ખરચે આપવી."

મુંબઇની એક ચોકસ હારીસમાં નવો મેનેજર આવ્યો તે ખરચ ખુટણુ ઉપર ખુબ નજર રાખતો હતો. મહીનાને છેડે શેંડીઆજીએ ખરચનો આંકડો રજુ કરયો તેમાં એક રકમ એવી નાખી હતી કે "ચોપડીઓ ઉંદર કરડે નહીં તે સારૂ બીલાડીઓ ચાર રાખી છે તેને સારૂં મહીનો દહારો ગોસ્ત રૂ ૪)."

મેનેજરે આ રકમ ઉપર નીચે પ્રમાણે શેરો કરયો :—
"જો બીલાડીઓ ઉંદર પકડતી હોય તો પછી ગોસ્ત શા સારૂં જોઇએ. અને જો ઉંદર નહીં પકડતી હોય તો બીલાડી ઓ શા સારૂં જોઈએ."

લોકની ભીડ શા માટે મળી છે?

મહુવાથી એક ભલો હીંદુ નામે મનજીભાઇ મુંબઇ આવ્યો અને શેહેર જોવા નીકળ્યો પણ રખે ભુલો પડી જાય અને ઉતારાની જગાએ પાછો અવાય નહીં એવી બીકથી ગલીને નાકે ઈંગ્રેજી પાટીયું મારેલું હતું તે સંભાળથી એક કાગળના કકડા ઉપર લખી લીધું. પછી ખુશી થઇને મન ચાહે ત્યાં લટાર મારવા નીસર્યા. સાંજ પડી અને ઠાકયો એટલે મનજીભાઇએ એક વીકટોરીઆ ભાડેની કરીને તેને કાગળ પરનું નામ વાંચીને હાંકવા કહ્યું. નામ સાંભળીને ગાડીવાલો તો દમ બાંધીને હસવા લાગ્યો. મનજીભાઈનું પાકી આવ્યું. તે વીચારવા લાગ્યો કે આ નામ વાંચવામાં ભુલ છે કે શું તેથી કાગળ ગાડીવાનના આંખ આગળ ધર્યું પણ તેતો દેવાનાની પેઠે કળવાઈ કળવાઈને હસે અને મુગો રેહેજ નહીં. આથી મનજીભાઇ ઝટ ગાડીમાંથી ઉતરી પડ્યા અને આસપાસ બે ચાર માણસો ભેલાં કરી આ મુર્ખ ગાડીવાળાની ફર્યાદ કરવા માંડી. તેઓએ પેહેલાંતો સાંભળ્યું, પણ જ્યારે મનજીભાઇએ કાગળ ધર્યો ત્યારે ગાડીવાળા જોડે તેઓ પણ ખડખડાત હસવા લાગયા. હવ તો મનજીભાઈએ ગાળો ભાંડવા માંડી અને પાંચ પચાસ લોક જમાવ થઈ ગયાં, તેઓએ પણ નામ વાંચીને જાણે 'હસવાનું' કંટ્રાકટ લીધું હોય તેમ રોખરું માંડી દીધું.

એવામાં પોલીસ શીપાઈ આવી પહોચ્યા. મનજીભાઈને ધીરજ આવી કે હવે મારા વાહાલાઓ ઠેકાણે આવશે. સઘળાઓને પોલીસના હાથમાં પકડાવી દઇશ કે ફરીથી બા-

હાર ગામના લોકની ઠઠોરી ન કરે. પણ મનજીભાઈની ચુક હતી. કાગળ પરના નામની હકીકત સાંભળી સીપાઈદાદા પણ ઠી ઠી ઠી કરવા મંડ્યા. આ વાર મનજીભાઈનાં મનમાં શું થતું હશે તે વર્ણવાની જરૂર નથી. સારૂં થયું જે આ વાર તેમના ગામનો એક ભાઠેલો આવી લાગયો. તે પણ પેહેલાંતો હસવા લાગયો. પણ તેણે કાંઇક મનજીભાઈને કહ્યું એટલે સઘલા સાથે મનજીભાઈને પણ હસવાનો વા ઉડયો.

સારાંસ કે મનજીભાઇએ ગલીને નાંકે મારેલું પાટીયું જે. પોલીસ તરફની ખબર હતી કે તે ઠેકાંણે કોઈએ પેશાબ કરવી નહીં તેને રસ્તાનું નામ સમજી નીચે પ્રમાણે નકલ કરી લીધું હતું.

[પેશા બકર વીનહીં.]

બચઈ મડમને તાંહ ભરાયલો ચોર.

એક બાહાદુર ઓરત એકવાર એખલી હતી તેવામાં પલંગ તળે ભરાયલા એક જબરા ચોરનો હાથ કેમ તેણીના જોવામાં આવ્યો, બાઇએ કેમ હીંમત રાખી ગુપચુપ સીવ્યા કીધું; અને જ્યારે નોકર આવ્યો ત્યારે તેને ચીઠી આપીને કેમ પોતાનાં ભરથારને બોલાવા મોકલ્યો અને ભરથારે આવીને કેમ ચોરને પકડયો, અને ચોરે જડજ આગળ બાઇની હીંમતની કેમ તારીફ કરી એ સઘળી કથા અમારા વાંચનારાઓએ કંઇ નહીં તો લાખેક વખત વાંચી હશે. ગમે તેમ હોય, પણ ગીરગામ ઠકરજી દારૂવાલાના ઘેરમાં રેહનાર એક સુધરેલી બાઈ મીસીસ બચાઇ

શેઠનાએ તો એવીજ એક વાત તેજ રાત્રીએ વાંચી હતી. વાંચીને ન્યુસપેપર બાજુએ મેલતાં બચાઇની અંગુઠી પડી ગઇ તે ઉપાડવા જતાં અછડતી નજર પલંગ ઉપર પડી તો–બાપ આવો! પલંગ તલે કોઇ ભરાયલાનો હાથ દીસ્યો. હવે! આયાતો બુચાને લઇને બાહાર ફરવા ગઇ હતી અને જમસોતો બબરચીખાનામાં રોટલી કરતો હતો—બચઇના ધણી મેહરજી તો પોતાની હાપીસમાં વરસનું સરવાયું કાહાડવામાં ખુબ રોકાયા હતા.

બચાઇને બરડે પાણીના રેલા ઉતરયા અને તેણીનો જીવ ધભરાવા લાગયો. ઉઠવા જાય તો ગુંઠણુ એકક સાથ અઠડે તેવો મામલો હતો અને વળી ચોર બાહાર નીકળી આવી તોટો પીસી નાખે તારે! આહ! તેણીને તુરત યાદ આવ્યું કે જે ઓરડામાં તે શીવતી હતી તે ઓરડામાં ટેલીફોન તૈયાર હતો. બચાઈ જેમ તેમ ઉઠી અને ટેલીફોનનો ઘાંટ તો વજાડયો પણ ચોરને ચમકાવવા વગર ધણીને ચેતાવે કેમ?

"કેમ? કોણ છે?" સામી હાપીસમાંથી મેહરજીએ જરા ખીજાઈને પુછયું.

બચાઈએ જરા વીચાર કરી સીફતથી નીચે પ્રમાણે કહ્યું, "મેહરજી શેઠના ધણીઆણી આયાંતાં તેવણે કેહવારીઉછ કે જરા જલદીથી તાબરતોબ ગીરગામ ઉકરજી દારૂવાલાના ઘેરમાં બીજે મારે મલી જજો."

"ઉકરજી દારૂવાલાનું ઘેર? એતો આપરૂંજ ઘેર–એ તું બકેછ શું?"

બચાઇ ઘણી ધ્રુજી તોપણ બોલી "અરે જરા બરાબર સાંભળો—ગીરગામમાં લાકડાંવાલાના મોહોલામાં બધી આગ લાગીછ તેથી અબ ધડી આવો."

" લાકડાંવાલાનો મોહોલો તો આપરોજ. બચાઈ આજે વળી તુને એ શું ભુત ભરાયો. ચેડાં શું કાહાડેછ ?"

" નહીં—હું તમુને કેહતીતી કે પેલી પુનેવાલી બચુંબાઇ પેસતનજી એસકી હતી તે મરવા પડીછ અને તમુને અતર-ઘડી મળવા બોલાવેછ."

" બચુંબાઈ પેસતનજી એસકી ! તે તો તારૂં પોતાનુંજ બાપને ઘેરનું નામ. બચાઇ હમણા મશ્કરી કરવાનો વખત નથી મને કામ ઘણું છે ને તું તો ઘેલાં કાહાડેછ."

બચાઇ તો કાંઇ બોલી નહીં પણ મેહેરજીને વેહેમ પડયો કે બચાઇએ આજે કાંઇ છાંટો પાણી વધારે લીધોછ કે શું ને રખેને બુચાને કુઇનાઇન આપવાને બદલે કંઇ બીજું ફકાડી દે તેથી ઝડપમાં દ્રામમાં ઘેર આવ્યો. જોયછ તો બચાઇ કાચ ઉપર બેભાણ હાલતમાં પડેલી હતી. મેહેરજીએ પાણી છાંટીને તેને હુશીયાર કીધી એટલે બચાઇએ હાટે ડાબે પેલો હાથ બતાવ્યો. ધણીએ તુરત પલંગ તળે ઝીપલાવ્યું અને બાહેર આવીને બોલ્યો.

" શું છે, એ તો મારૂં હાથનું મોજું ઘોલીઆ તલે પડેલું છે !"

નીચલી જાહેર ખબર અમારી ઉપર છાપવા માટે આવી હતી તે અમે ના પાડી છે.

જોઇએ છે. એક પારસણ બાઈની પાળેલી નાહાની કુતરી આજારી છે તેને રમાડવા તથા સારવાર કરવા સારૂં બે ચંચળ આસામો જોઇયે છે. ઉમેદવારોએ વારડન રોડ ઉપર ——ના બંગલામાં પુછવું.

તબીએત.

મારી જાણુમાં એક વકીલછે તેવણને પોતાની તબીઅત વીશે સદા રડવાની ટેવ છે. તેવણું જ્યારે પોતાની બદહજમી અને ના ફાવતી વીશે ફર્યાદ કરે ત્યારે તેવણુને ઘણું પસંદ લાગતું હોય એમ જણાય છે. એક દહાડે સહવારના વકીલ જતા હતા તેટલાં રસતામાં તેમના દોસ્ત મળ્યા જેણે પુછયું "કેમ, આશા રાખુંછ કે હમણા સારી પેઠે હશો?"

"અરે કોણુના સારી પેઠે. આજે આઠ દાહાડા થયા ઉંધાયુંછ કોણુ!"

"ઓહો! તારે તો હું તમુને મુબારકબાદી આપુંછ. દેખઈતી તમારી તબીઅત સુધરતી જાયછ. ગેઇ વખત હું તમુને મળ્યો ત્યારે તમે લાગટ પંદર દાહાડા ઉંઘાયા નહીં હતા એવી તમારી ફરીયાદ હતી તે ઘટીને હમણા આઠ દાહાડા થયા! વાહ! શું તબીઅતમાં ફેરફાર!"

"અંકગણીતનો અપુર્ણાંક."

એક જણે ઇરાંનીની દુકાનેથી આનાનું પાંઉ માગયું. તે ઇરાંનીએ કહાડી આપયું, કે પેલાએ મન ફેરવી નાખીને ચાર દોહોડીઆંનું સરબત માંગયું. સરબત પીને પેલાએ પાંઉ પાછું નાખી ચાલતી પકડી. ઇરાંનીએ પૈસા માંગયા ત્યારે તેણે કહ્યું કે, "ચાર દોહોડીઆંનું શરબત પીધું, તેની જગે આ ચાર દોહોડીઆંનું પાંઉ મેં આપયું કેની?" ઇરાંની કહેજે "પણ પાંઉનાં પૈસા આપયાંચ કયાં કે તેની વાત?" પેલો સાહુમયાં કેહેજેકે "મેં પાંઉ લીધુંચ કયાં અને ખાધુંચ કયાં કે તેની વાત?"

એક અજાએબ જેવી નીચલી જાહેર ખબર થોડુંકની વાત ઉપર મારા જોવામાં આવી હતી, પણ કમફુરસદને લીધે તે વીશે લખવાને મને બન્યું નહીં.

"કાળાં બાનુઓને બરના મોજાં વેચવાના છે।" હું અજાએબી સાથે પૂછવા માગુંછ કે કોણ કાળાં બાનુઓ કે મોજાં!

એક ગ્રહસ્થ બીજાને મલવા ગયો. વાત જાનવરોની નીકલી એકે કહ્યું સાહેબ, કુતરા એવા આવે છે કે તેવો પોતાનાં માલેક કરતાં પણ વધુ અક્કલ અને હુશીઆરી ધરાવે છે.

બીજાએ તુરત જવાબ વાલ્યો, હા, ખરી વાત છે. મારી પોતાની પાસે એવો એક કુતરો છે.

"તમે હીંદુસ્તાંન લીધું તેનાં તમારા લેખ દેખ ડાને."

સુમારીનાં ભાણું પટેલને અને તેનાં સગાને આંયની સીમાં બાબત વાંધો પડયો. એ વાંધો "સેતલમેન્ટ ઓફીસર" હજુર રજુ થયો. ભાણું પટેલ પાસ કાંઈ પણ દસ્તાવેજ ન હતા. સાક્ષીમાં ફક્ત એક પહેલવાંન જેવો પણ જઈફીએ પુગેલો રજપુત જોધ્ધો હતો. તેનાં આંગ ઉપર બે સુમાર ઘા પડેલા હતા. તેને ઓફીસરે પુછયું કે કાકા! આ જગા તમે કેમ લીધી?" "ભાઇ લીધીતો લીધી પણ જુતી મારીને લીધી," કાકાએ પેંજાર દેખાડીને એવો જવાબ દીધો. "પણ તમારા પાસે એનાં દસ્તાવેજ બસ્તાવેજ છે?" ઓફીસરે પુછયું. કાકા કહેજે, "તમે વીલાતવેરથી આવીને હીંદુસ્તાન લીધુ તેનાં તમારા પાસે દસ્તાવેજ છે?"——આફીસરે જોયું કે કાકાને પોણી અક્કલ નથી, પણ સબ્વા છે!

આહાક શુઉઉ!

મગનલાલ દેશાઇ પેલી ફાંટાવાલી નસીબ દેવીના પ્રતાપથી પાંચ પૈસે સુખી હતા. તેમને નાટક અને નાચ રંગનો શોખ વિશેશ હોવાથી એક દીને તેવન પોતાના ઘોડાવાલા નામે ફીકલાને હુકમ કરી ગયા કે "હું આજે નૉવેલટી ઠીયેટરમાં 'દીલેર દીલશેર'નો ખેલ જોવા જાઉં છું તેથી તું રાતના બાર વાગે આપણી ગાડી જોડીને મને ત્યાં લેવા આવજે."

"બહું છારૂં છાબ" કરી ફીકલો પોતાને કામે વળગ્યો, અને રાતના શેઠના કહેવા મુજબ ગાડી જોડી ત્યાં જઈ શેઠની આવવાની વાત જોતો ઉભો. પણ તે બીચારો અરધો ઉંઘમાંથી ઉઠેલો એટલે નીંદે તેના ઉપર ગલબો કરયો, ને તે પાછો કોચબાક્ષપરજ નીદ્રાદેવીને વસ થાઈ ગયો. જ્યારે તેની આંખ ઊઘડી ત્યારે તેને માલમ પડયું કે ઘોડો ગાડીમાંથી કોઈ ચોરી ગયું હતું.

આથી તે શેઠના ધાકથી ગભરાઈને પોકે પોક રડવા લાગ્યો. એટલામાં નાટક પણ તમામ થાયો ને શેઠ બાહાર આવ્યા. તેને જોઇ ફીકલો વધું ધાંટો પાડી રડવા લાગ્યો. આથી તેના શેઠે સર્વ વાત જાણી તેને દીલાસા આપ્યો કે "અલ્યા આટલો બધો ફોકટમાં શેનો રડે છે. આપને સવારે પોલીસને ખબર આલીશું કે ઝટ કામ થાઇ જશે."

આ સાંભલી ફીકલાએ ઉત્તર દીધો "અરે છાબ હું ઘોડો ચોરી ગયા તેને માટે ની રડતો પણ આ ઘોડાના તોબરાને અને જીનને માટે રડું છું કે એ આપ ઉંચકશો કે મને ઉંચકવો પડશે?"

"તાતઆ ઇંગ્લીશનો નમુનો."

અમારા મીતરો ચક્રીદાર પાઘડીવાળાઓ ઇંગ્રેજી કેવી ફરમાસુ બોલે છે તે તો તમને માલમ હશે. એક દીવસે તાતીઆ સાહેબ જેવણુ ઇંગ્રેજ વેપારીની આપીસમાં હતા, તેવણુના સાહેબે કહ્યું કે તું હવેથી જલદી આવજે. બીજે દીવસે તાતીઆ સાહેબ જલદી આવ્યા ખરા પણ ભોગચોગડીએ ચલીયોરનો રેંકલો આપીસનાં કંપાઉન્ડમાં ઉભેલો હતો. હવે તાતીઆબા જે રેંકલા આગળથી દગલીનાં કસ બાંધતાં બાંધતાં પસાર થતા હતા તેવામાં બલદ પાધરી ચાલનો હોવાથી તાતીઆજીનાં થાપા ઉપર સીંગડું ચલાવી દીધું. કલાકએક રહીને તાતીઆજીએ પાણીબાણી છાંટી, આશાએસ લઇને, એક હાથે પગ ધરી તથા એક હાથે દાદરનો કટેરો ધરી, આપીસનાં દાદર ઉપર ચહડવા માંડયું. એવામાં સારાં નસીબે તેનાં સાહેબ સામાં મલવાથી તેને તાકીદ આપયાં છતાં મોડું આવવાનું કારણ પુછયું. ત્યારે તાતીઆજીએ પોતાના સાહેબને ઇંગ્રેજીમાં જે જવાબ આપયો તે હમો નીચે ઉતારી લઈએ છીએ.

"Sir, you told me soon soon come, and soon soon go; but, Sir, cow's husband came, and gave shangra on my dhangra."

"સર, યુ તોલ્ડ મી સુન સુન કમ એન્ડ સુન સુન ગો, બટ સર કાઉઝ હસબનડ કેમ એન્ડ ગેવ શનગરા ઓન માઈ ધાનગરા."

"કરજ વાલવાની નવી રીત."

એક માગનારે કરજદારને બંદીખાને નાખ્યો, અને દર મહીને તેની ખાધ ખોરાકીનાં વીસ રૂપયા સરકારમાં ભરતો ગયો. એક સમે કરજદારે પોતાનાં માગનારને તેડાવી કહ્યું કે, તું નકામો શું કામ એટલો ખરચ કરે છે? લાવની એ વીસ રૂપયામાંથી દર મહીને દસ રૂપયા મને આપ, ને દસ રૂપયા તારાં કરજમાં વાલ?

ભેલમભેલાની જાત્રા.

કાઠીઆવાડમાં એક **ઉંચી** છોડીનું નામ **નાહાની** હતું. તેણીની પ્રીતી **લાંબા** વખત સુધી **નાહાનાભાઇ** નામના એક **મોહોટા** ગ્રહસ્થ સાથ બાઝી હતી. પણ **નાહાનાભાઇને** **નાહાનીની** **નાહાની** દરકાર હતી તેવણુનો જીવતો **લાંબી** નામે એક **ઠીંગણી** છોડીમાં ભરાયો હતો. ત્યારે **લાંબી** વાતનું ટુકું કરતાં **નાહાનાએ** **લાંબીનું** માંગુ કરયું. પણ **નાહાનીએ** **નાહાનાને** **જરા** **એક** હાથ બતાવવાની યુકતી રચી. **લાંબો** વખત ગયો નહીં એવામાં **નાહાની** અને **લાંબી** સામાસામી મળી ગયાં અને **નાહાનીએ** **નાહાના** સાથ ટુંકમાંજ પરણુવાનો વીચાર જણુાવ્યો જેથી **નાહાનાએ** **લાંબી** સાથ પરણુવાની ઉતાવળ કરી ત્યારે સવાલ એ છે કે **ઠીંગણી** **લાંબીને** **મોહોટા** **નાહાનાએ** ચાહવાને લીધે શું **ઉંચી** **નાહાનીની** પ્રીત **મોહોટા** **નાહાના** ઉપરથી કાંઇ ઓછી થઇ હશે?

એમાં એનો શું કસુર?

નાંજાંમાયના બેહન પીરોજબાઈની દીકરી શીરીન ઘણી સીક હતી. તેને જોઇ આવીને રાત્રે નાંજાંમાયે નવરોજી આગલ વાત કીધી કે—"બીચારીના કાંઇ હાલ નથી, રાત અવાર કોઇ માઠા સમાચાર લાવશે." સુતી વખતે સીપઇને બોલાવી બાઈએ હોકમ કીધો—

"દેખો સીપાઇ, રાતના કોઇબી આઇંગે કેની તો બાનના થોક કર મેરેકુ ઉઠારો, તુમ જાણો, ખબરદાર."

"સીપાઈ—બોહત અછછા બાઇ સાહેબ."

મધરાત્રે બાર વાગતાને સુમારે સીપાઈએ બારણું ખખડાવી-ને—"બાઇ, બાઇ, બારણા ખોલો બાઈ."

બાઈ—ઉભા રેવ, ઉભા રેવ, અમેરેકા સપાત નહીં મલતા તે પેહેરી કર ખોલતા.

નવરોજી—નાંજાં શું છે, શું છે કાંઈ ખબર આવી કે?

નાંજાં—હારે, મરેરે, એ શું બીચારી ગરીબના ઘેરમાં, ઓ ઓ હવે શું કરૂં.

છોકરીઓ—ઓ માય માય બીચારી ગુજરી કે? મરે રે એ શું થઇ ગીયું! પણ માય તમે ઘભરાવો ના.

આ પ્રમાણે રાત પડી રોખરૂં થઇ ગયું. વળી સીપાઈએ બારણું અફાળી ઝીંકી નાંખ્યું અને બાઈએ પુછયું—"તુમેરેકુ કયા હુઆ? બોલોની કોણ આયા."

સીપાઈ—અરે ભગીકા ગારા આયા.

નવરોજી—ક્યા, ક્યા કોણ આયા? બાઇકા બાવા?

સીપાઈ—ભંગીકા ગારા; સંધાસકા પાણી લેનેકુ ગારા આયા હયે, ગારા.

બાઈ—તું મરે મુવા ઉસમેં ક્યા કેનેકા? મેરેકુ ધબરાવી મારીયા, અબીતો જાવ, મુવા તુમેરેકા સવારકુ આસ્યા ઉતારતા. (નવરોજીને) મેં તમુંને નહીં કહ્યું કે એ મુવો ઇડીયટ છે એને ના રાખો. જોયો આએ ફેસતો, બધીજ વાતમાં તમારી ખોહોંસ! બસ તોબા ખોદાય!

"કમતરીન મીયાં, ખાકી બંદા ખોદા તરસ."

એક મીયાં બીજા મીયાંને નામ કહેતાં બોલ્યો કે: તમારો નમનતાઈ ભરેલો, સદાનો તાબેદાર, ફીદવી નોકર, કમીનો ગોલાંમ, નંનુ મીયાં. ત્યારે બીજો તેનાં કરતાંબી વધારે અસીલાઇ અને નમનતાઇ બતલાવાની મતલબથી પોતાનું નામ બોલ્યો કે:—સાહેબ, મારૂં નામતો હાબ શું, પીસ્તાનો રૂ, નાંક નીકટ્ટુ, બજરબટ્ટુ, મીયા ખચર ટટ્ટુ!

હુકમ આપતાં સંભાલજો.

કેટલાક લોકને લાડે લાડે હુકમ આપવાની ટેવ હોય છે. તેઓ કોઇવાર કેવા લાખના બાર હજાર કરી નાખે છે તેનો જાણવાજોગ દાખલો નીચે પ્રમાણે છે. કરાંચીમાં વસતા એક દુકાનદારનાં આગળા દરવાજાનો કાચ ભાગી ગયો જેથી તેણે ભપકામાંજ મુંબઈની એક મોટી પેહેડી ઉપર કાગ-

ળ લખ્યો કે એવો એક કાચ તુરત મોકલાવી દે, અને મુંબઈમાં નહીં મલે તો વેલાતથી એક મહીનાની મુદ્દતમાં મંગાવી આપે. આ કાચનું માપ ૩૨ ઈંચ ૨૨ ઈંચનું હતું, પણ શેઠ સાહેબ પત્રાજી કરવા જતાં કાગળમાં ૩૨ ફુટ લાંબો અને ૨૨ ફુટ પોહોળો લખી બેઠા.

મુંબઈવાળા આડતીઆ આ આરડર જોઈને તો હબકી ગયા. એવો જબરદસત કાચ કોઈ કાલે મુંબઈમાં તો મલેજ નહીં તેથી, તેમજ કરાંચીવાલો વેપારી જાણીતો હોવાથી તેઓએ લાગલો વેલાત તાર કરયો. વેલાત વાલાઓએ માહ મુશકેલીથી આવડો ગંજાવર કાચ બનાવ્યો અને મોટે ખરચે ભારી વીમો ઉતરાવીને તે સ્ટીમર ઉપર ચહડાવ્યો. આ કાચને અકસમાતથી બચાવવાને મોટે ખરચે પેટી બનાવવી પડી હતી. જ્યારે દાગીનો ઉતરયો ત્યારે દુકાનદારની અચરતીનું શું પુછવું? અને તે કરતાં જ્યારે ૩૬૦૦૦) નું બીલ આવ્યું ત્યારે તેના પેટમાં કેવાં આંકડાં આવ્યાં હશે તે સમજવું સેહેલ છે.

નીરાસ થઈને દુકાનદારે લીલાંઉથી કાચ સાડી બારસો રૂપીએ વેચ્યો જે થોડાક હોરાઓએ રાસમાં વેચાતો લીધો. આ વાર દુકાનદાર મુછમાં હસવા લાવ્યો કે આ અડુખરાઓ આ 'સફેદ હાથી'ને માથે હોરીને શું કરશે. પણ તેનાં કરતાં બંદા હોરાઓ વધારે પાકા હતા. તે લોકોએ એક છાપડું ઉભું કરી ચાર ચાર પૈસે આ ગંજાવર કાચ પ્રજાને દેખાડવાની જાહેર ખબર છપાવી અને તેમાંથી પાંચ પૈસા પેદા કરતાં કાચ ઘરમાં મુફ્ત પડયો છે.

શાલમાં લપેટીને ડીફાં.

અમેરીકાના નામાંકીત પ્રેસીડંટ લિનકનને માટે એક બહુ રમુજી વાર્તા કહે છે. બર્ક નામનો તેનો એક મીત્ર નોકરીને માટે લિનકનને વારેવાર એન્જારી આપ્યા કરે. એક દીવસે લિનકને તેને નાસ્તા ઉપર બોલાવ્યો, અને પેટ ભરીને જમાડયા પછી તેનો બરડો ઠોકીને હસીને કહ્યું "દોસ્ત બર્ક, તુને નોકરી જોઇએછે તેતો હું આપી શકતો નથી, પણ તેના બદલામાં તને હું એક અચ્છી વાત કહું."

જો સાંભળ—એક હતો રાજો, તે પોતાની પાસે એક સેતારે સનાશ હકીમને રાખતો. આ ફીલસુફને હંમેશ પુછવામાં આવતું કે ક્યારે વરસાદ આવશે અને કયારે નહીં, અને આ જુજ નોકરી માટે તેને બેહું સાળીયાણું મળતું.

એક દાહાડે રાજા શેકારે જનાર હતા ત્યારે હકીમ સાહે· બને પુછયું "અએ સેતારાઓની ગેબી ચાલોના જાણનાર, કેહ આજે વરસાદ આવશે કે નહીં, અને મારે શેકારે જવું કે નહીં?"

હકીમ સાહેબે આંખો બંધ કરી, દાઢી પસવારીને ઉત્તર દીધો "એ ઝાહાનોને તાજગી બક્ષનાર પાદશાહ, સુખે જા, આજથી એક માસ સુધી બારેશનું નામ નથી."

તૈયારી થઇ અને પાદશાહ પોતાના રેસાલા સાથે જંગલ-માં શેકારે શીધાર્યા.

માર્ગમાં એક ડેહકાની મળ્યો, જે પોતાના ગધેડા ઉપર સ્વાર થઇ બજારમાં વેંગણા વેચવા જતો હતો. ડેહકાનીએ

કહ્યું 'યે! લટક મટક કરતો કાંઇ ચાયલો! જા, જા, પાછો ઘેરે જા, નીતો ઓય લેતોકે વરહાદ તુટી પરવાનો છે તે બધો પગથી માંથાં હુંધી ભીંજાઇ જાહે."

ડેહકાનીનું આ સાંભળી પાદશાહને ઘણું હસવું આવ્યું. સેતારે સનાશ હકીમજી આગલ આ ડેહકાનીનું બોલવું ગોયા ધુળ મીસાલ હતું. મંજલ બે એક કાપી હશે એવામાં માર મારનો વરસાદ તુટી પડગો. પાદશાહ તરબોર થઇ ગયા અને લીલા ઝુમલા જેવા થઇ પાછા મેહેલમાં આવી લાગ્યા. તુરત હકીમજીને બોલાવી મંગાવ્યા. "કેમરે, એ હેમક, આઓ શું?"

"જેહાંપનાહ, સેતારાઓએ પોતાની ચાલમાં બતાવ્યું કે વરસાદ નહીં આવશે તેમાં હું શું કરૂં" હકીમજીએ ધ્રુજીને જવાબ દીધો.

"ચાલ જા, આજથી તુને રૂખશદ છે."

હકીમજીને કાહાડી મુકયા અને પાદશાહે પેલા ડેહકાની-ને બોલાવી મંગાવ્યો.

"તારૂં નામ શું રે, અને તેં કેમ જાણ્યું કે વરસાદ આવશે?"

"રાજા, મારૂં નામ બુદન ખાટકી ને જ્યારે વરહાદ આવ-વાનો હોય તે તાણે મારો ઘધેડો કાન નીચા કરે તે પરથી મેં જાએણું કે વરહાદ આવહે."

તુરતજ શાહે હુકમ ફરમાવ્યો કે "આજથી દરબારના સેતારે શનાશ દાખલ આ ગધેડાજીની નેમણુંક કરવી."

આટલી વાત કરીને પ્રેસીડંટ લીનકન મુછમાં હસવા લાગ્યો. જરા વાર જોઈ બર્કે પુછયું "પણ તેમાં શું? તે વાતને મારી અરજ સાથ શું લાગે?"

"તો જોની બર્ક, તે દહાડેથી દુન્યામાં જેટલા ગધેડાઓ છે તેઓ એવું સમજવા લાગ્યા છે કે દરેક જોખમ ભરેલા ઓધા ઉપર તેમની નેમણુંક થવી જોઇએ. હું તુંને ગધેડા દાખલ લેખવા ઇચ્છતો નથી તેથી તુને હું કાંઈ ઓધો આપી શકતો નથી."

અટલા બંદેકી જોડી.

"ચશમાં—ચશમાં—ચાર ચાર આના—ચાર ચાર આના" આ પ્રમાણે એક ઉઠાઉગીર મુસલમાન ચશમાવાલો ચર્ચગેટ સ્ટ્રીટના નાકા ઉપર ઉભો રહી પોકારવા લાગ્યો, અને ચાર આને દજન વાળા નામીચા ચશમાં જેથી છ માસમાં બરાબર આંખે ઉજરડાં પડે, તેવા ઘરાકોને બતાવવા લાગ્યો.

આ સાંભળી એક ચબરાક અને એસકી પારસી જુવાનીઓ આગલ ગયો અને પુછયું "એમાથી શું દેખાયછ?"

"જે જુવો તે, શેઠ."

જુવાનીઆએ આંખે ચશમો ચહડાવ્યો અને વેચનાર ગમ જોઇ કહ્યું "અરે એમાંથી તો એક કોચીનો શાહુકાર દેખાયછ."

જેવો તેણે ચશમો પાછો મુસલમાનના હાથમાં મુકયો કે મુસલમાને તે આંખે ચહડાવ્યો અને જુવાનીઆ ગમ ટીકી ટીકીને જોઈને કહ્યું "હા યાર, ખરી વાત, મને બી તેમજ દેખાયછ."

એવા શેઠ સર્વેને મલે.

(નરમાસથી) જમસા, જમસા, હવે તુને શું કહું ? તું વરી પાછો મારો બ્રાંડી પી જઇને બાટલીમાં પાણી ભરી લાયો.

ચાકર—સાહેબ માફ કરો, હવે કધુ એમ નહીં કરૂં.

શેઠ—બા પીતો હોય તો પી, પણ ખોદાને ખાતર બાટલીમાં પાણી ના ભર. તું સોજો કાચો બ્રાંડી પી જાય અને મને ફીલટર કીધા વગરનું કોણ જાણે કેવું પાણી પાય એ તે કેઇ જાતનો જુલમ !

લાઆ—યો સાહેબ.

પાહાલનજી અધીરા એક દાહાડે લગનમાં જમવા ગયા. તેવણુને લેમોનેડ જોઇતો હતો તે લાવવાને એક બબરચીના છોકરાને ફરમાવ્યું. "વાઆઆરૂ સાહેબ" કરી છોકરો ગયો તે ઘણો વાર સુધી આવ્યોજ નહીં. ઘણે વારે છોકરો પાછો નજરે પડયો ત્યારે પાહાલનજીએ પુછ્યું "અહીં આવ, મેં લેમોનેડ લેવા મોકલયો હતો તે તુંજ કે ?"

"હા સાહેબ."

"તારૂં ભલું થાયરે તારૂં—કાંઇ વખત ઉડી જાયછ તે જણાતોજ નહીં. તું લેવા ગીયો ને પાછો ફરીયો એટલી મુદ્દતમાં તો તુને જીણી જીણી મુછ્બી આવી ગેઇ, ને મેં તો તને ઓળખ્યોજ નહી."

કરકસરનો પેહલો અખતરો.

"ઓ વાય, દોરાબજી, ઘેરમાં બધા તેલના દબ્બા ગરી જાયચ ને પાણીનું ટીપબી ગરેછ તે સમરાવી લાવોનીતો. ઓંજીઆં જાંહ જોયતાંહ કારાં કારાં જબોતીઆં પરેચ." આ પ્રમાણે મીસીસ દોરાબજી ઉરફે નવાજબાઇ સહવારના પોહોરમાં રણુ પાડતાં ઉઠયાં.

દોરાબજી આ વાર 'જામે જમશેદ' વાંચવામાં રોકાયલા હતા તેથી ખભરી ચટકીને બોલ્યા "અંહંહંહં! માથું ખાઈ ગેઇ. વાતમાં કંઈ દમ નહીં મળે ને સહવારના ઉઠતાંને વાર ટક–ટક–ટક–ટક કરેછ. છ આનાનો ડબ્બો ને તેને ચાર ગમ રેહેવણુ દેવારવાના બે આના પરે! એ તે કેઇ જાતની કસર?"

"પણ તારે બધું ઘેર તેલથી ભરી નાખ્ચે? રેહવણના પૈસા ઘણા પરતા હોય તો નવા ડબ્બા લાવો."

"ઠીક–ઠીકછે–નવા લાવો! રાજા બોલ્યા ને ડાહારી હાલી! તમે લોકને શું છે. પૈસો પૈસો પેદા કરતાં કેવું લોહીનું પાણી થાયચ તે જાણોચ. નકામા હોરાઓને પૈસા નાખી દેવાના રેહેવણુ દેવામાં શું મોટી વાતછે. છ આનાનો એક લોહોડાંનો રેહવણુ મુકવાનો ખહરીઓ (હાથો) બે આનાની કલાઇ ને દોરીઆની રાજમ લાવીને ઘેરમાં મુકી રાખ્યું કે પાંનસો ડબ્બાને પાંચ મીનીટમાં રેહવણુ."

"એ તમે રેહવણુ દીધી ને દાહારા પાકા–વરી કોઈ મુવા રસ્તાને હસાવી આવશો, મુગા મુગા બે આના આપીને કરાવી લાવોની."

"મુગી મર, મુગી મર, નાદાન. એમજ તમે બઈરાં લોકને રાજપાટમાં ભાગ નથી મળતોતો."

ઓહોસે પડીને બીજે દીને દોરાબજી એક લોહોડાંનો ખહ-રીઓ, થોડીક કલાઈ અને રાજમ કરીને લઇ આવ્યા અને ખુશી ખુશી દેખાવા લાગ્યા. તેવણે ઠરાવ કરયો હતો કે એક આતવારનો દાહાડો રોકાઈને ઘરમાં જે કાંઈ ગળતું બળતું હોય તેને ચપચપ રેહવણ દઈને આખ્ખું દોર જેવું બનાવી દેવું.

"લે ચાલ. લાવ શું છે, જે હોય તે બધું લાવ, પછી ઘરી ઘરી પંચાત નહીં જોઇએ."

નવાજબાઇનાબી ધ્યાનમાં આવ્યું કે આખર કરે પણ માટીડા હુશીયારતો ખરા. તેવણે બે ચાર ગળતા હાંડા, એકુ બે તાંબાકુંડી, કળશીયા, દસ બાર કેરોસીન તેલના ડબ્બા વગેરે લાવી મુક્યું.

દોરાબજીએ સગડી સલગાવી ઓરડામાં ધુમધામ કરી મુકી, અને ખહરીઓ ગરમ કરવા મુકયો. પછી એક આંધરાં વાળી તપીલીને ઉંધી વાળીને રેહવણ મુકવા સારૂં પોતાના ખોળા ઉપર મુકી ને તૈયાર રાખી. ઉપર ચમટી ભરીને રાજમ મુકીને એક હાથમાં કલ્લાઇ ને બીજા હાથમાં લાલ તપેલો ખહરીઓ લેઇ બોલ્યા "એનું ખાતું ખરાબ થાય એનું વાતમાં કાંઇ જીવ નહીં ને અમથો કાગનો વાઘ કરી મેલેછે. લેવો આએ રેહવણ રેહવણુ—રેહવણ—ને આએ રેહવણ."

આટલું બોલી જેવો પેલો ખહરીઓ નાંકાં ઉપર લગાડીઓ, કે આસમાન ગમ એક એવી તો ચીશ ઉડી કે જાણે રેલવેનું ઇનજીન–!!!!–હાથમાંનો ખરીઓ ઉડીને સામે આરશા ઉપર—પડયો, અને કાચને તારા સેતારાની આકૃતીઓ આપી દીધી. કલાઈ ઉડીને આરગંડ લાંપ ટાંગેલું હતું તેનું શેડ બાંજી નાખ્યું, અને એણીમેર દોરાબજી પોતાનો પગ પકડી ને "માયરે બાપરે" કરીને બુમ પાડીને ઓરડામાં નાચ કરવા પડયા. "અરર! અરે પણ લાવની, અરર—જરા ઘી લાવ—દોર—દોર—દોર—અરર તમારાં લોકનું ખાનું ખરાબ થઇ જાય–તમે દુખના દેતા મરે એમના એમ–અરર."

પણ થયું શું? કંઇજ નહીં રે! એતો પેલાં આંધરાંમાંથી તપેલી કલઇ ગળીને દોરાબજીના જાંગ ઉપર પડીને છાગરો ઉઠાડયો હતો.

ઘી ચોપડયા પછી જરા અગન નરમ પડી ત્યારે દોરાબ-જીએ ગુસ્સામાં ખહરાઓ, કલઈ સઘળું બારીએથી ફેંકી દીધું અને રીસાઇ ગયા.

ધણીયાણી મન સાથ બોલ્યાં "લેઓ, એ આનાની કસર કીધી!"

મજબુત વાસ—એક ગુસ્સાવાળા પારસી એકવાર એક હાટલમાં બેસીને ખાનું ખાતા હતા તેટલાં તેમના નાકમાં કંઇ ઘણોજ કઢંગો વાસ આવ્યો.

"ઉં–હું–હું–હું–એ શું? બોય, એ વાસ કાંહથી આવેછ?"

"સાહેબ, એતો તાજા બોમીલકા બાસ હય, એ બોત તાજા હય સાબ, અબીજ વાંદરાસે આયા."

"અંહં! તારેતો એ બચારા વાંદરેથી કાલે બપોરના ચાલતા નીકળ્યા હશે તે હમણાં ચીકાર આવી પોંહોચ્યા."

ઠાવું પોંચારી આવ્યો.

જ્યારે હું તીથલ રહેતો હતો ત્યારે મારે ત્યાં ડીહરીઓ નામે એક ગાવદીને મજુરી કરવા રાખ્યો હતો. એક દાહાડે કોઇ સીક પડયું તે માટે તાકીદે તેને વલસાડ મોકલ્યો. "જો ડીહરીઆ, બજારમાં દલસુખરામ દેસાઇની હવેલી આગળ દામજી જોશીનું ઘેર છેની, તેનાં તરીજા માળ ઉપર માણેકજી ડાકટર રેહેછ તેવણને કહીયે કે તમુને જલદી બોલાવેછ—બરાબર સમજીયો?"

ડીહરીઆએ પાંચછેરી હલાવી અને મોટી મોટી ફલાંગ મારી ચાલવા માંડયું. કલાક બે એકે પાછો ફરયો ત્યારે પુછયું "કેમ કહી આવ્યો?"

"હોવે—પણ તે છેક તો બજારમાં ની રેહતાછે. તેતો કાળી પીઠમાં રીહે, ને ત્રીજા માળામાં નહીં, પણ ભોંયતળીએ રેહતાછે. વરી તેનાનનું નામ માણેકજી દાછતર નથી—સે તો કુંમરબાઇ કેહતાછે—વરી જાએગું કે—તે કાંઇ છેઠ નથી જો, તેતો બાઇ મણુખછે ને દાછતર નથી પણ છુવાવડનો ધંધો કરે—એટલો માતર ફેરછે, બાકીતો બધું તમારા કેહવા પરમાણે પોંચાડી આએવો—તેનાન કેહજે અબ ધરી આવી લાગું!"

શોખને શરમ શાની.

માજીસ્ત્રેટ—બંધવા હાલ તારી ઉપર વાંક બરાબર સાબેત થતો નથી માટે તેનો લાભ આપી તને છોડી મુકુંછું. જા તું તારે ધંધે ચાલ્યો જા.

બંધવો—(રડતું મોહ કરીને) સાહેબ મારો ધંધો કરતો હતો તેમાંનો મને આએ લોક અહીં પકડી લાયા. હવે સાહેબ એ લોકોને હુકમ આપો કે મારો ધંધો કરૂં તારે મને પકડે નહીં.

કર તો જો.

એક જુવાન વીધવા બાહાર ગામથી આવીને ઘણા શોભઇતાં મકાનમાં રહેતી હતી. થોડાક મુદત જવા બાદ તેણીએ એક નવાજ પસાર થયલા વકીલને પોતાનું વીલ કરવા બોલાવ્યો. વીલમાં લખેલું હતું કે મારી સાડાચાર લાખ રૂપીઆની દોલતછે તે જો હું ફરી પરણું તો મારા મુવા બાદ મારા ધણીને મળે, અને જો નહીં પરણું તો ફલાણા ફલાણા ધરમ ખાતામાં આપવી. આ બનાવ પછીથી બાઇને ઉપલા વકીલ સાથ વાતચીતનો વેહવાર પડયો, અને આખરે તેવણે બાઇના હાથની માંગણી કરી અને તેઓની શાદી થઇ. થોડાક દાહાડા પછી વકીલે પોતાની ધણીયાણીને એસારો કરયો કે પેલા સાડાચાર લાખ જ્યાં જમે કરાવ્યા હોય ત્યાંથી પાછા કહડાવીને વધારે વ્યાજ મળે ત્યાં રોકવા. ધણીયાણીએ અચરત થઇને જવાબ દીધો "સાડાચાર લાખ! લાખ શું ને વાત શું હું તો મશકરી કરતી હતી. પરણુયા અગાઉ હું તમારી પરીક્ષા લેવા માંગતી હતી કે તમુને વકીલનું કામ બરાબર આવડેછ કે નહીં."

નહીં આએ તર કે નહીં પેલી તર.

મારા મીત્ર મંચેરજીની એક મોટી ફર્યાદ છે. તેવણના બાવા ફરદુનજી મેહતા ઘણા માતબર અને નામીચા વેપારી હતા. હમણા તેવણનો દીકરો કાવશજી ઘણો નામીચો વકીલ છે. હવે મંચેરજીની ફર્યાદ એ છે કે "જ્યારે મારા બાવા જીવતા હતા ત્યારે લોક મને ઓળખાવતાં કે આએ 'ફરદુનજી મેહતાના દીકરા' અને હમણાં હું ઘરડો થવા આવ્યો ત્યારે લોક મને ઓળખાવે છે કે આએ કાવશજી વકીલના બાવા, ત્યારે હું પોતે તો શું અક્કર ડક્કરમાં કે ? "

જરા લગાર ચુક—એક નામીચા ડાકટરે એકવાર પોતાના હમાલને ગોળીની એક દાબડી આપી પોતાના ઘરાકને ત્યાં પોંચાડવા મોકલ્યો, અને એક બીજા દોસ્તને ઘેર પોંચાડવા સાથે છ સુરા પોપટ આપ્યા. કમબખ્ત હમાલે ગોટાળો વાળી નાખ્યો. દોસ્તને ત્યાં ગોળી મુકી આવ્યો, અને બીમારને ત્યાં છ પોપટ પોંચાડયા. આ પોપટો સાથે ડાકટરની ચીઠી હતી, તેમાં લખેલું હતું કે "આમાંથી બબે દર ત્રણ કલાકે પાણીમાં ગળજો."

બટરછે !—જાહેર ખબર ? ભલા આદમી ! 'જામે જમશેદ'માં જાહેર ખબર છપાવ્યા વગર ધંધો ચલાવવાની પેરવી કરવી એ ગોયા એક નાહાના સાબુના ટુકડાએ એક મસ મોટા હાથીને નહવાડવાની તજવીજ કરવા બરાબરછે.

કલજુગનાં કાંહાંણી !!

કાહુરવો.

(રાહ)—"કાલી બીલ્લી ખબુતરકો ખા ગઇરે"—

દેખો દેખો મિયાંજી, ખુબ ચલી !—ટેક.

ખલકત સારી ખાલી હો ગઇ, આયા 'કલજુગ' કાલા;
જીતી મા'કુ કોઈ ન પુછે, ભાઇ—ભાઇકા **'સાલા!'** દેખો૦ ૧.
રાજા થે સો રૈયત હો ગઇ, **રૈયત** હો ગઇ રાજા ;
રાણી થે સો પાંણી ભરતે, **દાસા** ખાવે બાજા. દેખો૦ ૨.
એક **ચુવે** ને ઉંઠ ઉઠાયા, **મુંગલી, બીલ્લી** ખા ગઇ ;
દૌડ-સરતમે ઘોડા હઠકે, **મુંગલી** આગે આ ગઇ ! દેખો૦ ૩.
એક **બંદર** ને **શએર** મારા, ઉઠાય લાયા શિરપર ;
હુથ્થી અપની પીઠ ઉઠાયા, **બગલા** કયસા બ્હાદર ? દેખો૦૪.
સસ્સે ને **ગધ્ધે** કો મારા, અયસી જાંણો લાત ;
પેટ ફાડકે અતરડે નિકલે, અજબ બનીજી બાત !! દેખો૦ ૫.
કુત્તેને તો જાકે **શિંહુકા**, કાન દિયા ચિમટાય ;
શિંહુ બિચારા 'છોડો–છોડો,' અયસે ડોલે ખાય ! દેખો૦ ૬.
ચપત અયસી બની ચતુરા, ચરને નહિં દે ચારા ;
ડરકે મારે વ્હાંસે ભાગે, ભુક્કા **મોર** બિચારા ! દેખો૦ ૭.
ખલીર ખાકે મસ્ત બને ગઈ, **ગીધકો** મારે પંજા ;
ઘોડીકી તો બાતહી થોડી, ઉંઠ ગયા સબ અંજા. દેખો૦ ૮.
મેઢ્ઢક ઢુલકે માર મારકે, **મુરઘી** મારન જાવે ;
મુરગી અપનાં મરનાં ચેતે, નાં પીવે નાં ખાવે ! દેખો૦ ૯.

મચ્છી અયસા અચ્છી બ્હાદર, **માછી** મારા રોને ;
હાય!! હાયરે! પેટજલત હએ, જો એ મચ્છી ખોવે! દેખો૦ ૧૦.
સાંઝ બિરાજે બડે સિંહાસન, ચમ્મર નાખે બંદર ;
શિંહ સરીખે દિવાન ઉનકે, જાય શકે નહિ અંદર! દેખો૦ ૧૧.
કલજુગ કયસા આયા સુન લો, બરતનમાં જે બાઈ ;
દાસી લેટે છતર–પલંગપર, મખમલ સેજ બિછાઇ! દેખો૦ ૧૨.
બાપ પિછાંને ના બેટેકું, મા કયા જાને બેટી ;
ખાવંદ ભુલે જોરૂ અપની, હાય! બલા કયા બેટી! દેખો૦ ૧૩.
દાર-દારકો મંગત ફીરતા, આજ તાજકો પ્હેને ;
ખાખ મિલે નહિં ખાંનકું રે! જનકો મ્હેલોં રહેને! દેખો૦ ૧૪.
દુનિયાંકા તું દેખ તમાશા, હો ગર તું ઈનસાંની ;
મા નહિ તેરી-બાપ ન તેરા, નર તું ન હો ગુમાંની. દેખો૦ ૧૫.
ઉંધી અયસી સુનકે બાતોં, ખુબ હશે " દિલજાન ;
જીનકી અક્કલ સુકની ડાલે, વોહી કરે પીછાંન! દેખો૦ ૧૬.

બે ગમની તસવીર.

(લગણને બીજે દીવસ ટ્રેનમાં) "સાલ્રા ડારલીંગ, છક બારીની આગળ ના બેસ. આપરે બે એખલાં એક કમ-પારટમેંટમા હોઇશું તો નચીનતઇથી મુસાફરી કરશું. વરી કોઈ તારો સોહામણો ચેહરો જોશે તો અંદર આવી બેસશે.

(તીસ વરસ પછી ટ્રેનમાં) "પણુ બારી આગળ ગગરી મરની, નહીંતો ગારીમાં વરી કોઇ બીજું લાકરૂં આવી ભરાશે. તારૂં ડાચું બારી આગળ જોશે તો કોઇ નહીં આવશે."

દીવાળું એટલે શું.

બે નાહાની છોકરીઓ વાત કરેછે. "પીલાં, મારી માય કેહતાંતાં કે બાવાજીએતો દીવાળું કાહારીઊ."

"દીવાળું તે શું હોશે, જરી ?"

"તેતો કોણ જાણે, પણ કંઇ ઘણું મજેનું હોશે. બાવા અગાઉતો સહવારના પોહોરમાંથી જતાતા ને જુના કપરાં પેહરતાતા, પણ દીવારૂં કાહારીઆ પછીતો અમે તરેહવાર ખાઈએછ પીજીએછ, ને બાવાજી પાછા વારી જાયછ, ને માએજી રોજ સાંજના ટીલી કરીને મોતીની મારા પેરેચ—અં !"

"અં—કે ? તારે તો હુંબી મારા બાવાજીને કેહું કે તમેબી દીવારૂં કાહારો."

ગરીબને હીણતાં સંભાળજો.

સુનાબાઇ સુરતવાળાં ગરીબી અવસ્થામાંથી હમણાં પાંચ પૈસા જોવા પામ્યાં હતાં. તેવણે સારીની ઝીંકની કોર ભરાવવા સારૂં ચીકનદોરોને ઘરમાં બેસાડયા. પછી તે લોક સાંભળે તેમ ઇટરાટથી નોકરને કહ્યું "ધનજી, અહીંથી રૂપાંનાં ચમચા કાંટાછે તે બધું કબાટમાં બંધ કર" આ હેમાકાત ભરેલી ટચાકીથી એક ઘરડા ચીકનદોરનું પાકી આવ્યું. તેણે બાઇ સાંભળે તેમ પોતાના સાથીને કહ્યું "અએ, મુસાજી, એ મેરા ઘરીઆળ, ઔર રૂપેકા બટન વગૈરા હયનો અબી કા અબી જાકે અપની દુકાનમે રખકે આ. બાઇકે બોલનેસે સમજતા હય કે એ મકાનમે ચોર લોગ બસતા હોગા."

એક સાચી ફરીયાદ.

એક બાપ ફરીયાદ કરેછે:—"જોની બા, આજના છોકરાઓ ૧૬ થી ૨૦ વરસની ઉમરના થાયછ ત્યારે એમ જાણેછ કે અમે ઘણા હુશીયાર છેએ, અને ઘરડા બાપમા કોરીની અક્કળ નથી. પચીસ વરસના થાયછ ત્યારે મનમાં ધારેછ કે બાવાજીના જેટલુંજ અમેબી જાણીએછ. ત્રીસ વરસની ઉમરે બાવાજી જે કાંઇ બોલેછ તેપર જરા લગાર ધ્યાન આપવા માંડેછ. ને પાંત્રીસ વરસના થાયછ એટલે તો ચાલી ચલાવીને આપરી સલ્લાહ લેવા આવેછ. પણ બા જરા થોભ. ૪૦ વરસના થશે તારે પોતાની મેળે કહેશે કે બાવા કંઈ છેક નાખી દેવાના નથી. તેવણના ભેજાંમા આપણા કરતાં ઘણી અક્કળછે."

મળતાપણું.

શાવકશા અને સુનાબાઈ બેસીને વાતો કરતાં હતાં. સુનાબાઇના ખોળામાં તેમનો એક વરસનો બચ્ચો હતો. "જુવો, શાવકશા, બુચ્ચો કેવો સોવામણો લાગેછ, ઓ મરૂં રે!"

શાવકશા કોણ જાણે શા કારણથી ખભરેલા હતા તેથી બોલ્યો "વરી સોવામણો સાથી થયો? નરો વાંદરા જેવોતો છે."

બાવાજીના મોહોડાંમાંથી આ સખુનો હજીતો નીકળી રહ્યા નથી એવામાં પાસેના આલીબાઇ મળવા આવ્યાં. તેવણે બુચ્ચાને હાથમાં લઇ પસવારીને બોલ્યાં "નરો જાણે બાપનો ચેહરો!"

માખણ.

મોટી બાયડીને પરણયાને એકજ વરસ થયલુંછે. માયના ખોળા ઉપર છેક કરચ જેટલું બુચું બેઠેલુંછે તેને માએ પગ ઉપર ખુબ કુદાવેછે જે જોઇને—

ભ્રથાર—ડીઅર, હું જાણુંછ કે બુચાને આટલું બધું માખણ નુકશાન કરશે.

સ્ત્રી—માખણ? વરી માખણ કોણે ખવારીઓ, તમેબી શું તોપના ગોરા લગાવોછ.

ભ્રથાર—તો જોની વાહાલી, તેં હમણાંજ તેને બાટલી ભરીને દુધ પાયું અને હમણા અડધો કલાક થગો તે દુધનું તું હીલવી હીલવીને માખણ બનાવેછ.

"નહીં સાહેબ, મારી બેટી તમારી કોઇ કાલે થઇ શક-નાર નથી."

"અરે સાહેબ, હું કાંઇ તેને મારી બેટી કરવા માંગુંછ. હું તો તેને મારી ધણીયાંણી બનાવવાની અરજ કરૂંછું."

એક વર્તમાન પત્ર જાહેર કરેછે કે મુંબઇમાં એક બાળક જણમયું તેને બીલકુલ ભેજું નહીં હતું. તે થોડા કલાક જીવીને મરણ પામ્યું.

એવું બાળક જણમયું તેમાંતો કાંઇ નવી વાત નથી, પણ તે મરી ગયું અને જીવીને મુંબઇની મ્યુનીસીપાલ કારપોરેશનમાં જવા નહીં પામ્યું એ અજબ વાતછે.

હુશીયારી કોઈના બાપની છે?

મેહતાજી—જુઓ, છોકરાઓ આજે બહુ વરસાદ વરસે છે. જો કાલે સહવારે પણ એમજ વરસાદ હોય તો તમો સહવારનાં ના આવતા, પણ બપોરે આવજો પણ જો બપોરે વરસાદ હોય તો બપોરનાં ના આવતા પણ સહવારે આવજો. સમજ્યા.

પીઆનો.

મેહરબાનુ પુછાવેછે કે "પીઆનો"ને સારી હાલતમાં રાખવાનો ઉપાય શું? સાદી મેહરબાનુ! એટલુંબી નહીં જાણુતાં? તમે બીલકુલ વજાડતાં ના, અને આઠ દાહાડામાં એક વખત તમારી શીખવનારી પાસે નુછાવજો એટલે ૭ સાત વરસ જવાબ દેશે.

નવા ઢંગ—પીરોજા તે દાહાડે હસનઅલી બુટવાળાની દુકાને ગયાં, અને એક નંબર ૪ના બુટની જોડી પેહરી જોઇ. પેહરી જોતાં અને પગે ચહડાવતાં ફક્ત બત્રીસ મીનીટ લાગી, અને બે માણસે તાણીઆં ત્યારે બુટ પગમાંથી પાછાં નીકળ્યાં. તોબી પીરોજાએ બુટ ખરીદીઆં નથી! કાંય? નાહાના પરીઆં!!

બાનુંબાઈ—બચાં, હું ડોસાભાઇની શીરીનને મળવા જાઉંછ. કંઇ કેહવારેછ?

બચુંબાઇ—ઓ વાય! એ એબલગામણી દુકલીને તુને કોણ જાણે કેમ મળવા જવા ગમેછ! મારી દુવા કેહજે ને કેહજે કે કાંય ઘણા દાહાડા થયા આવતાં કાંય નહીં.

એક "સુધરેલી" બાઇએ ચોપડી વેચનારની દુકાનમાં જઇને પુછયું "જી તમારી પાસે "મરદ કેવોછે" એવે નામની ચોપડીછે?"

દુકાનદાર જે લગાર ચબરાક હતો તેણે જવાબ દીધો "નહીંજી, તેતો ખપી ગઈ, પણ "ઓરત કેવી હોવી જોઇએ" તે છે. કેહોતો એક નકલ આપું."

પોસટ માસ્ટર—આ કાગળ ભારી છે, એ પર બીજી ટીકીટ જોઇશે.

ઈરૂની—(વીચાર કરીને) તું ગાંડા છે—તુંને કોણ ચાકરી રાખ્યા. તું કેહચ કાગળ ભારી છે—બીજા ટીકીટ જોઇયેચ, અક્કલ નહીં મલે, બીજા ટીકીટ મારેચ કાગળ જાસતી ભારી થાએચ.

એક તચાક એસકી છોકરો સેકંડ કલાસમાં બેઠો હતો, તેવામાં એક સાદો માણુસ તેજ ગાડીમાં આવી બેઠો. પવન ઘણો ફુંકતો હતો તેથી વચમાંનો બારીનો કાચ ચહડાવ્યો. કેવો-એક પવન બંધ થઇ ગયો હોય તેમ પેલા શેઠ રોબમાંજ બોલ્યા—

"કાકા તમુને સેકંડ કલાસમાં બેસી કેવી એતીકેત વાપરવી તે માલમ છે?"

"હા ભત્રીજા બા હું આગની ગાડીનો ભોંમ્યો છેઉં. થરડ કલાસના લોકપર ગાર્ડ બેઅદબી કરેછ. ફરસ્ત કલાસના લોક ગાર્ડ પર બે અદબ થાયછ પણ સેકંડ કલાસના લોકો એક એકની તરફ બે અદબ થાયછ" ભત્રીજા ચુપ થઇ ગયા.

"હવરે આએ ગારીનું ચાક તારી ઉપરથી ફ્રી જતે તો તું શું કરતે"? એક પારસીએ આવી રીતે એક છોકરાને ગારી તળે આવી જતો બચાવ્યો તેને પુછ્યું.—"વળી શું કરતે! એ ગારીની પછવાડે દોરીને એનું નંબર લેતે" પેલા છોકરાએ જવાબ આપ્યો.

"ફીલસુફો એક મત નથી થતા કે માણુસ જાતને પોતાની જીંદગીનો કયો ભાગ સૌથી લાંબો લાગેછે. વારૂ ડાકટર સાહેબ તમારૂં શું મત?" "મારૂ મત એક નથી, જેમકે બૈરાંઓ ને (૨૯) અને (૩૦) વરસની વચ્ચેનો વખત સૌથી લાંબો લાગેછે. મારી બૈરીને ૨૯થી ૩૦મું વરસ પુરૂં થતાં દસ વરસ લાગાં હતાં."

એક ધરમપુરનો દુબળો અને નારગોળનો લાલીઓ પોત પોતાનાં ગામની રસાલ જમીનની ઉકમાઇ કરતા હતા. ધરમપુરવાળો કહે "યેહ ભાય, મારે યાંની જમીન તો નરૂં કાચ્નું હુંન્તું. આ બીડી હલ્લગાવવાની કાંડી ભોંય ઉપર લાખી દીધી હોય કેની, તો બે વરહમાં તો તીનું ઉગીને મોટું ઝાર થઇ જાય."

આ તોપ સાંભળી નારગોળનો લાલીઓ બોલ્યો "અંહ'! તેમાં હું? અમારાં ગામમાં તો ભોંયપર એક પીતળનું બટન લાએખું હોય તો આઠ દાહાડામાં તો એક ખાછડી બંદી, હીવેલી, હાંધેલી, બટન હાથની હ'ધી તીઆર ઉગી આવે!"

એક ફાંસી જનાર માણસ—માંચડા ઉપર ઉભો રહી ફાંસી દેનાર ઢેડાને કેહે છે "બાપુ જરા દોરડું ઢીલું રાખજે—નહીં તો ગળું ઘણું દબાશે તો મારૂં માથું ધધણી આવશે."

જડજ—બંધવા, તારી ઉપર સજા ફરમાવવામાં આવે તે અગાઉ તારે તારા બચાવમાં કાંઇ કહેવું છે?

બંધવો—બીજું તો કાંઇ નહીં સાહેબ પણ મારા વકીલે કચરા જેવું ભાશાંણ કીધું તેનો જરા વીચાર ધ્યાનમાં રાખજો, સાહેબ."

"જમશેદજી" નાહાના ચેકુસે મલવા આવનાર પણીને પુછ્યું "બરાંનડીન વાત કરી શકે કે?"

"નહીં રે બા, તે પુછવાનું શું યાદ આવ્યું?"

"તમે મળવા આવવાના ઉતા કેની, તેની અગાઉ તમારે સારૂં વાત નીકળી તારે બાવાજી કેહજે તમુને તો બરાંનડીન બોલાવેછ."

તવંગર કાકા (પોતાના ડાકટરને) તારે ડાકટર તમે એમ ધારોછ કે મને હવે કસી ધાસ્તી નથી?

ડાકટર—કાંઇબી નહીં. તમે થોડા દાહાડામાં તો બાહાર ફરવા હરવા પામશો.

કાકા—ઠીક, જેમ ખોદાનો હુકમ. એ ખબર મારા ભત્રીજાને તમે કેહજો, પણ જરા સંભાળીને કેહજો કે તે બચારો ધભરાય નહીં.

સસતી જાહેર ખબર.

પોતાનો સામાણ પ્રજાની હજુરમાં ધરવાની તરેહવાર યુક્તીઓ જણાયલી છે. આએ નીચલી નવી યુકતી ધ્યાન પોંચાડવા જોગ છે. બજારગેટમાં બમનજી બાવાના ઘડીઆલ આગળ એક નવ વરસનો છોકરો ધસાંધસ રડવા લાગ્યો અને માથે માથાં કુટી મેલ્યાં. આસતે આસતે લોકનું ટોળું ભેગું થયું, પણ છોકરો કસો ખોલાસો કરે નહીં. જ્યારે ખાસ્સાં પાંચસો એક માણુસ જમાવ થયાં હશે ત્યારે તેણે રડવાનું બંધ કીધું, અને મોટે સાદે બોલી ઉઠયો "મને કોઇ કાફરડ લીલાંઉવાલાની પાસે 'જામે જમશેદ' હારીસમાં લઈ જાઓ. તાંહ વરસના રૂ. ૧૦ ભરીને આઠ પાણાનું રોજંદુ પતર લેઈ આવવા બાવાએ મને મોકલ્યો, પણ હું રસતો ભુલી ગીયોછ."

નારેબા!

ચાંટરોડ ઊપર એક ઘણાજ આજારી પડેલા માણુસને જોવાને કોટ વેરથી અજાણા ડાકટરને તેડી આણ્યા. પ્રીસક્રીપશન લખી આપ્યા પછી ડાકટરે પુછ્યું "આએ લત્તાપર કોઈ ડાકટર નથી, કે છેક કોટ વેરથી મને બોલાવવો પડયો?"

"ના રે બા, હમારા ડાકટરતો જી ભરાયા એદલજી છે ને તેવણ પાસેજ રહેછ, પણ આએ તાપ તો ઝેરી કેહેછ તે સારૂં તેવણ મદઈને ઉડે તો કાંહ જાણે, એમ જાણીને તમુને તકસીર આપી મરૂં."

આડાની સુંઠ.

એક હોરાજીની દુકાનમાં ચીનાઈ સામાણુ વેચાતો હતો. હોરાજીના પોરેઆની ગફ્લતીથી એક મસ મોટી કીમતી ચીનાઈ બરણી ભાગી ને સેંહકડો ટુકડા થઈ ગઈ. આ બાબે હોરાજી માથે હાથ દઈને રડતા હતા એવામાં મી૦ જાહાંગીરજી ત્યાં આવી લાગ્યા અને ખરી હકીકત સાંભળી, જરાવાર વીચાર કરીને હોરાજીને કહયું "ઠીક છે, હું આએ બરણીનાં ટુકડાઓનાં રૂ૫) આપીશ."

"પણ સાહેબ એના તો બસેં ટુકડા થઈ ગયાછે અને એ કોઈ કાલે સંધાય નહીં."

"તેની તમને શું ચીંતા? બસ એક દેવદારની પેટીમાં આએ કકડા નાખીને પેક કરીને હેદરાબાદ મીસીસ વાહાઈટનું સરનામું કરીને મોકલી આપો."

આમ બોલી, બરાબર સરનામું કરી આપીને રૂ૫) ફેંકીને જાહાંગીરજી ચાલ્યા ગયા.

રસતે ચાલતાં તેવણુ વીચાર કરેછ "ચાલો, ટુકમાં કાસર પતી. મીસીસ વાહાઈટની સાલગ્રેહને દાહાડે બરાબર પુગસે, અને સમજસે કે રસતે આવતાં દાગીનો ભાગીને ચુરો થઈ ગયો હશે. આપરે પાંચ રૂપીઆમાં સસતું માન ખાટી જઈશું. હું પરમદીને હેદરાબાદ જવાનો છેઉં ત્યારે ડાહાયો ડોહોરો થઈને મીસીસ વાહાઈટની ખબર પુછવા જવશ ત્યારે આ કીમતી બરણી ભાગી ગઈ તે માટે મારી દલગીરી જણાવશ."

ચોથે દાહાડે ખુશી થઈને જાંહાંગીરજી મડમ મીત્રને મળવા ગયા પણ તેવણનું તો થોબરૂં ચહડેલું હતું. જાંહાંગીરજીએ પુછયું "કેમ મીસીસ વાહાઈટ, મારી નજીવી ભેટ તમુને મળી-તમુને બરણી ગમેછ કે?"

"તમે શું મારી મશકરી કરવા માગતા હતા? એક લેડી સાથ આવી મજાખ કરતાં તમોએ શરમાવું જોઈએ. ભાગેલી બરણીના કટકાને શું હું ધોઈને પીઉં?"

"ભાગેલી! અફસોસ! મેં તો આખી ડોર જેવી મોકલી હતી પણ રસતે અફળાઈને ચુરો થઈ ગઈ હશે."

"તમારી બેઅદબી ઉપરાંત જુઠું બોલીને તમારા ગુનાહમાં વધારો ના કરો."

"હું સાચું.—

"બસ—બસ—બસ—આવો જુવો." જાંહાગીરજીએ ઉઠીને જોયું તો હોરાજીએ દરેક ભાગેલા કટકાને જુદા જુદા, એલાહેદાં કાગળમાં સંભાળથી લપેટીને સારી રીતે રચીને એક નાહાના બાકસમાં ઠસઠસાવીને પેક કરયા હતા!

હોરાજી મરેરે એમનાં એમ!

ગાંધીનો મુનીમ—"શેઠ પેલો સવા રૂપયાની દવા લેઈ ગયો તેમાનો રૂપયો તો ખોટો છે."

શેઠ—"આતો ધોળે દીવસની લુત, વારૂ કંઈ ફીકર નહી પાવલી તો સાચી છેની, પાવલી મલતાં પણ બે આના ખાતીશું."

ઝડપ્યું સરકારી કામ.

ખીલો મારીએ કે નહીં?

એક નાહાની જેવી વાત માટે સરકારી દસ્તાવેજો અને સેહેરા તથા યાદીઓ કેટલી પસાર થાયછે, અને ચાર પૈસાના કામ માટે કોઇ વાર પાચ પૈસાનાં કાગળ, સાહી, લાખ અને લાલ ફીટ ખપેછે તે તો અમારા વાંચનારાઓને ખબર હશે. કલેકટરની હારીસમાંથી ભોંય ભાડાનું એક "પૈ" નું બીલ આવેછે તે ઉપર કાગળ, છપાઈ, સાહી અને સીપાઇનો ધક્કો, એ સઘળું ક્યાં કરકસરનાં શાસ્ત્રને આધારે થતું હશે તેની અમને સમજ પડતી નથી. એવી એક પોણાબે ચતુરાઇનો દાખલો અમારી જાણમાં આવ્યો છે, તેની વીગત નીચે આપીએ છૈએ. એ હુશીયાર ખાતું પકડાઇ ન જાય તે માટે ગામ, નામ, ઠામ વગેરે બદલી નાખ્યાં છે, બાકી વીગત સાચી છે.

(દેખાવ—સબ જડજની કચેરી, મસ્તાનપુર; જડજ સાહેબ બેઠેલા છે, સીરસતેદાર દાખલ થાયછે.)

સીરસ્તેદાર—"સાહેબ, અમારા ઓરડામાં પાઘડી ઓળવવાને સારૂં એક ખીલો મારવાની રજા છે?"

જડજ સાહેબ—"કયે ઠેકાણે મકનદાશ? ને કેવો ખીલો મારવો છે?"

સીરસ્તેદાર—"મારી ટેબલની પછવાડે. કોઇબી જાતનો ખીલો હશે તે ચાલશે સાહેબ."

જડજ—"ઠીકછે, હું પછી આવીને જોઊંછું."

આ પછી જડજ સાહેબ, સીરસતેદાર અને બે ચાર પટાવાળાઓ મજકુર ઓરડામાં સરઘસ આકારે ગયા, અને દીવાલ ઉપર ટકોરા વગેરે મારીને તપાસી જોયું.

જડજ—"મકનદાશ; તમે આ બાબદ સારૂં મારા ઉપર લખેલી અરજી મોકલો, પછી શું કરવું તે હું જોઈશ."

આ હુકમ પ્રમાણે અરજીનો ખરડો, તેમાં વધારો ઘટાડ કરીને, નકી કરવામાં આવ્યો, અને તેની સાફ નકલ થઇ—ત્યાર પછી તે અરજી જડજ સાહેબ ઉપર મોકલી. સીરસતેદારે ધાર્યું કે હવે ખીલા મારવાનો હુકમ મલવો જોઇએ. પણ હજી તો કામ શીરૂં થયું હતું. જડજ સાહેબે એક યાદી ઘડી કાહાડી ને મકનદાશને આ માગણીના સંબંધમાં કેટલાક સવાલો પુછ્યા જેના ઊત્તર મકનદાસે લખી મોકલ્યા.

જેટલી વીગત મેળવવી હતી એટલી મેળવ્યા પછી જડજ સાહેબે સરકારી ઈમારતોના સંબંધમાં સઘળા આગળા સરકારી ઠરાવો શોધવા માડયા, તેમાંથી એક ઠરાવ એવો નીકળ્યો કે કોઈબી સરકારી ઈમારતમાં કાંઇબી ફેરફાર અથવા વધઘટ કરવાં હોય તો ડીસ્ત્રીકટના ઈજનેર સાહેબની પેહલાં પરવાનગી મલવી જોઈએ.

હવે આ ઇલાકાના મોટા ઈજનેર સાહેબની છાવણી મસ્તાનપુરથી ચાળીશ કોસ દુર હસ્તીપુરમાં હતી, ત્યાં કાયદાની રૂહે આ સઘળાં કાગળીઆં એક સવારની સાથે મોકલવામાં આવ્યાં.

હસ્તીપુર અને મસ્તાનપુર વચ્ચે કેટલાંક કાગળો ચાલ્યા બાદ ઇજનેર સાહેબનો જવાબ આવ્યો કે તેમની હાફીસનો સરવેઅર આ મકાન જોયા પછી તે વીશેનો સરકારને રીપોર્ટ કરવામાં આવશે. પણ સરવેઅર બીજાં અગતના કામ ઉપર રોકાયલો હોવાથી બીજા દોઢ મહીના સુધી આવી શકશે નહીં.

આખરે દોઢ મહીનોબી ગયો, અને સરવેઅર આવીઆ, અને ખીલો મારવાની જગા તપાશી. તેવણે હસ્તીપુર જઈને પોતાનો રીપોર્ટ ઘડી કાહાડયો જે ઇજનેર સાહેબે બાહાલ રાખીને સરકાર ઉપર મોકલી આપવામાં આવ્યો. થોડા દાહાડામાં એક સવાર મારતે ઘોડે એક મોટું મસ પરબીડું લઇને ઈજનેર સાહેબની કચેરીમાં આવી લાગ્યો. તે ઉપર મોટા કાળા અક્ષરે લખેલું હતુ "ફકત માહારાણીજીના કામ બાબદ." માંહે ફકત એટલુંજ લખેલું હતું કે "તમારા રાપોર્ટની પોંચ કબુલ કરવામાં આવેછે."

થોડાક મહીના નીકળી ગયા. મકનદાશતો પોતાની માગણી ભુલીબી ગયા હતા. એવામાં અચબુચ સરકારી વડાં મઠક ઉપરથી ઈજનેર સાહેબ ઉપર હુકમ આવ્યો કે જે ઓરડામાં ફેરફાર કરવા ધાર્યોછે તેનો પ્લાન કરી મોકલવો. આ હુકમની નકલ જડજ સાહેબ ઉપર આવી. હવે પ્લાન કરે કોણ ? મકનદાશે કામ માથે લેવા ઈછયું, પણ જડજ સાહેબે ડોળા કાઢયા. "સરકારી કામમાં આપણાથી વચ્ચે કેમ પડાય, ઇજનેર સાહેબની હાફીસમાં લખો કે પ્લાન દોરનારને મોકલી આપે."

બીજા ત્રણ મહીના નીકળી ગયા, પણ પ્લાન તૈયાર થએ અને તે મસ્તાનપુરથી હસ્તીપુર અને હસ્તીપુરથી મુંબઈ ઠેકાણે ખાતે આવી પોંચ્યો. મકનદાશે પહેલી અરજી કીધા પછી બરાબર બે વરસે ઠરાવ આવ્યો કે "મસ્તાનપુર, જીલા આમોદની સબ જડજની હારીસમાં નંબર સાતમા વાળા ઓરડામાં ખીલો મારવા માટે નંબર ૦૦૧૭૨ વાળી અરજી આવી હતી તે ઉપર ઠરાવ કરવામાં આવેછે કે પ્લાન નંબર ૧૦૦૭૩ માં બતાવ્યા મુજબ ત્યાં ખીલો લગાડવો. પણ તે ખીલો, તેની જાત, લંબાઇ અને બનાવટ તમારી ડીસ્ટ્રીક્ટના ઇજનેર સાહેબની પસંદગીના જોઇએ."

આટલી ઝડપથી આ હુકમ મળ્યો ખરો, પણ હવે હજુતો ઘણું કામ બાકી હતું. ખીલાની સપલાઈ માટે ટેંડરો માગવામાં આવ્યાં, અને એક કંટરાકટ નકી કીધા પછી આ ખરચ ખાઈને મસ્ત થયલો ખીલો મુંબઇ આવી લાગ્યો. ત્યાંથી ઈજનેર સાહેબની હારીસમાં આવ્યો અને ત્યાંથી મસ્તાનપુર ગયો.

આહા! ખુશાળીનો દાહાડો આવી પોંચ્યો ખરો. નંબર ૭ મા વાળા ઓરડામાં, સરવેઅર, જડજ સાહેબ, સુંથાર, ખીલો, હથોડી, અને બે બેગારીઓ ભેગા મળ્યાછે.

આ અગતનું કામ બજાવવા અગાઉ આ સંબંધી સઘળા ઠરાવ, યાદીઓ, કાગળયાં વગેરે એકવાર ફરીથી વાંચી જોયાં. સો ફીટની ટેપ કાઢીને ખીલો મારવાની જગા નક્કી કરવામાં આવી. હવે અબઘડી ખીલો ઠોકાશે તેટલાં સરવેઅર બોલી ઉઠયો "સબર કરો—સબર કરો—મી૦ મકનદાસ ક્યાંછે? આ કાગળો ઉપર પેહલાં તેવણની સહી જોઈશે.

પણ મકનદાશતો આઠ મહીના થયા ગુજરી ગયા હતા!

જડજ સાહેબ પાછા પોતાના ઓરડામાં ગયા, સરવેઅર, સુંથાર, બેગારીઓ પાછા પોતાની કચેરીએ ગયા—અને પેલો નસીબવાન ખીલો! તેતો સંભાળથી એક કાગળમાં વીટાળીને આ મોટા સવાલના સંબંધનાં સઘળાં કાગઝીયાં સાથે સરકારી હારીસની અભરાઈ ઉપર બા આબરૂથી હજુ પડેલોછે.

માસ્તર—"સોલુ સુરતી, આજે વ્યાકરણ કીધુંછ કે?" "હાજી." "ચાલ ત્યારે, વ્યાકરણમાં 'છોકરાંઓ પોતાના માસ્તર પર ચાહ રાખેછે' એ વાકય કેહેવો કેહેવાય?

સુરતી (હસીને)—હું! માસ્તર સાહેબ, એ સીરે પોહોરની ટોપ કેહવાય.

નાહાનો કાવસ—"આએ જો મુકીનો સવાદ કેહેવોછે, લગાવીને.

હહાયો પેસી—"નહી કાઉ, હું તુને પાછી મુકી નહીં મારૂં, માઅેજીએ કેહેયુંછ કે આપરા દોસતની ઉપર હાથ નહીં ઉંચકવો, પણ આએ લાતનો સવાદ કેહેવો લાગેછ."

મીસીસ ડાકટર—"નસવાનજી એ તમે ખધરીને તાપ આવે તેવું મોહનું કરીને શું બેઠાછ?"

"અરે બોલ ના સુંનઈ, પેલો બુઘો મેહરજીભાઈ કે જેની હું ત્રણ વરસ થયાં દવા કરૂંછ તોઆ કોણ જાણે શું છે કે દહારે દહારે સારો થતો જાએછ."

એક અડુગરા શેઠ અદરાયા. પોતાની ભવીશની મીસીસને સારૂં એક વીટી લાવ્યા, પણ તેની ઉપર શું કોતરાવવું તેનાં વીચારમાં બાવાની સલાહ લેવા ગયા. બાવાએ કહ્યું કે "એની ઉપર એમ કોતરાવ કે "જ્યારે તું આએ જોએ ત્યારે મને યાદ કરજે." વીટી મીસીસપર ગઈ અને તેની ઉપર લખેલું વાંચી તેણીની અચરતીનો પાર નહીં રહ્યો. વીતીપર નીચલા લેખ હતા.

જ્યારે તું આએ જોય ત્યારે "બાવાને" યાદ કરજે.

મુંબઇના એક ઠર્ડ કલાસ હાટલવાલાએ બીલ વગેરે કરવા સારૂં પોતાની નોકરીમાં એક વાણીઆને રાખીઓ. આ વાણીઓ થોડું ઘણું ઈંગ્રેજી જાણતો, પણ ભોળો ભટ હતો. એક દાહાડે એક ઈંગ્રેજ મુસાફર હાટલ આગળ આવ્યો. તેની વીકટોરીઆમાં સામાણ લાધેલા હતો વાણીઓ હાટલના ધણીને ખબર કરવા ઉપર દોડયો.

"સાહેબજી, બારણે એક ઈંગ્રેજ આવ્યો છે તે ઓરડો માગે છે."

"હાં! નામ શું?"

"નામ તો મેં પુછ્યું નહીં, પણ તેમની ચામડાંની પેટી ઉપર લખેલું હતું તે ઉપરથી ઉતારી લાવ્યો છું."

"લાવ જોઊં."

વાણીઆ કલારકે મોટી હુકમાઇથી કાગળની કાપલી શેઠના હાથમાં મુકી, જે ઉપર લખેલું હતું—"મી૦ વારનટેડ સોલીડ લેધર."

જરા લેસન લેઓ.

માયજી—કેમ દીકરી ગુલાં, હમણા તારા વર કેમ ચાલેછ ?

ગુલાં—ઘણાજ સરસ, હવે અમારી વચે કાંઇજ ખટપટ થતી નહીં.

માયજી—પણ એ ઘણો દારૂ પીતોતો તે સારૂં તમારા લોક વચે વારે ઘરીએ પંચાતી થતીતી, તે હવે પીવાનો મુકી દીધોછ કે શું ?

ગુલાં—નહીં માયજી, પણ આસ્તે આસ્તે મનેબી પીવાની ટેપ પરીચ એટલે હવે કાંઇ અડચણ પરતી નહીં!

ફુલાકાકા—"જો ભાઈ વીકટોરીઆવાળા બરોબર હાંકજે ખરીપરથી હાંકતો ના, મારૂં દીલ દુ:ખશે, ને જો પેલું પથરનુ ઇનજીનછે તે સંભાળીને હાંકજે કે ઘોરો ચમકે નહીં." "એસો કાકા કંઇ ફીકર નહી કરવી. પણ કાકા કંઇ અકસમાત થાયતો કેઈ ઇસપીતાલમાં લેઈ જાઉં" "અરે તારૂં નખોદ જાએ, ઉભી રાખ ગારી એકદમ" ફુલાકાકા સુગાઈ ઉઠયા.

એક મારતે મીયાં જમાદાર નવા માણસોને મેદાનમાં ડરીલ શીખવતો હતો. એક વખત હોકમ કીધો "સબ લોક દાબે પાંઉ ઉંચ કરના" એક જણે ભુલમાં પોતાનો જમનો પગ ઊંચે કીધો જેથી પગનાં અંતરમાં એવરો ફરક પડી ગયો. પેલો જમાદાર સમજયો નહીં તેથી ચીરડાઇને બોલ્યો "એ કોણ ગધ્ધાને દોનો પાંઉ ઉચકા"?

હદ થઇ.

બીખાજી ભોલા એક દહાડે બજાર ગેટમાંથી કામસર જતા હતા, એવામાં સામેથી સાબુ સુકાલીઆ સોરાબજી સીકનદરે ઝડપમાં આવીને તેવણને રોકયા. "ઓ, સાહેબ મેહેરબાન બીખાજીબા, કાંહ ચલાવ્યું—ખુશ તો ખરા? એક રૂપીઓ હોય તો ઉછીનો આપશો. સાંજના પાછો પોંચારી જશ."

બીખાજીએ વણુસાયલી હાળ જેવું મોહ કરયું, પણ પાકીટ ઉખાડીને બતાવ્યું કે તેમાં અરધો રૂપીઓજ હતો.

"ચાલો, એબી ચાલશે, ઘણી મેહેરબાની થઈ."

"વારૂં તે તો ખરૂં, પણ સોરાબજી બા, એ અડધો રૂપીઓ પાછો કાહારે આપશો?"

"પાછો? વાહ તમેબી બરા ઓલીઆ દેખું. મને એક રૂપીઓ જોઈતોતો તોબી અરધાથીજ કામ ચલાવીલ્યું તારે કે? મને બીજા અરધાની હમણાંને હમણાં ઉતાવલ નથી, પણ કાલ સુધીમાં એટલું ચુકાવી દેજો; હવે મારેથી વધુ થોભાશે નહી."

સર્વે આલમને જમવાનું ઇજન.

આવતી કાલે જમવાનું ઇજન દાલ ચાવલને ત્યાંનું—કલેજી બુકાની વાડીમાં—આવજો આવજો નહીં—છોકરાંને તો લાવતા ના; બુધાનાં તો અપસગન છે; જો તમે આવો તો મહારા સમ છે.

કર ને જો, અંહીંનું અંહી છે.

"થામસ, થોડા દાહાડા થયા ચોરીની બુમ ઘણી પડી રહી છે તેથી હમણા તું થોડા દાહાડા આપણી હાફીસમાંજ સુવાનું રાખે તો કેમ?" મી૦ થારનટન, હીરાના વેપારી, સાંજના હાફીસ છોડી ઘર જતાં જતાં પોતાના વીશવાશુ કેશીઅરને પુછે છે.

"હા સાહેબ—હું પણ એમજ વીચાર કરતો હતો. આગલાં બારણાંની કુંચી પણ પડી ગઈ છે તે વખતે કોઇ ભલતાના હાથમાં જાય તેથી હાલ થોડા દાહાડા હું અંહીજ પાછલા ઓરડામાં સુઇશ." થામસે ઉતર દીધો.

"પણ વળી ઢોરની પેઠે ઊંઘાતો ના, જરા હુશીયારી રાખજે. લે આએ રીવાલવર તારી પાસે રાખ. અને ખોદા ન કરે ને કોઇ પરોણા દેખાવ દે તો બેલાસક એનો ઉપયોગ કરજે."

આ પ્રમાણે પોતાના નોકરને સખત તાકીદ આપી તવંગર થારનટન સાહેબ ઘર વીદાય થયા.

થારનટન સાહેબ રંડાયલા હતા. તેમનો એકપુરો લાડકુવાયો બેટો હતો. આ બેટાને પોતાની એક ભત્રીજી જેના તેવણ ટરસ્ટી હતા તેની સાથ પરણાવવાને તેવણનું દીલ લાગ્યું હતું. થારનટન પોતે કાંઇ નાગા ભુખા નહીં હતા, અને આ ભત્રીજીનું પણ મોટું નાણું ભેગું થયું હતું એટલે આ બે જણ જો શાદીના ગાંઠથી ભેળાય તો થારનટનનું કુટુંબ મોટું માતબર થઇ જાય એવી ઘરડાની ગણત્રી હતી.

પણ ભત્રીજી મેરી બરટન કાંઈ કાચી ન હતી. તે સોવા-મણી પણ મકમ વીચારની અને સાફ દીલની હતી. પોતાને મન ગમતો ધણી કરવાનો તેણીને પોતાનેજ હક છે એવો તેણીનો વીચાર હતો. તેણીનું ધક ધ્યાન લારન્સ રીડજલી નામના ધરહસ્થમાં ભરાયું હતું. જુવાન મી૦ થારનટન જેનું નામ એડવરડ હતું તે તથા મી૦ રીડજલી બન્ને જન મેરી ઉપર ફુરબાન હતા પણ એડવરડ સારી રીતે જાણતો હતો કે તેનું કાંઈ વળનાર નથી. તે છતાં આ બન્ને જુવાન પુરૂશો એક બીજાના દોસ્તદાર હતા અને મી૦ થારનટનની પેહડીમાં સાથે આસીસટંટોનું કામ કરતા હતા.

ધરડા થારનટને મેરીના લગણ પોતાના બેટા સાથ કરવાના સોગંદ લીધા હતા. પણ તેના જોવામાં આવ્યું કે એ કામમાં લારન્સ રીડજલી એક મોટી ફાંચડ જેવી હતી. થારનટન કરડા અને કરૂર સ્વભાવનો હતો. અને આ પીડા દુર થાય એવો કોઇબી સખત ઉપાય લેવાથી હટે તેવો નહીં હતો.

હવે શું થયું તે જોઇએ. જે દાહાડે આ બધી વાત થાય છે તે દાહાડે મી૦ થારનટને રીડજલીને ફરમાવ્યું કે સહવારના જતા મેલ સાથ કેટલાંક અગતનાં કાગલો લખવાના છે માટે રાતના જમીને શેઠને બંગલે આવવું. અલબત રીડજલી બરાબર વખતસર હાજર થયો અને સાહેબના ફરમાવવા મુજબ રાતના અગીઆર વાગતાં સુધી લખયું. એકાએક મી૦ થારનટનને યાદ આવ્યું કે ચોક્સ રકમોના આંકડા ભરવા માટે કાંઇક ચોપડીની જરૂર હતી. આ ચોપડી વગર તે

રાતનું કામ પૂરૂં થાય એવું નથી એમ શેઠના જણાવ્યાથી રીડજલી હાફીસમાં જઇને તે લાવવા તૈયાર થયો. મી૦ થારનટન પોતાના આસીસટંટની આ ઝડપથી ખુશી થયલા જણાયા અને તેને સાબાશી આપી.

લારન્સ રીડજલી બાહાર પડયો અને એક ભાડાંની 'કેબ' ની વાટ જોતો ઉભો છે એવામાં સામેથી એડવરડ આવી લાગ્યો.

"કાંહ જાયછ લારન્સ?"

"આપરી હાફીસમાં, તારા બાવાને એક અગતની ચોપડીનું કામ પડયું છે તે લેવા."

"ઓહ! તારે તો ઠીક. તારો ફેરો બચશે. હું મારી ટેબલ ઉપર એક પાકીટ વીસરી આવ્યોછ ને તેની મને બી જરૂર છે તેથી હુંજ જઇને સાથે ચોપડીબી લેતો આંઉ—કેઈ ચોપડી જોઇએછ?"

"શું કરવા? તારી પાકીટ કાંહ છે તે કેહની હું પોતેજ તે લેતો આવીશ."

"તુંને જડશે નહીં—મેં એક છુપી જગામાં મુકીછ. લાવ લાવ, બાવાના ઓરડાની કુંચી આપ, હું ઘડીઘડી આવી લાગુંછ."

"ઠીક, જેમ તારી મરજી. એ ચોપડી લાલ રંગની છે ને તારા બાવાની લખવાની ટેબલ પર છે." આમ બોલી લારન્સ રીડજલીએ કુંચી એડવરડને આપી. તેજ વખત એક ભાડાંની 'કેબ' જતી હતી તેમાં સવાર થઇ એડવરડ ચાલ્યો.

હાર્રીસમાં જઈને પાછું આવતાં એક કલાક થાય તેટલાં લારન્સ ચંદતીમાં ફરયા કીધો કેમજે ઘરડા થારનટન આગળ પુતલાંની પેઠે જઇ બેસીને શું કરે?

કલાક જવા પછી હવે એડવરડ ઘેર આવી પોંચ્યો હશે એમ ધારી લારન્સ ત્યાં જઇ લાગ્યો. શેઠ નાખુશ દીસતા હતા અને ડોળા કાઢી પુછ્યું.—

"કેમ ચોપડી લાવ્યો કે? આટલી વાર કાંહ હતો! એટલામાં તો હું બે વાર જઇ આવું?"

"સાહેબ, હું હાર્રીસમાં ગયોજ નથી. એડવરડે—

થારનટનનું મોંહ ઉજળું પુની જેવું થઈ ગયું હતું.

"હેં! શું! એડવરડ! તેનું શું? બોલ જલદી!"

પોતાને બદલે એડવરડ હાર્રીસમાં કેમ જવા પામ્યો હતો તે લારન્સે ટુકમાં સમજાવ્યું. દેખીતું તો આમાં કાંઇ નહીં હતું પણ થારનટનને તો જાણે લકવો થઇ આવ્યો હોય તેમ અડી ગયો. તે દેવાનાની પેઠે બારણા ગમ દોડવા જતો હતો તેટલાં બાહાર રસ્તા ઉપર સોહોર સંભળાયો.

"યા ખોદા, થઇ ચુકું" આટલા શબ્દો બોલી તે ભોંય ઉપર ફસડાઇ ગયો. એવામાં એક ગ્રહસ્થ માંહે દોડી આવ્યો.

"થારનટન સાહેબ તમારે માટે એક ઘણીજ નાખુશ ખબર હું લાવ્યોછ." પણ વધારે વીગત કેહવાની કશી જરૂર ન હતી. કમબખત થારનટને જાણી લીધું કે જે ફાંદો તેણે પાપી દીલથી બીજાને માટે રચ્યો હતો તેમાં તેનો પોતાનો

દીકરોજ ફસાઈ ગયો હતો. તેણે એવી રચના કીધી હતી કે થામસને રાતના રીવાલવર આપી સુવા ફરમાવ્યું છે એવી લારન્સને ખબર નથી તેથી તે રાતના બાર વાગતે ગુપચુપ જશે તો થામસ જરૂર તેને ચોર સમજી ઠાર કરશે. બધું ચોકઠું તો બરાબર બંધ બેઠું પણ સપડાઇ ગયો **પોતાનોજ બેટો.**

દેવાનાપણું ઘણી નઠારી ચીજ છે પણ મી૦ થારનટનના બાબમાં તો તે એક આશીરવાદ જેવું છે. તે એક દેવાના-શાળામાં પોતાનું દુઃખ વીસરવા પામ્યો છે. મેરી બરટન લારન્સ રીડજલી સાથ પરણી ગઈ છે.

માંકાં ડોસાંનાં કોતક.

જરા ચપોરે—ઘણે દહાડે મને મારાં માકાં ડોસાં યાદ આવી ગીયાંછ. તેવણ ફોટોગ્રાફ પરાવા ગીયાં તારે શું થયું તેની બધી વાત કહી, પણ એક વાત કેહતાં રહી ગઇછ. અરઘોક કલાક સુધી માથાંફોર કરીને પછી ડોસાં સીધાં ગગરીઆં તારે સબીવાલાએ કાચ મુકયો, અને બોલ્યાં "બાઈ હું આએ ધાકણું ઉંઘારૂં તારે આએ પરદાપર મારી આંગલી દેખાડુંછ તાંહ જોયા કરજો. બીજી ગમ નજર ફેરવતાં ના."

"વારૂં મરૂં" કરી માકાં ડોસાં બેઠાં પછી લાગ જોઈને ફોટોગ્રાફરે જેવો કાચ ઉંઘાડીઓ કે ડોસાં લાગલાં ઉઠીને પેલી આંગલી બતાવી હતી ત્યાં જઇને ઊભાં.

"કાંહ છે બા, અહીં તો કંઈ નથી? શું જોઊ મારૂં તોડકું?"

નાટક ત્રણ અંકી.

૧

ફોલાબેથી આવતી ટરામ ગાડીમાં હોરમજીઆર અને તેઅની ધણીઆણી દીનબાઈ બેઠેલાં છે એવામાં મયુનીસીપાલ હારીસ આગળથી ફ્રરદુનજી ટરામમાં દાખલ થયા. તેને જોઇ હોરમજીઆરે ઓળખાણ કરાવી "આએ મારી વાઇફ, ફ્રરદુન!"

"ઓ—કેમ છેઓજી?—એક મહીનામાં તમે કેટલાં બધાં ફેરવાઇ ગીયાં?"

"ફેરવાઇ સાને ગેઇ—કાંઇબી નહીં." દીનબાઇએ સાદાઇથી ઉતર દીધો.

"મહીનાની વાત પર તમુને મેં હોરમજીઆર સાથે નાટકશાળામાં જોયાં તે વખતે તો ઘણાં ભરેલાં લાગતાંતાં ને હમણાં—

"નાટકશાળા! તમે—હું——મકું જે——

૨

એણી મેર હોરમજીઆર ગાલમાં જીભ દાબીને પોતાના દોસત ફ્રરદુનને ધણીઆણીથી છુપી એસારત અને આંખના પલકારા કરે છે પણ ફ્રરદુન બચારો આંખનો ઉજરડો હોવાથી તેને જોતો નથી અને ભાંગરો વાટીઓજ જાયછે.

૩

રાતના આઠ વાગતે દીનબાઇ ખાધા વગર સુઇ જાય છે.

હોરમજીઆર—પણ શું છે શું? આજે વલી તારી દાળ શા વડે ડાઝી ગઈ? ચાલની ખાવા ઉઠની.

દીનબાઇ—જાઓ, તમારી પેલી કાઇ ડોંગી જેની સાથે નાટકમાં ગીઆતા તેને લાવીને ખવાડો!

ખરો બનેલો બનાવ.

એક દાહાડે હું પુને જવા સારૂં બોરીબંદરના સ્ટેશન ઉપર જતો હતો. ગાડી દોહોડ વાગે ઉપડે છે એટલે ફકત ચાર મીનીટની વાર હોવાથી મારી ભાડેની વીકટોરીઆ ખુબ સપાટામાં જતી હતી. બજાર ગેટને નાકે આવતાં એક અછા દેખાવના મીયાંએ બે હાથ ઊંચા કરી ગાડી ઉભી રખાવી.

"કેમ મીયાં સાહેબ, કાંઈ ફરમાશ" મેં અધીરાઇથી પુછ્યું.

"નહીં, કાંઇ સેજ—કેમ તબીઅત ખુશ તો ખરી ?"

"હા—હા—પણ મારી ટરેનનો વખત થાવછ બીજું કાંઇ કામ છે ?"

"મુરબ્બીને એક સારો ઘોડો જોઈતો હોય તો સેવક પાસે નંબર વન જાનવર આવેલું છે."

"નહીં બા મને કાંઇ જોઇતું નથી. હાંક."

"અગર એકાદી વેલાતી બરૂમ —"

"હાંક—હાંક—હાંક—હાંક."

ધનબાઇ:—ભાઇ ડોસુ, એક દોસ્ત જેના ઉપર આપરે વીસવાસ મુકી શકીએ તેનાથી બીજું સરસ શું ?

ડોસુ—તેનાથી સરસ દોસ્ત તો એ કે, જે આપરા ઉપર વીસવાસ મુકી પૈસા ધીરે.

એહ, તેમાં દમ શું ?

એક ગ્રહસ્થે રસ્તે જતાં બે પૈસાની એલચી લીધી અને રૂપીઓ કાહાડી આપ્યો. દુકાનદાર બોલ્યો "મારી પાસે છુટું નથી, ચીંતા નહીં, કાલે આ રસ્તેથી જાઓ ત્યારે આપજો."

ઘરાક (રમુજમાં) "પણ સમજો કે તેટલાં રસ્તામાં મને અકસમાત થયો અને હું મરી ગયો, તો ?"

દુકાનદાર, "ઓહ ! તેમાં શું દમ !"

(શામાં દમ શું ? મારીઓ જાય તેમાં કે પૈસા જાય તેમાં ! શક ભરેલું છે.)

હા બા !

તેણી:—ત્યારે તમે વચન આપોછો કે મને હમેશ ચાહશો—આપરી જીંદગીનો આખો દાહાડો ?

તે:—હા હમેશ—આખો દહાડો—બસ જમવાનો વખત હું માગી લેવશ.

સવાલ.

સાવીઓ:—બાવા, ચોપડીમાં મેં ઘરી ઘરી વાંચીઊછ કે "નશીબવાન નશીબવાન" તે શું ?

બાવાજી:—નશીબવાન કેની દીકરા—તે—તે—એને કેહ કે જે—જે—જે—પરણે નહીં ને કુમારો રેહ.

ગણત્રી.

બે ધણીઓ, એક હોરાજી અને એક અમદાવાદી, નાટકશાળાની ગાલેરીમાં બેસી વાતો કરે છે.

હોરાજીઃ—આ તે કેવો જુલમ? આના ચાર લીધા ને દોઢ વાગયામાં તો બધું ખલાસ થઇ જાય એમ લાગેછ.

અમદાવાદીઃ—ખલાસ તે ક્યમ થશે! પોંસ પોંસ મીનીટે તાળી પાડીને બધાને સાર સાર પોંસ પોંસ વખત બોલાવીશું એટલે તર્પણ વાગ્યા સુધી સોર ઓાણા પુરા પાડીશું.

ચાલો, એતો નક્કી!

છોકરો ઘણો બીમાર હોવાથી બોચી ઉપર બ્લીસટર મારીઆ પછી તે સુકાવા આવ્યું ત્યારે ડાકટર તેના બાપને કેહે છે "તમારો છોકરો જીવથી તો બચ્યો, પણ હું દલગીર છું કે તેનું ભેજું ગીયું અને હવેથી તે જરા ઇડીયટ નીકળશે."

બાવા—અરે ડાકટર, તમારૂં ભલું થાયરે તમે શું મને નામીચી ખબર આપી. તારે તો એને ડાકટર, વકીલ કે બારીસટર કરવા સારૂં વેલાત નોકલવો પડશે!

નાહાનો રસાયણી.

નાહાનો સાવીઓ બાવાજીને પુછેછ, "પાપા, બધાં માણુસો મટોરીનાંજ ઘરેલાં કે?"

"હા દીકરા. બધાં માણુસ મટોડીમાંથીજ થયલાં ને મટોડીમાંજ જવાનાં"

(સુરતી લાલીઓ જે ઘણોજ કાળો છે તેના ગમ ટીકી ટીકીને જોઇને) "તારે પાપાજી, ખોદાએજીએ આએ લાલાને તો કોલસાની ભુકીમાંથી ઘરયો હોશે?"

ચોરને પોટલે ધુળની ધુળ.

મનમોહનદાસ વેપારી પોતાના ગુમાસતા વનમાળીને કેહે છે "અલ્યા વનમાળી, આપણે લાખ રૂપૈયાનું દેવું થઈ ગયું છે—કેમ ?"

"હા જી—છે તો ખરૂં."

"ને લેહેણામાં તો ભગવાંન નામ છે—ખરૂં કેની ?"

"હોવે—બાપજી."

"ઘરમાં ઉઘરાંણી ભેગી કરતાં દસ હજાર રૂપૈયા રોકડા સીલક છે. મને ભાસે છે કે પાઘડી ફેરવવાનો આથી બીજો સારો લાગ આવવાનો નથી—કેમ ?"

"હા—મને પણ એમજ ભાસે છે."

"તારે તો ઠીક—પણ કાંઇ સારૂં જેવું બાહાનું કાહડયું જોઇએ—નીકાં લોક માનવાનું નથી—તું તો બડો ચતુર છે. આજ રાતના વીચાર કરી મેલજે ને મને કાલે સહવારમાં કેહજે."

ગુમાસતાએ આનો તોર શોધી કાઢવાનું માથે લીધું, અને શેઠ વાણોતર રાતો રાત તો છુટા પડયા. બીજે દીને સહ-વારમાં શેઠ ઉઠીને પેઢીમાં જોય છે તો ગુમાસતોએ ન મળે ને સીલકે ન મળે. તે બન્નેની જગાએ પૈસાના ગલ્લામાં નીચલી ચીઠ્ઠી પડેલી હતી. "બાપજી, દસ હજારની સીલક લઇને હું હમણ ભાગી ગયો છું. તમારા માંગનારાઓને હવે કેહવાને ઠીક પડશે કે બાપુ મારો ગુમાસતો પૈસા લઇને નાહાશી ગયો એટલે દીવાળું નહીં કાઢું તો શું કરૂં."

સોહેની ગ઼ઝ઼લ.

(કલસેં તું બેકલ હો અએ યાર તુઝે કયા આઝ઼ાર હયે.)—એ રાહ.

જેહાંમે મુફ્લીસ ન યા રબ કોઇ ઝ઼રદાર હો,
હાલે બદ ન કોઈ દુશમનકાભી ઝ઼ીન્હાર હો.—જેહાંમે.

ગીરે ન કોઇ ગ઼ારમે ગ઼મકે યા રબ યેહે હયે મેરી દોઆ,
રફ઼મ ન ક઼ાસકે બખ઼્તમે યેહે બખ઼્તે મુનશીકા વાર હો.—જેહાંમે.

બે ઇઝ઼્ઝ઼ત ન હો ઈસ બાગ઼ે આલમમે કોઇ યા રબ,
હમેશાં બલકે જો હો સીપાહ વ્હોભી સરદાર હો.—જેહાંમે.

રાએગા કરે બસર ઝ઼ીન્દગી ગર કોઈ બશર,
મગ઼ર ફે઼ર ન કયું જેહાંસે ગવારા હરબાર હો.—જેહાંમે.

ઝ઼ીન્દગીમે જો કોઇ ઝ઼રદાર તુટકે ખ઼્વાર બને,
મલાલ કયું ન ફે઼ર ઉનકે લિયે તલવાર હો?—જેહાંમે.

રખ ન યા રબ ઇસ બાગે આલમમે કીસીકો બે નસીબ,
જલાલો ઇઝ઼્ઝ઼તસે બન્દે તેરે સરફ઼રાઝ઼ હરબાર હો.—જેહાંમે.

બાદએ ઇશરતકી પીલા જામ તું તેરે 'બેઝ઼ારે' મીસકીનકો,
ન માયુસ ઇસ ગુલશને આલમમે કોઈ યા પરવરદિગાર હો.—જેહાંમે

કેરોસીન તેલનો ચુહુલો.

હાડકાં રંધાડો તો સઉ થાય.

ગોલવારની ગલીમાં બે માલના એક ઘરના કાતરીઆં ઉપર બમનશા હુશીઆર રેહતો હતો. તે પોર્ટ ટ્રસટમાંથી વીસ રૂપયાનો પગાર લાવતો તેમાંથી આઠ રૂપયા ભોણું વારા ધરાગીને આપીને બે વાર ખાતો અને નરવાળા ભીખાઇ ડોસાંને હડી રૂપયા ભારૂં આપી બાકી રહ્યા સાડા નવ, તેમાંથા ધોબી ધોવામણુ, હજામ, કપરાં ચપરાં અને કોઈ વખત નાટક ફાટક કરીને ખુશાળ રેહતો હતો.

એક દાહાડે પોતાની જીંદગીની વાત કરતાં એક દોસતે સુચના કીધી "યાર, બમન તું તો ગાંડો છે. બે ભુીન ભોણાના આઠ રૂપયા! શું ધાર આવી? કીરોસીનનો એક નાહાલો ચુહુલો લઇને તારા માલ પર રેહવા દે. બે ઇંડાં ઝપ દઇને ભાંજીને, તડ દઇને ફીણુ ચહરાવીને એક દોહોરીઆના ઘીમાં કકરાવીઆં કે ભોણુંજ ભોણું. તણ દોહોરીઆના ઇંડાં, દોહોરીઆનું ઘી, બે દોહોરીઆંનું પાંઉ—દોહોર આનામાં કાસર પતે. બીજાં બે દોહોરીઆં ખરચીને એક ગુલે ગુલાબ બેવરાનું ગલાસ ઠોકાએ તો ઊંઘતો એવી આવી જાય કે નરા કીંગ જાન!"

"વાત તો મારા ધ્યાનમાં ઉતરેછ યાર, પણ મારી વાહાલી ઘેરવાળી જાણે તો જીવ કાહારી નાખે તેનું કેમ?" બમનશાએ ચીંતાથી પુછ્યું.

"એહ તેમાં શું? સહવારના કામપર જઇએ તારે પેટીમાં બંધ કરી જઇએ ને રાતના સલગાવ્યે તારે બારણું પેહલાં બંધ કરીએ એટલે બસ." વાતબી ખરી! રોજ રોજ ઇરાનીને તાંથી ચરબીમાં રાંધેલું ખાધા કરતાં આએ કેવું સફાઇદાર ને વળી સસતું. લાવવા લઇ જવાની—વાસણ સાફ કરવાની પંચાતીજ નહીં. બમનશાના ધ્યાનમાં સઘળું સાબુત ઉતરી ગયું. બીજેજ દાહાડે શેખ અબદુલ રેહમાન સ્ટ્રીટમાંથી એક નાહાનો ચુહુલો સવા રૂપયે વેચાતો લીધો અને એક પતરાંની રકાબી, એક બાટલી ગીઆસનું તેલ, અને એક નાહાનો લોઢાંનો તવાથો લઇ તેનું ગુપચુપ બોચકું બાંધી ઓરડીમાં લઇ જઇ મેલ્યું. બમનશા શાહ બબરચી બન્યા. આહ! ઇડાંનો પોરો કેવો સવાદ લાગશે! એક દાહાડો અકુરી કરશું, એક દાહાડો આખી દાળના, વળી કોઇ વખત કેળાં તરીને તે પર! હત તરીકી! પછી ખા મારા બાપ! આ પ્રમાણે બમનશા હોઠ મટમટાવા લાગ્યો. વાંચનાર, તનેબી પાણી મોહમાં છુટેછ, પણ જરા સબર.

ભીખાઇ ડોસાં સાથ સાફ બોલી હતી કે મારીઆ પર ચુહુલો માંડે નહીં. તેવણ આગ વરાળના બીકે રાતના આઠ વાગા પછી દીવોબી રાખવા દેતાં ન હતાં. પણ બમનશા બારણું અંદરથી બંધ કરશે એટલે ડોસાં બીર ખાશે. પેહલે દાહાડે સાંજના ઘેર આવતાં તે પતેટા, કાંદા, કાચી કેરી, મરચાં, અછેર ઘી વગેરે લઇ આવ્યો. આજે તો ઉજાની કરવાની હતી. ઇરાનીને તાંહથી ભોણું બંધ કીધું હતું.

કેરીની કાતરી કરી તેમાં જરા કાંદો નાખીને આમલેતથી આજે મુખવાસ મહુરત કરવાનો વીચાર હતો.

હળવેથી બારણું બંધ કરીને કીરોસીનના ડબામાં થોડું તેલ ભરયું અને કાંડીથી સલગાવી ઉપર પતરાંની રકાબી મુકીને કાંદો છોલવા બેઠો એવામાં મારીઆના દાદર પર કોઈના ચહરવાના પગલાં સંભળાયાં. ઓ તારી! ઝડપમાં ચુહુલો પોતાની ખાટલી તલે ઢકેલી દીધો, અને રકાબી તાતી ગઇ હતી તે ઊચકતાં આંગલાં ડઝારી ફોફઇઆ પાડયા. કાંદા, છડાં, પાણી, ઘી વગેરે ભેળમ ભેળા થઇ ગયું, પણ ચીંતા નહીં. કોઈએ બારણું ઠોકયું—ઊઘાડીને જોયછ તો બીખાઇ ડોસાં !

"કેમ માશી—કંઈ કેહોછ?"

"કંઇ નહીંરે બા, મકુંજે આએ તમારે નામનો પોસનો કેઆટ આયોછ તે આપવા આવી. આજે બાહાર ફરવા નહીં સીધાવતા કે?"

"નહીં માસી, જરા મને લખવાનું સીનોરે આપ્યુંછ તેથી થોરા દાહારા નહીં જવાશે—શું કરીએ, પેટને સારૂં વેઠ કરવી પરેજ તો."

"હાજ તો, પણ મુવાને કહીએ કેની કે સાંજ કોરો બે ઘરી ફરવા જવા વગર કંઇ ચાલે" એટલું બોલી ડોસાંએ રૂખશદ લીધી કે બમનશાએ પોતાનું ખડખડ પાચમ પાછું કાહાડયું. જેમ તેમ બધું સીધું કરી પાછો ચુહુલો સલગાવીઓ અને રકાબીમાં ઘી કકરાવા મુકીયું. ઘીનો તો એવો સોડમ

આવે કે બમનશાના હૈયાં હરખાઇ હરખાઈ જાય. ઘી તપયું કે ઇંડાં રકાબીમાં રેડયાં—ઓ મારા બાપ! છણુણુણુ—છરરર—ફરી એવો તો છણુ છણાટ થઈ આવ્યો કે રખેને ભીખાઈ ડોસાં નીચે સાંભળે એવી બીકથી બમનશાહે બારી ધાંકી દીધી ને ઇંડાંના બળાતા પોરાનો બાહાકાટ તો એવો નીકળી આવ્યો કે નાકનો દાંડો ફાડી નાખે. જરા કોઇના પગનાં અવાજ સંભળાય કે બમનશા ફુક મારીને ચુહલો બુઝાવી નાખે ને ઇંડાંની રકાબી ઉપર ડગલો ધાંકી દીએ. આમ બે ચાર વાર કરતાં આખરે કંટાળીઓ એટલે જે બને તે ખરી એમ ઠરાવ કરીને ઇંડાંનો ચચરવાનો અવાજ થવા દીધો. પણ બળતું કેમ ઝીમાઇ જાયછ? ઓહો! તેલ બલી રહ્યું—બીજું નાખો. જેવું બાટલી ઊંચકી રેડવા જાયછ કે બારણું ઠોકાયું.

ખરી વાત એ હતી કે સાંજના બમનશા જ્યારે સામાણુ લઈને આયો ત્યારથીજ ભીખાઇ ડોસાંને તેને ખશીયાનો જેવો જોઈ વેહમ પરીયો હતો, અને તેવણ સુંઘારા લેયાજ કરતાં હતાં.

"પોસનો ફેઆટ" આપવાને મસે જ્યારે તેવણ ઉપર આયાં ત્યારે તેવણુની મતલબ "પસગવત" જોવાનીજ હતી કે એ શું વળી મદારીના ખેલ ચાલી રહ્યા છે. તેવણ પાછાં હેઠે ગીયાં હતાંજ નહીં, પણ બારણાંની પછવાડે ભગાઈને કુંચીના નાકાંમાંથી સઘળું જોવાની તજવીજ કરતાં હતાં. દેખાયું તો કંઇ નહીં પણ ઇંડાંના પોરાનો વાસ કાંઇ છુપાઇ રેહ? તેવણ બધું પામી ગીયાં ને મુવાના છાલ છોરાં કાહારવાની મતલબથી બારણું ઠોક્યું.

જેવું બારણું ઠોકાયું કે બમનશા ઘભરાયો, અને હાથમાંની બાટલી પડી ગઇ અને તેલ સળગી ઉઠયું.

"આગ—આગ—આગ"ની બુમ પાડી બમનશાએ બળતાં પર પોતાની ઓઢવાની સુજની નાખી બળતું બુજાવી તો નાખ્યું, પણ બીચાંરા ડોસાંના ડોળાનું ભડકું કંઇ એમ બુજાય!

"તું આવનો મરે—તારૂં સર સંડાસમાં જાય———" ઇત્યાદી ઇત્યાદી ઇત્યાદી—બાહાર બુંબા વાળાઓની બધુબર—અંદર બમનશાના બરડા ઉપર ધમાધમ ધનાવહુના ખાસરાંની છાપટ.

હવે પડદો પડવાની જરૂર છે. હમણાં બમનશાએ ઘેર બદલ્યું છે અને ઇરાનીને ત્યાંજ ખાય છે. આ વાત વાંચી સોરાબજી સીકનદર પુછે છે કે પેલો અરધો બળેલો નશીબવાન ઇંડાંનો પોરો કોણે ખાધો હશે!

સગાઈની ભેળસેલ.

એક રંડાયલો પુરૂશ જેને ઘણાં છોકરાં હતાં તેણે એક વીધવા સાથે નાતરૂં કીધું. અલબતે આ વીધવાને પણ છોકરાં હતાં. વખત જતે તેમનાં કુટુંબમાં બીજો વધારો થયો એક દાહાડે છોકરાં ભોંયતળીએ રમતાં હતાં તે વાર એકાએક મોટો સોહોર ઉઠયો, જે સાંભળી ધણીએ ધણીયાંણીને તેનું કારણ જાણવા નીચે મોકલી. ધણીયાંણી હાંફતી કાંપતી ઉપર આવી બોલી "ઓ આવારે **મારાં** છોકરાં ને **તમારાં** છોકરાં મલીને **આપરાં** છોકરાંઓને મારીને કટકા કરી નાખેછ."

મોબેદ બાદશાહનાં ઘરમાં સંભળાતા સખુનો.

"જાની પ્યારી, નઝાઇ મારી, વાત શું કેઉં તુને,
કાલે ગયલો બેહેદીનને ઘેર અસ્તુમ પહરવાને.
ભોણાંમાંતો અશેર અશેરનાં ઉતા કવાબ,
શાતે વરી પાપરી, શીરો, ચાપત લાગે સવાબ;
મલીદો તો એવો ઉતો ઘીનો ઝરઝરતો,
કે ઝીવતો થયો ઝોભરવાંને ઘણોજ લપલપતો.
'અરે ખદાયઝી, હું ઝો રોઝનું એવું એવું ખાઉં,
તો નઝાઈ તારા શમ હું કેવો ડાંગો થાઉં!
એવો એવો વીશાર કરતાં બોલાઈ ગીઉં કે 'અરે,
અહીં આગળ ઝો કોઈ નહીં હોય તો મઝા કેવી પરે!'
આપરેતો બા આસતે રહીને લીધા કવાબ શાર,
બોલ્યા મનસે 'નવરોઝ બસ્શા તારો બેરો પાર.'
લે દીલઝાન, તુંબી મારા બે કવાબ ખા,
અને પશી શોઝુ ઝેવું એકુ ગીત ગા.
પણ આવી તેવી, અમશી અમશી ફુક શાંની મારેશ?
કવાબ પરીઆશ થંડા બધા, કાંય ઝીવ તારો કારેશ?
પણ નઝાઇ પ્યારી, ખાવા ખરીઆ મને ઘણા ગમેશ,
એકેક રોઝરોઝ લાવ્યા કરઝે, દરરોઝ ને હંમેશ."

* * * *

"નઝાઈ આઝે શાર દારાના ખરીઆ ખુબ થાયચ શરશ,
ઝીવતો ઝાને એનો થાએશ કે ખાઉં વરશો વરશ."

* * * *

"નઝાઇ, આઝે ભોંણે મારો ખરીઓ નથી કેમ?
શું આઝે ખરીઓ ખાધા વગર રહી જવશકે એમ."
"ઝી લીધો તેતો આપરી બકરી ગુલી ગરીબ ગાય,"
"પણ ગુલીની શું તાકાત કે મારો ખરીઓ ખાય?"

* * * *

"અરે ઝી, આઝે તબીએત ઘણી ગુલીની ઘભરાય,
ઝીમાઈ જવાની તેયારીમાં શે, કંઇ કરશો ઉપાય?"

* * * *

"ગુલી દીકરી, શું છે મારી પ્યારી દીકરી ગુલ,"
"નહીરે બાવા કંઇ નથી, મારી તબીયત મળીચ ધુળ,"
"અરે મારી દીકરી, એમ કંઈ કરમાઇ જશે ફુલ?"
"અંઅંઅં, ઓઓઓ, ઓ કોઈ લેઓરે અંઅંશ, આંઆંશ,"
"કંઇ નહી વહાલી દીકરી મારી, અલ્લુ અલ્લ કાંશ."
દીકરી થાઇ હુશીઆર, શલાવ હાથ મરઘીપર ગોશ,
થાશે "દોસ્ત" તારો પરવરદેગાર બેઠો કોશ."

જુદી જુદી જાતની લાગણી.

ગેઇટી નાટક શાળામાં એક વાર કરૂણારસ નાટક ચાલતો હતો તે વાર ઉપર 'બાકસ' માં બેઠેલી એક બાઇ કટેરા ઉપર વાંકું વળીને આંસું પાડતી હતી, આ વાર પીટમાં બેઠેલો એક જાડો પારસી ભર મીજલસમાં ઉઠીને બોલ્યો "બાઇ તમારી નરમ લાગણીને માટે હું મગરૂર છું, પણ તમે ટીપાં પાડોછ તે મારાં નવાં બોખાં ઉપર પડેછ તેનો તો જરા વીચાર કરો."

સમજે તેનું મોહોત.

પુરૂશ ખાલી ઘેર શોધવા નીકલ્યો છે તે "ભાડે આપવાનું છે" એવું પાટીઊં વાંચીને ઓટલા ઉપર ચહડયો, અને પુછ્યું "ઘેરવાલા છે કે?"

ઓટલા ઊપર એક છોકરો બેઠો હતો તેણે જવાબ દીધો "નહીં. શેઠતો પોલીસમાં સમન કાહાડવા ગીઆછ."

"વારૂં, આએ માલ ભાડે આપવાનો છે તેનો બંદોબસ્ત શું છે, કાંઇ ખબર છે?"

"હા, બંદોબસ્ત એ કે રોકરા પૈસા—પાંચ દાહારા ઉપર થયા કે ઈસમાલકાજ કોરટ."

"અરે તેમ નહીં રે. હું પુછુંછ કે ભાડું શું છે?"

"પેહેલે મારના બાર ને બીજે મારના પંદર."

"પણ વરસ બે વરસની કોઇ મુદત કરે તો કંઇ ઓછું કરે કેની?"

"તેતો કોણ જાણે—આએ ઘેર બંધાયુંછ તારથી કોઈ બે મહીનાથી ઊપર રહ્યુંજ નથી."

પેચવન જવાબ.

શેઠાણી—અંહી આવ મંચેર, એ ટીપુ એટલી ચીશ કેમ પારેછ? તેં લાત બાત મારી કે?"

મંચેર—નહીં રે બાઇ, એતો તમે મને કાલ રાતનું વાસી ગોસ ખાવા આપ્યું કેની તેમાંથી જરા એને નાખ્યું તે સુંઘીને નકામો ચીસ પારેછ.

ફ્રોકટના પછાડા.

ખમાચ જિલ્લો—પદ.

(સરઅસર શુક્ર કરો—એ રાહ.)

રે કાં પછડાઇ મરો;
રીઓછો કાં મુરખો દર્દની દવાઇ કરો. ૧

માંથે શું મુરખપણુંની ગરમી થઇ,
કે હલકી ટોપી પણ ભારી થઇ ગઇ;
થઇ જાંગલા ફરો. ૨

ફેફસાં ફુગાઇ ફુટાં શું ખઇ રોગે,
કે સિગાર શોખથી પિવો સુખ ભોગે;
પરાઇ બદી ધરો. ૩

માંજે મુખડા જોવા ખાય છે હવા,
દરદી આંખોની તો એ નથી દવા;
નથી ઇલાજ ખરો. ૪

વાંદર સમ નકલ કરી હરખે મનમાં,
ડોલ કરે ફિલસુફી જઇ રાહુ જનમાં;
જાંણે ગ્યાન ઝરો. ૫

શાળા મિશનરીની બહૂ સદા ગમે,
રે કેહ ફિરોજ ધરમ પારકો નમે;
કઇ કઇ નાર નરો. ૬

ખરી બનેલી હકીકત.

એક ઈંગ્રેજી ન્યુસપેપરના ખાતાંમાં એક રીપોરટર હતો, જેને તેની અક્કલ પ્રમાણે પોલીસ, કારોનરની જુરી વગેરેનું પરચુટણ ફકરાઓ લખી લાવવાનું કામ સોંપેલું હતું. પણ તે હમેંશ અધીપતીને બેઝાર કર્‌યા કરે કે મને કાંઇ માહા-ભારત કામ સોંપો કે જેનો હેવાલ લખીને તમારા વાંચનારાઓના બાલે બાલ ઉભા કરૂં.

અધીપતીએ તેને ઘણોબી સમજાવ્યો, પણ પેલાએ તેનો પીછો છોડયો નહીં. એક દહાડે તેણે સુચના કીધી કે જો મને મેડહાઉસમાં જવાની રજા આપો તો હું દેવાનો છેઉં એમ ચરત કરીને આખી રાત રેહું, અને ત્યાં શું બનેછ, દેવાનાઓ કેમ રહેછ, તે વગેરેની બાતમી મેળવી ચડચડાટ હેવાલ લખી આપું.

અધીપતીએ જોયું કે આ પીડાને એક વાર બંધ કરવાની જરૂર છે તેથી હા પાડી, અને ત્યાંના જાણીતાં મેડ હાઉસના ડાકટર ઉપર ચીઠી આપીને મોકલ્યો.

રીપોરટરના જવા પછી તેણે એક બીજી ખાનગી ચીઠી ડાકટરને લખી, તેમાં બધો ખુલાસા કરી અરજ કરી હતી કે કાંઈબી કરીને આએ પીડાને એવો બીહીવાડવો કે ફરીથી નામ લે નહીં.

ડાકટરે આ રીપોરટરને ઘણુજ જાલમ દેવાનાઓના ખાતામાં એક એકાંત ઓરડીમાં બંધ કરયો, અને કહ્યું કે જે સંભળાય તેની આખી રાત નોંધ લેયા કરવી. પછી એક જબરા રખે

વાલને બોલાવીને તેના હાથમાં એરીઆના પાણીનો એક બાટલો મુકીને કહ્યું કે "આએ નવો દીવાનો ઘણોજ ઘાન્તી ભરેલો છે. એને આજની આખી રાત દર પંદર મીનીટે આ દવામાંથી એકેક ચમચો પાવો. જો એમાં ચુક થશે તો એને માથે લોહી ચહડી જશે માટે એમાં ફેર પડે નહીં."

રખેવાલને બે વાર કહેવું પડે એવું ન હતું. શું બન્યું તે રીપોરટરના પોતાનાજ શબ્દોમાં કહેવું વધારે ઠીક પડશે.

"ડાકટરના હુકમથી મને જે ઓરડીમાં બંધ કીધો તેમાં દેવાલ ઉપર ગોદરાં જડેલાં હતાં. એક વાર પકડાયા પછી હું બીધો કે મારેથી કાચું સ્પાર્ક ગયું ખરૂં. આસેપાસે ચીચારીઓ તો એવા ભણકાર પડતી હતી કે સહવાર સુધી મારેથી નીભાશે કે નહીં એ સવાલ હતો. એવામાં અચબુચ એક માણુસ મારી કોઠરી આગળ આવ્યો અને એક નાલાની બારી ઉઘાડી ચમચો ભરીને દવા પી જવાનો હુકમ કરવા લાગ્યો. મેં તેને સમજાવ્યું કે મને દવાની કશી જરૂર નથી, પણ તેનો એકથી બીજો થાય નહીં, અને ધમકી આપે કે જો હું મુગો મુગો પી નહીં જવશ તો તેને અંદર આવવું પડશે. મેં ગાળ દેવાથી તે અંદર આવ્યો, અને દવા પાવાની ફરી ઝીદ કરી. મેં સમજાવ્યું કે હું કાંઈ દેવાનો નથી, પણ ન્યુસપેપરવાલો છું, અને જો મને વધારે

સતાવવામાં આવશે તો હું તેને શીક્ષા કરીશ. આ મારા મોહોમાંથી બોલવું થયું કે પેલાએ લાગલી મારી ગલચી ધરી. મેં ઝટાક મારી ને ચમચો ફેંકી દીધો તેવોજ તેણે મને કળાથી ધર્યો, અને આંખના પલકારામાં દવા મારાં ગળાંમાં રેડી દીધી. તોબાહ! તોબાહ! શું તેનો સવાદ!

પેલો ખવીસ તો ગુપચુપ બાહાર ગયો, અને તેના માથાંમાં કાંઇ છુટું મારવાને હું આસપાસ શોધવા લાગ્યો, પણ હોય ક્યાંથી? બધુંજ જમીન સાથે સકુથી જડી લીધેલું. અરે પણ આએ રખેવાલ કોઇ બીમારને બદલે ભુલથી મારી કોટડીમાં આવ્યો હોય તો? અગર તે બીમારને કોઇ જાતની ઝેરી દવા સદી રહી હોય, પણ તે દવા મને પાતાં મોહોકાણ વળી જાય તો? હજુ તો આખ શુ કરૂંશું તેટલાં પેલો ચંડાલ પાછો આવ્યો, અને કહેજે—"ચાલો, દવા પીવાની વળી પાછી વખત થઇ." મને અચબુચ વીચાર આવ્યો કે જાંહાંછે તાંહ આએ કોઈ મેલછે, જેના હાથમાં અચબુચ મારી કોટડીની ચાવી આવ્યાથી આ પ્રમાણે મારા ઉપર જફા પાડે છે. તે માંહે આવ્યો, અને મેં ઘણીબી તાણનોડ કરી પણ મને ગળચીમાંથી પકડી પેલું ભુડું ઓશડ મારાં ગળાંમાં રેડી ચાલતો થયો. હું બારણાં આગળ જઇ 'ડાકટર ડાકટર' કરી બુમો પાડવા લાગ્યો જે સાંભળીને મારી આસેપાસેની કોટડીના બીજા ખરા દેવાનાઓબી 'ડાકટર ડાકટર' કરી ચીશો પાડવા લાગ્યા. મારી છાતી ઠડકવા લાગી, અને પેલો નાપાક હારેમન દર પા કલાકે આવ્યાજ કીધો. તેણે દર વખતે ભચડીને મને

દવા પાઇ જેમ કરતાં બે ત્રણ વાર તેણે મારા હાથ પગ બાંધયા અને દજન બંધ મુક્કાઓ મારી પીઠ ઉપર મારયા. દર વખત તે આવતો ત્યારે હું તેને સમજાવવાની તજવીજ કરતો કે હું દેવાનો નથી પણ લખવાવાલો છું, પણ તે દર વખત હસીને જવાબ આપતો કે "હારે હા—હું કાંઇ નથી જાણતો. કાલે ઉઠીને તો તું ગવરનરબી થશે, ચાલ હમણાં તો સુઇ જા."

મેં કહ્યું કે જો ફ્રકટ ડાકટરને બોલાવી લાવે તો રૂપયા ૧૦૦ આપું. પણ જેમ જેમ હું કાલાવાલા કરૂં તેમ તેમ તે પેટ પકડીને હશે.

દવાના છએક ભાગ લીધા પછી હું હાર્યો, અને ત્યારે તાણાતણ કરવાનું છોડી દઈ વખત આવે ત્યારે મારી મેળે દવા તેના હાથમાંથી લઇ પીવા લાગ્યો. આવી રાત તો ખોદા કોઈ દુશમનને નહીં બતાવે.

સહવારના આઠ વાગતે બારણું ઉઘડયું, અને ડાકટર હસતા હસતા માહે દાખલ થયા અને મને પુછયું કેમ રાત કેવી ગઈ?"

મેં ખુબ ફરયાદ કરી, અને પેલાએ મને દર પા કલાકે કડવી દવા પાઇ હતી તે ધણીની તપાસ કરવાની માંગણી કીધી. ડાકટરે પોતાની અચરતી બતાવી અને ખુલાસો કીધો કે મારીજ કોટડીની સાંબે એક દીવાનો છે તે પોતાને રૂશીયાનો શાહનશાહ સમજે છે તેને માટે એ દવા તો હતી, અને મને આપવામાં રખેવાલે ભુલ કરી હતી અને તે માટે તેને નોકરીથી બરતરફ કરવામાં આવશે.

હું ઢીલા ઘુમલા જેવો ત્યાંથી બહાર પડયો, અને ત્યારથી મારી હારીસમાં પગ મુકયોજ નથી. કેમજે મારા ઓડીતરે આ ડાકટર સાથ મલી મારી સાથ દગો રમીઓ છે એમ મને ભાસે છે અને તે માટે હું તેના ઉપર ફરીઆદી માંડનાર છું.

સ્ત્રીમાં હીંમત.

અંધારાંમાં બાહાર જાય, છાકટો 'સંજર' આવે તેને ધમકાવે, ચપરખંધા ભીખારીઓને પોલીસના હાથમાં પાંજરં આપે એવી હીંમત પારસી બાઇઓમાં હમે ઘણી જોઈ છે પણ એ કાંઇ ખરી હીંમમત નથી. ખરી હીંમતવાન તે એ કે પોતાના ખુલ્લા હાથમાં જીવતો ઉંદર પકડે! આવી ખરી છાતીવાળી નાર અમોએ સુરતમાં જોઇ છે. તે હજુ વીશ વરસની નથી, પણ જીવતો ઉંદર હાથમાં પકડે છે. જાણે સમજે કે રાંધણીમાં ઉંદર ખએરું કરે છે. બીજી સઘળી સ્ત્રીઓ કોઇ ખુરશી ઉપર, કોઈ કોચ ઉપર, કોઈ દાદર ઉપર ઉંધાડે પગે ચહડી જાય છે, અને ઈ—ઓ—કરી ચીશ પાડે છે. પણ આ બહાદુર છોડી દોડતા ઉંદરને ચડપ દેતો પોતાના હાથમાં પકડી લીએ છે. સ્ત્રીના ખુલ્લા હાથમાં જીવતો ઉંદર! વાંચનારી બેહેનો, આ હીંમતનો તમને કાંઇ ખ્યાલબી છે! તફડતા ઉંદરને પુછડીમાંથી પકડી તે પોતાની બીજી બેહેનપણીઓ આગળ હસતી હસતી જાય છે. પછી ચીચારીઓ અને ઘુમાઘુમનું શું પુછવું. સઘળા મળી આ બાઇએ જીવતા ઓગણત્રીશ ઉંદર પોતાને હાથે પકડ્યા છે. તેના કુટુંબીઓ વાજબીની રાહે તેણીને ખોટી પેહેલવાન સમજે છે. આહ! આ ફકરાનો લખનાર ઈચ્છે છે કે તે પરણેલો નહીં હતે!

કાંઈ ફીકર નહીં.

"જો જમશેદ, કાળે રાતના તું કલબમાં ખાવા ના જતો."

"કાંય વારૂ ડીઅર?"

"આજે સાંજના એક મસ મોટો ભીખારી આવ્યો ને મોટા મોટા ડોળા કહાડીને મારી પાસે ખાવાનું માગયું. તરત કંઇ આગળ નહીં હતું તેથી મેં ગીએ આતવારે પેલું પુડીંગ બનાવ્યું હતું તે બધુ "વેહલી વહલીએ આપી દીધું."

"પછી? તે બધું ખાઇ ગીયો કે?"

"અરે હારે—મુઓ તો તાંહનો તાંહજ બેસીને ખાઇ ગીઓ ને વરી નફ્ટ નાકે કેહજે હું કાળે પાછો આવના."

"કંઇ બીહીના ડીઅર—ત્યારે તારા દેખતા તારૂં બનાવેલું બધું કેક ખાધું તારે હવે તે આઠ દહાડા ઉઠવા પામનાર નથી."

સુથાર—(ખુશી થઈને) ચાલો, ઘણી મેહેનતે આખી પેટી પેક થઇ રહી. ઢાંકણુંને બરાબર બંધ કરવાને લગભગ એકસો ઇસકરૂ મારવાં પડયાં.

છોકરો—ત્યારે તો ચાલો, તમારા હથીઆરનો કોથલો ઉપાડો, હવે જઈએ.

સુથાર—અરે તારી, કોથલો તો પેક થયલી પેટીમાં રહી ગયો.

કળા !

કાઠીઆવાડમાં સાથોદરા ગામમાં એક પક્કા દેશાઇ હતા. તેણે એક નવું ઘર બાંધવા માટે જમીણનો પાયો ખણવા માંડયો, પણ પચાશ સાઠ મજુરો લગાડવા છતાં કામ ઝાઝું ચાલે નહીં. આથી દેશાઇ બહુ મુંઝાયા. એક દાહાડે જોય શું કે મજુરો બહુજ કામે વળગી ગયલા છે અને ધમાધમ પાવડા કોહાડી ચાલી રહ્યાં છે. મજુરો પોતાની મેળેજ વેહેલા આવે અને મોડા જાય અને બરાબર ખાધાનું એ લે નહીં ને પાછા કામે વળગી જાય. સપાટાબંધ પાયો ખણાઈ રહયો એટલે દેશાઇએ તેમને કાઢવા કીધા, પણ કેમે કરતાં મજુરો જાય નહીં અને વધારે ખોદવા માંગે. દેશાઇ તો બહુ રાજી થઇ ગયા અને મન સાથ હસ્યા કરે. હવે વાંચનારને આ અચબુચ ફેરફારનો ભર્મ જણાવવાની જરૂર છે. દેશાઇએ એક રાત્રીએ મજુરોના ઘર જવા પછી એક જુના ત્રાંબાના પત્રાં ઉપર નીચલા હરફ કોતરાવી પાયો ખણાતો હતો ત્યાં દાટી મુકયુ. આ પત્રાં ઉપર લખ્યું હતું કે "આ જગાએ મોટું ધન ગારેલું છે. જેને હાથ લાગે તેણે શ્રી સ્વામીજીના મંદીરને ચોથો ભાગ અર્પણ કરીને બાકીનું પોતે લેવું. જે ધણીને હસ્તક જમીન હોય તેનું કાંઇ ઉપર ચાલે નહીં—સહી રાજા વીક્રમ." સહવારના ભોલા બેગારીઓએ ખોદવું શીરૂ કીધું એવામાં આ નામાંકીત લેખ હાથ લાગ્યો એટલે પછી પાયો જલદી ખણાય તેમાં નવાઇ શી ?

ભોળો ભાટ ભૂલો.

માંડ—ગરબી.

છંદગારી થારે ઓડણે મેવાડા રે મળી—એ રાહ.

હું તો ભોળો ભાત ભૂલો મ્હારૂં નામ છે જી.
મ્હારૂં નામ છે જી રે મ્હારૂં નામ છે જી. ૧

લેઉં હું ઉધાર સહુ—દેઉં નહીં દામ;
જેનું તેનું ચાંપી જાઉં—એજ મ્હારૂં કામ. ૨

ભલે સોનું ખુલ્લું મેલો—લેવો રામ નામ;
બચકો મ્હારે કામનો—ને કોડી છે હરામ ૩

શેઠો ખિસાં ના તપાસો—આવે ન કંઇ આળ;
પૈસો નહીં પીટું; ચોરૂં વીટી ને ઘડિઆળ. ૪

ઓલિઓ બની કાતર ધરી—ચાલું હાટમાં;
ભારી ખીસું ધક્કાધકે—કાત્રું વાટમાં. ૫

જહાલી જો શપાઈ જાય—કોટવાલ પાસ;
વિન ભાડે મફત ખાઉં—ભલે બે ત્રણ માસ. ૬

અજાણ જગે ફરયો તો—હું બનું ઝટ ભૂલો;
પુછે નામ તો હું કહું—ભાઇ હું ભૂલો. ૭

જે બિચારો નામ ન જાણે—હેને ના દ્યો દુઃખ;
જવા દ્યો કહે ફિરોજ—જોઇ ઘેલું મુઃખ. ૮

વગર પૈસે ઉજાની.

ચાર સાધુ સુકાળ્યાઓ ખરચી એકદમ ખુટી જવાથી ભુખે મરવા લાગ્યા. કોઈ ધીરધાર કરે નહીં. એક દીવસે તેઓ- માંથી એક નામે હકીમજી બોલ્યો "જુઓ પોરીઆઓ, આજ તો આપણે પરેટામાં ગોસ્ત પકાવીને ઉજાણી કર્યે."

સર્વેએ પેહેલાં તો વાત હસી કહાડી, પણ જ્યારે હકી- મજીએ પોતાનો 'પ્લાન' સમજાવ્યો ત્યારે તેઓ તે સંપૂર્ણ રીતે પાર પાડવાને તૈયાર થયા. એક લોઢાંનો જીણો આંકડો તથા સુતળીનો ટુકડો લઈ તેઓ ચંદની ચોક બજાર ભણી હીંડ્યા, જ્યાં કસાઇની દુકાનો તથા પરેટા કાંદાવાળાઓની દેવ- રીઓથી સઘળું હલમલી રહ્યું હતું. બે જણ કસાઈની દુકાને ઉભા, અને બેએ કાંદાવાળાની દુકાનની ભેટ લીધી હકીમજી વાંકા ટીકા થઇ એક ગોસ્તનો કકડો તપાશે છે તેવામાં તેના સાથીએ કસાઇને આંખ મારીને હળવેથી કહ્યું કે "આ કોઈ બડો મુર્ખો દેખાય છે. આ આકડા વડે એની ડગલીસે એક ગોસ્તની ટાંગ લટકાવ્યે તો કેવી મજાહ પડે."

આ સુચના કસાઇને ઘણી ગમી, અને રમુજને થકી એક નાહાંની ટાંગ સુતલીસે બાંધીને હકીમજીની ડગળીને પછવાડેથી કાંટા વડે પોરવી. હકીમજી તો જાણે જાણુતા ન હોય તેમ હળવે હળવે ચાલવા લાગ્યા. કસાઇ અને બીજા તમાશગીરો તો આ મુર્ખ હકીમજીનો રંગ જોઇને પેટ પકડીને હશે. હકીમજી જાણે ચીરડાઇને ગાળો ભાંડવા લાગ્યા, અને જ્યારે લોકોએ હુર્યો કરવા માંડયો ત્યારે ગાળ દેતા નાહાસવા માંડયું.

તેવણ દોડયા જાય અને ગોસ્તની ટાંગ પછવાડે ઘસડાતી જાય. તેવણ કાંદા પટેટાવાળાની દુકાન આગળ જ્યારે ભાગતા આવ્યા ત્યારે તેમનાં બીજા બે સાથીઓ જેઓ ત્યાં ઉભા રહ્યા હતા તેઓએ "મારો, મારો" "વાહ-વાહ" કરીને નાહાસતા હકીમજીને કાંદા પટેટા છુટા મારવા માંડ્યા. લોક પણ સાથે કાંદા પટેટાના મારમાં સામેલ થયું.

હકીમજી તો ઉભી પુછડીએ નાહા, અને તેમના સાથીઓએ રસ્તામાં વીખરાઇ પડેલા કાંદા પટેટા ભપકામાંજ ઉહાવી ચાલવા માંડયું. ઠરાવ પ્રમાણે તેઓ ગામની પાદરે મળ્યા અને ઉજાણી કીધી. બીજે દહાડે કસાઈને આ ચોકડાંની ખબર પડી ત્યારે તેના મનમાંથી શું પસાર થયું હશે તે સમજવું શેહેલ છે.

શેઆલમાં ડીફાં.

ખલીફ મુસતાફાના સરદાર મલીકશાહે ગ્રીક લોક ઉપર ચહડાઇ કરી અને ઝીત મેળવીને ગ્રીકના પાદશાહને કેદ કર્યો. જ્યારે કેદીને મુસલમાન સરદાર પાસે લઇ આવ્યા ત્યારે સરદારે પુછ્યું "એ કાફર રાજા, મારથી તું શું વકી રાખે છે?"

ગ્રીક પાદશાહે જવાબ દીધો "અગર તું ખરી પાદશાહી લડાઇથી જોર અજમાવનારો સીપાહ બચ્ચો હશે તો મને છોડી દેશે. અગર તું વેપારી બચ્ચો હશે તો મને છુટો કરવાનું મોહ માંગ્યું દામ માગશે, પણ જો તું કસાઇને પેટનો હશે તો અલબત મને જબેહ કરશે."

મુસલમાન સરદારે તેને તે વારજ છોડી દેવાનો હુકમ કીધો.

જાહેર ખબર.

ઘણાક ડાકટરો હમણા માખ મારેછ, અને જાહેર ખબર વટીક છપાવવાના પૈસા મળતા નથી તેઓમાંના એકે અમારી મુલાકાત લીધી. તે ફરીયાદ કરવા લાગ્યો કે હું ઘણો હુશીયાર છું, વાહાડકાપ અચક્કું કરી જાણું છું તોબી એક ઘરાકબી મને પુછતું આવતું નથી.

આ બીચારા ઉપર દયા કરી અમે તેને ઉપાય બતાવ્યો, અને તેણે ખુશી થઇને રજા લીધી.

બીજે દીને સહવારના એક ઘરડો મેબેદ મોહોલે મોહોલે ફરીને નીચે પ્રમાણે પોકારતો બધાં ગામે સાંભળ્યો. "સરવે સાહેબ લોકોને ખબર અનેથી આપ્યામાં આવે છે કે, ગીરગામને નાકે ફરંગીના દેવળ આગળ ડાકટર ભપકાજી સપકાજી એલ. એમ. એંડ એસ; એમ. બી—એલ આર. સી. પી. રેહે છે, જેવણ હમણાંજ વેલાતથી સાત વરસ સુધી ત્યાંની બારથોલોમીઓ આસપીટાલમાં બઇરાંઓનાં તથા છોકરાંઓની બીમારીની કેળવણી લઇને આવ્યા છે, અને જેવણ હમેંશ પોતાના મકાનમાં બપોરના બાર વાગતાથી તે બીજે દીને બપોરના બાર વાગતા સુધી મલે છે, તેવણનો એક ઘણોજ કીંમતી કુતરો ખોવાયો છે. જે ધણી તેને લાવી અથવા મેળવી આપશે. તેને રૂ૨૦૦૦) નું ઇનામ આપવામાં આવશે. શોધી લાવનારે ભોંયતળીએ દવાખાનામાં બીમારોની ગીરદી જોઇને રોકાઇ રહેવું નહીં, પણ તુરત રૂપેરી પટાવાળા સીપાઈ પાસ પોતાનું નામ માલપર દીવાનખાનામાં

ડાકટર સાહેબને મોકલાવી આપવું તથા સાથે રૂ૨૦૦૦) ની રસીબ તીકીટ મારીને લેતા આવવું ! "

બે ચાર દહાડામાં તો ડાકટરને નામની હોહો થઇ ગઈ. એક કુતરાને સારૂં બે હજાર ઈનામ ! વળી સાત વરસ વેલાતમાં કામ કીધેલું ! ખરેખર ઘરાકોની શું ભીડ પડતી હશે. ઉપાય રામબાણ કામ લાગો. ડાકટર ભપકાજી સપકાજીનું કલ્યાણ થઇ ગયું છે. કુતરો સાનો ને વાત સાની.

મા, મેં ભલા કે મેરા ભાઈ?

એક ભલા ગ્રહસ્થ ઉપર તેની સ્ત્રીનું ભારી ચલણ હતું. તે બચારાને ડોળે ડોળે ભડકાવીને મારી નાખે. એક વાર આ ભલા ગ્રહસ્થના કેટલાક મીત્રોએ તેને ઉજાણીએ લઇ જવાનો આગ્રહ કર્યો. તેની સ્ત્રી કેહજે ના, ને ધણી કેહેજે હા. આ પ્રમાણે આ બન્ને વચ્ચે જીદ પડી. ગ્રહસ્થ કહે ઠીક છે, તું ના કહે તો નહીં જાઉં. રાતના આઠ વાગ્યા તોએ તે આવ્યો નહીં એટલે તેના મીત્રો તેની શોધમાં તેને ઘરે આવ્યા. જોય શું, કે એક ખાટલી ઉપર ધણી અને બીજી ખાટલી ઉપર ધણીયાંણી બન્ને ભર ઉંઘમાં પડેલાં છે. કૌતક એવું બન્યું કે, ધણી બહાર ન જાય તે માટે સ્ત્રીએ ગુપ્ત રીતે તેને અફીમની ગોળી ખવાડી હતી, અને તેમજ સ્ત્રીથી છટકી જવાની મતલબથી ધણીએ સ્ત્રીને ગુપ્ત રીતે નાહાજુમ ખવાડયું હતું..

હાજર જવાબી.

આસ્ત્રીયાના શાહાનશાહ જોસફની ચાર સીપાઇઓ ઉપર ખફગી ઉતરી. શાહાનશાહે હુકમ ફરમાવ્યો કે આ ચારમાંથી એકને ફાંસી ચહડાવવો, અને બીજાઓને ગામમાંથી હાંકી કાહાડવા. વળી તેણે બીજું એવું ફરમાવ્યું કે ચારમાંથી કોને મોહોતની સજા કરવી તે પાસા નાંખીને નક્કી કરવું. ત્રણ જણે આ વાત કબુલ કરી, પણ ચોથો એકથી બીજો થયો નહીં. તે એક ગજ ખીસ્સાંમાં બહાર કહાડી બોલવા લાગ્યો "પે-એમ કંઇ થાય. શાહાનશાહની સોરતી રમવાની સખ્ત મનાઇ છે ને હું મરતાં સુધી તે હુકમ તોડનાર નથી" આ હાજર જવાબીની શાહાનશાહને ખબર થઇ, અને ચારોને છોડી મેળવામાં આવ્યા.

ભીખારી—બાવા સાહેબ, હું—માબાપ, બાયડી છોકરાં વગરનો છું;—કાંઈ આપો સાહેબ.

રાહદારી—અડગરા, ત્યારે તો તું મારા કરતાંબી સુખી છે. જા, મુંગો મુંગો જઇને બજારના ઓટલા ઉપર દોહોડીઆંનું પાંઉ ખાઈને સુઇ જા.

અમને ઠીંગણી ઢળીઆ જેવી બાયડી ઘણી ગમે છે, કેમજે અમોએ હીસાબ કાહાડ્યો છે કે મોટી સ્ત્રી કરતાં ઠીંગણી સ્ત્રીનાં કપડાં લત્તાંનાં ખરચમાં વરસ દાહાડે સેંકડે વીશ ટકાનો ફેર પડે છે. લાંબી બાયડીને બાર ગજની સાડી ને ઠીંગણીને ૯ ગજની!

કારાં માગ્યે ટાહેલાં.

કામમાં જાથક રોમાંચ રહેતાં માણસોને 'કારાં માગ્યે ટહેલાં' નામની પીડાઓ નડે છે તે કોણુંને માલમ નથી. પણ એમ પીડાનું મોટું દુ:ખ ઘણું કરીને વર્તમાનપત્ર ચલાવનારાઓને નડે છે, અને તે માટે તમારા સેવકે એક રામબાણ ઉપાય શોધી કાહાડયો છે, જે મારા બીજા ભાઈબંધ અધીપતીની જાણ માટે છુપી રીતે અત્રે જાહેર કરૂં છું. મારી આફીસ ખાસ્સી ત્રીજા માળ ઉપર છે. અને મારા ઓરડામાં દાખલ થવા પહેલા એક જાળીનું બારણું ઉઘાડવું પડે છે તે છતાંબી ચોકસ કારાં માગ્યે ટોહેલાઓ એવાં જાશુક આવી વળગે છે કે બાધ્યાં છુટતાં નથી, અને બધી મારી ચાહે પી જાય છે તેતો જુદી. ઘણીવાર વીચાર કરી આખરે મેં એક ઉપાય શોધી કાહાડયો "સાહેબ મેહેરબાન જાંગીરજી બા" કરી લેહેકો કરતા અને તપકાર સુગતા કારાં માગ્યે બેજાંના ખીમાજી ખભે છતરો મારીને દાખલ થયા. મેં કહયું "દોસત ખીમાજી, બલતાં લોકો આવીને મને સારો દાહાડો કંટાળો આપેછ તેથી મેં મારાં બારણુંને અંદરથી સાંકળ દેવાનો ઠરાવ કીધોછ. પણ ચોક્કસ મારા દોસ્તો એવા છે, કે જેઓને દરરોજ જોવા વગર ચાલેજ નહીં—જેમકે તું, દોસ્ત ખીમા—તેથી મેં એવી તાલ કીધીછ કે જે મારા જીવે જાનના તારા જેવા દોસ્ત છે, તે લોકને એક છુપી ઇશારત શીખવીછ, કે તે લોક આવે ત્યારે મને તુરત માલમ પડે. તેથી હવે જયારેબી તું આવે કેની ત્યારે એમ ઠોકજે એક—બે—ત્રણ્ આસતે ને પછી બે જલદી."

ખીમાજીને આએ ગોઠવણ ઘણીજ ગમી, અને હવે જ્યારે આવેછ ત્યારે પાંચ ટકોરા ઠોકેછ, પણ કોણ જાણે શું થયુંછ તે જ્યારેણા તેવણ આવેછ ત્યારે હું બહારજ ગયલો હોઉંછ તેથી મારો જીવ બલીને ખાખ થઈ જાયછ.

બમનચાર—પોતાના દરેક બુક સાથ ખાંડીબંધ રાઈ તથા સરકો ખાતો છે તે જોઈને—

હોરમજચાર—દોસ્ત, એતું શું કરે ? તુંને ખબર છે કેની કે સરકો ને રાઇ ઘણી ખાધામાં લીએ તો માણસનું અંગ તાવી નાખે. એક તો તું સોહોરાઈને છોડાં જેવો તો થઈ ગીયોછ ને વળી સરકો સાનો પી મરેછ ?

બમનચાર—શું કરૂં દોસ્ત, પાંચ વરસે હમણાંજ એક દજન બદીઆન નવાં રીવાડયાં ને રાસકલ દરજી ગલાંમાંથી તાઇટ કરી લાવ્યો. ત્યારે શું બધાં રદ કરૂં ?

કરચલીના કારણ.

અમોએ ગણત્રી કીધી છે કે દર વખત જ્યારે એક સ્ત્રી પોતાના ધણી સાથ વઢે છે ત્યારે તેણીના ચેહેરા ઉપર એક કરચલી વધે છે, અને દર વખત જ્યારે સ્ત્રી પોતાના ભ્રથાર સાથ હસે છે ત્યારે તેણીના મોહ ઉપરની એક જુની કરચલી જતી રેહે છે. આશા રાખ્યે છૈયે કે આ ખબર જાહેર થવા પછીથી સ્ત્રીઓની ચાલચલણુમાં કાંઇક ફેરફાર થશે.

આંધળી જોડી.

બે ગ્રહસ્થો એક રેલવે ટ્રેનનાં ફર્સ્ટ કલાસમાં બેઠા છે.

૧—(કાચનું બારણું પવન ઘણો લાગતો હોવાથી ઉપર ચહડાવતાં) 'બસ મને તો આગગાડીઓમાં પવન સહ્તોજ નથી'.

૨—(તેજ બારણું પાછું ઉતારતાં) 'પણ સાહેબ તમારે લીધે હું તાપમાં ભુન્જાઉં કે!'

એ પ્રમાણે બંને જણ જીતે પડ્યા હતા, તેવાંમાં એક સ્ટેશન આવ્યું તે છતાં એક પેલું ફડકું ચહડાવે તો બીજો તેજ પાછું ઉતારે ને કહે કે 'મનેબી તારા જેટલોજ હક છે.' આ ગડબડ વખતે ગાર્ડ તે ડબા આગળથી જતો હતો તેણે આવીને કહ્યું કે "સાહેબો, માફ કરજો, પણ આ ફડકાંનો કાચજ નથી."

જ્યારે મુંબઇમાં અર્લ ડફ્રીન વીદાય થતી વેળા આવ્યો ત્યારે કેટલેક ઠેકાંણે આરકાં ઉભાં કરીને તે પર જુદી જુદી તરેહથી મુબારકબાદી આપી હતી. તેમાં સેવકે એકગમ વાંચ્યું કે "The Governor is Coming." બીજા આરકાં પર લખેલું કે "God help us." એવી રીતે જુદાં જુદાં આરકાં વાંચતાં સરઘસ સાથે હું ચાલતો હતો તો હું શું જોઉં છું!! મી૦ શેરાબજી સીકંદરના ઘર આગળ આવતાં 'સંડાસ' ને મથાળે આરકું ઉભું કીધું હતું કે "Wel come"!!!!

કાંગળી કુંગળી ધનકુબાઈ—અંહ! ડાકટર! જીવને જરા ગમતું નહીં—શું કરૂં?

ડાકટર—તમોને આશાયસની ઘણી જરૂર છે. બીજું હું કાંઇ ફરમાવી શકતો નથી.

કાં૦ કું૦ ધ૦—બસ! આશાયસ? ત્યારે મને એટલી અકર વકર કેમ થાયછ—જુવોની મારી જીભ.

ડાકટર—(જોઇને) જીભનેબી કાંઇ નથી, ફકત એનેબી જરા આશાયસ આપશો તો બસ છે.

(સમજે તેનું મોહોત.)

ખીસાં કાતરૂ—એતું ખાતું ખરાબ થાય. શેહેતાનબી શું અમારા ઉપર રૂઠયોછ, કે આજે બાર પંદર દાહાડા થયા ઠંડી જતીજ નહીં તેથી અમારૂં કામ ઘણું બગડેછ.

મરધી ચોર—તે કેમ? ઠંડી પડે તેમાં તુને શું?

ખીસાં કાતરૂ—તો બધા જણુ પોતાના ગજવાંમાં હાથ ઘાલીને ફરે એટલે પછી અમે ભુખે મરીએ કે?

માસ્તર—ગુલબાઈ પોંહોચા—બોલો—આપરાં પાપો માફ થાય તે અગાઉ આપરે શુ કરવું જોઈએ?

ગુલબાઈ પોંહોચા—જી, માફ માગવા અગાઉ પાપ કરવાં જોઈએ.

તાંજા ઇંડાં.

સહવારના નાસતા ઉપર જમશેદજી ચાન અચપુચ બોલી ઉઠયા "આપરે, છેતે, જીલાઈ, આપુને દર મહીને ઈંડાંનો કેટલો ખરચ થાયછ ?"

"ઓવાય! હું જાણું કે ખરી ખંખારીને શું મોટું પુછેચ—તમેથી સહવારના પોહોરમાં કોઇ દુશમન તમારી હોય તેના ડોરા ના બારો."

"નહીં, તોબી ? આસરે કેટલાના ?"

"વરી કેટલાના ! આઠ દાહારે રૂપયા દોહર એના આપતા હોશે. મુવા તમારા સોભતા મીસતરીને પુડીંગ પડીને સારૂં રોજના ચાર પાંચ તો જોઇયે. તેમાંના કેટલાં તો અના પેટમાં જતાં હોશે."

"જો જીલઇ, આપરાં લોક કેટલાં બેવકુફ છે. ચાર પાંચ મરઘી પાલી હોય, તો પૈસાના પૈસા બચે ને વરી તાંજા ઇંડા મળે તે તો જુદાં. આપરા લોકને પૈસાની કદરજ નથી. સાચ્ચું કેહુંછ."

"ઓ માય આવો—તમે શું વરી એ કુદતા ક્કાંહારાંરી લઇ ઉઠયાછ ? મરઘીઓ પાલીને વરી કાંહ જઈએ- હવે મુગા મુગા ચાલેછ તેમ ચાલવા દેઓની."

"પણ શું કામ; પૈસા તે કંઈ નાખા દેવાના છે કે ? મરઘીઓ કાંય નહીં પાલે ? એમાં શું મોટી વાત છે ?"

"અરે વાત શાની ને વગત શાની—પણ એ મુઆંઓને રાખીએ કાંહ ? મુઆં અધીને ઘેરમાં નખસતાન વારે. પાર પરોસીઓને કંટારો, આપુને કંટારો !—મરધાં બટકાં પાલવાના તે કાંઈ આપરાં કામ છે ?—એતો વારી બંગલા હોય તેને પરવરે."

"ઠીક છે—ઠીક છે—તે બધું જોઇશું—તેનો જોખમ અમારે માથે છે. સેવક એવી તો ગોઠવણુ લગાવંછ, કે મરઘીઓ કાંહ ફરકેછ તે કોઈનો પીદદર જાણશે નહીં."

"પણ કાંહ રાખશો તે તો કેહો ?"

"એક અનાથીઓ ઉતો તેને સારાં ગામની પંચાત હતી—તેનું તુંને શું ? મારીઆ પર પાટીયા પરેલાં છે તે લેઇને બે ચાર દોહોરીઆંના ખીલા ને એક હથોરીનું કામ—પા કલાકમાં જો તો ખરી, કે શું કરી આપુંછ તે."

"સારૂં, તમારે ગમે તે કરોની—વરી કાંઇ નવતું ડોહોર કરીને કામ ના વધારતા બા—હવે તો જીવમાં ધુજવાનું ચેત નથી, ને બે દાહારા હોશીયારી કરી ને પછી કેહેશે જીલાઇ, આએ સાફ કર ને પેલું સાફ કર, તે કંઇ અહીં બનવાનું નથી. હું સાફ કેહુંછ."

"બસ—બસ—બસ—બસ—એ ભેજાંનો ખીમો સેવકને જોઇતો નથી. તમુ લોકને શું છે—બાવા બોલીઆ ને દાહાડી હાલી—દર આઠ દાહારે બે રૂપયા કાહારી આપો, કે એવણુ જી ભરાયાં-ઈંડાંના પોરા જમે, ને વધીયું સધીયું ઢેરાને બાણુએ જાય જે ખાવાતું વધેલું રાતના ભીખારીઓને આપીએછ તે

મરઘીઓ ખાસે તો કેવી આસુદી થશે, એમાં ખરચ શું થવાનો છે? લે વરી, કેહશે કેહેચ !"

જમશેદજીના ભેજાંમાં એક વાત આવી કે પછી કાંઇ વાર લાગે ! બોહોંસના મારીયા તેવણ સીડી મુકીને મારીઆ ઉપર ચહડયા, અને ચાર પાંચ લાંબાં ટુંકાં પાટીયાં સોધી કાહાડીને ધરાધર નીચે નાખ્યાં—સાથે લાગાં પોતાના માંચા ઉપરથી ધરાધર બે ચાર ડીબાં મારીયાના નીચાં છાપરાં સાથે અફાળીને પાડયાં.

જમશેદજી ઉમરના જરા પુગેલા હતા, અને ખાસા પોહોળા ચોડા ઠીક હતા. તેવણુને તરેહવાર વેળાં લાગેલા હતાં. ઘડીમાં ઘેરને લીલો રંગ લગડાવે તો ઘડીમાં દાહાડી રાખે—કોઇ વાર આએ બારી ઉખેરી નખાવીને ત્યાં બારણું મુકાવે તો કોઈ વાર ગુચ્છાજ કપાવી નાખે. એવા જમશેદજી, આપણા લોક કેહેછ તેમ, ચટપટીઆ હતા.

આ વાર તેવણને મરઘી પાલવાનો ધખારો બેસી ગયો હતો. તેવણુ પોતાના મન સાથ એવી તકરાર લાવ્યા હતા કે એમબીને એમબી રાતના ખાધાનું, બપોરના ચાવલ તો ઢગલાબંધ બારણે પડેછ ત્યારે તે પાલેલી મરઘીઓ ખાય ને મુફતના ઇંડાં મળે તે ભલું, કે મેલાં અખનતર જેવા સદરાવાલો ઇરાની ઇંડાં વેચવા લાવે તેના દર આઠ દાહાડે બે રૂપયા આપીએ તે ભલું. રોજ સહવાર પડે ને ઇરાની સાથે માથાઝીંક ! આજે તો બે કોહેલાં નીકલ્યાં, કાલે ચાર નીકલ્યાં. ઈત્યાદી. અજબ છે કે રાંડીઆંઓને મરઘી વગર ચાલેછ. નાપાકની ખાધીઓને ઈરાનીના કોહેલાં ઇંડાં ખાતાં કોલારોબી:

નહીં થતો ! વાંચનારી બાઇઓને અમારી નમનતાઈ ભરેલી અરજ છે કે ઉપલા સખુનો અમારા છે એમ ગણીને ગુસ્સો કરશો નહીં. જાણો કે એતો જમશેદજી ચાન પોતાના મન સાથ વગાસે છે.

બણુ દાહાડા સુધી જમશેદજીના માલ ઉપર ઠોકાઠોક ચાલી રહી. શું છે ? નહીં રે એતો જમશેદજી પોતાના હાથે મરઘાંનું પીંજરું બનાવેછ ! એકતો વળી પોતે હુશીયાર ઘણા, અને મોતાળ સુથાર એટલે પાટીયાં ખુટીયાં તેની જગાએ એકાદ બે ફાલતુ સાગવાની બારણાં હતાં તે ઠોકી ઘાલ્યાં, અને તેમાં ખરપાસ હાથે ખીલા નાકતાં બધું ફાડી ચીરીને મોટાકાન વાળી મુકા. શાંયણીમાં તો ખારસી ડાકટરની દુકાન પાનેજ હતી. જમશેદજીને કાંઇ ઘણું નુકશાન થયું ન હતુ. હથોડાથી એક અંગુઠો ચપટો કરી નાખ્યો હતો, અને કરવતીથી ચારેક આંગળાંનાં લગભગ ગબચાં કાહાડયાં હતાં, બસ એટલુંજ- તે છતાં જ્યારે મરઘાંખાનું તૈયાર થયું એટલે જમશેદજી મગરૂરીથી "હાત તારી" કરીને જોવા લાગ્યા. એ ઉપરાંત બીજી કસી નકશાની થઇ ન હતી—ફકત ગજવામાનાં ઘડીયાલનો કાચ ભાગી ગયો હતો, અને સાત રૂપયાની લાલ પાજની ઇજારમાં ખાલો ભરાઇને ચીરીઊ નીકળ્યું હતું.

હવે મરઘાંખાનું તો થયું, પણ અંદર મરઘાં જોઇએ. સારી જાતનાં મુકતી મરઘીઓ પસંદ કરવાનં કાંઈ ખાવાનું કામ નથી. મારા જેવા સમજુ માણસે તો એવા જોખમમાં હાથ ઘાલવોજ નહીં જોઇએ—પણ જમશેદજી ! આફરીન

ફેરદોશી તારા રવાન ઉપર ! મરઘાં પારખવામાં જમશેદજીની જોડી ન હતી—એટલે જે જમશેદજી પોતે મન સાથે એમ સમજતા હતા. તેવણ એક દાહાડે આઠ આના ગાડી ભાડું ખરચીને કરાફરડ મારકીટમાં ગયા, અને કોઇ રડતાને હસાવી આવ્યા—અથવા આદમજી ગીયા ને ગધેડાં વસાવી લાવ્યા. હેલકરીને માથે પાંચ ગરઘી અને એક મોટો રાણી મરઘો ઊંચકાવીને હાંફતાં હુફતા ખડી હુકમાઇથી લાવીને ઘરમાં મેલ્યાં. પોતે તો બીજે માલે રેહતા હતા ત્યાં કુવાની પાસે મરઘાંખાનું ગોઠવ્યું હતું તેમાં રાતોરાત તો મરઘાં બંધ કરીને સુવા ગયા.

સહવારના ત્રણ વાગ્યા હશે એટલામાં તો રાણી મરઘાજી વાસ્યા. વાસ્યા તો વાસ્યા, પણ એવા લલકારીને કુકડે કુકના રાગડા કાહાડયા કે જમશેદજીના પાંચે મારના ભા઼ત તો શું, પણ આખો મોહોલો સજાગરૂ થયો. મરઘાજીએ માંડ રાગ ઉપરથી ભૈરવી અને તે પરથી તીલાના ઉપર એવા ઉતરયા, કે નામાંકીત ગવૈયા કૈલાબક્ષબી લજવાય. જમશેદજીને તો આઠ વાગતે ઉઠવાની ટેપ; પણ બલા પોતેજ ઘરમાં ઘાલેલી એટલે ઊંઘતો ગેઇ, પણ ચીંગા થઈને પડી રહ્યા. તેઓના સુવાના ઓરડાની આગળજ કુવો હતો એટલે આ કવખતની રાગ રાગનીઓથી જીલાઇનું તો પાકીને પલેકાર થઇ ગયું. તેવણ પેહલાં જીને સાદે બરબડવા ને પછી તો મોટે સાદે ખભરવા લાગ્યાં "ઓ વાય ! એ સાં જુલમ ! દીસે બેસવાનો કરાર નહીં ને રાતના સુવાનો કરાર નહીં. પાર પરોસી ને માય બાપ—સહવારના બધાં સાથ કજીઓ કરતાં કેમ પરવરશે—ઇત્યાદી ઇત્યાદી ઇત્યાદી."

માંડ લાગા રાણી મરઘાજી તો મુગા મરેજ નહીં. આખરે જમશેદજી ચાંદના મારીયા ઉઠીને ચુપચુપ મરઘાંખાનાનું પીંજરૂં ઊઘાડીને મરઘાં છોડી મુકયાં, અને પાછા સુજની ઓઢીને પોઢી ગયા.

સહવારના સાત વાગ્યા કે ટોપ પડી. એટલે જે જીલુબાઇની તોપ પડી "લે, હવે ઉઠો—જે વસાવી લાવે તે વેઠે, મારી જાણે બલા."

"પણ શું છે શું?" જમશેદજીએ પડયા પડયાજ તગાડો કીધો.

"હોય શું ને થાય શું? કોઇ મુવાનું ભેથર! આએ તમારાં મરઘાં, બટકાં માપરના આલીબાઇના ઘોલીયાપર જઇને અત્તર છાંટી આયાંછ તેની પંચાતી ચાલેછ. ને એક મરઘી તો પીંજરાંમાં મુએલી પડેલી છે ને બીજી એક ડુંફેછ તે બોય મરી જશે."

જમશેદજી છલાંગ મારીને ઉઠયા. ઢેડાનું ખાધું એક ઇંડું તો હજુર ખાધામાં આવ્યું નથી તેટલાં આએ શું. પણ એ બધી નાપાક જીલાઇનીજ અદેખાઈ. હુંબી તો ખરો, કે એને ફાવવા દેઉં નહીં, નહીં તો ગીહીને મીહીને મારી નાખશે. માલપર ફરવા નીકળેલાં મરઘાંને પકડી લાવવા રામા પોરીયાને મોકલ્યો અને પોતે મુવેલું મરઘું તપાસવા ગયા. પોતાને તો સમજ નહીં, પણ પેહેલે મારના મસાલે કહ્યું કે જે મરઘી મરી ગેઇ તેને તો "કાંટો" થયલો હતો, અને બીજું જે ઝુંરતું હતું તેને સહીયડ આવેલા હતા.

"કોણી અસા તસા કોમરીવાળાને તુમસે દગા કેલા" આડવોકેટ જનરલ રામાજીએ જડજમેંટ આપ્યું. એણીમેર માપરના આલીબાઇનું તુફાન જોઇ લ્યા 'મુવાં ઘેરમાં તે કંઇ મરવાં બટકાં પાળવાનાં છે? મારી તીજે મહીને બદલેલી ચાદર ઉપર મુવો ચધી ગયો! હવે કોણ એની બાઈ બાઠે સાફ કરે—મુવાં એવાં ઘેર વગર ચાલે, ઈત્યાદી ઈત્યાદી ઈત્યાદી."

જીલાઇ પડયાં પડયાં પલપલ્યાં "જોયું! મેં શું કહ્યું તું? હવે ઓસારો."

જમશેદજી દાંત પીસીને બોલ્યા, "પણ તુંને કોણ વચમાં ટકટક કરાવેછ—ખબરદાર મારાં કામ ની વચ્ચે બોલીછ તો."

"સારૂં, નહીં બોલશું" કરીને જીલાઇ કોર વારીને સુતાં.

"જી, મરઘો બારીએથી કુદાવીને પાસેનાં ઘેરમાં ગીઓછ ને તાંહ ફુલાવર પાટ ઉપર ચહડી બેઠાછ તે ઉતરતા નહી" રોટલી કરનારી દુકતીએ આવીને જમશેદજીને ખુશ વધાઇ આપી.

"હું કે? ઠીક છે—એની એવી તેવી—લાવ પેલો ચાબક આપતો—એ મરઘાજીને થોડી ઘણી રીતભાત શીખવવી પડશે."

જમશેદજી મસ મોટો ચાબુક હાથમાં લઇને કડાક કડાક ફટકાવતા પાસેના ઘરમાં ગયા, અને કબટ ઉપર ફુલાવર પાટ ઉપર ચહડી બેઠેલા મરઘાને હાત હાસ કરીને ઉડારવાની તજવીજ કરવા લાગ્યા, પણ મરઘો તો પાંખ ફફડાવીને કુકડે કુક-

ના રાગડા કાહાડવા લાગ્યો. જમશેદજીથી હવે વધારે તામોસ થવાયું નહીં તેથી બરાબર લાગ જોઈને એક ચાબુક ગુમાવ્યો તે સમેત મરઘો ઉડીને બાહાર નાઠો, પણ સાથે લાગાં કબટ ઉપરથી બે ફ્લાવર પાટ નીચે ટપકાવીને બેના બાસઠ કરી મેલ્યાં. આ ખલેરૂં સાંભળી તે ઘરના ધણી મેહરવાનજી માસ્તર ધસી આવ્યા, અને જમશેદજીને ગળચીમાંથી ધરીને પુછ્યું "એટલે ? એનો માંનીગ શું ? તું ખાંડ શું ખાયછ?"

જમશેદજીએ ખાલાસો કરી સમજાવયું કે એમાં સઘલો વાંક મરઘાંના હતો. જ્યારે ફ્લાવર પાટના પૈસા ભરી આપવા કહયા ત્યારે મેહરવાનજીએ જમશેદજીની ગળચી છોડી. જમશેદજી ખશીયાણા પડી ઘર આવ્યા, અને મરઘાં પકડવા દોડયા. મરઘાં સમજયાં કે અમને રમાડવા આ પ્રમાણે નાસોગોસો રમાયછ, તેથી તેઓએ કુ—કુ—કુકુ—કરી નાહાસવા માડયું. બારી પરથી પાલીઆ પર ને ઘોલીઆ પરથી આરસી પર એમ સરકસ રમયા પછી માહ મેહનતે મરઘાને ખુણામાં ઘરીઓ "હા બચ્ચા પકડાયો—હવે કાહ જવાનો છ" પણ જમશેદજી નેમ ચુકયા હતા. મરઘાએ પાંખ ફફડાવીને ઉડીને જમશેદજીના મોહાડાં ઉપર ચાંસ મારી તેના દરદ સમત જમસેદજી પાણીનું માટું ટબ ભરેલું હતું તે પર ભચ દેતા બશી ગયા.

અહીં પરદો પડે છે.

આજે પાચ દાહાડા થયા જમશેદજીને તાંહ રોજ રાતના બોણા ઉપર રોશટ મરઘો આવે છે તેનો સબબ શું હશે ?

આહાની સુંઠ.

સામી બારના ડોસીબાઇ—"જાઇજી ! જાઇજી છેઓ કે ?"

"હા—હા—કાંય કાંય ?"

"એ પાસેની ચેહેલી પર નવાં ભારૂત આયાં તેનો સામાણુ જોયો કે ?"

"હા—કાંય વારૂં ?"

"મરેરે, નરો ઢેરાની ગલીમાંનો કચરો. ને છોકરાં ! તોબા ખદાય ! સાત નાગસની કરીએ તો પાપ નહીં લાગે ! નરાં જાણે કાંઆઆઆરાં ઠીકરાં ! માએ તો મરી ચરી રહીછ ને બાપ તો જાણે છાકટો સોજર. બચારી માર ખાઈ ખાઇને અરધી થઇ જતી હોશે. દીવો લઇને આપુનેમી દેવાં પરોસી મળેછ. તમે એ લોકનું નામ જાણોછ કે ?"

"હા—માય છે તે મારી બેહન થાય ને બાપ છે તે મારા કાકાનો દીકરો થાય."

સામે બારના ડોસીબાઈના સાડા બાર !

મારી બાયડી જ્યારે ત્યારે ફરયાદ કરે છે કે મને તો ખાધાના ચશટા ઘણા વધ્યા છે. કાંઇબી નહીં ! કોલમીનો પાટીઓ, જરા ભુંજેલું ગોસ્ટ, એકાદ ઈંડાનો પોળો અને ચમચી ભરીને લખનવ ચટની સાથ બે ત્રણ રોટલી હોય તો કોણ ભુંડો વધારે માંગેછ ? આપરે તો બા સેહલમાં રાજી છેઓ.

અંધેરીની ધર્મશાળામાં એક બાદશાહજી આવી રહેલા હતા, અને સહવારના ત્રણ વાગતે ભર ઊંઘમાં હતા તેટલાં કોઈએ બારણું ખખડાવ્યું.

"કોણ શે રે ?" દસ્તુરજીની ભાશા કાંઇ એટલી સાદી ન હતી, પણ તેવણે લગાડેલો મરી મસાલો અહીં લખવાની જરૂર નથી.

" ઉઠો ભાય ઉઠો—પા કલાકમાં તમારી આગગાડી ઉપ-રી જાહે."

"કોણે કહ્યું ? હું કયે જાવાનો નથી. નીકર અહીંથી." અલબત દસ્તુરજીએ આટલા શબ્દોમાં પોતાની બધી ડીક્ષનરી ખાલી કરી હતી, જે અત્રે વર્ણવાજોગ નથી.

" ઉઠો—રે—બા—ઉઠો—ઓય ગારી ચાલીજે—પછી નકા-મી મને ગાળ દેહો."

"લે જાયછ કે !—નહીં તો હવરે ઉઠીને મારાંને બોટી બોટી કરી નાખશ—આવા તેવા હરામખોર !"

" મારે હું—પછી મારી હાથ વઢતા રખે. આ પા કલાક-માં ગાડી ચાલા" આટલા શબ્દો બોલીને પેલો બારણું ઠોકનાર ત્યાંથી ચાલ્યો ગયો. દસ્તુરજી ફૂફડા ચટકાને પોઢી ગયા. દસેક મીનીટ થઇ હશે એવામાં પેલો પાછો આવ્યો.

"યે—હજુ નહીં ઉયઠા ?——"

દસ્તુરજીના જવાબનો તીખાશ લખવા કરતાં વીચારવોજ ઠીક પડશે. તેવણ ગુસ્સા સમેત આખી વંદીદાદ પઢી ગયા. આખરે બારણું ઠોકનાર સમજ્યો કે કાંઇ ચુક થઈછ ખરી.

તે ત્યાંથી નીકળી ગયો, અને દસ્તુરજી તેની આલ ઓલાદને આલ મેલ દઈને વળી પાછા સુઇ ગયા.

ધમ—ધમ—ધમ—વળી પાછો લાલીઆનો પોરેઓ. બારણું ઠોકતો હતો. દસ્તુરજીની આ વળાની જબાંથી શેહતાનબી લાજે.

"એ ! પણ નકામી ગાળો શાની દીઓ. હું તો તુંને કહેવા આએલો કે ઉઠતા રઓ, ગારીમાં તો પાહુનો પારહો જાવાંનોછે"

સભ્યતા.

મમા—દીકરા સાબ્યા, તું મીસીસ બેલીને તાંહ રમવા ગીઓ ત્યાં તુંને મજાહ પડી તે જાણીને હું ઘણી ખુશીછું. કંઈ ચેડાં ઘેલાં તો નહીં કાહારયાંતાંની ?

"નહીં રે મમા."

"નાસતા પર બેઠાં ત્યારે કંઈબી બે વખત તો નહીં માગ્યું કેની ?"

"નહીં રે—શું કામ માગું ? હું ખાઇ રેહું ને રકાબી આંગલાંએ આંગલાંએ નુકીને સાફ્રું ને મોહોનું મટમટાઉં કે બુતલેર લાવીને બીજું મુકે."

માસ્તર—ચાલો છોકરાઓ હવે આપરે બ્યાકર્ણ કરવે. 'જમશેદે રૂપયો લીધો નહીં' હવે જમશેદ એ શું ?

રૂસ્તમ—બેવકુફ.

શેઠાણી—(સુરતી લાલાને) મને એક લાલીઓ ચાકરી સારૂં જોઈએછ ખરો, પણ તું નહીં ચાલે.

લાલીઓ—કેમ બાઇ ? હું હંધું કામ કરા. મારૂં કામ તો જુઓ.

શેઠાણી—નહીં—નહીં—તું બધી વાતે તો ચાલે તેવું છે, પણ મને તો પરણેલો માણસ જોઈએછ.

લાલીઓ—ચેહ ! તેમાં હું—એક કલાક થોબો તો હું ઓય જઈને પરણી આવીં.

અણકો.

ધણી—(જામે જમશેદ વાંચતાં વાંચતાં) આએ વરાં બેન કોટક જોયાં કે ?

ધણીયાણી—વરી શું છે ?

ધણી—કેહેછે કે બરલીનમાં કારી વીજળીથી ગરમ કરેછ એટલુંજ નહીં, પણ એક નાહાની વીજળીની રેલવેથી દરેક મેહમાનો આગળ પોંચાડવામાં આવેછ.

ધણીયાણી—મરેએએરે ! મુવાઓને પીઆલું ઊંચકતાં વીજલીને લીધે ધ્રુજરી નહીં આવતી હોશે ?

ધણી—ડીઅર—વળી ગુસ્સો ના કરતી હં—પણ કોઈ વખત તારી કારીએ મને વીજળી વગર ધ્રુજરી લાગેછ !

મરતી વખતના ફાંફાં.

એક સોદાગરના ચાર છોકરાઓ હતા. મરતી વખતે તેણે વસીયતનામ કીધું કે, "તમો ચારો ભાઈઓને સારૂં મેં ચાર પેટીઓ મોહોર કરીને રાખી છે. તે દરેક ઉપર તમો દરેકનું જુદું નામ લખેલું છે. મારી પછી તમે પોતપોતાનાં નામની પેટી વેંહેંચી લેજો, અને તે માંથી જે નીકળે તે ઉપર સંતોશ ધરજો. કોઈએ એક બીજાની અદેખાઈ કરવી નહીં." બાપના મુવા પછી એકે પોતાની પેટી ઉંધાડી તો તેમાંથી માતર કોરાં કાગજનો એક કટકો મલ્યો! બીજાની પેટીમાંથી થોડી માટી નીકળી. ત્રીજાને નસીબે રૂનું એક પોહોળ્યું નીકળ્યું, અને ચોથાની પેટીમાંથી રૂપયા, મોહોર અને જવાહેર નીકળ્યું.

પેહેલા ત્રણ ભાઈઓ આથી બહુ દલગીર થયા. અદેખાઇની આગ છાતીમાં ભડકો લઇ ઉઠી, તેથી માંહોમાંહે ઝઘડા લાગ્યો. સેવટે હાકમની હજુર કજીયો ગયો. ઘણોએક વીચાર કીધા પછી હાકમની સમજમાં આવી ગયું, તેથી તેણે ચારોને સમજ પાડી કે તમારો બાપ ઘણો પ્રમાણીક હતો તેથી તેણે કોઇની તરફેણ કીધી નથી, વાસ્તે કજીયો ના કરો. કાગજ, માટી અને રૂ એ કાંઈ વગર કારણે મુકેલું નથી, માટે મારો ચુકાદો સાંભળો

૧.—જેનાં ભાગમાં કાગજ આવ્યું છે તે બાપનું સર્વે લેણદેણ લીએ અને હીસાબ કેતાબનો માલેક થાય.

૨. —માટીવાળો સર્વે સ્ટેટ, ઘરબાર, ઈમારત લઈ સંતોશ પકડે.

૩.—રૂનાં ભાગવાળો, સરસામાન, કપડાં લત્તાં, સાલડો-શાલા, બીછાણાં, ગાલીચા ઇત્યાદીનો ધણી થાય.

૪.—ચોથાનો કાંઈ વાંધો છેજ નહીં. તે તો પૈસો ટકો નગદ પામી ચુકયો છે.

આ ચુકાદાથી ચારેની આંખો ઉંઘડી અને અદેખાઈ તથા મારામારી મટી. તપાસી જોયું તો ચારે હીસ્સા કીંમતમાં બરાબર નીકળ્યા.

પણ ભલા માણસ બાવાજીને એવાં ગોતાં ખવાડવાની શી જરૂર પડી જશે! એબી એક જાતનું ચક્રમપણું.

અહીં તો સંઘુજ મુફ્ત મળે છે!

એક મગોલનું હીંદુસ્તાનમાં પેહેલ વેહેલું આવવું થયું. અહીંયાં કાંઈ તકસીર તેનાથી થઈ. તે વખતના રેવાજ પ્રમાણે ત્યાંનાં હાકમે તેને શેહેરમાં ફેરવવાની સજા કીધી. પેહેલાં તો તેનાં માથાંનાં બાલો બોડાવ્યા, પછી હલવો ખવડાવ્યો, તે પછી ધધેડાં ઉપર બેસાડીને ઢોલ, તાસા સાથે શેહેરમાં ફેરવાવ્યો. હજારો લોકોનું ટોળું તમાસા ખાતર પાછળ લાગ્યું. જ્યારે મગોલ પોતાને વતન પાછો ગયો ત્યારે સર્વે ખેશીઓ તથા દોસ્તો તેની મુલાકાતે આવ્યા. વાતચીતમાં હીંદુસ્તાનનો હેવાલ જાણવા માગ્યો. મગોલ બોલ્યો, "આ હીંદુસ્તાન તો કોઈ અજબ સરીખો મુલક છે! અહીંયાં હજામત મુફ્ત, હલવો મુફ્ત, ધધાની સ્વારી મુફ્ત, અને વળી ઢોલ ધડાકા મુફ્ત!"

ચાલો અદેખાઇ ના કરો.

હમણાંજ મુંબઈમાં એક લગણ થયાં છે તેની નોંધ ખુશી સાથ વગર પૈસે લઈયે છઈયે. આ લગણથી દશ જુદાં જુદાં માબાપના છોકરાંઓ એક ઘરમાં જમાં થયાં છે.

ધણીયાંણી પોતાની સાથ ચોવીસ છોકરાં લાવ્યાં છે, તેવણ ચાર વખત પરણયાં હતાં. પેહેલો ધણી રંડાયલો હતો તે પોતાની આગળી બાયડીને પેટના ૬ છોકરાં લાવ્યો હતો, બીજો સાત અને ત્રીજો ત્રણ. અને તેણીને પોતાને ત્રણે વરના બધાં મળીને આઠ છોકરાં થયાં હતાં. જે નવો ચોથો વર આવ્યો છે તેની આ ત્રીજી બાયડી છે. તેની પેહેલી બે બાયડીઓ જ્યારે તેની સાથ નાતરૂં કરી આવી ત્યારે સાથે પેહેલે ઘરના અગીયાર છોકરાં લાવી હતી, અને તેની સાથ દાણા પાડયા પછી દરેકે ચાર ચાર છોકરાંનો જણુમ આપ્યો હતો. કહો હવે ઘરમાં કેટલાં છોકરાં થયાં.

અડગરીનો સાબુત ઉપાય.

"દોસત જરા તાલ કરીને મને ચોંકાવતો."

"કાંય વારૂં—તે શું કરવા ?"

"મને અડગરી થાયછ તે જરા ચોંકાવશે તો નરમ પડી જશે."

"ઠીકછે, પણ હું તો બીજા કામને સારૂં આયોછ. મને એક પાંચસો રૂપયા ઉછીના આપશે—મને જરૂરતું કામછે ?"

"ઠંકસ—જોઇ, અડગરી કેવી નરમ પડી ગઇ."

હું એક વાર મીત્ર મંડળ આગળ મારી કાશમીરની મુસાફ્રીની વાત કરતો હતો, અને ત્યાંના શેકારીઓ પોતાની નેમમાં કેવા સાબુત રેહે છે તેની વખાણ કરતો હતો. મેં કહ્યું કે એક વાર ઉંચી પાહાડ ઉપર મેં એક શેકારીને જોયો જેણે ૬૦૦ વાર ઉપર એક દાડમ મુકી આબાદ નેમ મારી દાડમના બે ફાડચાં કરી નાખ્યાં."

આ સાંભળી મારા મીત્રોમાથી એકે પુછ્યું કે "બંદુક કીયા મેકરની હતી?" બીજાએ જાણવા માગયું કે ઉભા રહીને નેમ ટાંકી કે સુઇને? ત્રીજાએ વળી કાંઈ બીજો સવાલ કીધો. આ સઘળી ગુફ્તેગુ મારો નાહાનો સાવીઓ ધ્યાનથી સાંભળતો હતો તેણે ઇંતેજારીથી પુછ્યું "પપા—પપા—પણ તે- -"

"હા દીકરા, શું?"

"પણ પેલું દાડમ ચીરાઈ ગીયું તે કોણે ખાધું?"

સાદની ઝડપ.

એક ઘરાક સવાલ કરે છે કે સાદ કેટલી ઝડપથી દોડતો હશે. ગામની વાત તો કોણ જાણે, પણ અમારો પોતાનો અનુભવ તો તરેહ કીસમનો છે. રાતના ધણીયાંણી જમવાનો હાંક મારે ત્યારે સાદ એક સેકંડમાં પાંચ મૈલની ઝડપથી મને પોંહોંચે છે, પણ સહવારના કોઇને ઓટલે જવા સારૂ પાંચ વાગે ઉઠાડે ત્યારે સાદ એક કોચ પરથી બીજા કોચ સુધી પોંહોંચતાં લગભગ પોણો કલાક લાગેછ.

એક નવાઈ જેવી સરત.

પારીસમાં રેહતા એક પારકા મુલકના શાહાજાદાએ હમણાં ઘણી નવાઇ જેવી સરત બકી હતી તે એમકે કાંઇબી વાંક કીધા વગર અને કોઇબી રીતે સરકારને ફફડાવ્યા વગર પોલીસ તેને પકડે એવું કરવું. ઈમપીરીઅલ કલબમાં જ્યાં આ વાત થઈ ત્યાં એક ઉમરાવે આ શરત ઉંચકી લીધી. શાહાજાદો તુરત પોતાના મકાનમાં ગયો અને ત્યાંથી એક ફાટેલી તોપી, મોટાં મોટાં ઠીંગડાંવાળું પાટલુંન અને જુના ધુળથી ફાટેલાં બુટ પેહરીને પારીસના એક નામીચાં હોટલમાં ગયો અને ત્યાં મોટાં દેવાનખાનામાં ટેબલ ઉપર બેસી મોટે સાદે કાફીનું કપ માંગીયું. સર્વે જણા આ સોંગ જોઈ મુહમાં હસવા લાગ્યા અને વેટરો આ ધણીને છાકટો સમજીને માલેકને બોલાવી આવ્યા. માલેકે ડોળા કાહાડવાથી શાહાજાદાએ ખીસાંમાથી લાખ ફ્રાંકની નોટનો ચોડો કાહાડી ટેબલ ઉપર મુકયો અને કાફીના કપનું દામ પુછ્યું. માલેકે કાફીતો મંગાવી, પણ એક વેટરને છુપી એશારત કરી જેથી તે તુરત જઇને કન્સટેબલને બોલાવી લાવ્યો. શાહાજાદાને તુરત પકડીને નોટના ચોડા સુધાં પોલીસ કમીશનર પાસે લઇ ગયા જેણે અલબત શાહાજાદાને ઓળખીને તેજ ઘડી છોડી દીધો.

સ્ત્રીનો મોહોડાંમાંથી ગાલ એ ગુલાબની કળીમાંથી કીડા બરાબર છે.

"અતી લોભંમ, મહા પાપંમ."

ધનજીશાહ ઘરમી બેહેસ્તી થયા. તેઓ પાંચ પૈસા ઠીક મુકી ગયા. તેવણનાં એકપુરા દીકરા ભીખાજી બોટે બાપાની પાછળ સારી પઠે ધર્મદાન કીધું, અને ઘરમાં પંથકી શાપુરદારૂ સટાકને તેથી ઠીક તડાકો પડયો.

પણ લોભની માનું પેટ બળે. એક દીને શાપુરદારૂ ભીખાજી પાસ આવ્યા ને દયામણું મોહોડું કરી બોલ્યા—"ગઈ રાતના બેહેસ્તંનશીન ધનજીશાહ શેઠ, બેહેસ્તમાંનો સફેદ ફુલ જેવો સીયાવ પેહેરેલા મારા સ્વપનામાં આવી ફરમાવી ગયા કે—"મારા ભીખાજી દીકરાને કહેજો કે મને મોતીચંદ પલાવ અને મલાઈમાં મરઘી ભાવી આવી છે. વાસ્તે સારૂં મજાંનું પકવાન બનાવી, સ્તુમ ભણાંવી, બે ચાર અશો મોબેદોને જમાડજો, કે જેમની મારફતે મને પોંચશે."

દીકરાજીએ આંખમાં આંસુ લાવી તરત બાવાજીની મરજી સંપાદન કરી. આથી તો શાપુરદારૂની ચુંસને ચસકો લાગો. તેથી અવારનવાર તેઓ એકકો બુટટો લાવતાજ રહયા. કોઈ દીને માવાના સમુશા તો કોઈ દીને ઘીનો ગગરતો મલીદો, કોઈ દીને મસાલેદાર કવાબ અને એજ પ્રમાણે બીજું. થોડો એક વખત સુધી તો ભોળા ભીખાજી ભમાયા, પણ એવા વારેવારનાં ખરચથી તેઓનો હાથ ભીડાવા લાગયો, અને આંખ ઉંઘડી પછી નાચાર થઈ મોબેદ સાહેબને કહ્યું. "હવે જો બેહેસ્તી બાવાજી કાંઈ ફરમાશ કહેવાડે તો મારી તરફથી કહેજો કે તમારો તાબેદાર, હાથ જોડીને અરજ કરે છે કે

હું તો તમારો નોકર છેઉં, જે કાંઇ છે તે તમારૂંજ છે. તમે પોતેજ તસદી લઈ પધારો ને જે ચીજ ભાવે તે મારી સાથે બેસીને જમો, વારેવાર એવા ઘરમી કાસેદોના આવ્યાથી તમારૂં ભોણું બેહેસતમાં પોંચતાં અડધું ચું થાઇ જાયછ."

મોબેદ સાહેબે ખસીયાણું પડી ચાલવા માડયું, અને મનમાં બડબડતા ગયા કે—"અતી લોભંમ મહા પાપંમ!"

નસારીથી માકાં ડોસાં મુંબઇ આવી ગ્રાંટ રોડ ઉતર્યાં. ટ્રેન થોડો વાર થોભી પાછી ચરનીરોડ જવા ઉપડી કે ડોસાંએ બે ઉંચા હાથ કરી ડ્રાઈવરને જરા ટ્રેન થોભાવવાની ઘણી ઇતેજારીથી એશારત કરી. ડ્રાઇવર પારસી હતો, ભલો આદમી હતો અને ટ્રેન ઘણીજ આસતેથી ઉપડી હતી તેથી ઈનજીન ઠોભાવી પુછ્યું "ડોસાં શું છે? ગાડીમાં બેસવુંછ કે?"

નહીંરે બાવા—બધી મરી જાંઉ—મકુંજે આએ દસ રૂપીઆની નોટનું છુટું છે?"

દીનબાઈ કાવસજી એવાં સરમાઉં છે કે જ્યારે તેવણ કપડાં બદલેછ ત્યારે પોપટના પીંજરાં ઉપર કપરૂં ઢાંકેછ.

એડીસને ફ઼ોનોગ્રાફ શોધી કાહાડયા ને બીજી હુશીયારી કીધી, પણ અમારાં જાઈજી પુઈ પુછે છે કે ગોળ કેરીના અચાર ભરતી વખતે હાથ ખરડેલા હોય ત્યારે નાક ઉપર માખ બેસે તેને ઉડારવાનો સાંચો કોઈએ શોધી કાહાડયોછ?

સોગંદ ઊપર સાચું.

દારૂની દુકાન ઉપર "હારીસ" એવું પાટીયું મારેલું જોઇ એક ધણીએ દુકાનના ધણીને તેમ કરવાનું કારણ પુછ્યું. દુકાનદારે જવાબ દીધો "મારાં ઘરાકો રાતના આઠ વાગતે દારૂ પીને ઘર જાય ને બઇરી ઘસોરો કરીને પુછે કે સોગન ખાઇને કેહો કે કાંહાથી આયા ત્યારે અવસતા ઉપર હાથ મુકીને કેહેવા કામ લાગે કે "હારીસમાંથી"

જાણીએ તો ખરા.

બેહેલી ભગત—(ગજવામાં હાથ ઘાલીને) દોસ્ત દોલી, સાચ્ચું કેહ, હમણાં ફ્લુસ મારીશ છે કે? કેહેની, શરમાયછ શાનો?

દોલી—નહીં દોસ્ત, હમણાં તો જરા ઠીક છે.

બેહેલી ભગત—અંહ? ત્યારે તો એક રૂપયો આપ દોસ્ત, કાળે પાછો આપશ.

સરખામણી.

ગામડીયો—વાહ! આ ખેલાડી અમારાં દેખતાં દેખત આખી તલવાર ગળી ગયો.

શેહેરી—અંહ! એમાં શું. મારા વખતમાં હું આખા વજીફા ને વજીફા ગટક કરી ગયો હતો.

અખતરાનો જોખમ.

મેહેરજીભાઈ માંજરા જેવણુ ઘણાં અધીરા, કાચા કાનના અને શકીલા હતા તેવણુને એવોજ ધખારો બેશી ગયો કે તેવણુના ધણીયાંણી તેવણુને ચાહાતાં નથી. રોજ રાત પડે ને એ વાતની તકરાર નીકળે એટલે એક વાર અખતરો અજમાવીને ધણીયાંણીનું પારખું જોવાનો મેહેરજીભાઈએ ઠરાવ કીધો. છુપી રાતે એક ઘાસનું માણુસ બનાવી તેને પોતાની લાલ પાજની ઇજાર, સદરો અને બદીઆંન પેહેરાવી તેને ગળે દોરડું બાંધી તેને સુવાના ઓરડામાં સીલીંગમાં એક હુક સાથ ટાંગ્યું, અને પછી લખવાના ઓરડામાં ટેબલ ઉપર એક ચીઠી નીચે મુજબ લખીને દેખાય તેમ મુકી:—"ગુલીને માલમ થાયજે મારી ઉપર તારૂં હેતજ નથી ને તું મારી મરવાની વાટ જુએ છે તે સારૂં મને મારો જીવ અકારો પરીયોછ ને તેથી મેં આજે સુવાના ઓરડામાં ફાંસી ખાધી છે, હવે તારે જોઇએ તો બીજું ઘેર કરજે.

લા૦ દુઃખી મેહેરજી.

આ બધી તૈયારી કરીને મેહેરજીભાઈ મોટા પલંગની ફુરતની પછવાડે ભરાઇને તમાશો જોવા ઉભા.

"હવે જોવાની મજાહ પડશે. દાખલ થતાંને વાર કેવી હબતાઇ જશે—કંઇ નહીં, એને એજ સજા. પણ એનો જીવ બીવ તો ફરી નહીં આવે સખુર ગુલી આવેછ હં."

એટલાંમાં ગુલબાઈ બબડતી બબડતી દાખલ થઇ "ફાંસી સાની ખાતાતા—હીંમતખી તેવીજ કેની તે મને એમ ફરીને દમ ભરાવા આયાછ. ફાંસી ખાવાના ઉતા તારે આટલાં વરસ બેસી શું કામ રહ્યા—(દાખલ થઇને) ઓ વાય! ખરેખર આજે તો કામ વધ્યું—આયા—આયા! અહીં આવતો, શેઠે આજે કામ વધાર્યુંછ તે જલદીથી એવણુને છોડી નાખ—જા રાંધણીમાં જઇને છરી લઇ આવ—પણ જો તપાસીને જજે, કેથે વાગે મુકે નહીં—પણ ઉભી રેહ—તેના કરતાં જોઇયે ગાંઠ છુટેછ. જા, જઇને ગોલવારની ગલીમાં શેઠના બેહેન રેહછની તેવણુને કહી આવ. ને આવતાં આવતાં મોચીને ઘેર પુછતી આવજે કે મારી સપાટ આજે ચાર દાહાડા થયા તોબી લાયો નહીં. આએ બે દાહોડીઆંબી લેતી જા ને આવે તારે ચીકણી સોપારી લેતી આવજે."

આયાના જવા પછી

"ભલાં માણસ!—હવે બાજ રોજગારનો કેટલો બધો ખરચ થશે! બેહેસતીમાં જરા અક્કલ તો કોતાહ ખરી જો. મારૂં સુના જેવું ચોખું પાણી કાહાડવાનું નવું સુતરનું દોરડું નકામું બગારીયું. આઠ દાહાડા થયાજ રૂપયો દોહોર ખરચીને મંગાવ્યું હતું—પણ ચાલો—દોહોડ રૂપયામાં જીંદગાનીની પીડા પતી—કાયરકાયર કરતાતા."

એવામાં પલંગની પછવાડેથી સાહાદ નીકળ્યો "ઉભી રેહ—નાપાક રાંડ—તારા બાપ ભાઈ મરે—ઉભી રેહ—મરતો તો કેમ—તારો જીવ લેવશ." આ સાંભળી ગુલી બાહાર નાઠી,

અને બાહારથી બારણું બંધ કરી આયા અને તે પેટ પકડીને હસવા લાગયાં.

મેહેરજીભાઈ તો છેડાઇને બાહાર ગયા તે બે દાહાડે આવ્યા અને મોટું તુફાન મચાવ્યું. આખરે ખોલાસો થયો કે ચતુર ગુલબાઇ સઘળું ચેતી ગયાં હતાં, અને ઓરડામાં દાખલ થતાંજ પલંગની નીચે છુપાયલા મેહેરજીભાઇના પગ જોઇને આ સઘળો ઘાટ રચ્યો હતો.

તે દાહાડેથી મેહેરજીભાઇએ પોતાની સફીલી હેમકાઇને છેલ્લી સલાંમ કરી.

છુટાપણું.

"માકુ, તું એ આજે એવી એબલગામણી ધપ્પા ખાઉ જેવી પાઘડી કાંહથી પેહેરી આવ્યો?

"અરે ઉભો રેહની યાર, જે થોડા દાહાડા વધુ છુટી મળી તે ખરી."

"છુટી? છુટી શાની?"

"મારી બઈરી જીતે પડીછ કે જાંહ સુધી હું આએ પાઘડી બદલસ નહીં ત્યાં સુધી તે મારી સાથ બાહાર આવવાની નથી. હું તેના દેખતાંતો નાકે જીભ લગાડુંછ, પણ અંદરથી તો ખુશી થઇને જાણી જોઇને બદલતો નથી, કે લશ્કારમાં જેહલા દાહાડા વધુ છુટી મળી તેહલી ખરી."

મતલબચો દીવાન.

પોતાનું પેટ ટાઢાડું કરનારા દીવાનો માહેલા એક દીવાને પોતાના રાજાજીને સલાહ આપી કે—બારો મહીના ફોજને રાખી મુકી પગાર આપવો ફોકટ છે, એથી ખજાનો ખાલી થાય છે. રૂપયા હોય તો જરૂરને વખતે સીપાહીઓ તરત મલી આવવાનાં, જેમ ગોળની ચક્કીને ખુલ્લી મુકી કે હજારો માંખો તેનીપર ટુટી પડવાની. રાજા શીયાંનો હતો તેથી તે વેળાએ તો અખાડા કરી ગયો. રાતનાં થોડોએક ગોળ મંગાવીને દીવાનને આપ્યો કે "લેઓ ગોળ તૈયાર છે, હવે માંખોને હાજર કરો." (રાતના માંખો હોતી નથી.)

ડાકટર ખભરતા ચટકતા આવી લાગ્યા. "કેમ ડાકટર આજે કાંઇ ખાધેલા લીધેલા જેવા દેખાઓછો?"

"અરે યાર આજે એક મારૂં સુનના જેવું ઘરાક ખોયું."

"અરે—અરે—હું સાંભળીને દલગીર છું—મરદ હતો કે ઓરત?"

"મરદ—રે યાર,"

"સાથી ગુજરેઓ?"

"કોણે કહ્યું કે ગુજરેઓ? એનું ખાનું ખરાબ થાય એનું—મારી દવા લેતી બંધ કીધી તેથી સાજો થયો ને બીજા પગાર જીવા વગર [illegible] જતો રહ્યો."

બીહીકણ મુસાફર.

દારાબજી પંથકી પેહેલ વેહેલીવાર સંજાણથી મુંબઇ આગગાડીમાં આવવા તૈયાર થયા. તેવણુને આગગાડીની ઘણીજ બીહીક હતી તેથી સર્વેને પુછ્યા કરે, કે આખી ટ્રેનમાં સર્વેથી સલામત ગાડી કેઇ. જે દાહાડે જવાના હતા તે દાહાડે બે કલાક અગાઉથી ગાંસડા પોતલાં લઇ સ્ટેશન ઉપર આવ્યા અને ગુડસ ટ્રેન આવી હતી તેના ડ્રાઇવર નામે મંચેરશાને ઇંતેજારીથી પુછવા લાગ્યા "હેં, ભાઈ, મકુંજે આખી ટ્રેનમાં કેઇ ગાડીમાં બેસીએ તો અકસમાત વેળાએ વધારે સલામત?"

"કઈ ગાડી સર્વેથી સલામત, હેં?"

"હા—ભાઈ તુને તો ખબર હોશે."

"હા, આજે રેલવેની નોકરી કરતાં મને બાવીસ વરસ થયાં તેટલાં ચાર વખત પુલ ઉપરથી ટપકાઇ ગયો, બે વાર ગાડી ઉંધી વળી ગઇ ને ચૌદ વખત પાટા પરથી ખસી ગઈ, તેથી મારો અનુભવ ઘણો છે ને મારી તમુને ભલામણ છે કે સર્વેથી સલામત ગાડી તો એ કે જે અકસ્માતની વખતે કારખાનામાં રીપેર થવા સારૂં ગેઈ હોય."

એક પુરૂશે ફ્રરામજી કાવશજી ઇન્સટીટયુટમાં "મુરખો" ઉપર ભાશાંણ આપ્યું. દાખલ થવાની ટીકીટ ઉપર લખ્યુ હતું "મુરખ ઉપર ભાશાંણ—એકને દાખલ કરવો."

શું સરસ કે હું.

નીચલી હકીકત ખરી બનેલી અને ઘણી જાણવાજોગ છે. રૂશીયાના શાહાનશાહની હજુરમાં ફ્રેંચ લોકનો એલચી એક વાર પારીસના ચોરોની ઝડપની ઘણી વખાણ કરી રહ્યો હતો. શાહાનશાહ આ વાર બોલ્યા કે સેંટ પીટરસબરગના ચોરોબી કાંઇ પારીસના ઉઠાઉગીરોથી ખાંડયા જાય એવું નથી. તકરાર જરા ગરમી ઉપર આવવાથી સરત લાગી કે ફ્રેંચ એલચીએ બીજી રાતે શાહાનશાહની સાથે જમવું અને તે અરસામાં એવું બને કે એલચીનું ઘડીયાલ અથવા એવીજ બીજી કાંઇ કીમતી જણસ ગેબ થાય. એલચીએ મુછમાં હસીને આ સરત કબુલ રાખી.

તેના જવા પછી શાહાનશાહે પોલીસના વડાને બોલાવી મંગાવ્યો અને આખાં પીટરસબરગમાં જે સર્વેથી ઉસ્તાદ ચોર કેદમાં હોય તેને પોતાની હજુરમાં મોકલવા ફરમાવ્યું.

જેલમાંથી ચોરને આણુયો અને શાહાનશાહે ઉપલી સઘળી હકીકત તેને કહી પુછયું કે એલચાનાં ખીસામાંથી સુનાનું ઘડીયાલ જમતી વખતે કાહાડી શકશે? ચોરે હીમતથી હા પાડી, અને જો તે ફતેહ પામે તો શાહાનશાહે તેને માફી બખશવાની કબુલાત આપી. બીજી રાત્રીએ જમવાની વેલાએ બીજા બુટલેરોની પેઠે આ ચોર પણ ઇસ્કી કોટે લેબાસમાં જમવાની મેઝ ઉપર હાજર થયો. એલચી પોતાનું સોનાનું ઘડીયાલ ખીસામાં ટાંકો મારીને લાવ્યો હતો; શાહાનશાહે ચોરને ફરમાવ્યું હતું કે જેવું કામ ખલાસ થાય કે છુપી એશારત કરવી.

ખાનું ચાલુ થયું. સુપ, દારૂ, માછલી વગેરે આવતુ ગયું અને ખલાસ થતું ગયું. મેઝ ઉપર બીજા મોટા અમીર ઉમરાવોબી હાજર હતા તેઓને આ સરતની કસી ખબર ન હતી. એલચી અવારનવાર પોતાના ગજવાં ઉપર હાથ મેલીને ઘડીયાલ સાચવ્યા કરતો હતો જે જોઇને શાહાનશાહે મુછમાં હસીયા કીધું. ખુતલેરના લેબાસમાં ચોર રકાબીઓ વગેરે ઉઠાવવામાં મશગુલ હતો. ખાનું ખલાસ થવા આવ્યુ અને શાહાનશાહે ઇંતેજારીથી તેના ગમ જોયા કરયું.

થોડી વારમાં ઇશારત થઇ અને શાહાનશાહે સઘળા સાંભળે તેમ મોટે સાદે એલચીને પુછયું "કાઉનટ, મેહરબાની કરી કેહશો કે તમારા ઘડીયાલમાં કેટલા વાગ્યા ?"

એલચી, જેણે છેલ્લો પા કલાક થયો પોતાનો હાથ પોતાના ખીસાં ઉપર દાબી રાખ્યો હતો તેણે મલકઇને જવાબ દીધો "મોટી ખુશીથી."

ડપ દઇને તેણે ઘડીયાલ તાણી કાહાડયું તો ઘડીયાલને બદલે છેડા સાથે એક જીણો કાંદો લટકતો હતો! સઘળી મેઝ ઉપર હસાહસ થઇ ગઇ. એલચીએ ખશીઆણો પડી તપકીર સુંઘવા દાબડી સોધી તો હીરા જડીત દાબડી નહીં મળે—સાથે લાગું ઘડીયાલના છેડાને લટકાવેલું સીલબી ગેબ.

આખરે સઘળાઓની રમુજ વચે શાહાનશાહે પેલા અઠંગ ચોરને બોલાવ્યો અને આ સઘળી જીણસો પાછી આપવાંના હુકમ કીધો. હવે તમાસો જુઓ. તેણે નમીને એલચીનું ઘડીયાલ એલચી આગળ મુકયું અને શાહાનશાહનું પોતા-

નું ઘડીયાલ શાહાનશાહ આગળ મેલ્યું. શાહાનશાહે અચરત થઇ પોતાનું ખીસું દાબી જોયું તો પોતાનુંબી ઘડીયાલ ગેબ થઇ ગયલું. ચોરે જેટલું એલચીના ખીસાંમાંથી ચોરીયું હતું તેટલુંજ બધું સાથે લાગું શાહાનશાહના ખીસાંમાંથી પણ ચોરીયું હતું !

ભોળો ભાટ.

ગામડેથી એક ભાઠેલો અમારે ત્યાં ચાકરીએ રહ્યો. એક વાર ટપાલનું કાગળ લખી મેં ઉતાવળે તેના હાથમાં મુકી કહ્યું "જગલા, અહીં આવ તો—આ કાગળ વેહેલો ટપાલમાં નાખી આવ."

"હાજી—આ ચાએલો."

"ને આએ ટીકીટને સારું ચાર પૈસા લે."

"વારૂંજી."

"લે ચાલ, વેકી જા—જોઊંછ તો" અડધોક કલાક પછી જગલો પાછો આવ્યો.

"કેમરે, કાગળ ટપાલમાં નાખી આવ્યો ?"

"હાજી—ગામઠી ટપાલમાં લાએખું."

"ને ટીકીટના પૈસા આપ્યા ?"

"હોવે—આ રહી તેની પાવતી."

"પાવતી? પાવતી સાની ?"

"કાગળ તો પેટારામાં લાએખું ને ટીકીઠ હારૂં પૈહા આએપા તેણે આ ચાર પૈહાની પાવતી આપી છે" આમ બોલી જગલે આનાવાલી ટીકીટ મારા આગળ મુકી.

ગુલામી ધંધો

પોતાની જીંદગી માટે પાસા.

આ નીચે લખેલો બનાવ ખરેખરો બનેલો છે. અમેરીકાના દરીયાવમાં એક અમેરીકન સ્ટીમર ઉપર એ બન્યો હતો, જે વેળા હાજર રહેલા એક ધણીનાજ શબ્દોમાં તે આપ્યે છીયે :—આગબોટ ઉપર જડજ જેફરીસ અને જનલે કીંગસ્લી બી હતા. સલુનમાં ટેબલ ઉપર ચાર પાંચ અમેરીકનો જુગાર રમતા હતા, અને અમો સઘલા આસપાસ ઉભા રહીને તમાસો જોતા હતા. પૈસા ઝપોઝપ પસાર થતાં અને સઘળું જુગારી બજાર ગરમી ઉપર હતું.

કલાકેક સુધી આ પ્રમાણે ચાલ્યા પછી એક જુવાન પુરૂશ જે રૂની ખેતી કરનારો હતો તે પોતાનો છેલ્લો ડાલર હારી ગયો. પોતાના હાથમાંના પાનાં ફેંકી દઇને તે ઉઠયો.

"કેમ ડીક, ઠાકો કે?" એકે પુછયું.

"બસ, હવે મારી પાસે એક પેની નથી."

"તો શું ચીંતા છે; લે, હું ઉછીના આપું."

"શું કરવા, હું કાંઇ શું મુવો પડયોછ કે? અહીં આવ પામ્પી."

એક ઘરડો હબસી નોકર આગળ આવીને ઉભો.

"આપરે નાચેઝના બજારમાંથી જે ગોલામડી અને તેનો પોરેઓ વેચાતો લીધોછ તે લોકને અંહી લઇ આવ, ગ્રહસ્થો, જરા થોભો, તમુને ખાંડીબંધ પૈસા બતાંઉછ."

હબસીએ મા દીકરાંને લાવી ઉભાં કીધાં. મા આસરે પાંત્રીસ વરસની તતણખાર ઓરત હતી, અને છોકરો સુમારે અગીયાર બાર વરસનો હતો અને તેની ચામડીના રંગ ઉપરથી તેનામાં યુરોપીયન લોહીનો અંસ હોય તેવું લાગતું હતું. તેમના ગમ આંગળી બતાવી હારી જનાર જુગારી બોલ્યો "ભાઇઓ આએ સુંદર જોડીને મેં ગઈ કાલેજ ૮૦૦ ડાલરે વેચાતી લીધી છે—એના હમણા ૬૦૦ ડાલર લેવા તૈયાર છું."

એકે એકલા છોકરાને ખરીદવાની આફ્ર કીધી પણ વેચનારે નાપાડી. "નહીં—મેં ખરીદતી વખતે આ ઓરતને મારૂં વચન આપ્યું છે. એણે સોગંદ ખાધા છે કે જો તેણીને પોતાના બેટાથી જુદી પાડવામાં આવશે તો તે ખરીદનારનો પેહલાં જીવ લઈને પછી પોતે પોતાનો જાન કુબજ કરશે. બોલો ૬૦૦ ડાલર એ જોડીના કોણ આપે છે?" થોડી વાર સુધી કોઇએ જવાબ આપ્યો નહીં ત્યારે પેલો બોલ્યો "ગમે તે થાઓ પણ મને પૈસા તો જોઇએ. આપરે એ જોડી ઉપર સોરતી કાહાડીએ. ત્રીસ નંબર ને દર નંબરના વીસ ડાલર. કેમ?"

આ આફ્ર ઉપર જીકરી ચાલી અને ત્રણ જીતેલા જુગારીઓએ દરેકે ત્રણ મલીને નવ નંબર લીધા અને સપાટાબંધ ૨૦ નંબર તો ભરાઇ ગયાં. છેલ્લાં બે નંબર બાકી રહી ગયાં તે કોઈ લે નહીં. આખરે હું આગળ ગયો અને વીસ ડાલર ટેબલ ઉપર મુકી એક નંબર લીધો.

"શું નામ લખું, સાહેબ?"

"નામની ચીંતા નથી—આએ ઓરતનું પોતાનું નામ લખો, એ બીચારીને એક ચાનસ આપીએ."

"ને એક નામ એના છોકરાનું લખો" એમ બોલી જડજ જેફ્રીસે ગુપચુપ વીસ ડાલર પોતાની તરફથી ટેબલ ઊપર મુકયા.

ચો તરફથી શાબાસીના પોકાર ઊઠી રહયા. "ચાલો બાઇઓ, જોઇએ નશીબ કોણુને યારી આપે છે." પાસા લાયા અને સોરતી શીરૂ થઇ. પાસા ત્રણ વખત ફેંકવાના. જેના સર્વેથી વધારે પડે તે જીતે. ૧૧ માં નંબરવાલાના ૨૫ પડયા, પછી બીજા ઓછા પડયા પછી ૨૧ માં નંબરવાલાએ ૩૦ નાખ્યા. ઇંતેજારીનું પુછવુ શું? ઘણામાં ઘણા ૩૬ પડે તેમાં ત્રીસતો પડયા એટલે વાત મુશ્કેળ થઈ પડી. આખરે ૨૯ મા નંબરે પેલી ગોલામડીની વારી આવી.

"ચાલ, નીની—તારૂં નશીબ અજમાવ." નીની ના હાથ થરથર ધ્રુજતા હતા. "મને માફ કરો, જે સાહેબે મારે સારૂં નંબર લીધો તેજ મેહરબાની કરી કે કે."

મેં કહ્યું "નહીં—નીની—બીહીના—એમાં શું છે. તારૂં નશીબ તારી સાથે છે—નાખ."

નીનીએ પાસા લીધા—તેણીના હોઠ ઉપરનુ દરેક લોહીનું ટીપું ઉડી ગયું હતું. તેણીએ પાસા ફેંક્યા અને ત્રણ રેજા પડ્યાં! ચીશ પાડીને તે ત્યાંથી ખસી ગઇ અને શરમને મારે પોતાના હાથોથી આંખ ઢાંકી.

હવે જડજ જેફ્રીસ આગળ આવ્યો "છોકરા ચાલ આવ તું તારૂં કીશમત અજમાવ અને ખોદા તારો નીઘેબાન થશે."

છોકરાના પણ હાથ ધ્રુજતા હતા. તેણે પોતાના દાંત વચ્ચે હોઠ પકડીને પાસા હલાવ્યા. આ વાર સર્વે ચુપાચુપ હતું. છોકરાએ પાસા ફેંકયા—૬ ને ૩ નવ! "ઠીક છે. ખરાબ નથી. નાખ ફરીથી. ૬ ને ૪ દસ ચોતરફથી તાળીઓ પડી. છોકરો પોતાની સુધ બુધ ખોઈ બેઠો હતો. આ છેલ્લી ફેંકણી ઉપર પોતાની માનો અને પોતાના છુટકારોના આધાર હતો. આંખ વીચીને તેણે પાસા ફેંકયા "બાર!" બાર ને દસ બાવીસ, ને નવ ૩૧!!

નીની ને તેનો છોકરો ગુલામીમાંથી છુટાં. સ્ટીમર ઉપર હરખ ફેલાયો અને તેજ રાત્રીએ ઉતારૂઓએ ઉઘરાણું કરીને બીજા પચાશ ડાલર નશીબવાન જોડાંને ભેટ આપ્યા.

શેઠ વાનોતર.

રતનશા બારીસ્ટરનો એક નોકર હતો તે અવારનવાર છાકટો થતો. આખરે એક દાહાડે રતનશાએ ઠાકીને કહયું "જો જીવણ, હવે હું તુને કાહાડી મુકશ—તારે સારૂં મેં તરેહવાર વાતો સાંભળીછ."

જીવણે ઉતર દીધો "સાહેબ, તમારે સારૂં જેટલી વાત હું સાંભળુંછ તે જો બધું હું માનતે તો ક્યારનો મારી મેળેજ બાહરી ભાગી જતે."

અટલા બંદકી જોડી.

એક દાહાડે ભીંડીબજારના રસતા આગળથી હું જતો હતો એટલાં જોઉં છું તો છ સાત વર્ષની એક નાહાની છોડી બહુ કરગરીને રડતી અને જમીન ઉપર વાંકું વલીને કાંઇ શોધતી હતી તથા વીસ પચ્ચીસ લોક આસપાસ જમાવ થયું હતું. સઘળાઓએ પુછતાં તે રડીને બોલી કે મારી બાઇએ અડધાના બતાસા લાવવા સારૂં પાંચ રૂપયાની નોટ આપી હતી તે પડી ગઇછ તે પાતી નથી તેથી હું ઘર જઇશ તો મને મારીને કટકા કરી નાખશે. માટે હું તો ઘર નહીં જાઉં–જો નોટ નહીં પાશે તો મારો જીવ આપીશ.

લોકો સાથે સાથે શોધવા લાગ્યું પણ વ્યર્થ આખરે એક સારા દેખાવનો જુવાન પારસી બોલ્યો "ગરીબ બચારી! સાહેબો, આપરે થોડા થોડા પૈસા એકઠા કરીને એને બચાવો. એબી ધરંમનું કામ છે—લેઓ હું મારી ગાંઠનો રૂપયો આપું છું." આમ બોલી તેણે રૂપયો કાહાડીને છોકરીના હાથમાં મુકયો બીજાઓએ પણ—કોઇએ પાવલી, કોઈએ અડધો, કોઇએ બેઆની—આ પ્રમાણે પાંચ રૂપયા ભેગા કરી આપ્યા. છોડીએ તે લોકનો આંસુભરી આંખે ઉપકાર માન્યો અને સઘળું ખલાસ થયું.

આઠેક દાહાડા પછી મને કોટમાં કાવસજી પટેલના મોહોલામાંથી જવું થયું. રસતાની વચ્ચે લોક ભેગું મલ્યું હતું. ડોકયાં ઘાલી જોઉંછ તો પેલીજ છોકરી વળી પાછી ખુબ રડીને ભોંય ઉપર કાંઇ સોધતી હતી અને પેલાજ પરમાર્થી

ગ્રહસ્થ દયામણું મોહ કરીને જોતા ઉભા હતા। મેં પુછ્યું "શું છે?"

"બીચારીની પાંચ રૂપીઆની નોટ—ઇત્યાદી—ઇત્યાદી—"

"ઠીક છે, ચાલો તમુને અપાઉં" એમ બોલી મેં આ અલ્લા બંદેકી જોડીને સીપાઇઓને હવાલે કીધાં.

એક વકીલનું બીલ.

તમારે ત્યાં આવીને તમારી ખબર અંતર પુછી તેના.	રૂ	૨
પાલવા ઊપર તમારી સાથે હતા ત્યારે તમારી ફરમાસથી તમારો ચશમો જોયો	,,	૩
તે ઉપર મેં તમારા કહયાશી મારૂં મત આપયું ..	,,	૫
તેમ કરતાં આંખ ડોહોવાઇ આવી તે નુછી ...	,,	૬
બપોરના ભાણા ઉપર હું આવી લાગો તારે કોલમીના પાટીયા બાબદ મારૂં મત પુછ્યું ...	,,	૨
મેં મત આપયું કે ઘણો સારો છે	,,	૫
આએ બીલ બનાવવાની મજુરી	,,	૨
તમારા રૂપયા આવશે તેનું કાગળ વાંચવા ...	,,	૨
	કુલ રૂ	૨૭

"કેમ ડોસુ મને ઓળખતો નહીં? આપરે સ્કુલમાં સાથે હતા?"

"પેહલાં તું શું માગેછ તે કેહ પછી હું યાદ કરૂં."

સાબુત જુબાની.

"બંધવા, તારે તું એમ કેહવા માંગેછ કે આએ ફરંગી બાસતાંબિનો મરઘો તેં નથી ચોરીયો?" થાનાના માજીસ્ત્રેટે પુછ્યું.

"હા સાહેબ, હું તદન નીર્દોશ છેઊં, અને તે તમે સાહેબની ખાત્રી થાય તેમ પુરવાર કરવાને શક્તીવાન છેઊં."

"તે કેમ?"

"તો સાહેબ, એ કેહેછ કે મેં સુકરવારે એનો મરઘો ચોરીયો—હવે તમે મુંબઈની પોલીસ કોરટમાં ખબર કહરાવો તો માલમ પડશે કે તે દાહાડે તો કોટેકોટ એક મરઘી ચોરવાને સારૂં મને બાર ફટકા બાંધી મારવાની સજા થઈ તારે સાહેબ એકજ વખતે બે જુદે જુદે ઠેકાણે હું કેમ ચોરી કરૂં?"

"બરાબર છે. બંધવાને છોડી દેઓ."

હજામ—ક્યમ શેટ? અસ્ત્રો કેવો લાજ્યો?

મુંડાવનાર—જાણે હજામત થતી હોય તેમ મને લાગ્યુંજ નહીં.

હજામ—(ખુશી થઈને) હેં એં એં!—જોઇ અમારી હુશીઆરી—

મુંડાવનાર—જેટલો વાર તેં હજામત કીધી તેટલો વાર મને એવું લાગ્યું કે જાણે તું અસ્ત્રાને બદલે પાલીસના કાગળે મારી દાહાડી ઓખવતો હોય.

પટાવાળાની ચબરાકી.

મુંબઇમાં જ્યારે નામદાર પ્રિન્સ ઓવ વેલ્સની પધરામણી થઇ ત્યારે કાઠીયાવાડના એક નામાંકીત રાજવંશી અત્રે પધાર્યા હતા. તેમનાં માન માટે એક મોટી 'પાર્ટી' માહાલક્ષ્મીના દાવર હાલમાં એક રાતના આપવામાં આવી. આ વેલા એક સીપાઇને મોટા દરવાજા ઉપર ઉભો રાખી કોઇ દોઢચતુર કારભારીએ હુકમ આપ્યો કે જે કોઇ ગાડીમાં બેશીને આવે તેમનેજ માંહે દાખલ કરવા અને પગે આવે તેમને આવવા દેવા નહીં. હવે એવું બન્યું કે જેઓને આમનત્રણ થયલાં હતાં તેઓમાં ગોવાલ્યા તલાવ ઉપર રહેનારા બે સદ ગ્રહસ્થો હતા. આ ગ્રહસ્થોએ વીચાર્યું જે નાકના દાંડા આગળ જવું છે એટલે ગાડીની જરૂર નથી. તેઓ ચાલીને બંગલા આગળ આવ્યા, અને માંહે પેસવા જાય છે એટલે દોઢચતુર સીપાઇએ રોકયા કે પગે ચાલી આવનારને દાખલ કરવાનો હુકમ નથી. ઉપલા બે સદ ગ્રહસ્થો રમુજી સ્વભાવનાં હતા એટલે જરા વાર વીચાર કરી એક યુક્તિ રચી. પગે ચાલી આવેલા લોક નીરાશ થઇને બાહાર બહુ ભેગા થયા હતા તેમને કહ્યું તમે કાંઇ બીહીશોમાં, અમે તમને સઘળાને માંહે દાખલ કરાવ્યે છૈએ. તેઓએ કેમપનાં દવાખાના આગળથી એક ભાડેની શીગરામ લીધી અને તેમાં છ જણ ભરાયા, અને ગાડી દાવર હાલના દરવાજા આગળ આણી માંહેથી ઉતરયા. શીગરામના બન્ને બારણા ઉંઘાડાં રાખ્યાં. સીપાઇની ગમથી એક ઉતરતો જાય અને પગે આવેલામાંથી એક બીજે બારણે ગાડીમાં ભરાતો

જાય. એ પ્રમાણે આ શીગરામ વાટે આસરે પચાશેક જણ ઉતરીને બંગલામાં ગયા, પણ દોઢચતુર સીપાઇની એટલી અક્કલ પોહોંચી નહીં, કેમજે રસ્તાની બાજુએ અંધારૂં હતું એટલે લોક બાજે બારણે શીગરામમાં ભરાતા તે તેના જોવામાં આવ્યું નહીં.

જ્યારે મેલાવડો ખલાસ થયો ત્યારે આ સીપાઈ પોતાના બીજા મીતરોને કહેવા લાગ્યો "ભાઇઓ—શી વાત કહું—આજે એક ગાડી આવી હતી તેમાં એકસો પરોણા બેસી આવ્યા હતા—મસ મોટી ગાડી હશે હો."

જળોના ગુણ.

ધનામાસી અડાજણથી અત્રે દવાઇ કરાવા આવ્યાં કેમજે તેવણને પેટમાં અવારનવાર પવન પકડી આવતો હતો. ડાકટર ધનજીભાઇએ તેવણની દવા કરવા માંડી અને ફરમાવ્યું "ડોસાં આજે બાર જળો લઈ જાઓ ને એને પેટપર કામમાં લાવીને પછી પરમ દાહાડે પાછાં આવજો."

"વારૂં મરૂં" કરીને ડોસાં શીધારયાં અને ત્રીજે દાહાડે પાછાં આવ્યાં ત્યારે ધસીને ડાકટરને કડાક દેતાં ઓવરણાં લીધાં "ઓ મરૂંરે તમારી ઉપરથી, તમે પેલા લેવટા આપ્યા તેનો તીખો તીખો પાટીયો કરીને જરા ખાધો તારે જરા જીવ ઠરયો. મુવા મારે ગામના ડાકટરોએ આજે બએ મહીના થયા મને ભુખે મારી નાખીતી તે હવે જરા પગમાં ચાલવાનું ચેત આયુંછ."

રામબાણ નીશાણ.

એક પારસીનો નાહાનો છોકરો હાંફતો હાંફતો ગાંધીની દુકાને આવ્યો અને બે દોહોડીયાં મુકી બોલીયો "બે દોહોડીયાંનું—પેલું શું રે—પેલી કેરી—પીલી કેરી આપો."

"પીલી કેરી શું—બરાબર બોલ" ગાંધીએ ખીજાઈને પુછ્યું. છોકરો ગુંચવાયો, કેમજે તે નામ ભુલી ગયો હતો.

"શું કરવા જોઈએછ?" આખરે ગાંધીએ પુછ્યું.

"આપરે છે તે જાણે એમ સમજો કે તમારી બઇરી તમારા બડડા ઉપર લોહોરાંનો બતો મારે ને તે સુજીને કાઆઆઆરૂં થઇ આવે તારે તેને સારૂં શું આપોછ?"—

"અંહંહં—હં! આંબાઅળધ?"

"હા—હા—હા તેજ—તેજ—મને બાવાજીએ આંબા કહેલુંની તે મને કેરી યાદ રહી ગેઇ—હા બે દોહોરીયાંની આંબાઅળધ આપો.

એક નરમ સ્વભાવનો પુરૂશ બચારો ઘણો સાદો હતો તેને ત્યાં પરવારતા મીત્રો અવારનવાર ઉતરી પડે અને પડયા પાંથરયા રહી તેને ખાખા વરખું આપે. આખરે ખરચી ખુટી ત્યારે તેણે પોતાના એક મીત્ર આગળ ફરયાદ કરી. આ મીત્રે દીલાસો દીધો "અરે યાર એ લોકને ખેરવવાનો ઘણો સેહેલ રસ્તો છે."

તે શું?"

"જે ગરીબ હોય તેને પૈસા ધીર એટલે ફરીથી મોહોડું દેખાડશે નહીં, ને જે તવંગર હોય તેની પાસ ઉછીના માંગ એટલે તે લોક તારેથી દોહોડ ગાઉ દુર નાહાસશે."

ખોડ.

મારામાં એક ઘણીજ નાપાક ખોડ છે તે એ કે ઘેરમાં વાપરવા સારૂં ધણીયાંણી સામાણની ટીપ આપે તે યાદ રેહેજ નહીં. ધી થઇ રેહ ને ચાર દાહાડા બુમ મારે ત્યારે યાદ આવે. એક દાહાડે સહવારના હું હાપીસમાં જવા તૈયાર થયો ત્યારે મારી ધણીયાંણીએ એક બીડેલી ચીઠી મારા હાથમાં આપી અને કહ્યું "આમાં કાંઈ ઘણીજ ખાનગી વાત છે તે હાપીસમાં જઈને વાંચજો." મેં ઘણુંબી પુછ્યું કે શું છે, પણ તેણીએ જવાબ આપવા ના પાડી. હું ચીંતાતુર રીતે હાપીસમાં ગયો, અને બીજું કામકાજ પડતું નાંખી ચીઠી ઝડપમાં ફાડીને નીચે પ્રમાણે વાંચી. બે પાના ભરેલાં હતાં તેમાં પેહલાં પાના ઉપર લખ્યું હતું :—

'હું જાણુંછ કે આએ વાંચીને તમને ગુસ્સો લાગશે; પણ હવે અતેરૂં થયુંછ તેથી ખરૂં નરૂં કરવા વગર છુટકો નથી. આજે આઠ દાહાડા થયા મોહોડે તારૂં મારીને બેઠી, પણ હવે તો ખમાતું નથી. ગમે તો ફફડો કે ભટભટો પણ બીજો ઇલાજ નથી. મેહરબાની કરીને—

આટલું વાંચતાં મારા તો બાલ ઉભા થયા. બાપરે! એ શું ધાડ છે. ધ્રુજતે હાથે મેં ચીઠીનું પાનું ફેરવ્યું અને નીચે પ્રમાણે આગળ વાંચ્યું.

"મેહરબાની કરીને આજે આટો મોકળવાને વીસરતા ના તમારેથી તો હું હવે કંટારી ગઈ છું તેથી આએ ઉપાય લીધો છે."

ને વાતબી ખરી. હું નહીંજ વીસર્યો.

ગામડીયા ગમાર.

એક વાર અમે જ્યારે તીથળ ગયાં હતાં ત્યારે એક ગામડીયો છ દજન મરઘીઓ વેચવા લાગ્યો. તેણે આ માલ વલસાડમાં રૂ૨॥ એ દજનને ભાવે ખરીદયો હતો. છ દજનમાં થોડીક મોટી મરઘી, થોડાંક હાફ્‌ફાઉલ, થોડાંક કરચ જેવાં પીલાં વગેરે હતાં. મેં આ સઘળો લાટ પોણા ત્રણ રૂપયે દજન લેવા માગ્યો. પણ ખાંસીલો ગામડીયો સમજે નહીં. ઘણી તકરાર થવા પછી એવી સરત કીધી કે જો હું મારે હાથે તારી તારીને લઉં તો દજનના રૂપયા ચાર આપું ને જો ગામડીયો પોતે તારીને આપે તો રૂપયા સવા બેને ભાવે આપે. પણ બોલી એ જે મારે ગમે એટલાં લેઉં. આ સાટું થતી વખતે કલેકટર સાહેબનો જમાદાર આગળ ઉભેલો હતો એટલે બધું જાણે સ્ટાંપના કાગળ ઉપર લખાયું હોય તેમ નક્કી થયું.

આ પછી મેં ગામડીયાને કહ્યું "તું તારે ગમે તે તારી આપ, હું સવાબે રૂપયાનો ભાવ આપીશ." ગામડીયાએ છેક નાહાના પીલાં એક દજન સોધીને આપ્યાં. મેં કહ્યું 'આગળ ચલાવ, બીજાંબી કાહાડ" તેણે બીજાં દજન

કાહાડયાં, પણ પછી તો મોટાં મોટાં હાથ આવવા લાગ્યાં ત્યારે ગામડીગો વીચારમાં પડયો. મેં કહ્યું "હજુ બીજાં કાહાડ, તારે મારે સરત છે કે હું ગમે એટલાં લેઊં."

ગામડીયાએ ત્રીજાં દજન કાહાડયાં, પણ મેં તેનીજ પાસે બીજાં કહડાવવાં ચાલુ રાખ્યાં ને આખરે છએ છ દજન પુરાં થયાં ત્યાં સુધી લીધાં અને સવા બેને હસાબે પૈસા ચુકવી આપ્યા.

એક જુવાનીયાએ પોતાની અદરાયલી સાથ છેલ્લી ઘડીએ પરણવાની ના પાડી કાંયજે તેણીને ધસીને બોલતાં આવડતું ન હતું. ભલો આદમી! પરણતે ને પછી પતેનીને દાહાડે નવી સાડી અપાવવા ના કહેતે—પછી જોઇએ કે વાત કરતાં આવડેછ કે નહીં.

છણકો

ધણીયાંણી—બઇરાંઓના ડ્રેસના ટેસ્ટની તમે ટકોર કરોછ પણ બઇરાંઓના ડ્રેસની વાત તમે શું સમજો?

ધણી—તેના આંકડાની રકમ—વાહાલી!

મારાં બપાઇ સાસુ ઘણા બેહેરાં હતાં. છેલ્લા માર્ચ માસમાં પ્રીન્સ આલબર્ટ વીકટર અત્રે આવ્યો અને ૩૦ ટોપ પડી ત્યારે તેવણુ કાંસીને બોલ્યાં "ઓ વાય મરેરે—આ બાન્નાં પર ટકોરા કોણ મારેછ?"

વીદવાનો ગણત્રી કરીને કહી શકેછ કે આ દુનીયાં કેટલાં વરસ જુની છે. જયોતીશો સુરજનું વજણ કહી શકેછ, પણ કોઇ માનો પુત એવો પેદા પડયોછ કે જે એક વાતનો ખોલાસો કરી શકે કે સીવનારીઓ નાહાના સદરા ને મોટા સદરાની સીલાઈ એકસરખી કાંય લેતી હશે?

સોરાબજી સીકંદરની નોટ.

વલાવાને દાહાડે રાતના મી૦ સોરાબજી ખાઇ પીને વીકટોરીયામાં બેસીને કોટમાં આવ્યા. પણ ભાડું આપવાની જોગવાઇ નહીં હતી તેથી રસતે વીચાર કરતા કરતા આવીને માણેકજી શેઠની વાડીને એક દરવાજે ઉતરતાં બે ચાર દોહોડીયાં ખખડાવીને ગાડીમાં વેરી નાખ્યાં અને પછી ગાદીઓ ઊંચકીને શોધવા લાગ્યા. વીકટોરીયાવાલાએ પુછ્યું "કયા ગીર ગયા શેઠ?"

"અરે યાર ઉભો રહેની, મારા ગજવામાંથી પૈસા કાહડતાં ચાર પાંચ રૂપયાની ચવલી પાવલી બધી વેરાઇ ગઈછ. જરા ઉભો રેહ હું મારા ઘેરમાંથી જઇને બતી લઈઆંઉ."

આમ બોલી સોરાબજી સીકંદર માણેકજી શેઠની વાડીમાં પેઠા અને બીજી મેર વીકટોરીયાવાલો ઘોડાને ચાબકા ફટકાવીને હાંકી નાઠો. સોરાબજી તો વાડીને બીજે દરવાજેથી નીકળીને ખુશાળ ઘરે જઇને વીકટોરીયાવાલાની મુર્ખાઇ ઉપર હસતા હસતા પોઢી ગયા.

નવી જાહેર ખબર!!

નીચલી જાહેર ખબર મારા જોવામાં આવી હતી, જે હું સદાબરી નીચે ઉતારી લઈ મારા વાંચનારાઓની સેવામાં રજુ કરૂં છું.

વેચવાના છે—"ગરમ બાનુઓના આઇતા સીવેલા પોલકા!"

યા પરવરદીગાર એબી એક ઓગણીસમી સદીની નવી નવાઈ!

શું કામ પરણ્યા.

માણેકજી માંજરો કહેછ કે તે પરણીને **માન**માં આવ્યો.

રતનજી રાગી કેહે છે કે તે રશીકોને **રા**જી **રા**ખવા પરણ્યો.

ચાનજી ચાપડીઆ ચલાવે છે કે **ચાલ**તે દાહાડે **ચાકરી** કરવા તેણે **ચેહેલી** પરની **ચાંદન** સાથ **ચાર ચોખા** પાડયા.

બરજોરજી બેહેલા બેહેસતનશીન બાઈઆઈની આગ ન બુજાયાથી **બીજી**વાર **બમનજી બામના બચું**બાઇના **બીજ** વર થયા.

પેશતનજી પચુકરીને પૈસાની પેટી હાથ લાગી તેથી **પસ**તાવામાં **પડયા**.

મનચેરજી માંદા માણેક મીઠીના મટકાથી મોહ પામી **મોહોડે માથે માહેતમ** કરે છે.

નીરદોષ તાડી વાંશે બેહેરાંમદારૂની વાયેજ !!

પીલુ—લાવની.

નસીબ મેરે ફુટે રે લોગો દેખો તમાશા ઔરતકા—એ રાહ.

કુરાઈ પ્યારી—લાવની તારી—બેસી પીવું હું મારી તાંસ.
તીખ્ખા તમ’તા—કવાબ ઝમ’તા—બાર પંદર લાવી ઓંસ,
પાપરી ગોશ—મરઘી રોશ—બનાવ મઘ’તું ઉંબરયું,
નરમાં નરમ—ગરમા ગરમ—પરેઠા વિના ઝીવતર બરયું.
ચરાઉ તારી—તાંશ રે મારી—નોસારી વજીફે પીતો ભારી,
અરઘો બકરો—બની નફ્કરો—ખાતો હું પેટ પસવારી.
સુકી રોતી—સેકી બોતી—વાળ વટેણા ખાતો રોજ,
ધરીયું તારી—ચરાઉ સારી—તાંસી કરતો હું સદા મોજ.
ચટણી ચટાકા—ખાત્તા બતાકા—વન ન ચાલે મુઝને જરા,
આજના જવાનો—નરા હેવાનો—દારૂ પી બને ધ્રુવર નરા.
ન મોંઢે રૂવાની—ગઇ જાણે જુવાની—દેખાય બુઢા ખોખા હાલ,
એસકી ફાંકરા—દેખાય માંકરા—નાજુક નારોની ચાલે ચાલ.
માટે છોડી દારૂ—માની મારૂં—તાંસો બાંડું તારી યાર,
મીઠી મોંસમે—જઈ ખજુરે—પીવો બતેરો મજેદાર.
જો બની સાથી–ગોશને આથી–આવો ‘બેઝાર’ સાથ મારે ગામ,
જે પીઇસે તારી—સાથે મારી—તે કરશે યાદ સદા મારૂં નામ.

ભીખારી.

"અરે સાહેબ, કાંઈ ગરીબ આદમીને આપો."

"હું કેમ જાણું કે તું ખરેખર ગરીબ છે. તારા પાસે આએ કુતરો છે તે વ્યચતો કાંય નહીં?"

"અરે શેઠજી, એ કુતરા ઉપર તો અત્યાર સુધી હું ખાઇને જીવ્યો, નહીં તો કેવારનો મરી ગીઓ હોતે."

"તે કેમ?"

"એ કુતરાને દોહોડ રૂપયે મેં સત્તર વખત વેચ્યો, પણ દર વખત હું મારે ઘેર જાઉં તે અગાઉનો તો એ તાંહ આવીને પાછો ઉભેલો."

બચારો બે ગુનાહ.

. બારીસટરે બે કલાક સુધી માયાકુલ ભાશાંણ કરીને બંધવાનો ખુબ બચાવ કીધો. તેના ઊપર એક ડગલો ચોરવાનો અપરાધ હતો. બારીસટરના ભાશાંણથી માજીસ્ટ્રેટની પક્કી ખાત્રી થઇ કે બંધવાએ ડગલો ચોરીયો નથી તેથી તેને છોડી દીધામાં આવ્યો.

કોર્ટમાંથી નીચે ઉતરીયા પછી બંધવાએ પોતાના હુશીયાર બારીસટરનો અંતઃકરણથી ઉપકાર માન્યો અને પછી સાદાઇથી પુછ્યું, "સાહેબ, હવે ડગલો પેહરૂં તો કંઈ અરચણ ખરી કે?"

"કીયો ડગલો? કાંહાં છે?" બારીસટરે ખશીયાણા પડી પુછ્યું.

"હેઠે ઓટલાપર મેં સાંટેલો છે."

ખુન કરનાર વાણીઓ.

ચોકસ જાતના વાણીઆઓને "નાળીઉં" ઠોકવાની ઘણી ટેવ હોય છે. પાંચ સાત સાથે મળ્યા એટલે જોઈ લ્યો! ગપ્પાઉસનું બજાર. ગપ્પીદાસોમાં બીહારીલાલ નામે એક કાયસ્થ વાણીઓ, વયે જુવાન આ કામમાં બહુ પાકટ હતો. તે ઠું મારવા અને પોતાની બડાઈ હાંકવા બેસે તો તેનો પાર ન આવે. એક વાર ઝવેર ચૌટામાં પાંચ દસ મીત્રો બેસી વાતો કરતા હતા તેટલાં ભરૂચનો એક મુસલમાન નામે શાહાબુદીન આવી ચઢયો. બીહારીલાલ હમેશની પેઠે પોતાની હુશીયારી બતાવતા હતા એટલે એક જણે શાહાંબુદીનને એશારત કરી.

બીહારીલાલ બોલ્યા, "અરે ભાઈઓ, એક વાર જંગબારમાં મારા તો સાડાબારજ વાગી ગયા હતા. અમે આગબોટમાં એડન ભણી આવતા હતા એવામાં સખત તુફાન લાગ્યું, અને સઘલા ઉતારૂઓ ગભરાઇને મછવામાં ઉતરી પડયા. મારા મછવામાં તેર જણ હતા તે સઘલા તણાઈ ગયા. માત્ર હું ને એક મુસલમાન ખલાસી રહી ગયા."

"કયા સાલમાં એ બન્યું ભાઇ?" શાહાબુદીને પુછ્યું.

"૧૮૬૬માં."

"હા બરાબર—પછી શું થયું?"

"અરે ભાઇઓ, પછી તો નહીં બોલ્યાના નવ ગુણ—મછવામાં પાણીનું ટીપું ન મળે ને તરસ તો કહે મારૂં કામ.

માત્ર મુઠીભર ચોખા હતા. પેલો કહેજે હું ખાઉં ને મેં કહ્યું જે હું ખાઉં. મેં પેલાને કહ્યું ભાઈ શીદને પંચાત કરેછ. ચાલ આપણે ચીઠી નાખ્યે. જેને ભાગ્યે આવે તે ખાય, પણ મુસલો તો કહેજે ના."

"ભાઇ, એ ખલાસીનું નામ શું હતું?" વળી શાહાબુદીને પુછ્યું.

"મુસતાક હુસેન" એવી મને યાદ છે."

"બરાબર છે—પછી તમારી વાત આગળ ચલાવો."

"પછી શું?—એક દહાડો મેં વળી પાછી વાટ જોઇ, અને પેલો ન સમજ્યો એટલે તેને અચબુચ ઉપાડીને મેં સમુદ્રમાં ટપકાવી દીધો. ચોખા એક દીવસ મને કામ લાગ્યા એટલામાં બીજે દીવસે એક મદ્રાસ જતી આગબોટે મને ઉપાડી લીધો."

"ત્યારે તમે તેનો જાન લીધો ખરો?" શાહાબુદીને પુછ્યું.

"હા, પણ સમજે નહીં ત્યારે કરવું શું?"

"ત્યારે તો ઠીક, આજ કંઇ વરસ થયાં હું તારીજ ખોળમાં હતો. તે મરનાર તો મારો એકપુરો વડો ભાઈ થાય."

"નહીં—નહીં!!"

"હા—તમને સાથે મછવામાં ઉતરતા જોયા તે લોકોએ મને ખબર આપી. બચ્ચા મારા ભાઇનો તેં જીવ લીધો એટલે હવે હું તારો જીવ લઉં નહીં તો હું મારા બાપનો બેટો નહીં."

શાહાબુદીને દાંત કચકચાવ્યા અને ડોળા કહાડવા લાગ્યો, બીહારીલાલ ગભરાયો.

"અરે ભાઇ, કાંઇ ચુક હશે, તેનું નામ તો કાંઇ જુદું હતુ."

"ના—ના જુદું બુદું કાંઇ નહીં—નામ, ઠામ, વરસ, બધું બરાબર—હવે તો તને છરી મારૂં—ચાલ મારી સાથે."

"અરે મીયાં જરા સાંભળો તો ખરા—હું તો જરા મશ્કરી કરતો હતો, કોણ આવો તેવો જંગબાર ગયોછ ને વહાણુ શું ને વાત શું? હું તો જરા અમથું બોલતો હતો—લે હવે માંડી વાળો."

"હે? ખરેખર?" શાહાબુદીને પુછ્યું, અને સઘળાઓ પેટ પકડીને હસવા લાગ્યા.

"અરે હારે બાપુ—હું સુરતથી કોઇ વાર બાહાર ગયોજ નથી."

"ઠીક ત્યારે તો. મારોબી ભાઇ બાઈ કોઇ હતો નહીં—પણુ મેં જાણુયું કે તું લબ્બાસ હાંકેછ તેથી તેને ડબરાવ્યો. પણુ હવેથી જુઠું બોલીશ નહીં—નહીં તો કોઇ વાર મારયો જશે."

બીહારીલાલ ખશીયાણુા પડી ત્યાંથી ગયા પછીથી જયારેબી મીત્ર મંડળ કાંઈ વાત કરવા કેહ ત્યારે હસીને બોલવાની ના પાડે.

એ'ચ પકડ મુજે જોર આતા હુએ.

મુંબઇથી સુરત જતાં આગગાડીમાં બે જુવાન પારસીઓ હતા, તેમાં એક મોટો છ ફીટનો ગરાર જેવો પોતે પોતાના નોકરોને કેમ પટકી નાખતો અને પોતાના મુદ્દઇઓના કેમ કટકા બુકલા કરી નાખતો તેની ડીંગ મારીયા કરતો હતો. આ ધણીની પાસે એક બીજો ચીમોરી જેવો ઠીંગણો સુકાઈ સોહેરાઈ ગયલો પારસી મુંગો મુંગો ન્યુસપેપર વાંચવામાં મશગુલ હતો.

આખરે પેલા જબરાનું ધ્યાન આ મુડદાલ ઉપર ગયુ અને પુછયું "કેમ ભાઈ વાંચી વાંચીને શું કામ તમારી ચરબી તાવી નાખોછ. મારી કાની કસરત, મુક્કાબાજી ચલાવો તો જીવેલું પરમાણુ. તમુને કોઇ કુસ્તી રમવા બોલાવે તો શું કરો?"

"ના પાડું, કે એ મારૂં કામ નહીં બા," પેલાએ નમનતાઈથી જવાબ આપ્યો.

"આહા! બરીયુંરે તમારૂં જીવતર! ના કેહો ને હીચકારામાં ખપો! વારૂં, તારે કોઇ તમુને જબરદસ્તીથી મારામારીમાં ઉતારે ને ખુબ ઠોકે તો?"

"તો શું? માર ખાઇએ."

"તોબાહ! જરા મને તો છેડી જુઓની."

"હું કોઈને છેડતોજ નથી."

"પણ જાણે સમજો કે હું તમુને જાણી જોઇને છેડું તો પછી શું કરો?"

"તારે હું એમ ઉઠું ને એમ મારી ચોપડી બાજુ મુકું, ને એમ તમારી પાસે આંઉં ને એમ તમારા કોઠાંમાં એક મુક્કી ઝાડું" આમ બોલી પેલા ચામાચેને ચીતાની પેઠે છલાંગ મારીને પેલા અબુ ઝારૂસના કોઠાંમાં એક મુક્કી લગાવી. પેલો રાખશ જે ખરેખરો હીચકારો હતો તે તો બધાંના દેખતાં ચાટ પડી ગયો અને જરા વાર રહી બોલ્યો "હાં! બરાબર! તમારી જગાએ હું હોઉં તો હુંબી એમજ કરૂં. આપરે બે કેવા એકજ વીચારના છૈયે."

ચામાચેને પાછું પોતાનું વાંચવું શીરૂ કર્યું, અને જબરદસત ખાં કોઇ નહીં જોય તેમ મુક્કી પડેલી જગાએ થુક ચોપડવા લાગ્યા.

ઉખ્યાણું.

પાલણજી કાકા પોતાના ભાઇના છોકરાંઓને આસપાસ જમાવ કરીને રમુજ કરવા બેઠા છે. "બોલો છોકરાંઓ, હું તમુને એક ઉખ્યાણું પુછું—એવી કેઇ ચીજ છે કે જે કોઈની પાસ નથી. તોબી કોઇ માંગતું નથી અને આપવા માંગી એછ તો કોઇ હાથ પારતું નથી, પણ એક વખત આપીયે તો પાછી લેવાતી નથી—બોલો જોઇએ.

"નાહાનો સાવીઓ બોલી ઊઠયો "તે તો આપરી બેહેન ગુલાંમાય."

આવતી સેનસસનો એક આશ્ચર્યથી સફો.

આવતા ફેબ્રુઅરી મહીનામાં સેનસસ એટલે જે વસ્તીની ગણત્રી થવાની છે તેની તૈયારી અને ધુમધામ અત્યારથી ચાલે છે તે તો સર્વે કોઈને ખબર હશે. દીનબાઈ દરજન ઘોઘા સ્ટ્રીટમાં એક દાહાડે બપોરના ત્રણ વાગતે બેસીને પોતાનાં ઓરડામાં "જામે જમશેદ" વાંચતાં હતાં, એટલાંમાં એક ધરપચીઓ પારસી જવાન હાથમાં મોટી પેનસીલ અને કાગળ તથા આંખે કાળો ચશમો ચઢાવીને દાખલ થયો.

"બાઈ, હું સેનસસ લેનારો સરકારી માણસ છું, લે ચાલો વેકી જાઓ—હું પુછું તેના જવાબ આપો."

દીનબાઇએ ધભરાઇને વાંચવાનું હાથમાંથી મુકી દીધું અને ઝપ દેઈને ઉઠયાં.

"તમારૂં નામ શું?"—"દીનબાઇ."

"બાપનું નામ?"—"કાવશજી."

"ઓખર?"—"જી—ઓખર તો કંઇ નથી."

"ગરબર નહીં જોઇએ—બરાબર બોલો——મારી આગળ એવી ગત ચાલશે નહીં."

"નહીંજી—જુઠું શું કામ બોલું——અમારી ઓખર છેજ નહીં."

"ઠીક છે. જુઠું લખાવશો તો વીશ વરસ બતંએની સજા ફરમાવેલી છે."

' ઓ માયરે!"

"હા——સમજીઆં? ચાલો હવે——તમે કેટલી વખત પરણીઆંછ?"

"નહીંજી——હું તો કુમારીજ છેઉં."

"અં! કોઇ ઠેકાંણેથી માંગાં આવેલાં કે?"—"હાજી, ઘણે ઠેકાંણેથી."

"વારૂં——તારે શું લખું? આઠ વખત માંગાં આયાં હતાં એમ લખુંછ. અમોરામાં હુચો ખોશોછ કે?"

"ઓ વાય—એવું તે કંઈ પુછવાનું છે?"

"જલદી જવાબ દેઓ—સરકાર સાથ ટકટક ચાલશે નહીં."

"આપરે—છેતે—જરા—

"બસ—બસ—બસ—હું સમજી ગીઓ. નોધી લેઊંછ કે જરા નાહાલો હુચો રાખોછ."

"ઊમર છવીસ વરસ લખુંછ. સરકારનો હુકમ છે કે બાઇઓની ઊંમર પુછવી નહીં, કેમજે તે લોક કોઇ કાલે સાચી ઊંમર કેહવાના નથી."

"અરે નહીં રે—મારી તો ઊંમર અઢાર વરસની છે. સરકારને જોઈએ તો માને કે નહીં માને" દીનબાઇએ લગાર ફ્ફડીને જવાબ દીધો.

ઠીક—ઠીક—ઠીક—બસ બધાં બઈરાંઓ એમજ કેહેછે. જો બરાબર ધ્યાનથી સાંભળો—કેટલાં નંબરના બુટ આવે?"

"સરકારને તેની સાથ શું કા—

"એકદમ જવાબ દેઓ—બતંએની સજા યાદ છે?"

"મરેરે—આએ તો જુલમ થયો."

"તમારૂં મત હું પુછતો નથ—સરકારના કામની સાંએ મત આપશો તો ભારી પડશે—બોલો બટનું નંબર શું— બઇરાંઓ જાણી જોઈને પેતાના પગ નબલા કેહવાડેછ તે સારૂં સરકારને આએ બધી જુસતેજુ કરવાની ફરજ પડીછ. બોલો બુટનું નંબર?"

"મને ત્રણ નંબરના મોગાં પડેછ, પણ એ નંબરના—

"બસ—નંબર પાંચ લખુંછ—તમે બઇરાંઓ એક બે નંબરની હમેશ ચોરી કરોછ—તમારા કોઈ દોસતદારો છે કે?"

"શું—ઊં—ઊં—ઊં?"

"દોસતદારો? જવાબ ઘણો સંભાળથી આપજો, કેમજે સરકાર એ વાત જાણવાને ઘણી ખંતી છે. આવતા સેનસસની ફતેહનો એ ઊપર મોટો આધાર છે. ચાલો બોલો, કેટલા દોસતદાર છે?"

"કોઇ કોઇ અહીં આવેછ જાયછ—પણ—

"તે તો હું જાણુંછ—મેં નોધ કીધીછ કે તમે ઘણા ખુબશુરત છો ને તેથી તમારાં પુછડાં તો હોવાજ જોઇએ, પણ જે મુખ્ય હોય તેના નામ લખાવો."

"જી—અહીં આવતા જતા તો જમસુ મંકી ને બેહેલુ બાંગો છે—

"સબર—સબર—એમાંથી કીઆ સાથ પરણવાના છેઓ તે બરાબર લખાવો."

"એ બેહુ તો રખડતા પીંજારડા છે. મારૂં તો માણેકજી મુગા સાથ નક્કી થયલું છે."

"અને એ માણેકજી મુગાની વાત પેલા ગ્રહસ્થો જમશેદજી અને બેહેરામજી જાણેછ કે?"

"અરે ના રે બા—તે લોક મને અવારનવાર નાટકમાં લઇ જાયછ તેથી હાલ તો તે લોકોને હંબગ કરીઆ કરૂંછ."

"સારૂં—ઘણું સારૂં"—નામ બોલી સેનસસ અમલદારે પોતાનો લીલો ચશમા ને ખોટા ઠેમીઆ કાઢી નાખયા અને ખરા બેહેરામજી બાંગા દીનબાઇની સામે ઉભા.

"સારૂં ઘણું સારૂં—ઉભી રેહ રાંડ નાપાક કુતરી—હવે તુને નાટકમાં સઉ લઇ જાઉંછ!"

ધર્મ કરતાં કર્મ.

ધર્મીબાઈ—(ભીખારીને) જો હું તુંને બે દોહોડીયાં આપું તો શું બોલશે?

ભીખારી—જે તમે બોલાવો તે.

ધર્મીબાઈ—ચાલ તારે બોલ—"દાદાભાઈ શેઠ સલામત." મારા વરનું નામ દાદાભાઈ છે.

ભીખારી—તે વાત ખરી, પણ પેહેલાં દોહોડીયાં આપો—તમે બાઈ માણસનો વીશ્વાસ નહીં.

ડાહ્યો

"અરે યાર, આએ વખતની ક્રીસમીસના તેહેવારપર ઓરજ મજાહ પરી. જેમ ગમે તેમ ખાધું—આગગાડીના પૈસા નહીં પરીયા—હાટલનો નહીં ખરચ—ટકુનોબી નહીં ખરચ—વળી ઘેર કરતાં એક રૂપયો વધારે નહીં થયો."

"હેં? વાહ! એવી જગા મને બતાવની યાર."

"મારે પોતાને ઘેરજ ગયો."

અગમ બુધીઓ.

"કાકા, આએ તમારી પૈસાની કોઠળી તમે બજારમાં નાખી દીધી તે લેઓ—તમારા ખીસામાંથી પડતાં મેં જોઇ તે હુ લઇ આવ્યો."

"હેં! જીવતો રેહ. તું કોણુનો દીકરો? તારા બાપને મારી સલામ કેહજે. ઘણો ડાહાયો દીકરો છે—ચાલો, સાહેબ મેહેરબાન."

"કાકા, તેમાં રૂપીઆ બધા બાધા ઊતા તેમાંથી એકને વટાવીને મેં બેઆની પાવલીઓ મુકેલી છે."

"કાંય વારૂ, તેમ કાંય કીધું."

"તે વળી તમે મને બખશીશ આપવા માંગો તારે છુટું લેવા કાંહ જાઓ, એમ જાણીને મેં અગાઉથીજ તૈયાર રાખ્યું."

કાકા કંજુસની હવે આંખ ઊઘડી.

શાવકશાહ ને શીરીનનો પેહેલો બુચો.

પેહેલી રાતનો અનુભવ.

શાવકશાહ શીરીન સાથ પરણ્યા પછી ખેતવાડીમાં એક નાહાનો બંગલો લઈને જુદા રહ્યા હતા. કેમજે મીસીસનો એવો વીચાર હતો, કે પરણ્યા પછી જુદું ઘેર માંડવામાંજ મોહોબતની મીઠાસ જળવાય છે, અને સાસુ સસરા સાથ રહ્યાથી ઓરબી કચરો પડે છે. વાતબી ખરી. પરણીને જુદા રહ્યા પછી સાસુ સસરા મળવા આવે અને સઘળું પાણીના રેલાની પેઠે સુના જેવું ચાલ્યું.

વરસ દહાડો થવા આવ્યા પછી શીરીનબાઈએ એક છોકરાને જન્મ આપ્યો. પંદર દહાડા અગાઉથી સાસુજી તથા શીરીનના માય, એક ઉપરનું કામ કરનારી બૈરી વગેરે રહેલાં હતાં. એટલે સુવાવડના ચાલીસ દહાડા અને તે પછીના બીજા આઠ દહાડાબી હસ્તા રમતા ગયા. બુચાને બકરીનું દુધ પાતાં હતાં તે બકરીને ઓટલા ઉપર બાંધી હતી અને તેને દોહતી વખતે ખવાડવા સારૂં ચનાનો પત્રાંનો દાબડો વગેરે તૈયાર હતો.

શીરીનબાઇ નાહી ઉઠયાં પછી ઉપરના આઠ દહાડાબી વહી ગયા અને માયજી, સાસુજી, ઉપરનું કામ કરનારી વગેરે સૌ સૌને ઘેરે વીદાય થયાં. પોતાની જીંદગીમાં પેહેલીવાર શાવકશાહ અને શીરીનબાઇ પોતાના પેહેલ વેહેલા બુચા સાથ કોઈની મદદ વગર આ રાત એખલાં ગુજારનાર હતાં. એક

પોતેજ બચ્ચાં જેવાં એટલે ઘભરાય તેમાં નવાઇ શું. બુચાજી ખાસ્સા બનામે ઇજદ જેવા હતા, અને પોતે ને રાતે શું નાટક કરનાર હતા તે વાત પોતાના પેટમાંજ રાખીને હોંચકા ખાતા હતા.

દસ વાગ્યા પછી બધું ઉંચું નીચું કરી માટી બાયડી સુવાની તૈયારીમાં છે તેટલાં પચાસમી વખત શીરીન બોલી "રખેને બુચાને મદઇને કાંઈ રાતના વાગ્ચી આવે—તો કાંહ જવસ."

"અરે કાંઇ થવાનું નથી—બીહેછ શાની—ગામમાં બધાંના છોકરાં તારે કેમ ઉછરતાં હશે?" શાવકશાએ હીમ્મત આપી પણ તેવણનાં પેટમાં જીવ નહીં હતો.

"જુઓની શાવકશાહ—બધું બરાબર ગોઠવ્યુંછ કે? નહીં તો રાતના કામ પડે ત્યારે ભોરવાયાં તો નહીં પરી જઈએ?"

"અરે હારે—મેં મારે હાથે બધું મુક્યુંછ."

"પેટમાં પવન પકડે તારે લગારવાનું એડીઉં ને પાન કાંહ મુક્યાંછ?"

"આએ શું—અહીં ટેબલપર આગળજ છે."

"અહીં શું છટ્ઠે ખુને મુકયુ—જરા એમથી મુકોની—ને દુધમાં મેલવવાનું મીલીનસ ફુડ કાંહાં છે?"

"તેબી અહીં દીવા આગલજ છે."

"ચાલો તારે તો—પણ દીવામાં ગયાસનું તેલ ભરયુંછ કે? આખી રાત ચાલે તેવું લાગતું નહીં?"

"નહીં રે—મેં મારે હાથે ભરયું ને—લે ચાલ, હવે સુઈ જા—આખી રાત લેવીછ."

"અરે વાય મારી સુધ બરેરે—સુવાનું પાણી જમવાના ઓરડામાં રહી ગીયું—જરા લઈ આવો તો."

શાવકશાહ કાંસી કરાંઝીને ઉઠયા ને સુવાના પાણીની બાટલી લાવીને ટેબલ ઉપર મુકી. પાએક કલાક ગીયા પછી શાવકશાહની જરા આંખ લાગી હશે એવામાં શીરીન બોલી, "આપરે—છે તે—શાવકશાહ—માએ શું કહ્યું તું? બે ભાગ પાણી ને એક ભાગ દુધ નહીં વારૂં? કે બે ભાગ દુધ ને એક ભાગ પાણી? મેં એક કાગજના કટકાપર બરાબર લખી લીધેલું છે, તે જરા જોશો—નાહાવાની ઓરડીમાં ગોખલા ઉપર બજારની ચોપરીમાં તે કાગળ છે, જરા લઇ આવો વારૂં મરી જાઉં—ચુક ભુક થશે તો કાંહ જવશ."

ઉઠવા શીવાય ઉપાય નહીં—શાવકશાહ મુગે મોહોડે જઇ કાગળ લાવ્યા અને બતી આગળ વાંચ્યું "બે ભાગ દુધ ને એક ભાગ પાણી."

"શાવકશાહ, મને એવો ધરકો પડેછ કે રખેને બુચાને પવન બવન પકરી આવે."

"જાબા—તું તો અમથી અમથી લંબાણ કરેછ—સુતીબી નહીં ને સુવા દેતીબી નહીં. પવન પકરે તારે વાત, હમણાથી—

"ઓ ઓવારૂં રે—તમેબી રાત પરી મારા છોકરાને એમ કહેવોછ કે? સાબાસ રે—જાઓ જાઓ, એબી કંઈ પારકાનો છે કે?"

"લે ચાલ બા માફ કર—હવે ઘોંટાઇ જા."

શીરીનબાઇ છણકો કરીને સુતાં. તેવણનો જીવ જરા સુગાયો હતો. શાવકશાહની તો આંખ લાગી પણ શીરીનના કાન જોરી ગમજ હતા. સાડા અગીયાર વાગતે તેણીએ ધણીને ઢંઢોળ્યા. "શાવકશાહ, જરા ઉઠોની, એ બુચો એમ ક્રાંસેછ કેમ!"

વાંકું વળીને જોઇને "કાંઇબી નથી, મને તો લાગેછ કે બરાબર છે."

"તમુને લાગેછ? તારે તમારી ખાત્રી નથી કે? ઓ વાય, હવે કાંહ જાઉં!"

"અરે મારી ખાત્રી છે."

"વારૂં, બોલતા પરથી મરૂં—એ મારા બુચાને કંઈ થશે તો મારો જીવ કહાડી નાખશ જો—તમે કેહેશે કે મને ઘડી ઘડી કંટાળો આપેછ પણ મને લાગેછ કે સામે પાંખની બારીમાંથી પવન આવેછ. ડાકટરે કહ્યુંછ કે દીલપર પવન આવવા દેવો નહીં જોઈયે."

"નહીં રે—પવન કાંહ છે—લે પાંખની બારી બંધ કરૂં" એમ બોલી શાવકશાએ બારી બંધ કીધી.

"કેટલા વાગા, જરા જેવો તો."

"પોણા બાર."

"ચાલો, તારે તો સારૂં—બુચાને બાર વાગે દુધ પાવાનો વખત છે. બકરીને ચના ખવાડશો?"

શાવકશાએ એક હાથમાં ફાણુસ અને બીજા હાથમાં ચનાનો બાકસ લીધો, અને શીરીનબાઈએ ટંબલર અને ગાળ-

વાનું કપડું લીધું અને બધું હાઊસન જાઊસન દુધ ડોહોવા ચાલ્યું. પાએક કલાક આમ ગયા પછી દુધની સીસી ખુચાના મોહોડામાં ખોસી અને શાવકશાહ જરા લેટયા."

"એ આજે એમ શું કરેછ, શાવકશાહ જરા જોવોની— આજે બધી દુનીયાની ઊંઘ તમુનેજ આવી જાયછ કે? ખુચો તો દુધ ખેંચતો નહીં."

શાવકશાહ ભડકીને ઉઠયા અને જઇને જોયછ તો ખુચાના મોહોડાંમાં શીશી પકડેલી છે, પણ ખેંચતો નથી "એ તો ઊંઘાયછ તેથી ખેંચતો નથી—બીજું શું?"

"શું ઊંઘાયછ! કોઇ રાન બોલતીનું કલેજું! જરા ફાણસ લાવોની—જુવો એમ ભવાં એમ કેમ કરેછ—મને તો ધ્રુજરાં ચહરેછ."

"અરે એ તો બધાં છોકરાં એમજ કરે."

"નહીં—જો વારૂ મરી જાશે—માયને બોલાવી લાવો."

"પણ શું કરવા—નકામી તેવણુને તસદી આપવાની."

"જો શાવક, જરાને વાસ્તે તમે કાંઇ કામ વધારી મુકશો અં! જો ખુચાને કંઇબી થયુંછ તો હું તમુને પુછશ. હવે જરા જઈને તેરી લાવશો તો તમારા પગ દુખવાના છે?"

અલબત માયજી આ જોડાંના બંગલાથી એક મૈલ દુર રહેતાં હતાં—શાવકશાએ નાચારીએ જવાની તૈયારી કરી.

"શાવક, જરા પહલાં એડીઉં ગરમ કરીને આપોની પછી જરા પાન મુકાએ—રાંધણીમાંથી રતનનેબી બોલાવો—તમે

જશો તેટલાં હાથ લાગશે. મને લાગેછ કે એને પેટમાં પવનજ પકરયો છે—જરા ઉભા રહેજો અં—હું ફલાલીન લઈ આઊ."

એ પ્રમાણે સહવારના પાંચ વાગતે ઉજરડું થવા લાગ્યું ત્યારેબી શાવક અને શીરીન બતી અને ફલાનલ, ઓડીઊ અને સુવાના પાણી સાથ પછાડા મારતાં હતાં. આખખાં ઘરમાં તે રાતના એકજ જણ ખરેખર ઊંઘ કાહાડતું સુતું હતું અને તે બુચો હતો.

વ્યાકરણની સમજ.

લાનોલી ગામમાં નવા સરકારી મહેતાજી આવ્યા તેવણ મોટા અનુભવવાલા અને હુશીયાર ગણાતા હતા. પેહેલેજ દીવસે તેવણે છોકરાઓને વ્યાકરણ સમજાવવા માંડયું અને તે તેમના જુવાન મગજ ઉપર ઠસાવવાને ઘણી મહેનત લીધી. તેવણ બોલ્યા, "જુઓ છોકરાઓ, વ્યાકરણમાં નામ, સર્વનામ, વીશેશણ વગેરે છે, પણ એ સઘળામાં 'નામ' એ મુખ્ય છે. જેમ એક ઘંટીનું ખીલ છે અને તેના ઉપર સઘળી ઘંટી ફરે છે તેમ 'નામ'ના ઉપર બધું લટકેલું છે. વ્યાકરણમાં નામ તે જાણે ઘંટીના ખીલની જગા રાખે છે. સમજયા ?"

સઘળા છોકરાઓ સાથે બોલી ઉઠયા, "હાઆઆજી."

"ઠીક, ચાલો ત્યારે બોલો, નામ એટલે શું ?"

નાહાનો ધનજી ખુશીથી બોલી ઉઠયો, "સાહેબ, ઘંટીનું ખીલ !"

સટોસટનો સોદો.

ખલીફ હારૂન અલરશીદનો નામીચો લહુઓ અબુ નવાસ પોતાના સુલતાન સાથ ઘણી છુટ લેતો હતો. એક દાહાડે ભર દરબારમાં લહુઆએ વાત છેડી કે "ઘણીવાર એવુ બનેછ કે ખુદ ધુનાહ કરતાં તેને માટે માંગેલી માફ વધારે ઝેરી લાગેછ."

ખલીફે આ બેહુંધી વાત સાંભળી લહુવાની ટકોર કરી કે હવે તે રમુજમાં દહાડે દહાડે બદતર થતો જતો હતો. લહુઆએ હાથ જોડી માંગી લીધું કે, "જહાંપનાહ અગર હુકમ હોય તો કાલ સહવાર સુધીમાં મારા બોલવાનો પુરાવો રજુ કરૂં."

ખલીફ ઘણા મીજાજમાં હતા તેથી બોલ્યા, "અગર તારી કબુલાત પુરી નહીં પાડશે તો તારૂં ડોકું છટકાવી નાખશ."

જ્યારે દરબાર ઉઠી ત્યારે ખલીફ ઉઠીને પોતાના હરમમાં જતા હતા એવામાં અંધારાંમાં અચબુચ કોઈ દહાડી મુછવાળા પુરૂષે તેમના રૂખસાર ઉપર બોસો લીધો. બહુજ ખફા થઈને ખલીફે બતી અને જલાદને સાથે બોલાવ્યા અને ઘણી અચરતીથી જોયું કે આ બેઅદબી કરનાર તો તેનો માનીતો અબુ નવાસ હતો.

"કમબખ્ત—તારૂં મોહોત નજીક આવ્યુછ—આ પ્રમાણે તારા મુરબ્બી સાથ ચાલ ચલાવવાનો અર્થ શું ?"

"ગરીબ પરવર, હું તારા પગ ઉપર માથું મુકીને માફ માંગુંછ. હું ભુલમાં સમજ્યો કે તમારી માનીતી સુલતાના અંધારામાંથી જતાં હશે."

"હેમક! હરામઝાદા! એ તું શું બકવા કરી રહ્યોછ? ચોરી ઉપર સરજોરી! ઘુનાહ કરી ને તેથી નપેતર ખોલાસો આપેછ!"

"યા અલાહ! જાહાંપનાહ સલામત મેં આજે દરબારમાં શું જીદ લીધી હતી તે યાદ કરો."

આટલું બોલી અબુ નવાસ ત્યાંથી નાઠો અને સુલતાને હસીને પોતાની હીરા જડીત સપાટ તેના પીઠ પાછળ ફેંકી તે ખીસામાં સાથે લેતો ગયો!

આટો બાફવાની નવી રીત.

ખુશી પુતલી—નશરવાનજી, તમોને મારાં બેહેન જરૂર ઘણાં ગમેછ, નહીં વારૂં?

નશરવાનજી—હા, ઓ યસ—મને ઘણાંજ ઘણાંજ ગમેછ, કાંય વારૂં?

ખુચી—જારે તમે પણસો તારે તમારા ઘેરના બધા ઓરડા તમેજ રાખશો કેની?

નશરવાનજી—અલ્લા—તે શું? તું શું પુછેછ તે કાંઈ મને સમજાતું નથી.

ખુચી—તે હમણાં તો તમે તમારૂં આખું ઘેર વાપરતા નહીં કેની?

નશરવાનજી—તે વલી કોણે કહ્યું?

ખુચી—બાવાજી કહેતાતા કે તમારૂં ઉપરનું કાતરીઉ તો ખસેલું છે!

મીઆં તુમારી સુરત એસી કયું ?

મુંબાઇમાં મારી ઓળખાણનો એક ગ્રહસ્થ રહે છે તેનામાં એક ભુંડી ટેવ હતી કે ગમે એટલું કરો પણ તેને કંઈને કંઇ ઓછું પડે. અમે બધા દોસ્તદારોતો એ ટેવને લીધે રમુજ મેળવીને હસતા, પણ આ ધણીની બાયડી—જેણીને આપણે શીરાનને નામે ઓળખાવ્યે—તે બીચારી બળી જળીને કવાબ થઇ જતી.

એક દાહાડે સહવારના શીરીનનો વર જમશેદ ખભરતોજ ઊઠયો. વગર કારણે તેણે છીટાં શોધવા માંડયાં પણ શીરીને કંઈજ કારણ આપ્યું નહીં. કપડાં બરાબર કાહાડી મુકેલાં, નાસતો વખતસર હાજર— બધું તૈયાર એટલે જમશેદ ચાટ પડીને હાફીસમાં જવા તૈયાર થયા આ વાર તેની ધણીઆણીએ ધણીજ મયાથી પુછયું “જમશેદ, આજે બજારમાંથી માછલી આવીછ તેનું રાતના ખાતને સારૂં શું કરાંશ ?”

“જો તુંને ઘરના કારભારની કાળજી હોતે તો આટલાં વરસ થયાં જાણુતી નહીં કે મને શું ગમેછ ? કામની વખતે માથું ખાવાની તમે બઇરાંઓને ટેપજ પરી ગેઈ.” એટલોબી પોતાનો રાએતાનો ધુમાડો કાહાડી જમશેદજી હાફીસમાં ગયા.

હવે બનાવ એવો બન્યો કે સાંજના હું મારા મીત્રને ઘર જઈ લાગો અને તેણે મને જમવા બેસવાની જીદ કીધાથી હુ રહયો. શીરીન જે મારા કાકાના દીકરી થતી હતી તે ધણી નહીં સાંભળે તેમ મને કેહવા લાગી “જોજોહ ! આજે જમશેદે છીટાં શોધવાના સહવારથી સાંટક રચ્યાંછ—ને હું ગમ તે કરશ તોબી એવણુ ખરવાયાં તોડવાના.”

જમવાનો વખત થયો, અને અમે ટેબલ ઉપર બેઠાં. ટેબલ ઉપર ધોતો ફુલ જેવો ટેબલકલાથ નાખ્યો હતો, અને સઘળુ ઘણુંજ સફાઇ હતું. જમશેદે એમ તેમ નજર કરી પણ કાંઇ બાહાણું જડયું નહીં. એવામાં તલેલી માછલી આવી. જમશેદે મીજાજ ખોયો "મેં હજાર વખત ના કહયું કે મને રાતને વખત તરેલો બીંગ ગમતો નથી, પણુ મને જાણી જોઇને ચીડવવા——

"જરા ઉભા રેહો—અનતુન પેળી સાહાસની માછલી લાવ."

શીરીનના હુકમથી અનતુને સાહાસની માછલી લઇ જઇ શેઠ આગળ ધરી. "છટ—છટ—સાહાસની માછલી ખાયને છાતી પર ખાટું થાય તારે ડાકટરના બીલ ચુકવો—તનુ લોકને માછલી બાઇલ કરતાં શું પેટમાં દુખેછ ?"

"અનતુન—શેઠ આગળ બાઇલડ માછલી લઇ જા." શીરીને વળી પાછુ ફરમાવ્યું, અને અનતુને બાઇલડ માછલી આગળ ધરી.

જમશેદજી તો ચાટ પડી ગયા ત્યારે બોલી ઉઠયા "પણુ એ શું તું લુટ બુટ ચલાવવા બેઠીછ ? પૈસા કાંઇ હરામના આવ્યાછ કે ! એક રાતના ત્રણ ત્રણ જાતની માછલી ! વાહ !"

"જમશેદ જરા ધીરા પડો—એતો બાહારથી ભેટ આવીછ—આપુને પૈસા પડયા નથી."

જમશેદ હવે શાનુ બરબડે ? "પણુ જેનું તેનુ ભેટ સોગાદ—મારા હુકમ વગર લેવાની તુને——

અહીં હું વચ્ચે પડયો "બીરાદર જમશેદ—હજી તારી ખોડ ગેઇ નહીં—એ માછલી તો હું મારી સાથે હમણા લઈ આવ્યો."

જણુમમાં પેહેલીજ વાર જમશેદની ખરચી ખુટી—તે ટેબલ પરથી ઉઠી પોતાના સુવાના ઓરડામાં ભરાયો તે તે રાતના બાહાર આવ્યોજ નહીં.

બચારો મુગો બેહેરો.

મેડો સ્ત્રીટમાં એક ગલીને નાકે એક ભીખારી હાથમાં ટોપી ધરી ભીક્ષા માગતો ઉભો હતો. તેણે પોતાના ગળામાં કાગળ ઓળવ્યું હતું તે ઉપર મોટા અક્ષરે લખ્યું હતું "બેહેરો અને મુગો છું—દયા કરો." તે રસ્તેથી પસાર થતા એક રાહદારીને આ વાંચીને દયા આવી તેથી ખીસામાંથી બે આની કહાડીને ભીખારીના હાથમાં મુકી. આ વેળા "બેહેરા ને મુગા" ભીખારીથી કાચ્યું કાપી દેવાયું. તે અચબુચ બોલી ઉઠયો "ખોદા તમારૂં ભલા કરો શેઠ સાહેબ."

સખા રાહાદારી—(અચરત થઇને) હેં! એ શું? તું તો બોલેછ?

ભીખારી—(ધભરાઈ જઇને) સ—સ. ત—ત—પ—પ સાહેબ, અંહી જે બીચારો મુગો બેહેરો જાથુક કામ કરેછ તેને જરા રોકાણ હોવાથી હું તો ફક્ત તેની બદલીએ છેઉં.

સખી રાહાદારા—પણ ત્યારે તે મુગો બેહેરો કાંહ છે?

ભીખારી—(વધારે છબરડો કરીને) તે તો સાહેબ, આજે બેંડ વાજાં છે તે **સાંભલવા** ગોયોછ.

સરખે ભાગે વેંહચી લેવું.

"આહ! આપરે છેતે, જાંહાંગીર—આપરે ભાગમાં ગારી ઘોરો રાખીએ. કેમ?"

"દોસ્ત તે કેમ બને? બે જણને વાપરવાની ગોઠવણ નહીં થાય."

"અરે! તેમાં શું મોટી વાત છે? તું ગાડી ઘોડો લઇએ તેના પૈસા આપ—હું તબેલો શોધી કાહાડું—તું સાફસુફ રખાવ—હું જોડવાનો હોકમ આપું—તું દાનો ઘાસ રોજ સહવારના કાહાડી આપ—હુ સવારી લેઊં—તું ભાગું તુટું સમરાવ ને હું મયુનીસીપાલીટીના બીલ બરાબર છે કે નહીં તે તપાશી આપશ—કેમ?"

"નહીં બા—એમાં તો તુને ઘણી તસદી પડે તે મને તો શરમ લાગે–માંડી વાળ."

ઘણું નવાઈ જેવું.

"ઘણું અજબ જેવુ, ડોસુ ને તેની બઈરી આજે બાવીસ વરસ થયાં પરણ્યાંછ અને તેટલા અરસામાં એક દહાડો બી મરાયાં નથી." એક દોસ્તે આ પ્રમાણે પોતાની અચરતી બતાવી.

"એહ, તેમાં શુ—એનો ખોલાસો સહેલ છે. એની બઇરી સહવારના છ વાગામાંથી બાહારનુ કામ કરવા જાયછ તે રાતના આઠ વાગતે આવેછ ને ડોસુ ગીઆડ છે તે રાતના આઠ વાગતે કામ ઉપર જાયછ તે સહવારના છ વાગતે ઘેર આવેછ." બીજા મીત્રે ખોલાસો કીધો.

મારી નવી પરણેલી ધણીઆણી મેહેરાં, નવા જણેલા બુચાને ખોલા ઊપર બેસીને રમાડતી પણ ટેવ નહીં એટલે પકડતાં આવડે નહીં. આ જોઇ ગુલી ફુઇ જેવણુ મળવા આવ્યાં હતાં તેવણુ બોલ્યાં "માય! હું તો બા ખરૂં કેહું, જે માયથી છોકરાં સચવાય નહીં તેવી માયને છોકરાં નહીંજ હોય તો સારૂં."

મેહરાંનું આ ટીકાથી પાકી આવ્યુ તેથી ખભરીને બોલી "ખરી વાત છે ફુઇ—ને જે ડોસાંઓથી પોતાની જીભ સચવાઇ નહીં શકાય તે લોકોએ પોતાની જીભબી કપાવી નાખવી જોઇએ."

"ચાલો માએ બેસો" કરીને ડોસાંએ રૂખસદ લીધી.

કમાઇનો નવો રસ્તો.

નીચલી જાહેર ખબર થોડુંકની વાત ઉપર એક વર્તમાન પત્રમાં છપાઈ હતી :—"વરસ દાહાડે ૫૦૦) રૂપીઆ કાંઇબી મહેનત વગર કમાવાની સહેલી રીત જેઓને જાણવી હોય તેઓને રૂપીઆ એકના સટાંપ નીચલે સરનામે બીડવાથી રજીસ્ટર કાગળ મારફ્ત છુપી રીતે શીખાડયામાં આવશે. સરનામું—ક ખ ગ પોસ્ટ આફીસની કેરમાં."

સોરાબજી સાબુ સુકાલીઆએ આ વાંચીને રૂ ૧) મોલ્યો. વળતે પોસ્ટે તેવણુને રજીસ્ટર કાગળમાં જવાબ મળ્યો, "મારીજ કાની તમેબી છપાવો. દર રૂપીઆ પાછળ રૂ ૦। ખરચ થશે અને બાર આના તમુને મળશે."

જાહેર ખબર.

સીકંદર ઘણા ઉતાવલમાં છે.

દોસ્ત—કેમ સોરાબ કંઇ ઘણો દોરધામમાં છે ?

સોરાબજી સીકંદર—અરે, તુને ખબર નહીં કે હું તો પરેલ મીલમાં ચાકરી રહ્યો છ તે દરરોજ આગગાડીમાં આવવું જાવું પડેછ.

દોસ્ત—એહ ! તે તો મેં ન્યુસ પેપરમાં કેહારતું વાંચ્યું.

સીકંદર—શું વાંચ્યું ? કાંઇ મારે વાસ્તે હતું ?

દોસ્ત—તારૂ નામ તો નહીં હતું પણ એ લખેલું વાંચ્યું કે ચર્ચગેટ ને પરેલની વચ્ચે દોડતી ગાડીમાંના થર્ડ કલાસમાંથી પેસનજરોના ગજવાં કાતરવામાં આવે છે અને ચોર પકડાતો નથી. મેં જાણ્યું કે એ કામ સોરાબ સીવાય કોઇથી બને નહીં.

એક ડેર સુખ દેખો તો ફીર આઇઓ.

નવો પરણેલો—(ડઘાયલા સાદે) દોસ્ત તું મને કહી શકશે કે પરણ્યા પછી કેટલા મુદતે બૈરી પોતાનો ધણી જેમ કહે તેમ કરેછ ને તકરાર કરતી નથી?

જુનો પરણેલો—(નીસાસો નાખીને) તે તો ભાઇ કોઇ બીજા મારી અગાઉ પરણેલાને પુછ, મને તો પરણ્યાને હજુ ફક્ત ચાલીસજ વરસ થયાંછ.

એવું કહેવામાં આવે છે કે એક કાગળને ટપાલમાં લાગુ કરતાં ગુજરાતમાં છ ગામડીયાઓનુ કામ પડે છે. એક જણુ લખાવે, બીજો લખે, ત્રીજો સ્ટાંપ ખરીદ કરી લાવે, ચોથો તેના પૈસા આપે, પાંચમો ટપાલમાં લઈ જઇને નાખે અને છઠો ચીરામાં વાંકો વળીને જોય કે બરાબર કાગર પોંચ્યું કે।

(કારપોરેશનના બે અધીકારીઓ વચ્ચે સંભલાયલી વાત-ચીત.) "પણુ તમે કામના શું? જે દહાડેથી કારપોરેશનમાં બેસવા માંડયુંછ ત્યારથા એક વખતબી તમારૂં મોહોડુ ઉઘાડેલું મેં જોયું નથી."

"હું! કોણે કહ્યું? જ્યારેબી તમે ફરમાસુ ભાશાંણુ કરવા ઉઠોછ ત્યારે કાંઈ નહીં તો દજન બવાચી હું ખાતો હોવસ."

બીલીમોરેથી ફકીરજી નામે એક ડોસા આવ્યા. તેવણુને તેવણુના જનમમાં પેહલીજવાર તેમનો ભત્રીજો કાવસજી નાટ-કમાં લઇ ગયો. રાતના ઘેરે આવતાં કાવસજીએ પુછ્યું "કેમ કાકા, નાટક ગમ્યો કે?

"હું બાઈ? નાટક તો આજે કાંહ થીઓ? હામા તકતા ઉપર ઉભા રહી બે ચાર પારહી માટીડા ને બઈરાં પોતપોતા-માં કાંઈ પોતાના કામની વાતો કરીઆ કરતાં ઓહે તેથી મેં તો એક હાજજી જેવી ઊંઘ ખેંચી કાહારેલી. નાટક થાહે તીવારે જઇહું."

સઘળા ચીચોડાના પ્રતાપ.

ડોસાં પાસ લાખ બે લાખની ઠમણી હોય તો તેથી તેવ-ણુની અકળ, ઠસ્સો, અન માન પાનમાં કેટલો ફેર પડે છે. જરા ચોદમી પેહડાએ સેજ સગાઇ હોય તો દર બોલે બોલ તેવણુને મમાઇજી, બપાઇજી અથવા માશીજીના લાડકવાયાં નામે કેવા હાક મારીએ છીએ. ચીચાડાવાળાં ડોસાંને એમ બો-લાવતાં મોહાસથી આપણું મોહોડું કેવું ભરાઇ જાય છે. આપના ઘેર આગળ તેવણુની ગાડી આવી તો કેટલાં બધાં જણુ બારણું ઉંઘાડવા દોડી જાય છે અને કેટલી બધી ભત્રી-જીઆ હાથ પકડીને આસતેથા તેવણુને સીરી ઉપર ચહડાવે છે. જ્યારે તેવણુ કોચ ઉપર ચહડીને બેસે છે ત્યારે ઘણા સર્વે નાહાના મોહોટાં કેવા તેવણુની આગળના આગળ માખ-ની કાની ભમ્યા કરે છે. ચીચાડા હોય તો ભીખાઇજી માય કેવા સાલ્લા ચહડાવીને દર ચાર દાહાડે ડોસાંને મળવા ને ખબર અંતર પુછવા દોડી જાય છે, અને પાસની કોઇ ગરીબ ડોસી મરવા સુતી હોય તો તેની ખબર ચાકર પાસ પુછાવવાનીબી ફુરસુદ મળતી નથી. તેમ જો કધીમધી ચીચોડાવાળાં ડોસાં તમારે તાહ બે દાહાડા રહવા આવ્યાં તો થઇ ચુકું. રાબેતાની વખત બજારના વાધા પડે, પણુ તેવણુની હાજરીમાં તો રોજ મરઘી ને બારાઆના ને પાઇ ને પુડીંગના માથાં ભાગે. વાંચ-નાર તું પોતેબી વળી નાકે જીભ શા સારૂં લગાડતો હશે? એવી વખતે તુનેબી વારી વંતર ને કલબ સઘલું ભુલી જવા-નું સુજે છે. કેમ ખરૂં કે ખોટું?

ઈરાનીના કૌતક.

બાઈ—અરે શીરીન—કાંહ ગેઈ શીરીન !

ઈરાની શીરીન—જી એવીજી—ખુચાના નાહાવાના પોંણી લોવીજી.

બાઈ—સારૂં—ચાલ જલદીથી અંઘોરાવ—પણ રાન ઘેલી ગરમ ખખરતો હાંડોબી મોહોના સુધી ભરેલો છે ને ઠંડાં પાણીનો હાંડોબો છલાછલ ભરેલો છે તારે હવે ટાહારૂં ઉનુ કેમ કરશે. જો, પેહલાં ગરમ પાણીનો અરધો કરસીઓ ને પછી ટાહારાં પાણીનો અરધો કરસીઓ એમ લઇને નહવારજે.

ઈરાની શીરીન—વોઓઓરૂંજી.

શીરીન ખુચાને નહવાડવા બેઠી. પેહલાં ઠંડાં કર જેવા પાણીનો અડધો કળસીઓ લઇને કમબખત ખુચાના દીલ પર રેડીઓ.

ખુચો—ઓઓ—ઈઈ—ઘણી ટાહાર વાગેછ—માય—માયજી !

ઈરાની શીરીન—મુગા મુગા બેસી રેહ—બાઇએ હુકમ કીધાચ તેમ નહવારેચ—ગની ગરબર કીધા તો પછી—

બીજો કળસીઓ ગરમ આતશ જેવાં પાણીનો અડધો ભરીને જેવો ખુચાના દીલ પર ટપકાવ્યો કે પછી—

(ડાકટરનું દાખલ થવું—પડદો પડે છે.)

એક વકીલના ઘરમાં એક રાત્રીએ ચોર ભરાણો. ઘણીક વાર હાથ ચાલાકી ચાલવા પછી ચોરના પાસથી વકીલે સઘળા પૈસા લુટી લીધા !

માજીસ્ત્રેટ અને કેદી.

રાવબાહાદુર પ્રાણુવલ્લભદાસ પુંજારીદાસ ખેડા જીલ્લાના એક વીભાગમાં માજીસ્ત્રેટ હતા. તેવણુ જ્યારે નાહાના હશે ત્યારે બડા ઉઠાઉગીર હશે. લફંગા મીત્રો સાથ ખાવું પીવું, જુગાર રમવો અને વળી લાગ આવે તો કોઈને ખુમે પડાવવી એવી પ્રાણુવલ્લભદાસની જુવાની હતી. સારાં નશીબે તેમના પીતાજીને આ વાતની ખબર પડવાથી તેમને મુંબઈ મોકલાવી કેળવણી આપી, અને ત્યાં વકીલનું કામ શીખીને સુધરી ગયા અને સેવટે માજીસ્ત્રેટ થવા પામ્યા.

એક વાર તેમની આગળ એક કેદીને આણી ઉભો કીધો. તેના ઉપર એક દરજીની જાનને લુટવાનો આરોપ હતો. માજીસ્ત્રેટે તેને તુરત ઓળખ્યો કે આ તો તેમના આગલા લુચ્છા સોબતીઓ માંહેનો એક હતો. માજીસ્ત્રેટને પોતાને તો મોટા મોટા ઠેભીઆ ઉગી ગયલા હતા, અને આંખે ચશમાં ચઢાવ્યા હતા એટલે કોઇ ઓળખશે એમ ખાત્રી હોવાથી કેદીને પુછ્યું "અલ્યા, તારા બધા આગળના લુચ્છા સાથીઓ મંગળદાશ, રામદાશ, ભાણુજી વગેરેનું શું થયું ?"

"કેદી હાથ જોડી નીસાસો નાખીને બોલ્યો "ખોદાવંદ—તેઓ સઘળા ફાંસી ગયા, માત્ર હું અને તમેજ બાકી રહી ગયા છીએ."

"બાપાવા—મરી જાંઉ—મારૂં ઘરીઆલ બંધ પરીસુંછે તે જરા ચાંડી જાઓ. જુવો સાપરના ઘરીઆલમાં હવરેજ બારવાગા તે મારાબી "બારજ વજારજે મરૂ."

હાસ્પીટાલમાં લેકચર.

મોટા ડાકટર હસ્પીટાલમાં દરદીઓનાં વારડમાં ફરતા છે અને પછવાડે ચેલાઓનું ટોલું ચાલે છે.

ડાકટર—(એક દરદીને) તારો ધંધો શું છે?

દરદી—સાહેબ, હું બેંડવાલો છું.

ડાકટર—તુને શું છે?

દરદી—છાતીના દરદથી ઘણો હેરાન છું, સાહેબ.

ડાકટર—(દરદીની છાતી ઠોકી જોઇને) છોકરાઓ, મારાં લેકચરો મેં વારેવાર તમુને સમજાવ્યું છે કે સીસોડીઓ વજાડવાનો ધંધો કરતાં છાતી ઘણી ખરાબ થઈ જાય છે. આએ ગરીબ વાજાંવાળાની છાતી તમામ એ રોગથી ખરાબ થઇ ગયલી મેં પકડી કહાડી છે તે જોવાની હવે તમુને તક મળશે. (દરદીને) તું કેઇ જાતની સીસોડી તારાં બેંડમાં વજાડેછ?"

દરદી—મોટું ઢોલ, સાહેબ!

એક નામાંકીત લખનાર નામે પાઈરનને રાત્રીએ ભટકવા માટે માજીસ્ત્રેટ પાસે ઉભો કીધો.

"કેમરે, એ લુચ્છા તારો ધંધો શું છે?"

"સાહેબ, હું કવી છું."

"કવી? ઓહો! મારો એક ભાઈબી કવી છે."

"એમ કે? તારે તો સાહેબ, આપણે બંધે સરખા! કેમજે મારો એક ભાઈ મુર્ખો છે."

સસરો ચાહે શું પીએછ!

બે જુવાનો વચ્ચે સંભળાયલી વાતચીત.

"કેમ તારે, તારાં લગણનું શું થયું, દોસ્ત."

"ઓહ, તેતો સેવકે ભાંજી પાડયું"

"કાંય વારૂં? કાંય વારૂં?"

"મારા સસરાને તો હું આબરૂદાર છેઊં તેની જામીનગીરી ને ઓળખ જોઇએછ."

"અંહં! ને તેથી તુને અપમાન લાગ્યું કે?"

"અરે નહીં રે, અપમાન શાનુ? હું જાણુતો તો કે જો ઓળખ આપશ તો સસરા પોતેજ જરૂર તોડી નાખશેજ તેથી આપરે પેહલાંથી તોડી નાખીને વલી મારનો ભાર રાખ્યો."

"બરાબર કીધું."

શેઠાણી—કોણ?

શેઠાણી—જમસા, આજે રાતના મોટી વાણી ગુવારની સીંગની કરજે.

જમસો—બાઈ, ગુવારની સીંગ રાંધણીમાં કોઇ માણુસોને ગમતી નહીં.

શેઠાણી—તેથી શું થયું? મને ઘણી ગમેછ.

જમસો—પણ ફક્ત એકજ જીવને સારૂં કેટલી બધી હલામણ!

નરો જાણે ફરેસતો!

મેહેરબાઇ સુરતીનીની જેટલી વખાણુ કરૂં એટલી થોડી છે. શું તેણીનો સ્વભાવ. તે આજે આઠ વરસ થયાં પરણેલી છે પણ હજી સુધી તેણીના ભરથાર સાથે કોઇ વારબી બોલાચાલી થઇ નથી. તે હમેંશ પોતાના દોસ્તોમાં વડાઈ લે છે કે મેહેરીનો કોઇ દહાડે મીજાજ ખોવાડવો એ બનેજ નહીં. સોહોરાબજીએ ઘણીવાર ફક્ત અજમાયસને ખાતર તેણીને ફફડાવી, પણ જેમ જેમ તે વધારે છેડે તેમ મેહેરી વધારે નમાની અને હસમુખી થતી જાય.

ગયા રવીવારે રાબેતા પ્રમાણે સોહોરાબજી વડાઈ લેતો હતો તેવામાં એક મીત્ર બોલી ઉઠયો કે "તું છાકટો થઇને ઘેર જા, અને અફડા તફડી કરીને ભાંજફોડ કર અને જો તારી બાયડી જરાબી મોહોડું નહીં કુમળાવે તો હું સરત બકું."

"જો ડીયર જાંગુ—તું નફામાં રૂપયા ખોસે કાંયજે હુ સારી પેઠે જાણુંછ કે મેહેરી એક બોલ બોલવાની નથી. તે કરતાં તું જારે જીદ કરેછ તારે રૂપયા ૨૦ ની સરત. તું બારણાની પછવાડે છુપાઈને તમાસો જોજે."

તે રાતે સોહોરાબજી બાર વાગતે ઘેર આવ્યો તારે તેણે ભારોભાર લીધેલો જણાતો હતો. તેના પગના અવાજ સાંભળી મેહેરી વેહેલી વેહેલી બહાર દોડી આવી, અને તેને હેતથી કોટી કરીને હાથ પકડીને સંભાળથી અંદર લઇ આવી અને બોલી "કંઇ નહીં—અકરાવોના—જોઇને ચાલજો—હોયજ

તો—એમાં શું—માટીડા છે તે વળી એ દોસ્તદારો સાથે બેસે ને ખાય પીએ તેમાં શું."

સોરાબજીએ છાકટા ધુન થઇ મોહોડાંમાંથી મેહેરીનાં ચેહેરા ઉપર થુકના છાંટા ઉરાડયા "નીઇઇકર અંહીંશી, રાઆઆ—આ—ના કુતરી—તારૂં—તારૂં—મોઓઓનું ધોવા નહીં ગમતું—મારી ખુરશી કેમ ખેંએંએંચી કહારી?"

મેહેરી પસવારીને બોલી "બલા જાણે—વાગ્યું કે? જરા ધભરાટમાં મારેથી ખીસી ગઈ હોશે—હવે સંભાળ રાખશ જરા સોડા આઇસ લાઉં?"

સોહોરાબજીએ કંઇ જવાબ આપ્યો નહીં પણ આંખ બંધ રાખીને ઝોંકા ખાવા માંડયા. મેહરીએ ઝટ એક સોડાની બાટલી ઊઘાડી અને ટંબલરમાં રેડીને ધણી આગળ લઇ ગઇ, પણ સોહોરાબે ટંબલર તેણીના હાથમાંથી ઝુંટાવી લઇ તેના અંગ ઉપર છુટું ફેંકયું. મેહેરી જાણે જાણતી નહીં હોય તેમ બોલી "કંઇ નહીં—કંઇ નહીં, માથાં ઉપર આઇસ ફેરવું—નહીં તો જરા પવન નાખું?"

પણ સોહોરાબજી ઘણા રંગમાં આવેલા હતા. તેવણે ટેબલ ઉપરથી ટેબલ કલાથ ખેંચી કાહાડયો અને તેની સાથે ઉપર મુકેલો ખડીયો તથા બીજો સામાણ ભોંય ઉપર નાખી દઇને ફુરજા કીધો. મેહેરે શું કીધું હશે? શું તે માથે હાથ દઇને રડી—કે ધણી ઉપર તુફાન કીધાં—કે સાડીનો સાલ્લો ચહડાવીને પોતાનાં માયને ઘેર જવા તૈયાર થઇ? ના—તે ધણીના પાસે ભોંય ઉપર બેસી ગઇ અને ઘણા નરમ સાથે તેને આઇસનું પાણી પીવા પટાવવા લાગી.

પણ હવે સોહોરાબથી ટકાયું નહીં. તે પોતાની ધણીયાંણીને વલગી પડયો અને હસીને કહી દીધું; તે આ સઘળા ઢોંગ કરતો હતો અને જાંગુ સાથ કમાયલા ૩૨૦) તેણીને નવી સાડી લેવા સારૂં આપ્યા, પણ આ ભલી બાઇએ તેમાંથી બીજેજ દીને સોહોરાબ સારૂં ઈજારો કરવા માટે સફેદ પાજ લીધી.

જાંગુ છુપાયલો બાહાર નીકળી આવ્યો અને ફકત એકજ સવાલ પુછયો "બાઇ તમારી કોઇ બીજી બેહેનો પરણવાની છે કે?"

અધીપતી તરફની તાજે કલમ—કુમારા પણ આશાવંત ગ્રહસ્થો, જે બાયડીઓ તમે લાવવાની આતુરતામાં છઓ તેઓમાં ઉપલા બધા કલપીત ગુણો જોવાની વકી રાખશો તો ખાંડ ખાસો.

કાતરીયું ભાડે.

બાવાજી—દીકરા પેસી, આપરા ઘેરનું કાતરીયું તો આજે ભાડે આપીયું, હવે ચોથો માળ ખાલી છે તેથી એક પાટીયું લખીને ચોથે મારના આગલા ઓરડામાં ટાંગ.

દીકરો—બાવાજી, પાટીયું ચોથા માર પર ટાંગીયામાં શું ફાયદો, એ તો ઓટલા પર મુકવું જોઈએ.

બાવાજી—તું મારી સાથ નકામી જીદ ના કર. આપરે માર ભાડે આપવાનો છે કે ઓટલો?

દીકરો—(મનમાં) આજે બાવાનું કાતરીયુંજ ભાડે અપાયું છ **એટલે તેમાં એવણુનો શું વાંક**

બે જુવાન પુરૂશો વાંદરાથી ચર્ચ ગેટ આવતા હતા તે વાર સેકંડ ક્લાસમાં સાથેજ એક નામીચો કંજુસ નામે માકુ મખ્ખીચુસખી હતો.

પેલા બે જણ માકુને અને તેની કંજુસાઇને સારી પેઠે નજરથી ઓળખતા હતા. તેઓએ પોતપોતામાં વાત કરવા માંડી "સાંભળેછ કે—આપરો દોસત હીરજી મગોલ રોજ રોજ ટીકીટના પૈસા આપ્યા વગર ગ્રાંટ રોડથી કોટમાં જાયછ, બડો હુશીયાર હં—તાલ તો ઠીક શોધી કાહાડીછ."

આ સાંભલી માકુએ કાન ઊંચા કીધા "હેં ભાઇ, શું બોલ્યા? ટીકીટના પૈસા આપવા વગર? વાહ! તે કેમ?"

"અરે યાર એ તો અમારા હીરજીની છુપી વાત છે તે કંઇ કહેવાય?"

ચર્ચ ગેટ ઉતરયા પછી તેઓએ દેવલના મોહોલામાંથી સાથે ચાલવા માંડયું. આઇસક્રીમ વાલીની દુકાન આવી ત્યાં માકુ પોતાના નવા દોસતોને બોંહોંસ કરીને લઇ ગયો અને અકેકું ગ્લાસ ખવાડી પછી પુછયું "ભાઇઓ તમે હીરજીની વાત કેહી તે ઘણી નવાઈ જેવી છે—મને તો કેહો—હું કોઈને નહીં કેહું."

"જો કોઇને કેહતો નહીં?"

"નહીં—મારા જાનના સમ."

"તારે સાંભળ, હીરજી રોજ ગ્રાંટ રોડથી **પગે ચાલતો** કોટમાં જાયછ એટલે એને ટીકીટના પૈસા આપવા નહીં પડતા."

ખરો ધર્મી તે એ.

બેહરામજી બાવાજીનો સખી દીલગુરદો સર્વેને માલમ હતો. તેવણુને બચ્ચાં છોકરાં હતાં નહીં, પણ પાસે પાંચ પૈસા સારા સંગ્રેલા હતા તેથી દુરના ખેશીઓ 'બાબાજી બાવાજી' કહીને તેવણુને રાજી રાખતાં હતાં. 'બાવાજી' કોણુને પૈસા આપી જશે તે વીશે તરેહવાર અટકલ ચાલી રહી છે એવામાં એક દાહાડે રસતે ચાલતાં બાવાજીના પગ ઉપરથી ગાડીનું ચાક ફરી ગયું. હેતવંતાં સગાંઓ દોડી પોંહોચ્યાં અને એક મલમ પટો કરનાર નામે ચાનજીભાઇ હકીમજીને બોલાવી લાવ્યા. તેવણુને પોતાને ડાક્ટર તરીકે ગણુતા હતા, અને ગરીબ ગુરબાંઓમાં આડાંની સુંઠ કરીને છબરડો કાહાડતા હતા. તેવણે દવાઇ ચાલુ કરી, આજ કાલના નવા શીખેલા ડાકટરોની ઠેકડી કરી અને રોજ રોજ બાવાજીને અરધી આની ફેર પડતો જાય છે એવી ખાત્રી આપવા માંડી. પણ ફેર પડવાને બદલે આ નીમ હકીમજીને હાથે તો કટલેહામ થવા માંડયું હતું, તે એટલાં સુધી કે કચડાયલાં હાડકામાં સળો લાગુ થયો અને ધભરાઇને ઈસપીટાલનાં મોટા સરજીયનને બોલવવામાં આવ્યો. તેણે તપાસ કરીને મત આપ્યું કે અણુઘડ નાડી વૈદોને હાથે એવાં જોખમ ભરેલાં કામમાં ગુંથાવ્યાથી ડોસાજી બે ચાર દહાડામાં ધપી જશે. સગાં વાહલાં રડવા લાગ્યાં, પણ ડોસાજીએ હસતે મોહોડે વકીલને બોલાવ્યો અને બંધ બારણે વીલ કરીને ત્રીજે દીવસે ગુજરી ગયા. જ્યારે સગાંઓની ચીંતા વચે વીલ વાંચવામાં આવ્યું ત્યારે તેમાં નીચે પ્રમાણે ફરમાવેલું હતું.

"મારી જંગમ અને સ્થાવર મીલકત લગભગ રૂપયા પચાસ હજારની છે તે હું ચાનજીભાઈ હકીમજીને આપી દેવાને ફરમાવું છું, તે એવી સરતે કે તે આજ પછીથી ડાકટરનો ધંધો મુકી દે. તેણે મારો ધાન કહાડયો છે, પણ તેમાં તેનો વાંક નથી. કેમજે પેટ–ને–ખાતર તેણે એ ધંધો પકડયો હશે. હવે આ વારસો મળ્યાથી તેને બીજા ગરીબ લોકને ગોરમાં મોકલવાની જરૂર રહેશે નહીં."

ખરો ધર્મી હોય તો લેવો આ દ ખલો!

આગલ ચાલતાં નાટકી કાંય નહીં નીવરે?

અમારો નાહાનો જાલ ભોંય ઉપર ફસડાઈને કળ આવ્યને રડે છે તેને તેની માસી શીરીનબાઇ પટાવવાની પેરવી છે. "ચાલ—બા—મુગો રહી જા, પાપા ઘેર કેમ ખાય મા—શું કરવા એટલો બધો રડેછ?"

જાલ—(વધારે મોટો ધાંટો કહાડીને રડતાં) હું કાલ પડી ગીયો તે મને પગમાં વાગું.

માસી—ઓ વાય! ખાઇ પીને રડવા જાઉ શેખના બાપને. કાલે પરી ગીયો તેનું આજે શાનું રડેછ?

જાલ—તે કાલે હું પડી ગયો તારે તમે આગળ નહાં હતાં તે!

સ્ત્રી હથીયાર.

સ્ત્રી જાતીના મુખ્ય બે હથીયાર છે—ખુબશુરતી અને જબાં. જેમ જેમ પેહલું હથીઆર બુઠું થતું જાય છે તેમ તેમ બીજું હથીઆર ધારવાળું થતું જાય છે.

બચારો મુગો બેહેરો.

એક ધણી ગુપચુપ આવીને હજામની દુકાનમાં બેઠો અને દાહાડી ઉપર અંગલું ફેરવી એશારત કરી કે તેને દાહાડી મુંડાવવી છે. દુકાનમાં હજામ બે ત્રણ હતા તેઓ એક બીજાને આંખ મારવા લાગ્યા. આખરે એક બોલ્યો "બચારો બેહેરો છે અમં."

"તારે તો મુંગોબી હોવોજ જોઇએ—બાપરે એની દાહાડી કે કાંટાંની વાર"

"અરે નકામો મોજજો અસ્ત્રો સું કરવા બગાડે છે મારા રાંડીઆની ચામડી ઓખવી કાહારની."

"ભાઇ, એના બાલ તું સાફ કર—ઢડના ખાધાનું માથું જાણે મુવેલો ઉંદર."

"નહીં બા, હું હમણાજ નાહી આવ્યોછ. એના નાકના ફીફડાં જોયાં કે? જાણે બોર ઘાટની ટનલ."

આ પ્રમાણે હજામો એક બીજામાં ગપાટા ચલાવ્યા જતા અને બચારા બેહેરા મુગા માટે ટાહુકા લગાવી રમુજ મેળવતા હતા. બેહેરો મુગો તો જાણે એક પુતળું બેસાડયું હોય તેમ બેસી રહયો ને બધું કામ ખલાસ થયું પછી તે ઉઠયો, અને પોતાની પાઘડી પેહરી સઘળાઓની હેબત વચ્ચે બોલ્યો.

"દાહાડી બોડાવવાના ને ગાલ ગલોચના કેટલા પૈસા?"

"અરે—અ—અ—ત—ત—પ—પ—નહીં રે સાબ—કાંઇ નહીં—પૈસા સાના—ફરીથી—

પેલો પૈસા આપ્યા વગર મુગો મુગો ત્યાંથી ચાલ્યો. હજામો એક બીજામાં વાત કહેછ—

"ભાઇઓ હાર મુવાતા હું કે! ફરીથી કોઈ બેહેરો મુગો આવે કેની તો પેહલાં તેના કાન આગળ દસ રતલી તોપ ફોડવાની, પછી વાત હો કે!"

વીસરભો.

"દોસ્ત, મારો ચાકર કેટલો વીસરભો છે તેનો તુને ખ્યાલબી નહીં હશે. જો સાંભળ, એક દાખલો આપુંચ. એક દહાડે તેને ટપાલમાં કાગળ નાખવા મોકલ્યો. તેણે બેધ્યાનીમાં કાગળ ભોંય ઉપર મુક્યું ને પોતે કાગળને બદલે ટપાલની પેટીમાં જઈને પડયો."

"એંહા એમાં શું મોટી બીસાદ! મારી પાસે એ કરતાં સરસ દાખલો છે. ગયા શનીવારે મેં મારૂં બુટ નવી એડી મુકાવવા સારૂં મોકળ્યું. મને ઘણી ઉતાવળ હતી તેથી મોચીએ પોતાનું ભોજન ખાતાં ખાતાં કામ કીધું હશે, કેમજે તેણે એડીને બદલે આખો કાંદો મારાં બુટને જડયો ને જુની એડી ભુલમાં ખાઇ ગયો! કેમ શું ધારયું?"

છોકરાઓરે! ઓરે!

માસતર—છોકરાઓ આપરે કેમ સાંભળીએછ—સમજાવો જોઇએ તમારી હુશીયારી.

ચપલ છોકરો—એક જન એક દોસતને કંઇ કેહ અને તેને કેહ કે બીજા કોઈને નહીં કેહ અને તે દોસત અમારા એક દોસતને કેહ ને તે અમુને કેહ એટલે અમે સાંભળીએ.

ઈનસાફ કોઈ વાર કેમ ઉંધો વળે.

આ નીચલો ઘણો નવાઇ જેવો બનાવ ખરો બનેલો છે એવી ચોકસ જામીનગીરી આપવામાં આવી છે. એકવાર એક સેશનસ કોરટમાં એક બંધવાને ખુનના વાંક માટે ઉભો કરવામાં આવ્યો. જુબાની એવી સાબુત પડી કે બંધવાના અપરાધ વીશે કશો શક રહે નહીં, તે છતાં લોકની અને જડજની અજાયબી વચ્ચે જુરીએ તેને નીરઅપરાધી ઠરાવ્યો. આ ચુકાદો દેખઇતી રીતે એટલો તો બેહુંધો હતો કે મુકદમો ખલાસ થવા પછી જડજે જુરીના ફોરમેનને પોતાના ખાનગી ઓરડામાં બોલાવી પુછયું કે આવી સાફ જુબાની છતાં શા આધારે તે લોકોએ બંધવાને છોડી મુકયો.

ફોરમેને જવાબ દીધો "જડજ સાહેબ, અમારૂં મત ખરૂં છે તે હું પુરવાર કરવાને શક્તીવાન છેઉં."

"પણ એમ બને કેમ? તમારી કંઇબી ચુક હશે."

"તારે તમે તમારા ગૃહસ્થપણાના સોગંદ લેવો કે જે વાત હું તમુને કેહું તે આજથી આઠ દહાડા સુધી તમોએ કોઈને કેહેવી નહીં અથવા તેનાં સંબંધમાં કાંઇબી હીલચાલ કરવી નહીં."

"કબુલ છે. બોલો હવે. આ ધણી નીરઅપરાધી છે એમ માનવાનું તમને શું કારણ પડયું?"

"તારે સાહેબ મરનારનું ખુન કરનાર એ ધણી નહીં પણ હું પોતે હતો. કેવી રીતે ખુન થયું તે હું પોતે સારી પેઠે જાણતો હોવાથી જુરીને ચોકસ રીતે બતાવી આપ્યું કે આ

માણુસે તે ખુન કીધેલું હોયજ નહીં. હું આજે સાંજના અમેરીકા નાશી જાઉં છું. આ વાત તમારી આગળ કબુલ કરવાની મતલબ એટલીજ કે વળી બીજો નીરદોશ નાહક ફસી નહીં જાય."

પરણવું કે કુંવારા રેહેવું એ બાબદ ઉપર ફીલસુફો વટીકમાં મતફેર છે. એ સવાલ ઉપર અમોએ ઘણો વીચાર કીધો છે અને અમારૂં મત એવું છે કે બે માર્ગો ગમે તે માર્ગ અખત્યાર કરો, પણ પરણશો તોબી પસ્તાસો ને નહીં પરણુસો તોબી પસ્તાસો.

નાહાના સાવીઆની ચીંતા.

સાવીઓ ઉમર વરસ ૬)–કદે ઠીંગણો–એકાએક બોલી ઉઠયો. "પપા, હું આટલો નાહાલો છેઉં તારે આટલો ઠીંગણો છેઉં તે જારે તમારા જેટલાં વરસનો થવશ તારે કોણ જાણે કેટલોક ઠીંગણો થઇ જવશ."

કેહે છે કે સીયામનો રાજા ૨૪ વરસની ઉંમરનો છે, અને તેને નવ બાયડીઓ છે. કોઇવાર પગ દુઃખી આવે ત્યારે નવ બાયડીઓ પગ ચાંપે અથવા પેટમાં દુઃખે ત્યારે નવ જણીઓ શેક કરે તે તો જરા સારૂં લાગે, પણ રાતના નાટકમાંથી રખડી રઝળીને ત્રણ વાગતે ઘેર આવ્યે ત્યારે નવ વીછછણો મોટાં મોટાં બાશાંણો કરીને માથું ખાઇ જાય તે તો મરી જવાનો સોદો.

આડાંની સુંઠ.

એક જુવાન પુરૂશે પોતાને લાયકની એક નાઝનીન સાથ પરણુવાનું સાટું નક્કી કીધું, પણ છોકરીના બાપ પાસે પાંચ પૈસાની પુંજી સારી એટલે તેમની રજા જોઇયે જે મેળવવાને એક દીવસ તે ઘરડાના મકાંન ભણી ગયો. ઘરડાજી મોટાં ખેતરો વગેરેનાં માલેક હતા અને પાંચ પચાસ ખેડુતોને પગારદાર રાખીને સારી કમાઇ કરતા હતા. તેવણ જાતે ગામડીયા હતા અને કાને બેહેરા ભીત હતા. જ્યારે જમાઇજી ઘર આગળ આવી ચઢયા ત્યારે ઘરડાજી ઓટલા ઉપર બેસી સાંમે ખેતરમાં ચરતી પોતાની માનીતી ગાય તરફ જોઇને અવાચી ખાતા હતા.

"બાવાજી, હું તમારી છોકરીને સારી તરેહ ઓળખુંછ.' પેલાએ મોટો ઘાંટો કાહાડીને વાત શીરૂ કીધી.

"હોવવે—હાજજી પાડી છે." પાડાં ગમ જોઇ ઘરડાજીએ જવાબ દીધો.

"અરે બાવા—તમારી દીકરી—દીકરી—તમારી છોકરીને હું ઓળખુંછ."

"અં—હા રે હા—મારા બધાં પાડાંમાં એ ઘધેડી બહુ હારી."

છોકરો મનમાં મુંઝાવા લાગ્યો કે હેડની ખાધી આ ટાંકણે ગાય અહીં કાંહાંથી આવી લાગી.

(મોટો ઘાંટો પાડીને લાલ લાલ થઇ જઇને) "બાવા, જરા હું બોલુંછ તે પર ધ્યાન આપો—તમારી દીકરી—ઘણી ડાહી છે—ઘણી ભલી છે."

"હોવે—હોવે—કોઇ દાહાડે લાત નહીં મારે, કોઈને કરડ નહીં—કંઇ નહીં—મારે તાં આટલાં બધાં ડોબાં છે તેમાં કોઇની હાથે એ નાચે કુદે નહીં."

"સાહેબ, તમે મારૂં બોલેલું સમજતા નથી. હું તો તમારી ગોલાબ બેટીને સારૂં વાત કરૂંછ."

"ગોલાબ! નારે બાપા, એ અધી અધીને વાજ વરે તેમાં ગોલાબ શું કરવા?"

"છોકરી—છોકરી—છોકરી—બાએ કાકો તો નરો બેહેરો ભીત છે."

"હા—હા—હા—ગરીબ—નગી જાણે બોકરી—ભાઇ તું ખરી વાત કહે—એમાં ફેર નહીં."

"તોબાહ!" (હાથ બતાવીને) "તમારી બેટી જે આવડી ઊંચી છે તે હવે ઉમરે પાકી થવા આવી તેને હવે ઠેકાણે પાડો તો ઠીક નહીં તો કોઇ દાહાડે ફસાઈ જશે."

"ખરી વાત કહી દીકરા—એ હવે ઘરડી થવા આવી તે હાર કહાઇને તાંહ તો મોકલવાની તો. ઘણું થાહે તો પાંચ દાહારા ઘાહ ખવારીને પછી કાપીને ઢેડાઓને ખવારીને દઇહું."

જમાઈજી હવે ઠાકા "સાહેબ મેહરબાન હું હમણાં તો જાઊંછ, તમારી દીકરી ઘેરમાં હશે ત્યારે પાછો આવશ."

આમ બોલી તેવાનું શીધાર્યા પછી ડોસો પેટ પકડીને હસવા લાગ્યો "મારો નાલ્લો કાચુને હીખવવા આએવો. મારી છોકરી એનાનને જોઇએછ! કેવું ગરૂં તોરાએલું! હવે દુકતીને લઇને આવહે તારે વરી નવી વાત."

કેળાંના ગોસ્તની કાહાણી.

હું છ મહીનાની પરણીને આવેલી હતી. સ્કુલમાં મને મોટાં મોટાં ઈનામો અને ભરતકામ માટે સ્કાલરશીપો મળી હતી. સહવારનાં મારા મેહેરજી હાફીસે સીધાર્યા પછી જીવ ઝુફ્ણુ ઝાફ્ણુ થતો હતો એટલાં રાંધવા વાળો મીસતરી આવીને રાતના ખાણાની વરદી પુછવા લાગ્યો. મારા હાથમાં તે વખતે 'ભુલ ભુલામરી'ની વાત વાળી ચોપડી હતી તેમાં ધક એવું લાગી ગયલું હતું, કે મેં ચોપડીમાંથી ડોકું ઉંચકયા વગર જવાબ દીધો કે ઘેરમાં કેરાં વધેલાં છે તે વાપરજે ને કંઇ પુડીંગ બુડીંગ કરજે.

સાંજના ચાર વાગે ચોપડી ખલાસ થઇ ત્યારે મને યાદ આવ્યું કે મેહુરજીને રાંધેલાં કેરાંના ગોસ્તની ઘણી ચીડ હતી ને કલબના કહારતા વાંકા વરે તે તેવણુના દાંતને તરેહવાર ચસટા લાગ્યા હતા. સાંજના તેવણુ ફફડતા ચટકતા ઘેર આયા ને પાઘડી પટકીને ટેબલ પર નાખીને ઢાંકેલા કોચ ઉપર બેસી ગીયા.

"આલી, આજે જોભરવાનું શું કરાવ્યુંછ ?"

મારા પેટમાં તો એવી ફાર પડી કે મારેથી જરા વાર તો બોલાયુંજ નહીં. મેં જોયું કે એકદમ ભરકાવવાનું ઠીક પડશે નહીં તેથી ભરમમાંજ બોલી.

"તરકારીમાં ગોસ—બીજું શું ?"

રાતના હમે જમવા બેઠાં. મેહેરજીની દાળ હજી બળી ગયલીજ હતી. મીસતરીએ ડીશ લાવીને ટેબલ ઉપર મુકી.

વળી થોડાંમાં ઓડું રાંધેલું એવું ફરમાસુ હતું કે ભુખીયા-નીબી ભુખ ભાગી જાય. "શેર સાખ ને મણ પાણી" તેમ આખી ડીશમાં પાણી જેવા રસમાં ઓક આવે તેવા ઉજળા ઉજળા કેલાંના કટકા તરતા હતા, ખરૂં કેહું તો મને પોતાનેબી સુગ લાગી.

અમે મુગે મોહોડે જરા જરા રકાબી ઉપર લીધું. મેહેરજીનો બબડવાટો શરૂ થયો હતો, પણ હજુ સુધી તેવણે કશો વાંધો લીધો નહીં. અરે! પણ જરા રકાબી સાફ હતે, જરા ગોસ બરાબર ચરેલું હતે તો વારૂં. ઉલટું નીમક તદન વીસરી ગયલો ને ગોસ તો છરાએ કાપીએ તેવું! મને દુઃખી કરવા બાટકી, બકરૂં, મીસતરી, સઘળાએ જાણે સપ કીધો હતો. એક બુક મોહોનામાં લઇ મેહેરજીએ થુકી નાખ્યો.

"આલ્લી, તુંને એ શું અભાગણી ટેપ પડીછ? મેં તુંને એક લાખ વખત કહ્યું હશે કે બેઠાં કેરાંનું ગોસ જોઇનેજ મને ગલચાં આવેછ ને આએ નાપાકનાં જણીઆને રાંધતાં આવડતું નથી તારે તું જાણી જોઇને મને ચીરડવવાને સારૂં શું કરવા એવું રંધાવતી હશે. જરા ગોસ તો જો, જાણે મુવેલાં બકરાનું, સુના જેવું ઘી, મસાલો ને પૈસા બધા જાહાનમમાં નાખ્યા. શું પૈસા કંઇ ઝાર બાર પર ઉગેછ? તમુને શું છે, જેને વેઠ કરવી પડતી હોય તે જાણે."

મેં નમતાઈથી જવાબ દીધો, "ચાલો, કુહુરો ના, મીસત-રીને ને આયાને કામ લાગશે."

"આયાને મીસતરીને! અરે વાહ! રાજા બોલીયા ને ડાહારી હાલી—બે આનાનું ઘી, ત્રણ આનાનું ગોસત ને મસાલો ચાકરોને સારૂં! તારે મારે વાસ્તે શું પથ્થર રાંધ્યાછ કે? સાંજના મેં પુછ્યું તારે મને કેહજે તરકારીમાં ગોસ રાંધ્યુંછ. જો અગાઉથી ભસી મુવાં હોતે તો હું મારૂં સુજતું કરી લેતે."

"ડીઅર—અમથા કાંય ચીરડાઓછ—પુડીંગ છે, હવેથી કેરાંનું ગોસ નહીં રંધાવસ."

આહ! રાત કાહારે પડશે ને સુવા કાહારે જઇશું! એકક મીનીટ એકક કલાક જેટલી લાગતી હતી. ખોદા કરેને કાંઇ ધભરાટ થાય, કાંઈ આગ લાગે કે આજની તકરાર ઉપરથી વાત ઉડી જાય! પણ નહીં. મેહેરજીએ તો કેરાંના ગોસને ચાવી ચાવીને કુંચો કીધો. સેંકડો વખત તેના પૈસા ગણ્યા, ડજન બધ વખત પાણીમાં હીલતાં કેરાંનું બ્યાન કીધું ને એટલાં સુધીકે બુકબી મારાં ગરાંમાં ખુંચ્યો. એવામાં પુડીંગ આવ્યું તો કાચ્ચું ઠરીયા જેવું. પુડીંગ કરતાં પોલટીસને વધારે મળતું હતું. મીસતરી ખાંડ માગતાં ને હું આપતાં ભુલી ગયલી એટલે જાણે ગરમ પાણીમાં પાંઉ ઝબકોરી કાહાર્યું હોય તેવો દેખાવ હતો. મેહેરજી તો આંગળી લગાડયા વગર ફફડીને રકાબી છુટી મીસતરીના આંગ તરફ ફેંકી ને સુવાના ઓરડામાં ચાલી ગયા.

હું સોફા કોચ ઉપર બેસીને ડુસકે ડુસકે રડી. મને 'ભુલામરી' માંહેની ગરીબ બીચારી પુતળીની યાદ આવી. તેનો

કાલી કેવો ગરીબ ગાય જેવો હતો અને મારો મેહેરજી કેવો આકળો ભુત! પણ આ સરખામણીમાં હું એક વાત ભુલી ગઇ હતી, કે પુતળી કેવી સમજુ હતી. હું કેવી દાધા મુઇ! તોબી શું થયું! એક દહાડો ખાવાનું બરાબર નહીં થાય તે સારૂં આટલું બધું તોફાન! હોસે! માણુસ છે, કોઇ વખત ચુકબી થાય! સુવાના ઓરડામાં મેહેરજી કંઇ ખરબર ખરબર કરતા હતા તે સાંભળીને હું ઓરડામાં ગઇ. તેવણ પાછો ડગલો પેહેરતા હતા જે જોઇ મેં પટાવીને કહ્યું "એક સારી જેવી ચાહેનું કપ કરી લાઉં?"

"ઝાહાનમમાં ગીયું ચાહેનું કપ. ભુખે પેટે ચાહે પીને રાતના બારવતીયાં ગણું કે?"

"બે ચાર સાથે બીસકોટ લાઉં?"

"બસ—બસ—બસ—મને કંઇ જોઇતું નથી. એ ઘેર બાર બધું બળી ગીયું."

હું મનમાં વીચારવા લાગી કે જરા રાંધવાની ચુક થઇ તેમાં આટલી બધી પંચાત—કોઇ માણુસે મોટો અજીમ ગુનાહ કીધો હોય તેમ મેહેરજી આજે મને ડબરાવેછ. તોબા હવે આજે તો અખારા.

"મેહેરજી—જેમ તમારી ખુશી આજે—તમે મારી સાથ ખરવાયાં તોરોછ ને મારૂં બોલેલું તમુને ગમતુંજ નથી તો રહ્યું. હું મારે સુઇ જાઉંછ."

હું સુવા જતી હતી તેટલાં મેહેરજી આડા પડયા. "નહીં, સુવા નહીં જવાય ખાધાની બાબદમાં તું તારે ગમે તેમ કરશે તો સુતાની બાબદમાં હું મારે ગમે તેમ કરશ."

મેહેરજી પીઠ પછવાડે હાથ મુકીને ઓરડામાં આમથી તેમ પસાર કરવા લાગા. મને તો અકરવકર થવા લાગી તેથી હાથમાં ભરવાનું લઈને બેઠી. આથી તો તેવણનો મીજાજ વધારે ગીયો. સીવવાનું મારા હાથમાંથી ઝુટી લઈને ખુણામાં ફેંકી દીધું.

"ઘરમાંબી સારા ઢંગ માંડયાછ ભુખે સુવાનું ને રડતું ઉઠવાનું."

"હવે તો અતેરૂં થયું. તમારો આવો જુલમ હું હવે ખમવાની નથી. બૈરી વેઠાતી નહીં તો બૈરી લાયા શું કામ. ઘેરના ઘેલા ને બાહારના ડાહ્યા! પાંચ બાહારના લોક આવેછ તારે કેવા મસકલાની કાની હસવા મંડી જાઓછ ને ઘેરનાં બૈરાને જોઇને શું ભુત ભરાયછ?"

આટલું બોલીને હું અચબુચ છલાંગ મારીને તાંહાંથી નાહાઠી ને બુચાના સુવાના ઓરડામાં ભરાઈને અંદરથી બારણું બંધ કીધું. મારો મીજાજ તદન ચસકી ગીયો હતો. મેં હાથમાંની વીટી, કાનમાંથી કડી વગેરે કાહાડીને ભોંય ઉપર નાખી દીધું અને મોટે સાદે રડવા લાગી.

બારણાની બહાર મેહેરજી બુમ પાડવા લાગ્યા, "ઉંઘાડેછ કે હું બહાર જતો રેહું."

"તમે કબુલાત આપો કે હવે મુગા મુગા સુઈ જશો."

મેહેરજીએ જવાબ દીધો નહીં ને ધરધર દાદર પરથી નીચે ઉતરીને બાહાર ગયા. હું સમજી કે કલબ બલબમાં જઈને મીજાજ ઠંડો થશે ને પાછા આવશે. હું બુચાના ઓરડામ

ઘોલડી ઉપર રડતી રડતી સુતી અને આખરે આંખ લાગી ગઇ.

ઉઠીને જોઉંચ તો સહવારૂં પડેલું. સુવાના ઓરડામાં વેહેલી વેહેલી જઇને જોઉંછ તો મેહેરજી નહીં મળે—ટેબલ ઉપર નીચલી ચીઠી મુકેલી હતી.

> **આલી** મારૂં ઘેર હવે મને કરડવા આવે છે. મને રાજી રાખવાની તુંને હવે દરકાર નથી. મારૂં બોલેલું તુંને ગમતું નથી તેથી મેં આગળથી કરી રાખેલી ગોઠવણ પ્રમાણે હું જંગબારની સ્ટીમરમાં ચાકરીએ ગીયો છું, અને હવે પછી બીજાં સાત વર્ષ તારે મારી વાત જોવી નહીં. તુંને ઘેરના ખર્ચ સારૂં દર માસે ટપાલ મારફતે રૂપયા ૫૦ મળતા જશે તેમાંથી તારે ગમે એટલું કેરાંનું ગોસ ખાયા કરજે, પણ મારી એક શીખામણ ધ્યાનમાં રાખજે, કે બીજો વર કરે તારે તેના નાસતાનું નક્કી કરીને પછી "ભુલ ભુલામરી" વાંચવા બેસજે.
>
> લા૦ મેહેરજી.

કેરાંનું ગોસત અરે રે! સાહાજણુ ને બેંડવાજાં ને પેહેરામણી ને ફુલના તોરા ને સહવેણુાના ગીતનાં બધાં આએ પરીણુામ કે? સ્કાલરશીપો ને ઇનામો મેળવીને હું આએ શીખી કે? ધણીને રાજી રાખવાની મારામાં આવરત નહીં! ત્યારે મારી કેળવણી શા ખપની? હું એક સારો જેવો કટલેસ નહીં કરી જાણું તારે ભુગોળ ને દસાંસ ને ચક્ર વરધી વ્યાજ તથા તારા સેતારાઓની ચાલને કાંહ દાળ દોધીમાં નાખું? એક નાહાની ચુકથી મારી આખી જીંદગી ધુળ મળી ગઇ, અને તે ચુક શું? ઘેરમાં રાંધવાની વરદી કરતાં નહીં આવડી તે.

એક સરટીફીકેટ.

બે જુના દોસ્તો ઘણી મુદતે સાથે મળ્યા. એક બીજાને ભેટયા પછી એકે પુછ્યું "કેમ દોસ્ત, તારા છોકરાઓ કેમ છે?"

"પેશુ તો પોરટ ટરસટમાં ચાકરી રહ્યોછ તાંહથી દોહોડસો રૂપયા લાવેછ."

"ઠીક—ઠીક—ને ડોસુ?"

"ડોસુએ તો કપડાં વેચવાની દુકાન કહાડીછ તેમાં સારો નફો કરેછ. "એ છોકરો આગળ ચાલતાં નેહાલ થશે."

"ભલે—શુકરાના—ને મનચી?"

મનચી બીચારો—સરવેમાં એ છેકજ અડભોથ હતો તેને ———ન્યુસપેપરનો અધીપતી બનાવયો."

પેઠ લાગું છે.

બાઈ—(મીસતરીને) જો મીસતરી તું બજારમાંથી બધું બરાબર લઈ આવે અને ગોસ કે માછલીના ભાવમાં ધાવલી નહીં મારે તો મહીને દહાડે તુંને એક રૂપયો પગાર વધારે આપું.

મીસતરી—અછું બાઇ, હું ગીયા મહીનાનો મારો હીસાબ તપાસીને પછી કાલે જવાબ દેઉં.

"ડીયર માકી" ધણી બોલ્યા "અમારી કલબમાં હવે એવું કીધુંછ કે ઘેરનું બધું સુખ ત્યાં મળશે."

"અં? ને ઘેરમાં કલબનું બધું સુખ મલે એવું કે દહાડે કરવા ધારોછ?"

એક સારી સુચના.

એક વાર અમારા મીત્ર નવરોજજીએ સવાલ કીધો કે પારસી બાનુઓ ઇંગ્રેજી પ્રવાસની બધી નકલ કરે છે તો તેમના ઘાઘરાની પછવાડે જે મોટો ઉઠાવ આવે છે તેની નકલ કેમ કરતી નથી? આ વેળા એક બાઈએ ઉતર દીધો કે "હા વળી તેમબી કરીએ, પણ હમારી સારીમાં તેમ બને તેવુ નથી, નહીં તો વળી કાંઇ અમો લોક ચુકયે કે."

આ વાર 'ગપ-સપ'ના અધીપતી હાજર હતા તેવણે સુચનાં કીધી કે કાંય નહીં બને, તમે લોકો સાડીની કલી આગળ ખોસો છો તેને બદલે પછવાડે ખોસો એટલે આબાદ મડમનાં ઘાઘરા જેવું થઈ રહેશે."

શુદ્ધ ગુજરાતી.

એક ગુજરાતી વિદ્વાન લખે છે કે "વાતાવરણની ધ્રુમશ્રાવણ ક્રિયા થવાથી હવા ઉપર મેઘદર્શકાર્થાપૃણની યગનીદીપકાલયશ્વગ્રાથીપુરાણીમક્ષજય થાય છે, અને તેથી હવાનું કલદવીમામંણુત્રંનલઘુપ્રયોજન થયલું સમજવું."

માબાપો નકામું માથું ઝીંકે છે. હવા શું છે તે સમજાવવું હોય તો આ સેહેલી સમજ તેમનાં હાથમાં આપી દીધાથી કેટલી મેહેનત બચે.

સેહેજ ફેર!

"ડીયર જીમી, આજે આપુને પરણુયાને ૩૦ વરસ થયાં તે અરસામાં મેં મારૂં રંગ રૂપ ઝાઝું ખોયું નથી, કેમ વારૂં?"

"ખરી વાત છે, સેહેજ—જરા—નહીં બોલ્યા જેટલો ફેર તારામાં થયો છે."

"હેં? તે શું?"

"તીસ વરસ પર તારા બાલ કાળા ને દાંત ઉજળા હતા તે હમણા દાંત કાળા ને બાલ ઉજળા થયાછ."

"અરેરે, સુનાબાઇ બાય, મારાં દુઃખની કહાણી તમારી આગળ શું કહું—પાલણજી ડાકટરનો દીકરો ડોસાભાઇ મને મારી. દીકરી મીઠાંને સારું ઠીક લાગો. હું જાણું કે, જો બચ્ચાનાં માથાં ધોઈ નાખીએ તો પીરા ઓછી. એ ડોસા-બાઈને ખાવાનો ઘણો અભખરો છે તેથી રોજ રોજ મારે તાંહ જમવા બોલાવતાં થાં ને સારું સારું ખવાડવા સારું પછવાડેથી મોહોલાની જીલાઈની છોકરી બચ્ચાઇને આઠ આનાં રોજ આપીને રાંધવા બોલાવતાં થાં. એમ મહીના સુધી મુઆએ સારું સારું ખાધું ને પછી——

"ઓ વાય! પછી શું થયું?"

"થાય શું—એનું કલેજું! ગોટી ગરીઓ. તો ખાવાની લાલચે બચ્ચાઈ સાથે પરણી બેઠો!"

બચારો આંધળો.

"બાઇ સાહેબ, ગરીબ આંધળા પર દયા કરો, હું બચર-વાલછું."

"કમનશીબ બચારો! તુને કેટલાં છોકરાં છે?"

"હું કેમ ગણું બાઇ સાહેબ, મને કંઈ આંખે દીશેછ?"

બોલાસો.

"માયજી, વારસો તે શું?"

"વારસો કેવી દીકરા—તે—છેતે—મારી તરફથી અથવા તારા બાવા તરફથી તુંને જે કંઇ મલે તે."

"અં! તારે નેતરના ઝપેટા તે વારસો કહવાય કે?'

મીસ બમનબાઈ તાંબાપુરવાલા બીએ થયાં તેની વખાણ મુંબઇથી ખાવા પીવા ગયલો ઉમંગી જવાન નોશીરવાન ગણુદેવીના ઓટલા ઉપર બેસીને કરતો હતો.

"શું કેહું કાહાનજી કાકા, એ બાઇ એવી હુશીયાર છે એવી હુશીયાર છે કે ફ્રેંચ ને જરમન ને ઇંગ્રેજી ને——

"હયે। તેમાં શું મોટી વાત" કાહાનજી કાકા નોશીરવાનને રોકીને બોલ્યા.

"અરે પણ સાંભળો તો ખરા. સાથે રસાયણ શાસ્ત્ર ને આલજીબ્રા ને જ્યાંમીત્રી ને——

આ ઠેકાણે એક બીજા ડોસા નામે ફકીરજી બોલી ઉઠયા. "તે બધું ખરૂં ભાય, પણ તેને દુધ ડોહોતાં આવડે કે?"

"છટ, છટ, વળી મુંબઇની શીખેલી બાઇઓ દુધબી ડોહોતી હશે."

"વારૂં તારે ડગલીને ગજાં મુકતાં આવડે?"

"નહીં, હુ નહીં ધારતો."

"તારે ડગલીના કહુ ઉઠલાવતાં આવડે કે તેબી હડે?"

"નહીં, એવું એવું શીખેલી બાઇઓ——

"તારે મારા ભાઇ, બમનબાઇને રાઈમાં આથીને અચાર ભરો. આએ તો નહીં, પેલું તો નહીં, તારે મને કપડાં લટ્ટાનું કામ પરે તારે કીયા કાકાને કહેવા જાઉં" ફકીરજી કાકાએ ચુકાદો કીધો. આ સાદી તકરારમાં મોટો ભરમ છે. ચતુર હોય તો ચેતી જજો.

આહાની સુંઠ.

સુનાબાઇ સુધરેલી પોતાના એકપુરા લાડકા નવલને લઇને મીસીસ ભેદવારને ત્યાં મળવા ગયાં. ટેબલ ઉપર ચાહે પીવા બેઠાં ત્યારે મીસીસ ભેદવાર બુચાને કેક મુકે, બીસકોટ મુકે, પણ બુચો બધું ના કેહ, આ ઉપરથી મીસીસે ટીકા કીધા કે, "સુનાબાઇ તમારા દીકરાને ઘણુંજ થોડું ખાવાની ટેપ છે. બધું ના કહેછ, એટલાં નાહાલાં છોકરાં તો બધું દુની-યાનું ખાય. એની કાંઈ દવા દારૂ કરોય કેની?"

"શું કરૂં માય, મારી કાની એના તો એજ કોતક, એંજીઓ કાંઇ ખાયજ નહીં."

મીસીસ ભેદવાર, "બુચા જરા જેલી આપું? નહીં તો બે ચાર જરદાલુ આપું?"

"નહીં—માયજી કેહે કેજે તું પારકા ઘેરમાં ડબુસા મારશે તેથી ખરાબ લાગશે તેથી મને ખુબ ચાંપી ચાંપીને ખવારી-યુંછ. મેં અહીં આયા અગાઉ ચાર કેક બે પેર ને ત્રણ કેરાં ખાઇને ટમલ ભરીને પાણી પીધું તે હમણા પેટમાં જગા નથી, તમે કેહો તો બાંધી લેઈશ!"

ઘણો હુશયાર.

બાઇ—જોરે બેહરામ, પેસતનજી આવે તો કેહજે કે બાઇ બહાર ગીઆંછ ને દીવા વધારીઆની અગાઉ પાછાં આવશે.

ઇરાની બેહુરામ—વારૂં બોઈજી, આવશે તારે જરૂર કેહવસ, પણ બોઇજી, પેસતનજી ઘેટ નહીં આવે તારે શુ કેહું?"

અદેખાઇનો આતશ

"ડીયર મીઠી, આજે રાતનાં હું ફરામજી કાવસજી ઇનસ-ટીટયુટમાં એક દોસ્તદારની સાથે શાહનામાનું વાંચણુ સાંભ-ળવા જવાનોછું." કેખશરૂ પોતાની મોહોરદાર ગમ જમતાં જમતાં જોઇને બોલ્યા—"મારી સાથે આવવાને હું તુને કહેવાનો હતો, પણ આજે બપોરનું તારૂં માથું પકડયુંછ તેથી મેં તુને લઈ જવાના અખાડા કીધા."

"હા, માથુ દુખેછ તો ખરૂં, પણ હું ધારૂંછ કે ખુલ્લી હવામાં જરા જવશ તો ઉલટું નરમ પરી જશે."

"નહીં—નહીં—ડીયર—રાતના ઠંડીમાં ટરામ ગારીમાં ઓરબી વધારે દુખે. સૌથી સેહલો ઈલાજ તો એ છે કે જરા બ્રાંડી, ગરમ પાણી, ને સાકર પીને સુઇ જા."

"નહીં તો ઓછી પીરા–તમુને લઇ જવાની મરજી નહીં હોય તો ધસી ધામીને એમ કેવારના બોલતા કાંય નહીં—અંહી કોણ ખાસરૂં આવવા બેસી રહીુંછ. કોણ જાણે માટીડાઓને બૈરાંને નામે સાની ધધરીને તાપ આવતી હોશે."

"લે, વળી તારી ડાળ ડાઝી ગઇ કે ? હું તો તારાં સારાંને સારૂં કેહુંછ—તું શેઆની છે એટલે તારે એ સમજવું જોઇયે" કેખશરૂ ડગલો પેહેરતાં પેહેરતાં બોલ્યા.

જેવા તેવણ બહાર પડયા કે મીઠી મન સાથે બોલેછ "હં! કોણુને સમજાવવા આયાછ—બચ્ચાંની કાની મને વાહાયછ તેતો જુઓ. જાણે આપરે તો કંઇ સમતાંજ નહીં. વાંચણુ શાના ને

બાંચણ શાના, કોણ જાણે કાંહ ભટકવા જતા હોશે. મને ઓઢી પોઢીને સુઈ જવા સમજાવેછ તે જોયું કેની. પણ સબર, આપેરા ગલાસ અંહી ઉનો તેબી નથી. વાહ! શાહા-નામાનું વાંચણ સાંભળવા જાય તાંહ આપેરા ગલાસનું શું કાંમ? જાંહાં છે તાંહ કોઇ નાટક બાટકમાં રખડવા ગીયા હોશે."

મીઠીબાઈ તુરત પોતાના ઓરડામાં ગયાં અને ઝપાટામાં પોતાની સાડી પેહેરી તથા બુટ ચહાડાવીને હાથમાં છત્રી લેઇને બહાર આવ્યાં.

"જોઈએ તો ખરાં કે એવણ કેવાં વાંચણ સાંભળવા જાયછ. હુંબી તો ખરી કે એવણની પછવાડે પછવાડે જાઉં. વાય! વાય! જુલમ તે કાંહ સુધી ખમે."

હવે આ સઘળો બનાવ ધોબીતલાવ કેખશરૂના ઘર ભણી બને છે. "એવણ હમણાં પાંચ મીનીટ થઈ બહાર ગીયા તેથી ઘણા આઘે તો ગીઆ નહીં હોય—ઓ આય રહયા—પેલ્લા જાયછ! બઈરીની હરસે જાયછ ને વરી લટકા કેવા કરેછ!"

કાળો ડગલો, ફેંટો અને ચેકનું પાટલુન પેહરીને કેખશરૂ આગળ આગળ સીસોડી વગાડતા જાયછ અને આસરે એક સો વાર પછવાડે તેમની ધણીયાણી ગુપચુપ ચાલેછ. ગીયા-સના ફાણસથી રખે ઓળખાઇ જાય તે માટે તેવણે પોતાની છત્રી આડી રાખી છે, અને અંધારામાં ઓથે ઓથે ચાલે છે. ફરામજી ઇનસ્ટીટીયુટ આવી પણ કેખશરૂએ તે ગમ

વળવાને બદલે સામું મેદાનમાંજ ચાલવા માંડીઉં. "સાબાસ રે કેખશરૂ, તમારી ગરીબ બચારી બઈરીને આએ પ્રમાણે ઠગવાને તમને શરમ નહીં લાગતી ?"

કેખશરૂ તો મેદાનને વચલે રસતે સરભોગ ચાલીયા. તેવણને થોડીજ ખબર હતી કે તેવણની ફીનાવેર મોહોરદાર તેવણની પાછળ ફુંફારા મારતી આવતી હતી. આખરે નાવલટી થીએટર આવ્યું. કેખશરૂ ત્યાં ઉભા અને ખીસામાંથી પાકીટ બુક કહાડી ટીકીટ ખરીદ કરીને પીટમાં દાખલ થયા. મીઠીબાઇ લોહીનો ગોટ ગળીને પછવાડે ધસી "ઓ દગાખોર માટીડા! તારા બાપ માય અંહી હોતે તો આએ બધો ફજેતો તે લોકને દેખાડતે. હું કાંહાંને કાંહાં તારી સાથ પરણી. મારા કાકાનો દીકરો દીનશા કેવો સુના જેવો ઉતો તેને તારે ખાતર જવા દીધો. વરા જુઓ તો ખરાં—નફ્ટ નાકે નાટકશાળામાં કોઈ પરાઇ બેરી સાથે હસી હસીને વાત કરેછ તે. હવે તો બસ હું જીવ પર આવીછ."

આમ બોલી સઘળા તમાસગીરોની અજાયબી વચ્ચે મીઠીબાઇએ પોતાની છત્રી ઉપાડીને પેલા વાત કરતાં પુરૂશનાં બરડા ઉપર મારી અને તેની પાઘડી ઉરાડી નાખી. "નફ્ટ! બેશરમ! આવું કરવા તું મોરા રાત વેર બાહાર રખડેછ કે!

પેલાએ તુરત ફરીને મીઠીબાઇ ગમ જોયું અને ડોળા કકડાવી પુછયું "એટલે! તેના અર્થ શું?"

ઓ પેદાના કરનાર! ઓ તેત્રીસ ફરેસતાઓ! ઓ દાદાભાઇ ડુંઠી ઓ ખરશેદજી બાલીવાલા અને કુંવરજી

નાઝરના રૂહો! તમારી નાટકશાળાને હવે કેટલી સેસ ભરૂં! આએ માટીડો તો કેખશરૂ નહીં પણ કોઇ બીજોજ હતો!!

મીઠીબાઇને આ ઠેકાણે ભાણ નથી કે તેવણ ઘેર પાછાં કેમ પોંહોચ્યાં. તેવણને એટલીજ સુરતા છે કે બે ચાર હપતા ખપતા મરદોએ તેવણને પાંખરૂં પકડીને બહાર કહાડયાં.

ઘેર અગળ આવતાં તેવણની પેહેલી નજર આરસી ઉપર પડી તો પેલો આપેરા ગલાસ તો તાંહ ટાંગેલો હતો અને કેખશરૂ હજુ પાછા આવેલા ન હતા.

કહેવાની જરૂર નથી કે કેખશરૂ આગળ આ વાતનો એક હરફ્બી મીઠીબાઈએ કહાડયો નથી, પણ બીજે દીને સવારના મીઠીબાઈ કેખશરૂની પાછળ ઉભા રહીને તેવણને ખુબ પસવારતાં હતાં તે કારણ કેખશરૂ હજુ પામ્યા નથી.

સાબુત ઉપાય.

"પેલો મુવો ડોલુ રોજ સાંજ પરેછ ને આવીને બેસેછ તે ઉઠતા ઉઠતો નહીં. એને અપમાન કીધા વગર તારાં પાણીએ કાસર પતે તેવો કંઇ ઉપાય દેખારોની જાંહાંગીરજી" કંટાળેલાં ધણીઆણીએ ઉપર પ્રમાણે પોતાનાં ધણીને કહ્યું.

"એહ! એમાં શું! ફરીથી આવે તારે બુચો અધવાનો હોય તેને એના ખોરા પર બેસાડી રાખજે ને તું કામને મસે આંહીથી તંહી ફરીયા કરજે. એક વખત ખરડાયો કે ફરીથી આવવાની તસદી નહીં લેશે.'

વીલર ડોસાંનો વાયજ બીજી
મરે હોંજિયો તામરેલવારો.
લાવણી.

મિરગ મિરગની દોહિ જનાવર ઘેરે પારધીને—એ રાહ.

સોમારમે દ્હાડે તો લીઘો અરો ધરો મ્હારો ;
નરતો પરતો મરે હોંજિયો તામરેલવારો.— ૧.

નવજોતે જાવા હું નિકરી ગયે સોમવારે,
નવ વાગે ઘેરથી સવારે નિકરી બહુ વારે,
ગોલપિઠાંપર જાવા પુછિયું બારું ને જહારે,
તન દરવાજા આગલથી તો બેસવાજ ત્હારે;
(ઝૂલ)
આનો એકજ લેઇ હું બહાર પરી
માધવદાસની દુકાને ચાલી ખરી,
બેઠી તાંથી તામરેલ ઉભી કરી,
ચાલી ગારી ઈસતેસન આગર વરી;
મુવો ભોંસિયો કે ઓ બાઈ છ દોરિયાં ક્હારો—૨.

બે ડગલાંમાં એનું સું નખ્ખોદ ગિયુ માએ,
પાયધુનિપર આનો લેઈ ઉતારી મૂવાએ,
અધવચમાં રઝરાવી મેલી જુઓ વાયવાએ,
લાખ ગાર દેતાં પણ રસ્તો નિઠિયો નહિ જાએ ;
(ઝૂલ)
રસતે જાતાં વરસાદ જોરમાં પરિયો,
જાણે તેબી મજસાથે રીસે ચ્હરિયો,

ઉભી ઓટે ત્હાં આવી બલદ અથિરયો,
બરતી જરતીને તેબી આવી નરિયો;
ધુરઘાંની બસ થઇ ગિયો સહુ પ્હેરવાસ સારો.—૩.

જેમ તેમ રસતો કાપી હું પુગી ખેતવારી,
ત્હાં પુછતાં તો ખબર મલી કે ગિયાં સઉ વારી,
પાસે દેર્યું મલે નહી કે બોલાઉં ગારી,
રખરી રઝરી ચાલી ત્હાંથી કિસમતની આરી;

(ઝૂલ)

હ્યાંતો રસતે તરકાંથી હાંફણ ચ્હરી,
કાદવ કીચલમાં સપાટ લપટઇ પરી,
સારીની ધુરઘાની જોઈને રરી,
ગારો વરસાવો ચાલી હું હરઘરી
આલબ્લેસ બાગમાં જોઉં તો જમી રહી નારો.—૪.

ભૂખી તરસી એખતીજ બેઠી હુંતો જમવા,
ત્હાંબી મ્હારી આસપાસ લાગાં સઉજન ભમવા,
કોઇ મ્હારો હાલ જોઈને લાગુ કમકમવા,
ભૂખ છને હુંતો બેઠી બૂકો સાથે રમવા;

(ઝૂલ)

આકર વીકર તો ઘણી થઈ ઓ બાઇ,
સોલાવાટરનું ટંબલેર ઉઠલાઇ,
ખોરાપર ઘોરાયું સારી ભીંજાઇ,
અરધી ભુખી ઉઠી ફ્રફરી અકરાઈ;
હાલહવાલ થઈ ફિરોઝ હું દુઃખના લઈ મારો.—૫.

ચત્રીતરો એસકો—કેમરે, આજે કંઈ ખાવાનું નહીં મલ્યું?

ભીખારી—નહીં બાબાપ.

એસકો—પુઅર ફેલો. (એટલે, ગરીબ બચારો) બપોરના કંઈ ખાધું તું કે?

ભીખારી—નહીંરે સાહેબ.

એસકો—પુઅર ફેલો.

ભીખારી—એક દોઢોડીયું આપશો?

એસકો—દલગીર છું, કે મારી પાસે નથી.

ભીખારી—પુઅર ફેલો!

હીસાબ.

સીંગરના સીવવાના સાંચાવાળી કુંપનીના શાબાશીક એજંટે હીસાબ ગણી કહાડીઓછ કે, અગાઉ એકસો બાઓ જેટલું હાથે સીવી શકતી હતી તેટલું હાલ એક બી સાંચાથી સીવી શકેછે.

હશે! પણ અગાઉ એક સ્ત્રીને જેટલાં કપડાં જોઇતાં હતાં તે કરતાં હમણાં એક સ્ત્રીને સો ગણા જોઇએછ તેનું કેમ?

ખંડાળાના રેલવે સ્ટેશન ઉપર જોયલું.

ધણોજ એસકી, આઈગ્લાસ, અને ઊંચા કાલરવાળો પારસી:—"એ, મીસતર, વાંદરાને સારૂં મુંબઇ જવા સારૂં જુદી ટીકીટ જોઇયે કે?"

ટીકીટ કલાર્ક—"નહીં સાહેબ, તમે સાધારણ પાસીનજરની ગાડીમાં બેસશો તો ચાલશે."

મેં તો કેહુનેકા, કુછ કરનેકા નહીં.

ધણીયાણી—"ફરામજી કાવસજી ઇનસ્ટીટીયુટમાં આજે એરવદ ધનજીભાઈ ભીમજીભાઇ ગચકરણ એમ. એ., એલ. એલ. બી. એ સવાઇ ઉપર ભાષાંણ આપયું તે એવું તો સરસ હતું, ડીઅર, કે તેની અસર હજી મારાં માથામાંથી ગેઈ નથી."

ધણી—"અં—આપરે તો બેંડ સ્ટાંડ ઉપર ફરવા ગી-આતા. તું પાછી શામાં આવી?

ધણીયાણી—"ટરામ ગાડીમાં—પણ ટરામવાળો મારી ટીકીટ માગતાં ભુલી ગીઓ તેથી આજે તો મુફતમાંજ આ-પરે ઘેર આયાં. ચાર દોહોડીઆં બચીઆં—કેમ?"

ભોલી જાન.

"બચારા મારા ધણી આખો દહાડો કામ કરીને પટકાઈ જાયછ. અમે જારે પરણીઆં તારે બે ચાર મહીના સુધી તો સકારેથી પાંચ વાગતામાં ઘેર આવતા હતા ને હમણાં તો છેક આઠ વાગે ને થાકીને લુસ થઇ આવેછ ને બુક બાચક ખાઇને વરી પાછા કામપર સીધારેછ તે છેક રાતના એકક બબે વાગે આવેછ."

મકન ખંધાને એક વાર તેના શેઠે તાજા છમણા આપીને પોતાના દોસત અરદેશરને ઘર મોકલયો. મકનના મનમાં નક્કી હતું કે અરદેશર તેને આનો બે આના પરજેઃ આપશે પણ અરદેશર તો કઈ સસરીઆ કે વસગીઆ નહી. આખરે મકનને ઉભેલો જોઇ અરદેસરે પુછયું "કેમ, ખોટી થાયછ?"

"નહીં કાઇ નહીં—શેઠ મને પુછશે કે અરદેસર શેઠે કાંઈ આએપું તો શું જવાબ દેઉ?"

આટો બ્હાફવાની નવી રીત.

અજાણ્યા ઇંગ્રેજો આગળ આપણે ગુજરાતીમાં કોઇ વાર ભલતું બોલીને આટો બાળીએ છૈએ તેના બે ચાર ખરા બનેલા દાખલા અમારી પાસેછે. એક વાર હમે ત્રણ ચાર જણ વાંદરેથી જમીને રાતના નવની મેલ ટ્રેનમાં મુંબઇ આવવા ફરસટ કલાસની ગાડીમાં બેઠા. અંદર બે ઇંગ્રેજો હતા તેમાનો એક ઘણોજ જાડો અને ઉમરનો પાકેલો હતો તથા બીજો પાતલો અને લગાર જુવાન હતો. જાડાની પાસે બે મોટાં પાંજી પડેલાં હતાં. અમોએ આ તમાસો જોઇને અપસ અપસમાં વાત કરવા માંડી.

"આઇસે, આએ બાપા ભાખરો જોયો કે, નરો જાણે ગોસનો ડુંગર."

"અરે હારે, નસગબલાઇનુ નસમખોદ જાસમાયછ."

"બેહુસતી વજણમાં બસમ । મણ્ હોશે હો."

"કાસમાકા પાંસમાંક બસમધાં હસમમણાજ ચાંસમાંઉજ ફરી જશે કે?"

આ સઘળી વાત પેલાઓ જાણે સમજતા નહીં હોય તેમ બેસી રહયા. જયારે ચાંટ રેડ આવ્યું ત્યારે જાડો ઉઠીને ખડો બેઠો અને અમારામાં એક બારીસ્ટર હતા તેના ગમ ફરીને શુદ્ધ ગુજરાતીમાં પુછ્યું "શેઠ સાહેબો, તમારી બધી વાત તો સમજ પડી. હુ બસમસ મણ્ તે શું તે સમજાયું નહીં. મારૂં નામ કરનલ લા હું વરોદરાનો રેસીડંટ છું."

અમે તો બધા ઉજળા ફક પડી ગયા. શું ઉતર દેવો તે સુજે નહીં તેટલાં પેલા બાંઝ્બા બેથાએ વધારે શુદ્ધ ગુજ-

રાતીમાં બોલ્યો "કરનલ સાહેબ, એ સમજવાનું સેહેલ છે. અંદરથી સસા મમા કાહાડી નાખો. આ શેઠીઆઓ ધારેછે કે તમે બસેં મણુ વજાણુમાં છો."

સારૂં થયું જે આ વાર સ્ટેશન આવી લાગ્યું. અમે સડસડાટ ઉતરીને ખરવા માડયું. સ્ટેશન ઉપરથી ખબર કાહાડતાં માલમ પડીઊં કે આ પાતલો સાહેબ તો સુરતનો કલેકટર મી૦ રામસે હતો અને ગુજરાતીનો ઉસ્તાદ હતો.

નમુનો ૨ જો.

એક વાર મુંબઇનો એક સુધરેલો પારસી સુરત ગયો અને કાંઇ કામ સર ત્યાંનાં યુરોપીયન કલેકટરને મલવા જવું પડયું. કલેકટરે મને ખુરસી આપ્યા બાદ પારસીએ પોતાની વાત છેડી અને ઇંગ્રેજીમાં લાંબી લાંબી ટેંટું કરવા લાગ્યા. પાંચેક મીનીટ સાંભળ્યા પછી ગોરા કલેકટર સાહેબ વાણીઆના જેવો સાદ કાહાડી ગુજરાતીમાં બોલ્યા. "ભાઈ શાબ, તમારી ઇંગ્રેજી રેહવા દો, ગુજરાતીમાંજ બોલો ને, તમારા કરતાં ઇંગ્રેજી તો હું વધારે સારૂં સમજું એમાં નવાઈ નહીં, પણ તમારા કરતાં ગુજરાતીએ હું સારૂં બોલું છું."

સુધરેલા પારસીને બરડે પાણી કેમ ઉતરયું હશે તે સમજવું સેહેલ છે.

નમુનો ૩ જો.

એક વાર અમે ત્રણ મીત્રો ચાંદરણામાં કોલાબે ફરતા હતા તેટલાં એક યુરોપાયન આવ્યો અને નમનતાઇથી ઇંગ્રેજીમાં પુછયું. "ભ્રદસ્થો હું બહાર ગામથી આવેલો છું માટે કહેશો કે કોટ હાંથી કેટલું દુર છે."

અમોએ ઉતર દીધાથી તે વાતે વળગયો. અમોએ ગુજરાતીમાં તેની ટકોર કરવા માંડી તેનાં નમુના નીચે પ્રમાણેઃ—

"કાકા, કોઇ બીલ્લુની શોધમાં છે હો."

"મારો સા—— છે ફક્કર?"

"માલ સોલે સોલ આના, એમાં ફેર નહીં" ઈત્યાદી. આ સાંભળી પેલો અચ્યુચ ગુજરાતીમાં બોલી પડયો "સાહેબ મેહેરબાન—બંધેવી ભાઈ મારી બેહેન જે તમારી ધણીઆણી થાય તને મારો સલામ કેહેજો."

આટલું બોલી અમારી અજાયબી અને ધભરાટ વચ્ચે હસીને તે ત્યાંથી ચાલી ગયો. એ દહાડા પછીથી અમે કસને ગાંઠ વાળ્યો છે કે અજાણ્યા ટોપીવાળા સાથ ગુજરાતીમાં મશકરીની અસનાઇ કરવી નહીં.

ડીનર પારટીનો એક સફો.

મી૦ માણેકજી બગરેહાડને ત્યાં ડીનર હતું તે ઉપર બીરાજેલા એક મેહમાનને હાથે અચ્યુચ એક ગલાસ ભાગી ગયું. મેહમાનને ખસીયાણો પડી ગયલો જોઇ મીસીસ બગરેહાઉ બોલ્યાં "કાંઇ નહી રે કાંઇ નહીં—ભાગું તેમાં શું? બીજું આવશે."

આ સાંભળી તેમનો લાડકો નાહાનો બેટો બોલી ઉઠયો "કાંહાંથી બીજું આવશે? એનો હોરાજીને તાંહથી આજને સારૂં ભાડે ગલાસ મંગાવીયાં તેના સટમાંનું છે."

હીસાબી છોકરો.

માસતર—"બોલ રૂસતમ, જો મને એક બીલાડી ખરીદવાના ચાર આના પડે તો બાર બીલાડીના કેટલા પૈસા થાય ?"

રૂસતમ—"સાહેબ, બાર બીલાડી ખરીદવી પડેછ શું કામ ? એક ખરીદ કીધી તો થોડા વારમાં બાર બચ્ચાં પોતાની મેળેજ મળે."

નાગીઓં હાંકવાનુંબી કાંઈ સેહેલું નથી.

સારી જેવી ગપ હાંકવાનુંબી કાંઈ સેહેલું કામ નથી. આ વાતમાં અમેરીકનોની જોડી આખી પૃથ્વીમાં નથી. કેહે છે કે એક અમેરીકને પોતાની દાહાડી મુંડતાં ભુલમાં પોતાનું નાક કાપી નાખ્યું. આથી તેને ભારી વેદના થઇ એટલે હાથમાંથી અસ્ત્રો નાખી દીધો તે પગ ઉપર પડ્યાથી અંગુઠો કપાઈ ગયો. ધભરાટ સમેટ તેણે ઝડપમાં છુટા છુટા કપાઇ ગયલા અવ્યવો ઉપાડી લઇને વગે જગે વળગાડી દીધા અને ઉપર તાણીને પાટા બાંધ્યા. જ્યારે સઘળું રૂઝાઈને ગોસત પાછું સંધાઇ ગયું ત્યારે પાટા છોડયા તો બાપજી આવો! નાક ઉપર ખાસ્સો પટેટા જેવડો અંગુઠો ઊગી નીકળેલો, અને આંગલાં ઉપર નાક ચોંટી બેઠેલું. પણ આટલામાંજ તેની પીડા પતી નથી. જ્યારેબી તેને સલેખમ થાય છે ત્યારે નાક સાફ કરવા માટે તેને પોતાના બુટ અને મોજાં કાહાડવાં પડેછે.

અહીં જગા નથી.

ક્રીસટમસનો હીંગામ હતો. બોરીબંદરથી ઉપડતી પુનાની ટ્રેન ચીકાર હતી. એક સુપ દેખાવનો સાદો માંદો પારસી સ્ટેશન ઊપર આવ્યો અને સેકંડ કલાસમાં જગા શોધવા લાગ્યો. બધા વર્ગ ભરેલા હતા, પણ એકજ સેકંડ કલાસમાં એક સીટ ખાલી હતી તે ઉપર કોઈનો કાળો મોટો પોર્ટમેનટો મુકી રાખેલો હતો. તે પોર્ટમેનટોની પાસે એક જબરો હેદરાબાદી મીયાં બેસીને બીડી પીતો હતો.

"આએ જગા ખાલી છે સાહેબ?" સાદા પારસીએ પુછ્યું.

"નહીં" મીયાં સાહેબે તોરમાંજ જવાબ દીધો.

"આએ કોઠરાવાળી જગા ખાલી છે?"

"એનો ધણી બાહાર ગીઓછ તે હમણા આવતો હશે" સાદા પારસીએ કોણ જાણે પોતાના મન સાથ શું વીચાર કીધો હશે. તેણે ઘણીજ નમનતાઈથી જવાબ દીધો "ચીંતા નહીં, એનો ધણી આવશે તારે હું તુરત ઉતરી જઈને બ્રેકમાં બેસીશ."

મીયાં સાહેબના ગળી તો ઘણા ગીયાં, તેવણ મોટા મોટા ડોળા કાહાડીને જોવા લાગ્યા પણ કાંઈ બોલ્યા નહીં. સીસોટી વાગી.

"તમારો દોસ્ત હજુ આવ્યો નહીં?"

મીયાંએ જવાબ દીધો નહીં. ટ્રેને ચાલવા માડયું.

"તમારા દોસ્તને ટ્રેન ખોહી, મીયાં સાહેબ." મીયાં સાહેબે કાંઈ જવાબ દીધો નહીં એટલે સાદા પારસીએ દયામણું મોહ

કરી કહ્યું "ગરીબ બચારો, આએ કાઠળામાં એવણના કપડાં હશે, વખતે કામના કાગળોયા હશે—કોણ જાણે કેટલી અડચણ પડશે —નહીં નહીં, હું એ બપારાને મદદ કરવાને બંધાયલોછું" આમ બોલી પેલો કાઠળો ઉપાડીને બાહાર હોમાવી દીધો. ટ્રેન કલાકની ત્રાસ મૈલની ઝડપથી જતી હતી. મીયાં સાહેબ તો છલંગ મારીને ઉઠયા. "એ, કમબખત, એ તો મેરા ઠેલા થા."

"એમ કે? તારે ભલાં માણુસ પેહલાંથી બોલીએ કની? હું દલગીરછું -પણ ભાંયખલેથી તાર કરજો એટલે કાલે તમને મલશે—તમે એક ટીકીટના પૈસા આપી બે જણની જગા રોકવા માંગો તે કેમ બને?"

એતો પછી એમજ તો.

એક સેકંડ કલાસની ગાડીમાં એક બાઇ પોતાના ખોળામાં પોતાના માનીતાં કુતળીયાંને લેઇને બેઠાં હતાં, અને તેવણની સામે એક જુવાન પુરૂષ બેઠો હતો. ગાડી થોડુંક ચાલ્યા પછી ઊપલા જવાને ખીસામાંથી ચીરૂટ કાઢીને પીવા માંડી. આથી બાઇને બહુ ગુસ્સો આવ્યો, અને કાંઇમી વખત આપ્યા વગર પેલાના મોહમાંથી ચીરૂટ ઝુંટી લઇને બારી વાટે ફેંકી દીધી અને બોલ્યાં "છટ, એ શું! એ બાઇ માણુસોને પસંદ નથી." થોડી વારે કુતળીયાંએ ભોંસવા માંડીયું. પેલાએ હળવેથી ઘણીજ સંભાળથી તેને ગરદનમાંથી ઊંચકીયું અને તેને દોડતી ગાડીની બારીમાંથી બાહાર ફેંકી દઇ બોલ્યો "છટ, એ શું! એ મરદોને પસંદ નથી."

ભેળમ ભેળાની જાત્રા.

થોડાક દીવસની વાત ઉપર એક નવાઇ જેવી ચુક થયલી અમારા જાણવામાં આવી છે. એક ગ્રહસ્થને કોઇ સાહેબની ઘોડી વેચાતી લેવી હતી, અને તે માટે ખબર લઇને દલાલને આવવાની વાત જોતો બેઠો હતો. અવે એવું બન્યુ કે આ ગ્રહસ્થની ધણીયાંણીને ઘરનું કામકાજ કરવા એક આયા જોઇતી હતી તે લઇને આયાનો દલાલ આવી લાગ્યો. તેને દાખલ થતાં જોઇને શેઠ સમજ્યા કે આ ઘોડાનો દલાલ છે એટલે પુછ્યું:—

"એની ઉમર કેટલાં વર્ષની છે?"

"ચૌદ વરસ સાહેબ."

"ઓહો! તારે ઘરડી છે! એનાથી ઝાઝી રગડ થાય નહીં. ગરીબ છે કે?"

"હારે સાહેબ, ઘણી કામવાળી છે ને ગાય જેવી ગરીબ છે."

"ઠીક, પણ સારી માતેલી છે કે? પછવાડેથી ઊઠાવ કેવો છે?"

"સારી સોવામણી છે સાહેબ, તમે જોશો તારે તમારી ખાત્રી થશે."

"ઠીક—ઠીક—ઠીક—જો કીમ્મતમાં બરાબર ઉતરશે તો જોઇશું."

"પણ સાહેબ, તે નીચે બેઠી છે, તમે કેહોતો ઉપર લાવું?"

"ઉપર! વાહ! નહીં, મારા ઘોડાવાલાને કેહો કે એને તબેલામાં લઇ જઇને ખુબ ચાકરી કરે, પછી હું આવીને એના દાંત બાંત જોઇશ."

"ચાકરી ! દાંત ! સાહેબ તમે તો મશકરી કરવા બેઠાછ."

"કાંય વારૂં, મને ઘણી પરીક્ષા છે. હું એક વાર એની પીઠ ઉપર સવારી કરશ એટલે——

"એની પીઠ પર સવારી ! સાહેબ તમારા જેવા સારાં માણસે બાઈ માણસને સારૂં એ પ્રમાણે બોલવું——

"બાઈ માણસ ! ભાઇ તમે કોણ છો ?"

"આયાનો દલાલ."

"ને તમે આએ વાત બધી કોણ સારૂં કીધી

"આયાને સારૂં."

"અરે તમારૂં ભલું થાયરે, હું તો સમજ્યો કે તમે ઘોડી લઇ આવ્યાછ—જાઓ જાઓ, અંદર બાઈ આગળ જાઓ."

શીખાઉ શેકારીઓ.

છેલ્લા ક્રીસટમસના તેહેવાર ઉપર ચાર ચુનંદા પારસી શેકારીઓ લેનાવલી ઉતરી પડયા હતા. લોગારના પાહાર આગળ તે લોકોએ એક સસલું જોયું અને સઘળા જણે સાથે બાર કીધા. કોણુને હાથે મરાએો મુઓ તે માટે તેઓમાં મોટો વાંધો પડયો, તે એટલાં સુધી કે હાથોહાથ થઇ ગયા. જ્યારે સસલાને ઉપાડીને લાવ્યા ત્યારે સાથે ગયલા ભોમીયાએ મત આપ્યું કે એ તો બીહીકને મારે મરી ગયું હશે, કેમજે તેનાં ઉપર એકે ગોળીઓની નીશાંન ન હતી.

મેહનત બરબાદ—ધુનાહ લાઝમ.

ખરશેદજી ખરાસ નામે એક પારસી શોલાપુરમાં ઈનજીન ડરાઇવરનું કામ કરતા હતા. શોલાપુરમાં પારસીની વસતી ઝાઝી નહીં એટલે ત્યાંના એક પારસી દુકાનદાર નામે મંચેરજી સાથે ખરશેદજીને ઘણી દોસ્તી પડી હતી. હવે એવું બન્યું કે એક વાર રેલવે ટ્રેનને અકસમાત થવાથી ગરીબ બચારો ખરશેદજી મારીયો ગયો. જ્યારે તે મરતતોલ હાલતમાં હસપીટાલમાં પડેલો હતો ત્યારે તેણે પોતાના મીત્ર મંચેરજીને બોલાવીને અરજ કરી કે તેણે મુંબઇ જઇને તેની ધણીયાણી હીરાંબાઈને તેના મરણની ખબર કરવી. "બીરાદર મનચી, હીરાં ઘણી બીકણ છે તેથી આસનેથી વાત છેડજે. મારૂં ઘેર વાંકા મોહોલામાં મટલા દારૂવાલાના ઘેરમાં પેહેલે માળેછે."

આઠ દાહાડા પછી મંચેરજી મુંબઈ આવ્યા અને ઘેર શોધી કાહાડીને પેહલા માલ ઉપર ગયા. હીરાંબાઇને કેમ વાત કેહવી તેનો તેવણને મોટો વીચાર પડયો હતો. "આવોજી—બેશોજી"ના અરસપરસ ચાળા થવા પછી નીચે પ્રમાણે વાતચીત થઈ.

"જી, હીરાંબાઈ તમેજ કે?"

"હાજી—કાંઇ ફરમાસ?"

"શું કેહું બાઈ, ખરશેદજી સાથની મારી દોસ્તી કંઈ આજ કાલની નહીં હતી. અમે સાથે સ્કુલમાં શીખેલા, રમેલા ને સાથેજ ચાકરીએ લાગેલા. અમે બે જણ બાહાર ગામ ભાઈ ભાઈની કાણી રહેતાતા. અલબત તમારૂં હેતતો——

"જી, તમે કોણને વાસ્તે વાત કરોછ ?"

"તમારા ખરશેદજી——"

"મરતો નહીં કે—એવા મુવાઓનું નામ મારી આગળ લેતા ના——"

"બાઇ જરા ધીરાં પડો. જીવતાં જીવત તમારાં વચ્ચે ગમે એવો અણબનાવ હોય પણ મુવા પાછળ તમારે દીલ નરમ કરવું જોઈએ. અલબત, મેં માથે ઉઠાવેલી ફરજ ઘણી કઢંગી છે પણ બોલવાને મારી જબાં ઉપડતી નથી. બચારા ખરશેદનો જમણો પગ ઇનજીનનું ચાક ફરી જવાથી એકદમ કપાઇ ગયો."

"તેમાં મારે શું—તમારા ખરશેદને કહીએ કે બીજો લાકડાંનો મુકાવે."

"જરા ધીરાં પડો. હું ખાતરીથી માનુ છ કે હું જારે તમુને જણાવશ કે તે બચારાના બેહુ પગ ને બેહુ હાથ કપડાઇ ગયા તારે તો જરૂર તમારાં દીલમાં મેહર આવશે."

"બા, બેઅદબી માફ છે, પણ તમે તો જબરા કારાંમાય ટાહેલું છેઓ. ઝાહાનમમાં ગીયો ખરશેદ ને તેના પગ. તેના હાથ પગને શું કરડું ? તમુને બીજી કાંઈ વાત કરવાની છે કેની ?"

"તારે હવે મારેથી ઘણીજ બુરી ખબર કેહવા વગર છુટકો નથી. બીહીતાં ના—સબુરી પકરો—ખરશેદજી ગુજરી ગીઆછ."

"પીડા પતી—ગામમાંથી એક પાપ ઓછું."

"તોબાહ તોબાહ! તમે આવાં કઠણ દીલના છેઓ ને તે બચારો તો તમારી ઉપર જીવ આપતો હતો. અને કેહજે મનચી, મારી હીરાંને ભડકાવતો ના—આસતેથી ખબર કેહજે."

"પણ તારે હીરાંને જઇને કેહોની?"

"તમુને કેહું છ તે તમે તો આવા આડા જવાબ આપોછ તારે હવે હું નાચાર છેઉં."

"તે ખરશેદજીના બાપનું નામ શું?"

"વાહ! તમે તમારા સસરાનું નામબી જાણતાં નહીં કે?"

"મારા સસરા! હું પરણેલીજ નથી."

"તારે તમે ખરશેદજીનાં ધણીયાંણી કેની?"

"નહીં."

"તારે આએ ઘેરમાં પેહલે મારે રહેતાં તાં તેવણ——

"તેવણ તો આઠ દહાડા થયા ખાલી કરી ગીયાં."

રૂપયાના સાડા સોલ આના.

મુંબઈગરો એસક્રો—હા બા, આપરે તો રાતના મોજા પેહરીને સુતા વગર નહીં ચાલે.

નશાકરી—જી—પણ કોંય, મોજાં પેહરીયાથી શું થાતું હોશે?

મુંબઈગરો—પગ પોચા રેહ.

નશાકરી—હેં કે? તારે જી ભરૂં માથાં પરબી મોજાં પેહરીને સુતા હોશો.

મેહેમના ઓરસની એક કાહાણી.

ગીયાં અઠવાડીયાંમાંજ મેહેમનો ઓરસ ગયો તેવારે એક વર્તમાન પત્રના રીપોરટરોમાંથી ત્રણ મીત્રોને શોક થઇ આવ્યો કે આપણે એક આખ્ખો દીવસ મોજ મારવા ઉતરી પડવું. હારીસમાં કામ ઘણું હતું એટલે રજા મળવાની વકી ન હતી તેથી કેમ છટકી જવું તેના વીચારમાં હતા. સનીવારે જવું એટલે સુકરવારે સાંજના તેઓએ પોતાના શેઠને જુદી જુદી ચીઠી લખી કહાડી. માણેકજીએ લખ્યું કે "આજે સહવારથી મારૂં માથું ઘણું જોરમાં પકડયું છે, અને અંગ ભરાઇ આવ્યું છે તેથી ડાકટરની સલાહ લેવા આજે મારેથી આવવાને બનશે નહી. સોમવારે જરૂર કામ ઉપર હાજર થઈશ."

મી० ફીલીપસ કરી હાફ કાસ્ટ હતો તેણે લખ્યું "સાહેબ, આજે સહવારથી મને પેટ આવે છે તેથી બીછાણેથી ઉઠાતું નથી ઈત્યાદી, ઈત્યાદી." સેવટે મી० વામનરાવે લખ્યું કે મારી સાસુ આજે સહવારનાજ ગુજરી ગેઈ તેથી આજનો દીવસ જરૂરી કામ સર રજા માગવાની ફરજ પડે છે."

આ પ્રમાણે ચીઠીઓ લખીને હારીસના સીપાઇને આપી કે, સહવારના શેઠ આવે તે અગાઉ ટેબલ ઉપર મુકે. સહવાર પડતામાં તેઓ રંગીલા બની હસતા રમતા મેહેમ ઉતરી પડયા. હવે એવું બન્યું કે સુકરવારે સાંજનાજ સીપાઇએ કાગળો શેઠની ટેબલ ઉપર સુકી રાખ્યાં કે સહવારમાં આવીને વાંચશે એટલામાં કાંઇ અચાનુચ કારણ સર શેઠ રાતના

આઠ વાગતે પાછા હારીસમાં આવી લાગ્યા અને ટેબલ ઉપર કાગળ પડેલાં જોઈ વાંચીને ખીસાંમાં મેલ્યાં.

આપણા ત્રણ મીત્રો સનીવારનો આખ્ખો દીવસ ખુબ ચમન કરીને બારોબાર થઈને ઘર આવ્યા, અને સોમવારે ડાહાયા ડોહોરા થઇને પોતાને કામે વળગયા.

અગીયાર વાગતે સીપાઇ કહેવા આવ્યો કે શેઠ માણેક-જીને બોલાવે છે.

"સાહેબ મહેરબાન, માણેકજી, કેમ તમારૂં માથું નરમ પડયું કે?"

"હા સાહેબ, કાલે જુલાબ લીધો તેથી હમણા તો ઠીક છે."

"અહં! તમે તેમાંજ આજે ઘણા થાકેલા દીસોછ. એમ માથું ઘડી ઘડી દુખેછ કે?"

"હા સાહેબ, અવાર નવાર દુખેછ ખરૂં."

"હું તે સાંભળીને ઘણો દલગીર છું—જરા બરાબર દવા-દારૂ કરો. જાઓ ને મી૰ ફીલીપસને અહીં મોકલજો."

"સાહેબ મહેરબાન મી૰ ફીલીપસ, તમારી ચીઠી ઉપરથી વાંચી હું ઘણો દલગીર થયો કે સનીવારે તમુને એકાએક પેટ છુટી ગયાં. હમણા કેમ છો?"

"હમણાં તો ઠીક છેઉ સાહેબ."

"ઓ, ઘણું સારૂં, પણ તમારો ચેહરો થાકેલો લાગેછ."

" હાજી, હજુ જરા બરાબર નથી."

" દલગીરીની વાત છે, એક દહાડો વધારે કાંય નહીં રજા લીધી ?"

ફીલીપસનાં તાંટીઆ ધ્રુજવા લાગા, " નહીં સાહેબ, હવે તો જરૂર નથી."

" સારૂં, જરા મહેરબાની કરીને મી૦ વામનરાવને મોકળશો ?"

વામનરાવ દાખલ થયા " કેમછો, રાવ સાહેબ ? હું તમારાં સાસુની વાત જાણીને ઘણો દલગીર છું. કેટલાં વરસના હતાં ?"

" અ—સાહેબ—ત—પ—મને બરાબર ખબર નથી."

" અં ! તેવણને શું હતું ?"

" કોણ જાણે સાહેબ, તાપ, નહીં તો લીવર, નહીં તો— કોણને માલમ સાહેબ."

ચીંતા નહીં—પણ મરી ગીયાંતો ખરાંની ?"

" હા—નહીં—કોણ જાણે—મને બરાબર ખબર નથી."

" તમે બાળવા સાથે કેટલે વાગે ગીયા હતા ?"

" હું ? હા—નહીં—હું તો—કોણ જાણે સાહેબ."

" ચાલો ઠીક છે—જાઓ."

વામનરાવ તો પાણી પાણી થઇ જઇને બાહાર ગયા પછી બધી છબરડાની વાત પોતાના સાથીઓને કહી. થોડીવારમાં

કેહેણુ આવ્યું કે, માણેકજી, ફીલીપસ અને વામનરાવને શેઠ બોલાવેછ. બાપરે! મોહોકાણુ આવી ખરી. શેઠ આગળ ઉભા પછી તેવણે ધીરેથી કહ્યું "માણેકજી, ફીલીપસ, માથું દુઃખે અથવા પેટ આવે તેની અગાઉથીજ આપરા જીવ પર એવી દુવા નહીં માંગીયે—એ બીમારીઓ ઘણી નાપસંદ છે ને વામનરાવ, તમારા સાસુ હવે જે દાહાડે મરી જવાના હોય તેની આગળે દાહાડેથી મને જણાવવાની તસ્દી લેતા ના, કે તેવણ મરી ગયાં. આ ખાતાંના નામને એ સારૂં લગાડનારી વાત નથી. તમારાં કાગળો મને સુકરવારે સાંજનાજ મળ્યાં—હમણાંતો જાઓ, પણ ફ્રીથી જ્યારે મેહેમનો ઓરસ જોવા જવાની મરજી હોય ત્યારે આવાં હલકાં બાહાણા કાહાડીને તમારાં નામને એબ લગાડશો નહીં, પણ મારી આગળ આવીને રજા માગજો. સનીવારે હું પોતે મેહમના ઓરસમાં હતો અને મેં મારી નજરે તમુને જોયા હતા. જાઓ."

નરમ દીલની તેહમીના.

મનચી—"ઓ તેહમી, તારા લાડકા ટીપુએ મારાં તેટાંમાંથી ખાસ્સું બોટું કરડી ખાધું. એવો કાર લાગેછ કે જાણે મારીને બારીએથી ફેંકી દેઊ."

તેહમીના—"ગરીબ બચારો ટીપુ, એના જીવને સારૂં નથી, તેથી કાલેજ ડાકટરે કહ્યું કે એને આઠ દાહાડા ગોસ ખવાડતા ના—ને તમે શું મોહોકાણ વાળી."

મુબારકબાદી.

"દોસ્ત, આવતે રવીવારે મારાં લગણ છે."

"હેં! તમુને બેહુ જણને મુબારકબાદી આપવાને મારી ઇછાતો ઘણી છે, પણ તમારાં ઘણીયાણીને હું ઓળખતો નથી એટલે જાણુયા જોયા વગર તમુને મુબારકબાદી કેમ આપું? ને તમુને ઓળખુંછ તેથી જાણીજોઇને તે બચારીને મુબારકબાદી કેમ આપું?"

તકરારી.

"જો દીકરા, બુચાના માથાં ઉપર હાથ નહીં લગાડયે હો, ઘણા નાહાલાં છોકરાંના ભેજાંની ઉપરનો ભાગ ઘણો પોચો રહેછ."

ચાર વરસના બુચાએ આ વાણી મા ના મોહોડાંમાંથી સાંભળી ને નિર્દોશપણાથી પુછયું. "માયજી, બધાં નાહાલાં છોકરાંને ભેજાં ઉપર પોચું હોય કે?"

"હા દીકરા."

"તારે, બાવાજી નાહાલા હોસે તારે તેવણના માથાંપર ભેજાં આગળથી પોચું હોસે કે?"

"હા દીકરા, ભેજું પોચું હતું ને (નીસાસો નાખીને) હમણા તે કાંહ નથી?"

આ વાત બાવાજી પાસેના ઓરડામાંથી બેઠા બેઠા સાંભળતા હતા તેવણ બોલી ઉઠયા "હા દીકરા, તેમજ છે, નહીં તો આજે હું પરણેલો નહીં હોતે."

બક્ષીસ.

વડોદરે જતી વખતે રતનજીભાઈએ વીચારયું કે સુરતથી નાનખતાઇ લેવી. સુરતનું સ્ટેશન આવતાંજ એક પારસીનો પોર્યો સ્ટેશન પર રવડતો હતો તેને બોલાવ્યો કે "એમ આવતો, નાનખતાઈ કેમ મલેછ વારૂં ?"

પોર્યો બોલ્યો "બબે આને એકકી."

રતનજીએ રૂપયો આપીને કહ્યું "જોની ભાઈ, આ રૂપયો લે ને ચઉદ આનાની સાત નાનખતાઇ મારે વાસ્તે લાવ ને બાકીના બે આનાની નાનખતાઈ લઈને તુ ખા. જોઊંછ તો કેવી જડફથી આવેછ."

પાંચ મીનીટમાં પોર્યો એક હાથમાં કરડેલી નાનખતાઇનો ટુકડો ને મોહોડામાં દબુસો લઈને આવ્યો ને રતનજીના હાથમાં ચઉદ આના મુકીને કહ્યું "જી બધી નાનખતાઈ વેચાઈ ગઇતી ને આએ એકજ બાકી ઉતી તે મેં લઈને ખાધી. આએ ચઉદ આના છે તેનું બીજું કાંઈ લાઊ ?" રતનજી બોલ્યા "નહીં બા માફ કરજે તસદી પડી."

"માલી, તું ઘેરમાં બધું એવું અખનતર રાખેછ કે હુ બાહારથી આઊંછ તારે મને બેસવાનો ઓરડો જાણે કરડવા આવેછ."

"વારૂં બાઇ, હવેથી તમે ઘેરમાં આવવાનો વખત થશે તારે અગાઉથી બારીઓ ધાંકી મુકશ."

આંખની પરીક્ષા.

ફીલસુફો નીચલો ડોહરો કહી ગયા છે. જેને લાગે વળગે તે ટોપી પેહરી લે.

એકસો મેં એક હોતા અંધા,
કોલા ભાઈ તો સબસે ખંધા.
હઝાર મેં એક પુરા કાણા,
ઇસસે બુરા એચા કાણા.
એ તીનોકા ક્યા બીચાર,
તોબાહ! માજરેસે અલ્લાહબી બેઝાર.

સફેદ ચુનો બડો એંટાળ છે. જો દેવાલ ઉપર લગાડશો તો પોપરાની પેઠે નીકળી આવશે, જાણે દસ વરસ થયાં લગાડયો હોયજ નહીં. પણ તમારા બનાતના ડગલાને અથવા તમારી ધણીયાંણીની નવી સાડીને એકાદ દાઘ લાગશે તો સગા ભાઈ કરતાં વધારે પ્રીતથી વળગી રેહશે.

કેહેછે કે બ્લાટીંગ પેપર ૧૪૬૫ માં સોધી કાહાડયું. હોય બા, અમુને તો અણીપર ધીક વખતે બ્લાટીંગ પેપર જોઇએછ તારે આખું ઘેર હમણાબી ખુંદારી મારવું પડેછ.

"ભાઇ આએ નવા ડગલા પાટલુનના કેટલા રૂપયા થયા?"—"કોણ જાણે, દુકાનવાળાએ હજુ સમાલ કાઝ કોર્ટમાં ફરયાદી પાંડી નથી."

કાઠીયાવાડી ઉલ્લઠાપ.

કાઠીયાવાડી ઠગો વળી ફ્રાંસના ઠગોનેથી કોઇ વાર વીસરાવે છે જેનો નીચલો દાખલો અમારા જાણ્યામાં આવ્યો છે. એક વાર બે જમીનદારો ચોખાના નમુના લઇ વહીવટ કરવા વીરમગામ આવી ચઢયા અને દાણાના મોટા વેપારી નામે સંપતીરામને ત્યાં નમુના બતાવી ભાવ ઠરાવી પાંચસો હારા ભાત વેચવાનું સાટું કરયું. ત્રણે વેપારીઓ પાણુ ખાવા બેઠા છે એવામાં એક બ્રાહમણ આવી લાગ્યો, અને કંકરીયા વાવ કયાં છે વગેરે પુછપરછ કરવા લાગ્યો. ત્રણે મીત્રોએ તેને બરાબર ઈધાણી આપ્યાથી તે બ્રાહમણ જે બહુ આબરૂદાર દેખાવનો હતો તે દુકાનમાં આવ્યો અને બોલ્યો "ભાઇઓ, મારે એક ગુપ્ત વાત તમને કેહવી છે. નેહાલ થવાનું છે, પણ મારે એકલે હાથે બને એમ નથી તેથી તમને સાથે લેવા પડે છે. શ્રી નાથજીના સમ લેઓ તો તમને બે દહાડામાં લાખ લાખ રૂપયા મળે તેમ રસ્તો બતાવું."

"ઓહો," સંપતીરામ બોલ્યા "ભાઈ, કાંઇ ફીમીઉ બીમીઉ લાવ્યાછો કે? અંહી કાંઇ દમડી છુટવાની નથી હો."

"અરે ભાઇ આકળા શીદને પડોછો, દમડી તમેજ જોઈ છે કે? મને તમારી દમડી કે દમડો જોઇતો નથી, પણ એક કોહાડો હશે તો ડાટેલું ધન બતાવું, પછી કેમ."

આથી તો સર્વેની જીજ્ઞાશા જાગી, અને તેઓ બ્રાહમણ ભાઇને આગ્રહ કરવા લાગ્યા.

"જુઓ ભાઇઓ, હું કાશીથી આવ્યો તેટલાં દૈવયોગે એક ત્રાંબાનું લેખ મારા હાથમાં આવ્યું છે તે પરથી મને ખબર મળી છે કે આ શેહેરમાં એક ચોકસ ઠેકાણે અસલવારામાં કોઇ મગોલ સરદારે ધન ડાટયું છે. આ જગાની ઈધાની મારા પાસ બરાબર છે, પણ આ ગામમાં હું નવો એટલે તમે સાથે આવો તો આપણે ખણી કાહાડીએ, પણ બોલી એ જે જેટલું મળે તેમાંથી મારો અડધો ભાગ અને બાકીનામાંથી ત્રણ ભાગે તમે વેંહચી લ્યો. કેમ કબુલ ?"

"કબુલ ભાઇ, કબુલ—તું કેહછ તે હક વ્યાજબી છે."

"વારૂં તમે પછી ત્રણ પાંચ કરો અને સરકાર પાસ ઘર પકડ કરાવો ત્યારે ? હું તો મારે મારૂં રોકડ લઇને ચાલ્યો જઇશ, પછી તમે તમારૂં ફોડી લેજો, કેમ ?"

"હા ભાઈ હા."

આ ગોઠવણ કરી આ ચારે મીત્રો રાતના નવત્રું જોઇને ખભે કોહાડો મારીને ચાલ્યા. કંકરીયા વાવ આગળ આવીને બ્રાહમણે પોતાનું ત્રાંબા લેખ વાંચી જોયું અને પછી ગજ વટે જગા માપીને એક ખુણું બતાવ્યું કે "મારાં લેખમાં જણાવ્યા પ્રમાણે આ ઠેકાણે ધન ડાટેલું હોવું જોઇયે."

સર્વેએ ઉમંગથી ખણવા માડયું અને થોડી વારે ખરેખાત, કોહાડો કઈ ધાતુ સાથ ખણખણાટ અઢડયો. સર્વેએ ઝપાઝપ મટોડું ખશેડી નાખ્યું તો એક લાકડાંનો મજબુત બાકસ દેખાયો જેને લોઢાંના જબરા ચાપરા મારેલા હતા અને

ઉપર બાબાશાહી મોહોર કરેલી હતી. બ્રાહમણ તુરત ભોંય ઉપર પડીને નમસકાર કરવા અને જે જે માતા કરવા લાગ્યો. સઘળાઓએ મળીને આ ભારી પેટી જેમ તેમ ઊંચકી અને ગુપચુપ સપતીરામની દુકાને લઇ ગયા અને કમાડ વાસીને પેટી ફોડી તો માંહેથી બાર સોનાના લાથા મળ્યા. તે ઝલ ઝલ કરતા હતા અને ઉપર "૧૦૦ ટચ" આમ મરાઠી અક્ષરે કોરેલું હતું. સઘળાઓએ હર્ખાઈને ઠરાવ મુજબ લાથા વેંહેંચી લીધા. બ્રાહમણ કેહ હું તો મારા છ લાથા આસતે આસતે તોડીને બજારમાં શેહેરે શેહેર વેચીશ, નહીં તો પકડાઇ જાઊં. બીજો પણ પોતાના બે લાથા કમરે લપેટી લેઈ ચાલતો થયો. ત્રીજો બાકી રહયો તે સંપતીરામને કેહવા મંડયો "ભાઈ મને તો આવડું જોખમ લઇ જતાં ભય લાગે છે. આ સોનાનું તોલ કરીને તેની અડધી કીમતના મને રૂપયા આપે તો હું રાજી છું."

સંપતીરામે જોયું કે આતો બેવડો તડાકો પડયો એટલે લાગલું સોનું તોલીને બાકી રહેલા જમીનદારને અડધી કીમતના સાડા ત્રણ હજાર રૂપયા આપીને વીદાય કરયો. રાતના સંપતીરામને મેહલ અને ગાડી ઘોડાના સ્વપના આવવા લાગ્યા. સહવારના પરોઢીયાંમાં ઉઠીને જોયછ તો ગઇ રાતવાળા બાકીના સોનાના લાથા આંગણામાં પડેલા. એક ટુકડો ભાંજીને સોની પાસ અંકાવ્યો તો દર લાથાની કીમત બરાબર હડી રૂપયા અંકાઇ! લાથા પીતલના હતા, અને તે ઉપર ઢોર ચઢાવેલો હતો, અને ઉપલા બે દાણાના વેપારીઓ અને બ્રાહમણ મલીને ત્રણે ઉઠાઉગીરો હતા જેઓ આગળથી સઘળો તાગડો ઘડીને આવ્યા હતા.

ખાને ખરાબીની નોશાણ.

કાવસજી શેઠ સહવારના 'જામે જમશેદ' વાંચતા વાંચતાં બોલી ઉઠયા "તોબાહ તોબાહ!"

"શું થયું—શું થયું? વળી કોઈ પરણવાની ઝુસરી ગળે ઓળવી બેઠું કે?" ધણીયાંણીએ પુછયું.

"નહીં—પણ અહીં એક અજબ તરેહનો ભયંકાર કેસ છે. એક ઓરતે ચીડમાં આવીને પોતાનાં ધણીનાં દીલપર છુટું કાશીનું કપ માર્યું. આ કપ ભાંગીને તેનાં ગળાંમાં લાગું ને તેથી તેની ધોરી નેસ કપાઈને તે બચારો એક કલાકમાં મરણ પામ્યો. 'જામે' નો રીપોરટર લખેછ કે કારોનરની જુરીની વેળાએ તે ઓરતની કલાપીતનો સંતાપ જોવાય નહીં એવો હતો."

"હોસે, હોસે—ગરીબ બીચારી! શુ કરે, કાશી કપ ઉંચાં સટમાંનું હોસે તે સટ ખોરવાયો તેથી વરી લાગી આત્રેજ તો!"

કેહેછે મરદોના કરતાં ઓરતોનાં દાંત વધારે જલદી પડી જાયછ, તેનું કારણ એમ છે કે તેમની જબાં મરદ કરતાં વધારે ચાલેછ તેથી તેમનાં દાંત ઉપર ઘસારો વધારે છે. નહીંજી, અમારૂં મત જુદું છે. અમે ધારીયેછ કે ઓરત જાતનાં હોઠમાં મીઠાસ વધારે છે એમ ડાકટરો કહી ગયા છે. મીઠાસથી દાંત જલદી ખરાબ થઈ જાય છે.

રજા લેવાની રીત.

મેસરસ પેદરાંકની આફીસમાં બેરાંમશા કલારકની ચાકરી-એ રહ્યો હતો. એક દહાડે બપોરે મીસીસને સ્ટીમર દેખાડવા લઈ જવું હતું માટે સીનોર પાસે ગયા ને કહ્યું કે "સાહેબ મારા મમાવા ગુજરી ગયાછ તેવણુની પાયદસ્તે જવું છે, તે રજા આપો."

સીનોરે રજા આપીને બેરામશા ખુબ મહજા કરીને બીજે દહાડે સહવારે આફીસમાં આવ્યા કે તરત સીનોરે તેડયા ને કહ્યું, "મી૦ બેરાંમશા તમે ગયા કે કોઈ તમુને પુછવા આવ્યું હતું, મેં નામ પુછયું ત્યારે તેવણે કહયુ કે તેવણુ તમારા મમાવા થતા હતા."

બેરાંમશા—તે—તે—પ—પ—મારા—તમે શું—જ—જ—વાબ—દીધો.

સીનોર—મેં કહ્યું કે તમે જલદી ઘેર જાવો, કાંય કે બેરાંમશાહ તમારી પાયદસ્તે જવાને બચારો ખોટી થતો હશે.

કોણ જાણે!

"યાર શું કેહું, દીલ્લી, આગ્રા, લખનોર, મીરત ને મુંબઇના મછરોએ મને તોબાહ તોબાહ બોલાવી. કલકતાના મછરોએ કંતાળો નથી આપ્યો."

"વાહ! તારે શું, કલકતામાં મછર નથી કે?"

"કોણુ જાને બા, હું કલકતે ગીયોછ નથી ને હું શું જાણું!"

સ્ટાંપ એકઠા કરનારાઓને એક સુચના.

જુના સ્ટાંપો એકઠા કરવાનું હડખું વળી પાછું દુકતાઓને લાગ્યું છે તેઓને અગતની એક ખબર નીચે આપુંછું. એક અમેરીકન લેડીને આ લખ લાગ્યો હતો. તેણીએ સ્ટાંપ ભેગા કરવાની મતલબથી અમેરીકા અને ઈંગ્લંડના બે જાણીતાં પત્રોમાં નીચે મુજબ જાહેર ખબર છપાવી. "પરણનારાઓને ખબર—એક જુવાન ખુબસુરત બાઈ, જેણીને વારસામાં અગીયાર લાખ રૂપયા મળ્યા છે તે કોઈ વગર પૈસાના પણ ખુબસુરત અને હેતવંતા ધણી સાથ પરણવા ઈછેછે. બાહારગામનો હશે તો વધારે પસંદ કીધામાં આવશે. જેને ખાહેશ હોય તેઓએ પોતાનું નામ ઠામ ટપાલ મારફત નાo ૩૮૩૦ વાલાં મકાનમાં લખી મોકલવાથી જવાબ વાલવામાં આવશે." આ જાહેર ખબરના ઈંગલાંડ, ફ્રાંસ, જરમની, ઈટલી, અમેરીકા અને હીંદુસ્તાન વેરથી હડી લાખ જવાબ આવ્યા, જેથી આ ચતુર જાહેર ખબર છપાવનારીને થોડી શીલીંગને ખરચે લખખો સ્ટાંપનો જથ્થો મળ્યો છે.

દયા કોણને માટે?

"અરે યાર મારો કોઠલો ચોરાઇ ગયો."

"અરરર, મને તારી દયા લાગે છે."

"પણ યાર મારી પોતાની લખેલી બધી હીંદુસ્તાની ગજલ તેમાંજ રહી ગઈ છે."

"અરરરરરર, તારે તો મને ચોરની દયા લાગે છે."

ઉંઘના ચેડાં.

જુઓ—આ પ્રમાણે તમને નથી બન્યું? રાતના જમીને જો જરા વાંચવા બેસવા માગશો અથવા પાણી રમવા માગશો તો એવી ઉંઘ આવશે અને આંખ એવી ઝુંપાઇ જશે તથા અવાચીપર અવાચી આવશે કે જાણે કેટલાક દીવસ સુધી ઉંઘાયા નહીં હોય. પણ એક વાર બંધબસ્ત કરીને સુતા કે પછી ઉંઘ ઉંઘને ઘેર જશે, અને રાતનો અકેકો કલાક અકેકા દાહાડા જેવો લાગશે. પણ જ્યારે સહવારનાં ઝઝકલું થતાં ઉઠવાનો વખત આવશે ત્યારે વળી પાછી ઉંઘ એવી ગલબો કરશે કે બોલ્યાની વાત નહીં. કોણ જાણે શું છે, પણ એમ છે ખરૂં—જુઓ, તમે આતવારના ફરસુદનો દહાડો સહવારનાં નવ વાગતે ઉઠવાનો ઠરાવ કરીને સુઓ, પણ તે દહાડે ૬ વાગતાંમાંથી ઉંઘ ઉડી જશે. કેમ એમ છે કે નહીં?

ધાકમાં રહેલો.

દસતુરજી વાયજી કરતાં બોલ્યા, "તમારી આગરતો હું એક માન પામેલો, આબરૂદાર, બોલીદરાજ આદમી તરીકે ઉભો રહેવાનું માન ધરાવું છું, પણ તમે જાણોછો કે કોણની આગલ હું એક ધ્રુજતો, ઠઠરતો, તોબાહ કરતો, બીહતો ડરતો, નાચીજ આદમી તરીકે ઉભો રહુંછું?"

દસતુરજીની મતલબ ખોદા આગળ એમ કેહવાની હતી પણ સોલુ સીકંદર પછવાડેથી બોલી ઉઠયો, "હાજી એ વાત હું જાણુંછ, તમારી ફુરાઇ ગોરાણી આગળ."

પ્રતીઉત્તર.

ઠાલે ઠુંઠે સીત્તેર ફંદે.
હેંસી ફંદે માજરે.
ટુંક ગરદન કા સવાસો ફંદે.
ઔર કાણેકા તો પારજ નહીં !

વાસી.

પેસતનજી પેપરમીત બહુજ ભપકામાં પીયરસની દુકાને ગયા ને આમ તેમ બધે ફરીને પછી જાણે નાસીપાસ થઇ ગયા હોય તેમ એક થામલાને અથીંગીને ઉભા અને સીપતી વગાડવા લાગા કે ત્યાં કામ કરનારી એક મડમ તેવણની આગળ આવી. પેસતનજીએ તેણ્યાને કહ્યું "તમારી દુકાનમાં બધુંજ વાસી છે. પાઊં વાસી, કેક વાસી, બીસકોટ વાસી, પનીર વાસી, કાંઇ તાજું નહીં મલે."

મડમ બોલ્યાં "સાહેબ તમો ભુલોછો, જે થામલાને તમે અથીંગીને ઉભાછો તે પર લગાડેલો રંગ તાજો છે. તપાસી જોવો."

"ઓ તારી" પેસતનજીનો કેસમીરનો સુત ખડાઈ લપટાઇ ગયલો.

એમ કાંય હશે, કે એકાદ સહી બીજી સહીને મળવા આવેછ તારે ત્રણ કલાક સુધી પેટ ભરીને સાથે બેસીને ઘુસ ઘુસ કરેછ તોબી જારે મલવા આવનાર જવા ઉઠેછ તારે દરવાજાની બાહાર બીજો અડધો કલાક કાહાડેછ.

ફજેતી.

સુનાબાઇને ઘરે તેવણના સહી શીરીનબાઇ મલવા આવ્યાં. સુનાબાઈએ ઓહોસ કીધી કે "મારા સમ છે આજે જમાને જાવો. મારી જી ભરૂં દીકરી જાઈએ પોતાને હાથે ચીકીન પૈઈનો એવું બનાવ્યુંછ કે તમે યાદજ કર્યા કરશો."

શીરીનબાઇ ને સુનાબાઈ ને બીજાં બધાં જમવા બેઠાં ને તેબલપર એકક પછી ધાંકેલી રકાબીઓ આવી.

"એ આએ દીશમાં શું છે" સુનાબાઇએ પુછ્યુ.

બેરાંમ બોલ્યો "એ તો બોઇ સોંમબેના હોતીલમોથી પાહી મંગોવીચની તે એવીચ."

સુનાબાઈની ફજેતી ને જાઇનો રકાસ.

વાત તો ખરી.

મોટા ડાકટર (પાસ થવા આવેલાને)—હું તમુને અમના એક લાત મારૂં તો મને કયા કયા તંતુઓ હલાવવા પડે વારૂં?

જવાબ—મારા જમના હાથના આંગલાં અને બાજુનું ગોટલું, કારણુ કે તેજ વખતે હું તમારા ઠોબરાંમાં મુકી ઝાડી તમુને ચતા પાત ફેંકી દઉં.

દારૂ ને ડાહાપણ.

જવાનીમાં ડાહાપણુની શકતીને તેજ કરવા દારૂની મદદ લેવી પડે છે ત્યારે ઘડપણુમાં દારૂ મેલવવા ડાહાપણુની શકતીની અગત રહેછે.

નફટાઈની હદ.

નફટાઈનીબી કાંઇ હદ હોય ? એક વાર એક બીલીમોરાનો પારસી " જામે જમશેદની " હાફીસમાં આવ્યો.

" ભાઇ, મારૂં ગીયાં વરસનું લવાજમ ૩૧૦ ચહડી ગયુંછ નહીં? "

" હા જી. "—" ને તે સારૂં તમોએ મને પાંચ પોસ્ટ કાર્ડ લખ્યા? "

" હાજી, પાંચ છ લખયા હશે. "

" ઠીક છે—હવે જરા મારા ઊપર મેહેરબાની કરશો ? "

" હાજી, બોલોની, શું છે? "

" તમે ઊંઘાડા પોસ્ટ કાર્ડ મોકલોછ તે લોક વાંચેછ જેથી મને ઘણું ખરાબ લાગેછ તેથી આએ બાર પોસ્ટની ટીકીટ છે તે રાખો ને દર મહીને મને એક યાદી બંધ એનવીલોપમાં મોકલયા કરજો. "

" બાવા, તમારૂં લવાજમ ભરી પુરીને પામ્યા. આમ્મે છ આના બી મળયા તે અમારા બાપના ભાયગ—આવજો—સાહેબ મેહેરબાન."

એક પચાસ વરસનો કુમારો હાલમાં મરણ પામ્યો છે. જેણે મરતી વખતે એવું વશીયત કીધું છે કે " મારી સઘલી દોલત જે કુમારીકાઓએ મારા હાથની માગણી ના પાડી તેઓમાં વેંહેંચવા ફરમાવું છું. " આના કારણમાં તે વધુ જણાવે છે કે એઓની મેહેરબાનીથી મેં સુખી જીંદગી ભોગવી છે.

સંસારી કોષ્ટક.

જે **પ્યાર** માટે પરણે તે ખરી બાયડી લાવે.
જે **પૈસા** માટે પરણે તે રાંડ લાવે.
જે **માન** માટે પરણે તે પુતળું લાવે.
તમને ચાહે તે **ધણીયાંણી.**
તમારા પર રાજ કરે તે **રાંડ.**
તમને શંઝેરે તે તમારૂં **પુતળું.**
ધણીયાંણી તમારો પોતાનો **માલ.**
રાંડ તમારા દોસ્તોની **રમુજ.**
પુતળું તે મંડળી સારૂં બાહારની **શોભા.**
ધણીયાંણી તમારા કહ્યાસર **ચાલશે.**
રાંડ તમને **ખુવાર કરશે.**
પુતળું તમને **નચાવશે.**
બાયડી ધણીની **સારવાર** કરશે.
રાખેલી તમારૂં ઘર **લુટશે.**
પુતળું તમારી તંદરોસતી **ખાશે.**
બીમારીમાં ધણીયાંણી તમારી **ચાકરી કરશે.**
રાખેલી જુઠી **દયા ખાશે.**
પુતળું તમારી **ખબર પુછાવશે.**
ધણીયાંણી તમારા દુઃખ સુખની **ભાગીયણ.**
રાખેલી તમારા પૈસાની **ધણીયાંણી.**
પુતળું તમારી મોજમજાહની **રખેવાલ.**
તમે મરી જશો ત્યારે બાયડી **રહશે.**
રાખેલી **બીજું** ઘર કરશે.
પુતળું કેહશે, જા, પીડાપતી.

આડાંની સુંઠ.

જમશેદજીનું અભાગીયું ઘડીયાળ.

"તારે જોની, મેહેરી ડીયર, તું રાતના મારે સારૂં ઊજાગરો ના કરતી હં-અમારી હાફીસનો બધો હીસાબ નક્કી થાયછ તેથી મને રાતના અગીયાર બારની વાગે-અમારો નવો સાહેબ વેલાતથી આયોછ તે એવો અભાગીયો છે, કે પોતેબી ખરેખુટ બેસેછ ને બધાને રોકી રાખેછ." આ પ્રમાણે જમશેદજી માસા-ઉમરે પંચાવણ-પોતાની ધણીયાણીને સહવારના હાફીસે શીધારતી વેળા બોલયા.

"વારૂં---હું મારે જમીને-રાતના નવ વાગે સુઇ જવસ. તમે આવો તારે બરાબર બારણું ઠોકજો. પણ મુવો સીનોરબી એમ ડોરા શાના અમસા પોતાના બારતો હોશે. હમણાને હમણા ત્રણ ચાર વખત તો હીસાબ તપાસ્યા ને હજુર શુ મુવાને જોઇયેછ?" મેહેરી ડીયરે ઊત્તર વાળ્યો.

"એ મારો વાહાલો એવોજ છે. હમણા નાણા બજાર—પણ દીકરા તું એમાં નહીં સમજે. લે ચાલ, હું જાઊછ. જો વાર ના જોતી. હું આવશ તારે આસ્તેથી બારણું ઊઘાડીને સુઇ જવશ"

આમ ગોઠવણ કરીને જમશેદજી બાહાર પડયા. "હત તારીકી સર્જર તાલ લગાવી. સારૂં થયું જે આપરે સપાટામાં ઘેરમાંથી બાહાર નીકળી પડયા, નહીં તો રાંડ મેહેરી એવી ચગરી છે કે બધું પામી જતે. એક વખત જો એ જાણતે

કેની, કે હું નાચમાં જવાનો છેઉં તો રાંડ એ નારી પુઠ એવી ધરતે કે બોલીયાની વાત નહી."

ખરી વાત તો એ હતી, કે જમશેદજીના શોકીન બીરાદરોએ દીલ્હીથી આવેલા એક નવા તાયફાને તાંહ ગાનુ સાંભળવા જવાનો ઠરાવ કીધો હતો, અને સાથે જમશેદજીને ખેંચવાની ઘણી બોહોંસ કીધી. જમશેદજીનો જીવ તો તપુ તપુ થતો હતો, પણ મેહેરીને નાચ અને મુજરાને નામે તાપ આવતી હતી એટલે જમશેદજીએ ના પાડી, પણ દોસ્તદારોના ઘણા આગ્રહને શરણ થઈને તેવણે હા પાડી અને ઊપર લખ્યા પ્રમાણે છટકી જવાનો તાગડો રચ્યો હતો.

મુજરામાં બધું હસી ખુશીથી પસાર થયું. ગાનુ ઘણું સરસ હતું એટલે જમશેદજીને ઊઠવા ગમ્યું નહીં, અને જ્યારે ઘણી આનાકાનીથી મેહેરીની ધાકને લીધે ઘર જવા ઊઠયા ત્યારે દોઢ વાગી ગયલો હતો. જમશેદજી સારી પેઠે જમયા હતા એટલે દીવાળી એવડા દેખાતા હતા તેણી ડગલીના કસ છુટા મુકીને ખુશી થતા થતા ઘર ભણી ચાલ્યા.

"એનું ખાનું ખરાબ થાય એનું, પાણીનાં રેલાની કાની વખત નીકળી ગયો હ. કોણ જાણે કેટલા વાગા હશે, જોઇયે તો ખરા."

જમશેદજીએ ખીસામાં હાથ નાખ્યો તો ઘડીયાલ ગેબ! ઘભરાટમાં આએ ગજું ને પેલું ગજું ચાંપી જોયું તો ઘડીયાલ નહીં મળે. જમશેદજીના હોસકોસ ઉડી ગીયા. ઘડીયાલ સુનાનું અને વળી તેવણનાં લગન વખતે મેહેરીના બાપે પેહેડાવેલું

તેમાં અંદર તેવણનું નામ કોરેલું હતું. જમશેદજીના હોસકોસ તો ઉડી ગયા. તેવણનો દારૂ ભેજાંમાંથી ઉતરીને છેક પગમાં ભરાયો, કેમજે તેવણનાં ટાંટીયા ધ્રુજતા હતા. બાપરે! હવે શું કરશ. તેવણ ધભરાટમાં ઘેર ગોયા તો મેહેરી જાગતી હતી અને તેવણની વાર જોતી બેઠી હતી. સારૂં થયું જે ઘેરમાનું મોટું ઘડીયાલ બંધ પડી ગયું હતું, એટલે કેટલું મોડું થયું છે તે મેહેરીએ જાણ્યું નહીં. વઘન એટલું તો પત્યું, પણ બીજું વઘન સજ્જડ વળગયું હતું એટલે જમશેદજી આખી રાત સુતા નહીં. ઘડીયાલ શોધી કહાડવાને સહવારના શું ઉપાય લેવા તેનાં વીચારમાં તેવણે સારી રાત તરફડયાં માર્યાં.

સહવારનાં નાહીને તેવણે ઝડપમાં ડગલી પેહેરી લીધી, કે રખેને બદીયાનનાં ગજવાંમાં રાખેતા મુજબ સુનાંનો છેડો ને ઘડીયાલ નહીં જોયાથી મેહેરી પુછે.

“કાંય, આજે ડગલી અગાઉથી કાંય પેહેરી રાખી? જાહ છે તાંહ રાતના તમુંને સરકમ થઈ આયોછ. મુવા સીનોરને કહીયે કેની, કે એવડી એવડી રાત માણુસોને હેરાંન કરેછ તેથી પગાર વધારે.”

જમશેદજી શુ જવાબ આપે. તેવણ બોલ્યા કે જરા સેજ સરદી લાગીછ ખરી. મેહેરીએ મોટો રાક્ષી ગળેબંધ કાહાડી આપ્યો અને જબરદસત ગરમી પડતી હતી તોએ તે જમશેદજી ગળે વીટાળીને હાપીસે રવાના થયા. ‘ગલી બે એક વટારી હશે કે સામેથી તેવણના સસરા મળયા. “કેમ જમશેદજી એટલા જલદી કાંહ જાઓછ—કેટલા વાગા?”

"જી, મારૂં ઘડીયાલ બંધ છે. સાડા નવેક થયા હશે."

"આ પેલું મારૂં આપેલું ઘડીયાલજ વાપરોછ કેની? એમ બંધ કેમ પડી જાયછ? ચાલો, સાહેબ મેહેરબાન."

સસરાજી પત્યા એટલે સાંમેથી સાળો આવી લાગ્યો. "અલ્લો જમશેદ, કેમ આજે કાંઇ ગળે ભેંસ જેવો ગળપટો વીટાળયોછ? નરો ટ્રામના ઘોડા જેવો લાગેછ; કાહાડી નાખ, કાહાડી નાખ, હું દસની ટ્રેનમાં માહાલખમી જાઊંછ. કેટલા વાગા જરા કેહતો."

"વાગા! હું કેની તે–મકુજે—મારૂં ઘડીયાલ તો બધ–અરે નહીં રે–ઘડીયાલીને તાંહ સાફ કરવા આપ્યુંછ" બચારા જમશેદજીએ ગુંચવાઇને ઓરંગો ઘુમાવી દીધો. ઘડીયાલની વાત આવે કે તેવણના પેટમાં આંકડાં ચહડે. બધું તો ખમાશે, પણ મેહેરી આગળ શું કરશ તે વીચારથી તેવણના પેટમાં કુરકુરી થઇ.

રાતના તેમજ થયું. કાંઈ સુવા જાય તાંહ સુધી તો ડગલી પેહેરી રખાય નહીં એટલે જમશેદજીએ જેવી ડગલી કાહાડી કે મેહેરીએ સવાલ પુછયો. હવે જમશેદજી ડાહાયા હોતે તો કબુલ કરી દેતે, અને અડધા પા કલાકમાં વાતનો નીકાળ આવતે, પણ તેવણે વળી પાછું ઉડાવ્યું કે ઘડીયાલ તો બરાબર ચાલતું નહીં તે સારૂં સાફ કરવા આપી આવ્યોછ.

"ઓ વાય, હમણાને હમણા કેટલી વખત સમરાવ્યું? તમેબી જરા સાચવીને રાખોની તો. સુના જેવું ઘડીયાલ છે તેને વરસમાં બે વખત સમરાવીએ એટલે પેટ ભરીને ખાધું. કીયા

ઘરીયાલીને આપ્યુંછ? પી. રતનજીને કાંય નહીં આપ્યું, તેવણે એ અગાઊથી સાફ કીધું તું."

"હા, તેવણુનેજ આપ્યુંછ તો."

આએ બાહાણું બે ચાર દાહાડા ચાલ્યું. એક દાહાડે બનાવ એવો બન્યો કે મેહેરીને ઈંગ્રેજ બજારમાંથી જવું હતું તેટલાં પી. રતનજીની દુકાન આવી જવાથી ગાડી ઉભી રખાવીને ઉતરી અને ઘડીયાલને પાછું મોકલતાં આટલા બધા દાહાડા થયા તેનો તગાદો કીધો.

સાંજના જમશેદજી ઘેર આયા ત્યારે તુફાનનો વાવટો ચહડેલો હતો.

"અગર ઘડી મને કેહો કે તમે ઘડીયાલ કોણુને આપી આયા. કોણુ હઈયાં ફુટાના હાથમાં તે છે. મને ખરેખરૂં કેહો, નહીં તો હું મારો જીવ કાહાડી નાખશ. તમારાં સોજ બરે! હવે મમાવા બપાવા થવાનો વખત આયો તારે તમુને એવું સુજ પરેછ! સાચ્ચું બોલો—મારા સમ–મને રરે."

ગરીબ બીચારા જમશેદજી. "અરે પણુ જરા ધીગી પરની એટલું બધું તે શું છે--મને તો બોલવા દેતીજ નહીં." જમશેદજી એમ વખત કાહાડવા તો લાગા, પણુ શું બાહાણું કાહાડવું તે સુજે નહીં. એવામાં બારણું ઊઘડયું અને એક મુસલમાને દાખલ થઈને વાકું વળી ને સલામ કરી.

"સલામ શેઠ સાબ; નાકુ નાયકીન કે મુજરે મેં આપ પે ઘડીયાલ ગમાયા વો મેં આપકુ પોંચાને કે લીએ આયા હું."

જમશેદજીનું ઘડીયાલ! તેવણે તરાપ મારીને તે લીધું અને ઝડપમાં ઉઠયા. "હા—હા—બરાબર છે, અહીં બાહાર આવ—બાહાર આવ." જમશેદજી ઉપલા મુસલમાનને ખેરવી નાખવા માગતા હતા, પણ મેહરબાહન વહમ પડયો. "ઉભો રેહ——કોણને તાંહાંથી લાયો?"

"બાઇ સાહેબ, શેઠ સનીશચર કે દીન નાચકી બેઠક મેં દો ચાર દોસનોં કી સાથ નાકુ નાયકન કે વાંહ આયેથે, વાંહ ઉનકે ખીસે મેં સે ગીર પરા."

આહ! જમશેદજીના ચેહરો જોવાજોગ હતો. તે રાતનો મુજરો તેવણને ઘણો મોંઘો પડયો. એકત્રીસ રૂપીયાનું હોજરીયું ને તાજા રોઝી તીલીની કોર મેહેરીને અપાવી તારે માથેથી વાદલ ગીયું.

હમણા જમશેદજીને પુછીએ છીએ કે કેમ બા, તમારો શું વીચાર, પરણેલી જીંદગી ફાયદેમંદ છે કે? ત્યારે તેવણ જવાબ આપે છે "નહીં બા—જે કુંવારા હોય તેણે પરણવું એ સરફ હુંમકાઇ છે."

ઘેરમાં પેસવાના સાંસા ને પટેલ—ઇત્યાદી.

સીલ્લા—નહીં બાવાજી, હાલ તરત મને પરણવાની ઈછા નથી. મને તો એવો વર જોઇએછ, કે જે દારૂ પીતો નહીં હોય, થોડું ખાતો હોય, સોવામણો, પવીત્ર, ડાહાયો, મયાલુ, પૈસાદાર, જુવાન, સાચ્ચા, સારા મીજાજના, પ્રમાણીક અને ધીરો હોય.

બાવાજી—દીકરા, આએ ધર્તીપર તારૂં કામ નથી. તું બેહસ્તમાં જા, બેહસ્તમાં. તાંહ તુને જેવો માંગેછ તેવોજ વર મળશે.

ભોળો તો ખરો.

એક ભોળા દેખાવના ગામડીયાએ મુંબઇમાં એક દુકાનમાંથી ચાર તોલા એલચી લીધી. અરધાક કલાકમાં તે પાછો દુકાન ઉપર આવ્યો અને દુકાનદાર આગળ ત્રણ એલચી મુકી.

" કેમ ભાઇ, વળી કાંઇ પાછું આવવું પડયું ? " દુકાનદારે પુછ્યું.

" તો શું કરૂં ભાઇ, તમે એલચી આપી તેમાંથી આએ તરણુજ ભરેલી નીકળી, બાકી બધાં ખાલી કોટલાં હતાં. મેં ધારયું કે આએ ત્રણ ભુલમાં તમારેથી અપાઇ ગઇ હશે તેથી હું તમુને પાછી આપવા આવ્યો છું. નારે બા, આપરે તો સાચ્ચાં માણસ છેરે એટલે તમારો સોજ્જો માલ લઇને તમુને મારાથી ઠગાય નહી."

નાટકશાળામાં ખોલાસો.

એક દાહાડે ઉદવારેના વીલર ડોસાં નાટકમાં પોતાના દીકરાના દીકરા કાહાનજી સાથે ગયાં. પીયાનો ઉપર બે જુવાન લેડીઓ સાથે બેસીને " ડયુએટ " વજાડતી હતીયો. કાહાનજીએ પુછયું " બપાઈ—આ બે જણી સાથે શું કામ વગાડતી હોશે? "

જરા વાર વીચાર કરીને ડોસાં બોલ્યાં " કોણ જાણે દીકરા, હું જાણું કે મોરૂં થઇ ગીએલું ની, તે સારૂં બે જણુ સાથે સાથે વગાડીને વેહેલું વેહેલું પુરૂં કરી નાખે. "

ડાંગાંઓએ શું ખાવું ને શું ન ખાવું.

ખાઓ—બકરાંનું ગોસ્ત, હલવાન, જીભ, સુપ, મરઘાં, બટકાં, માછલી, પનીર, ઇડાં, રોટી. (થોડી) તરકારી, મુળા, ગ્રીન પીઝ, કોબી, કોલીફ્લાવર, કાંદા, મોળી જેલી, તાજું ફ્રુટ, (થોડું) અચાર.

ના ખાઓ—ચરબદાર ગોસ્ત, ચરબી, માખણ, મહલાઇ, ખાંડ, પટેટા, ગાજર, બીટરૂટ. ચોખા, આરારૂટ, સાબુચોખા, તાપીઓકા, વરમીસેલી, પેસ્ત્રી, પુડીંગ, મીઠાઇ.

પીઓ—ચાહ, કાફી, વાઇન, બીઅર, આપોલીનેરી વાટર.

ના પીઓ—દુધ, પોરટર, મીઠો બીઅર, મીઠો વાઇન. દારૂ પીતાના ને જો પીવો પડે તો કબુ ભુખે પેટ પીતાના.

વનસાવળી.

"વાંચનાર, તુંને આ પૃથ્વીમાં પેદા કરવાને કેટલાં મરદો અને ઓરતોનો ખપ પડયો હશે તેનો તને કાંઇ ખ્યાલ છે? પેહલાં તો એક બાપ અને એક મા તો હોવાંજ જોઇએ એટલે બે જણ થયાં. હવે એ દરેકને માટે અકેક મા બાપની જોડી ગણતાં ચાર થયાં. હવે આ ચારમાંના દરેકને માટે મા બાપનો હીસાબ લઇયે તો આઠ થાય. એમ ૫૬ પેહેડી ગણો ત્યારે યઝદગરદ શેહેરીયાર સુધી આવી પોંહોંચો. હીસાબ ગણો ત્યારે જણાશે, કે આ હીસાબે તમુને પૃથ્વીમાં હાજર કરવાને ૧૩૯૨૩૫૦૧૭૪૮૯૫૩૪૯૭૬ માણસોનો ખપ પડયો હતો. તોબાહ! આટલા બધા જીવમાંથી પેદા થયલા કેટલાકો તો બે બદામ જેટલાબી કામના નથી.

ટુંકુ કરો !

સુધારાવાલી શીરીનબાઇ એક દાહાડો ઓલડ ફાસીનન સોરાબજી શરાફને તાંહ મળવા ગયાં. બીજી ત્રીજી વાત કીધા પછી શીરીનબાઇએ ટકોર કીધી, "સોરાબજી ભાઇ, તમે એક વાતનો ગુસ્સો નહીં કરો તો કેહુ."

"નહીં જી, ગુસ્સો સાનો, બોલોની શું છે ?"

"એ તમે ડગલી જામા જેવી લાંબી કાંય પેહરોછ. ઘણી ખરાબ લાગેછ, કોઇ દહાડે આંટી આવી જશે તો હેરાન થશો."

"ખરી વાત છે, લેઓ આએ કાતર ને જેટલી તમાર ધ્યાનમાં આવે એટલી કાપી ને ટુંકી કરો."

"જો, તમુને ગુસ્સો તો નહીં લાગે ?"

"નહીં—નહીં—કાપો જેટલી ગમે એટલી કાપો એમાં શુ છે, કોઇ આપરૂં ભલું ચાહીને કેહ તેનો ઉપકાર માનવે જોઇએ."

આ પછી શીરીનબાઇએ કાતર લઇને હળવેથી સોરાબજીની ડગલી સુમારે છ તસુ ફરતી કાપી. સઘળું ખલાસ થવા પછી સોરાબજી બોલ્યા.

"શીરીનબાઇ, તમે એક વાતનો ગુસ્સો નહીં કરો તો કેહું."

"નહીં જી, ગુસ્સો સાનો, બોલોની શું છે ? કોઇ આપરૂં ભલું ચાહીને કેહ તેનો ઉપકાર માનવો જોઈએ."

"જો તમુને ગુસ્સો તો નહીં લાગે ?"

"નહીં—નહીં—બેલાસક બોલો."

"એ તમારી જીભ એવી લાંબી કાંય રાખોછ ? ઘણી ખરાબ લાગેછ, કોઈ દાહાડે આંટામાં આવી જશો તો હેરાંન થશો ?"

શીરીનબાઇનો 'ફીગર ફેસ' ચીતારવાને અહીં નામાંકીત લાંડસીઅર જોઈએ.

ડાકટરનો ચતુર હમાલ.

ડાકટર પોતાના હમાલને પોલીસમાં ઘસડી લાવ્યા અને ફરયાદનામું રજુ કરયું કે તેને જ્યારે વરસાનવાળાં ઘરાકોને ત્યાં દવા પોંચાડવા મોકલતો હતો ત્યારે દવા રસ્તામાં ઢોળી નાખીને ખાલી સીસીઓ બોરાને વેચી નાખતો હતો.

માજીસ્ત્રેટે સવાલ નાખ્યો, "તમને કેમ ખબર પડી કે એ માણસ આવી લુછાઈ કરતો હતો ?"

"મારાં ઘરાકો જલદી જલદી સારાં થવા લાગ્યાં તેથી મને શક ગયો."

માજીસ્ત્રેટે જરા વાર વીચાર કરીને મત આપ્યું કે, "આ નોકરને તમારો માલ વેચવાની સતા નહીં હતી, તોબી ચોકસ કારણોને લીધે હું તેને કેદખાનાની સજા કરતો નથી પણ એને તમારે તાંહ લઇ જઇ તમારી દવા આઠ દહાડા સુધી પાવી એવી સજા ફરમાવું છું."

ગરીબ બીચારાં બઈરાંઓ !

સ્ત્રી જાતે કોણ જાણે શું ગુનાહ ગયા અવતારમાં કીધા હશે કે પરવરદેગારે આ અવતારમાં તે લોકને માટીડા નહીં બનાવ્યા. જુવો મરદ સાંમળો હોય, કદરૂપો હોય, ઠીંગણો હોય પણ પાંચ પૈસા કમાઉ હોય તો ચાલી જાય, પણ જો સ્ત્રી ખુબસુરત તો રહી, પણ જરાબી ધઉંલા રંગની હોય કે એકાદ નાહાની જેવી ખુંધ હોય તો તેનું તો જીવતર બળ્યુ. બચારી એવી તો હાડમાર થાય કે તે કરતાં તો કુતરૂ આજના જમાનામાં વધારે સુખી છે. જાણો કે માટીડાને પપેટા જેવું નાખ હોય અને કદરબીહામણું ડાચું હોય તો મોટી મુછ ઉગાડીને તેમજ મોટા મોટા ઠેબીઆ રાખીને તે છુપાવી શકે, પણ બચારી એકાદ સ્ત્રીને બોકનડા જેવું નાક હોય તો કાંહ છુપાવા જાય ? એબા ખોદાને તાંહનો ગેરઇન-સાફ્જ કેની ! સ્ત્રીથી કાંઈ જીથરા પીથરા બાલ રખાય ! જરા ખોરાયલા હોય તો કેહેશે રાંડ વંત્રી જેવી કાંહાંથી ઉઠી આવી. સહવારના પોહોરમાં પીખાયલા બાલવાલી સ્ત્રી સામે મળે તો અપસુકન નડે ને મરદ એવો હોય તો કેહશે બચારો ઘણો સાદો માંદો છે, કશી વાતનો [illegible]રાટ નથી. મરદ મીજાજ ખોઇ દઇને માણસ પર બુમ પાડે તો જરા હાધાનીધામાં ખપી જાય, પણ સ્ત્રી કરવા જાય તો નરી જાણે વીછણમાં ખપે—ધણી ધમકાવે, બાપ બરાડે, ભાઇ ભડકાવે કે કસો મલાજો રાખતી નથી.

પણ એટલાંથીજ સ્ત્રીની પંચાત પતતી નથી. તેનાથી એખલી તો બહાર નહીં જવાય, ગુરો ગરબીને ઘેરમાં

ગગડાવું જોઇએ, નહીં તો લાગતાં વલગતાંના તાણા ટપલા જોઇ લેઞો. મરદ પરણે નહીં ને કુમારો રેહ તો જેમ ઉમર વધતી જાય તેમ ઘરાં પરાં વધતાં જાય પણ કુમબખતી આની કે જો પચીસ વરસની અંદર નહીં ઉંચકાઇ તો. ધોબીનો પથર, બાપને ઘેરની ખીચડી ખાઉ વગેરેના એલકાબ તૈયાર છેજ. સહવારના ગોધા જેવી કુમારી છોકરીને જોઇને માય, મમાઇ, માશીઓ બલાપો કરે તે જુદો. પરણેલીનો વર છાકટો, જુગારી, નઠારો હોય, રાત દીવસ મોહોરદારને બકતાદો ઝીલાવતો હોય તોબી તે પરણેલી વગર પરણેલીના દયા ખાશે. "મરેરે અરધી ઘરડી થવા આવી ને હજુ કોણુની વાટ જોયછ," ઇત્યાદી. એકાદ સ્ત્રી જો પરણી તો તેના ધણીના રંગ ઉપર તરેહવાર ચુંથણા પડશે. કોઈને કાળો કાગડ પડશે, કોઇને ઠીંગણો પડશે, કોઈને સુલેમાન સાઢકો પડશે ઈ-ત્યાદી. "શું દીવો લઇને વર શોધી લાવી" એવી ટકોર ચાલશે.

ગરીબ બચારી સ્ત્રી. થાંભલા જેવા પગ હોય પણ તાણી તતરાવીને નાહાના બુટ પેહરવાં જોઈએ. પગ દુખે તો દુખે પણ મોટા પાપરા જેવાં બુટ પેહરે તો આજ કાલની દુકતીઓ ઠીઠી કરે. બેદરકાર વરથી પોતાનું કંઇ એણી મેર પેલી મેર મુકાઈ જાય તો તે શોધી કાહાડવાની જોખમ સ્ત્રીને માથે છે. જ્યારે મેલેલું પાય નહીં ત્યારે ધણી ધણીયાંણી ઉપર ઘસોરા કરે. ઘરનું વહીતરં કરનારી સ્ત્રી, ઘરનો સંભાળ રાખનારી સ્ત્રી, રાંધેલું બરાબર નહીં

તો ઠપકો ખમનારી સ્ત્રી, છોકરાંઓની ઉઠવેઠ કરનારી સ્ત્રી, બચ્ચું સીક હોય, પેટમાં દુખવાથી કળવાતું હોય, દાંતની પીડાથી પીડાતું હોય, સડીઅલ ગોવરાંથી અકળાતું હોય, તાવથી થરથરતું હોય, વાગેલા જખમથી વલખા મારતું હોય, કરમને લીધે બેચેન હોય ત્યારે ધણી કરાણીને કેહેશે " ખોદાને ખાતર ગુલી, આ નાપાકના જણ્યાને મુગો રાખ, ઘેરમાં બેસવાબી દેછ કે નહીં ? " જાણે બચ્ચાંને રડાવવાનો જોખમ ગુલીને માથે હોય !

ગરીબ બચારી સ્ત્રી ! જ્યારે તેનુ માથું દુખતું હોય ત્યારે વર કેહેશે " એનો એની પીડા રોજની છે, લે ચાલો, ઉઠીને કામ કરો એટલે હુશીયાર થઇ જશો, એવાં કાંગલાં કુસલાં નહીં થઇએ.'

અરે સ્ત્રીઓની પીડા તો ઘણી છે, પણ તે અહીં લંબાવતાં પરવડે નહીં. વાસતે હાલ તો બસ.

સાબેત ગુરેવારી.

ભરૂચથી મોહોવરૂં આવ્યું હતુ તેને ગાટલીમાં ભરવા સારૂં કાહાનજીને બેસાડવાનો હતો, પણ ભલા કાહાનજીને મોહોડે જરા પીપીડું હોવાથી શેઠને ધાસતી લાગી કે દારૂનો દારૂ બગડશે ને વળી ગરીબ માણસને ઈજા થશે. ઘણો વાર વાચાર કરી શેઠ કાહાનજીને બોલાવ્યો અને બોલ્યા, " જો તુને ગરવાની ટેપ છે કેની તે કોઈ દાહાડે ક મ-હોતે મરી જશે. આજે આએ કેરબાશીઓ ખાલી કરવાની

છે તે સારૂં હું તારા હોઠને ચાક લગાડી મુકુંછ કે જો તું દારૂ પીસ તો તુરત ચાક નુછાઈ જશે ને તું પકડાઇ જશે."

આ પ્રમાણે બોલી શેઠ ચાક વગરજ ખાલી આંગલું કાહાનજીના હોઠ ઉપર ઘસ્યું અને તેને બાટલી ભરવા બેસાડી બાહાર ગયા.

હવે કાહાનજીએ શું કીધું તે જુઓ. લાલચ થોભાઇ નહીં એટલે દારૂ ભરતં અલાહી પીધો અને પછી એક ચાકનો કકડો લઇ હોઠ ઉપર સારી પડે ઘસયો કે નુછાઇ ગયો હોય તે પાછો દેખાય. થોડક વારે શેઠ આવ્યા અને જોયછ તો કાહાનજીના પગ લટર પટર થતા હતા અને હોઠ સઘળા ચાકથી ખરડાઇ ગયલા હતા!

પતી પર પ્યાર.

એક વખતે ત્રણ મુસલમાની સુંદરીઓ પાણી ભરવા જતી હતી. એકે દરખાસ્ત કીધી અને બીજી બેએ ટેકો આપ્યો કે રસ્તામાં જે કંઈ ચીજ મલે તેપર અકેકી બેટ દરેક જણીએ બોલવી, અને તેમા પોતાના પતી તરફનો ચાહ બતાવવો. આ નક્કી થતાંજ એક પાડું આવ્યું જે જોઈ પહેલી બોલી.

શીસા ભરા શરાબકા, તું પી મેરે મીઆં;
મએ મર ગઇ તો બલાસે, તું જી મેરે મીઆં.

આગલ ચાલતાં તપકીરવાલાની દુકાન આવી તે જોઇ બીજી બોલી.

તપખાર ભરી દમી હય, તું સુંધ મેરે મીઆં;
મએ જાગ રહી તો બલાસે, તું ઉંઘ મેરે મીઆં.

તેટલાં એક પાણીનું તલાવ આવ્યું તે જોઇ ત્રીજીએ રાગડો તાણ્યો કે—

તલાવ ભરા આબ હય, તુ તર મેરે મીઆં;
મએ જીતી રહી તો બલાસે, તું મર મેરે મીઆં.

છેલીનો પ્યાર પોતાના પતી પર સર્વેથી વધારે માલમ પડયો.

સર્ધીયારો !

ઘેરવાળા—(નવા પરોણાને બીછાણું બતાવીને) ચાલો સાહેબ મેહેરબાન, હવે પોહોરી જાઓ. આએ પલંગ પર તમુને એવી ઉંઘ આવશે કે ઓરામાની વાત નહીં. મારા કુટુંબમાં આજે ૯૦ વરસ થયાં એ પલંગ છે. અમે બધાં ભાઇ બેહેનો એમાંજ પેદા થયલાં, બાવાજી ગુજરીયા તારે એજ ધોલીયા પર ધરટલો ચાલતો તો, માએજી ત્રણ વરસ સુધી એ પરજ ખહીથી અડીને પડેલાં હતાં ને મારી જાઇ બેહેનને એ પરજ સડીયડ આયાતા. હું જાણુંછ કે મારા નાહાલા કેકુને તાપ્રકાપ્રડ તાપ આવી તારેબી એ પરજ પોહોરારયો તો. એ ધોલીયો તો બચારો એવો કામનો છે કે લાખ રૂપયા આવ તોબી વચું નહીં. ચાલો, હવે કરારે સુઇ જાઓ સહવારના વેહેલા ઉઠજો.

ભીખારીને ભીખ આપતાં સંભાળજો.

ભીખારી—(કરગરીને) માબાપ કાંઇ ખાવાનું આપો, આજે બે દાહાડા થયા ભુખે મરૂં છું.

ઘરડા ધર્મી—ગરીબ બચારો, લે આય પાવલી ને કાંઇ વેચાતું લઇને ખાજે. બે દાહાડા સુધી કશેજ ખાવાનું મળ્યું નહીં ?

ભીખારી—મળ્યું તો ઘણું સાહેબ, પણ હું કાલબાદેવીને નાકે બીજા ભીખારીઓને વેચાતુ આપુંછુ તે બે દાહાડા સુધી ઘરાકી ઘણી હોવાથી મારે ભાગે કંઈ રહ્યું નહીં.

એક નમુનેદાર વશીયતનામું.

પાલણજી ચાહેવાલાને ઘણીજ બીક હતી કે રખેને તેવણના ગુજરવા બાદ તેવણના વારેસો પોત પોતામાં લડી મરે અને ખરાબે હાલ થાય. તે લીધે ઘણો અંદેસો કરીને તેવણ નીચે પ્રમાણે સેહેલું, સુતરૂં, સમજ પડે તેવું અને બીલોરના કાચ જેવું સાફ વીલ કર્યું.

"હું પાલણજી નશરવાનજી ચાહેવાલાનું આએ છેલ્લું વીલ અથવા વશીયતનામું છે. મારી જે કાંઈ માલમતા છે તે મારાં ખેશીઓમાં વેહચી આપુંછું. તેઓએ પોતાને જેમ વાજબી લાગે તેમ બધું વેંહેંચી લેવું. જે કોઇ વાંધો ઉઠાવે તેને કાંઇ મળે નહીં સહી—સાં૦ પાલણજી.

બોલો, હવે વકીલ બારીસટરોનું કામ શું રહ્યું ?

ગાયે માણસ ખાધો.

રસ ગળે ને કકડા પડે તેવી વાતો કરવામાં ગુજરાતના ભાટ ચારણો કુશળ છે. એઓ માંહેના એક નવાગઢ ખાતે નીચલી વાત પોતાની કચ્છી ધબે કરી સંભળાવી હતી.

"શું વાત કરૂં ભાઇઓ, અમે એક રાત્રીએ તાપણું કરવા ચોકમાં બેઠા હતા અને રાત ટીકમ ની વાતો કરતા. તાઢ તો કેના મારૂં કામ, એવામાં કોઇએ આવીને પોળનો દરવાજો ઠોકયો. મારા બાપા કેહ 'પોરેઆઓ અમોલા રહો રે, જયાં છે ત્યાં નકરાની ચોર આવેલા જણાય છે.' અમે તો હબકી ગયા અને સર્વે ચુપાચુપ થઇ ગયું. થોડી વારે વળી પાછો દરવાજો ઠોકાણો.

બાપા કેહ "હવે છાનામાના બેસવામાં કાંઇ દી ઉધડયો નહીં. આવવાના હશે તે કાંઇ આમ પાછા જવાના છે. અલ્યા રામલા, જા જઇને જો કોણ છે."

બાપાએ આ પ્રમાણે મને આજ્ઞા કરી પણ મારાં ગુટણને તો તાઢ ભરાઇ હતી, અને મકરાની મને પકડીને નાક કાપી નાખશે તો કયાં જઇશ તેના વીચારથી મારા પેટમાં કંપારી ઉઠી.

"જાતો ભાઇ, ઠોકાઠોક કોણ કરેછે, જો કાંઇ આપદા જેવું હોય તો દરવાજો ખુલતો રખે."

હવે તો ઉઠવા વના ચાલે એમ ન હતું એટલે હું દરવાજા ભણી ગયો અને પુછયું 'એ કોણ છે રે?"

"અરે, એ તો હું છું" બાહારથી ઉત્તર આવ્યો.

"પણ તું કોણ? તારૂં નામ ઠામ?"

"કેમ ભાઇ, મને ઓળખતા નથી શું?"

"ના—

"હું તો કાશીરામ સારંગીવાળો છું."

"ઓહો! કાશીઆ, આ તાણે તું અંહી ક્યાંથી આવી ચઢયો? ત્યારે ક્વારનો બોલતો કેમ નથી?"

"મારે તો બાપા જેતપુર જાવું હતું, પણ રાત પડી ગઇ અને ચોરીઆઓનો ભય એટલે અહીં આવ્યો કે રાતો રાત સુઇ રહું અને સહવારના મલસ્કામાં રહીને ચાલતો થાઊં. ગોંદલના શપાઇઓ મારી પુઠે લાગ્યા છે તે એક વાર આ હદ વટાવી કે પછી કાંઇ નહીં."

"એમ છે? ત્યારે તો તું ઘરમાં આવીશ નહીં. મુંગો મુગો પડખે, ઢોર બાંધ્યાં છે ત્યાં ઘાસ પાંથરીને સુઇ જા ને સહવારના તારે રસતે હીંડયો જજે."

* * * *

કાશીરામે આ શીખામણ માની ઢોરના છાપડાંમાં ભરાણો. બે એક કલાક ઊંઘયો હશે એવામાં તેની આંખ્યો ઉપડી ગઇ અને જોયછે તો સહવાર પડી ગયલી. ખરી વાત તો એ હતી કે ચંદ્ર ખુબ તેજસ્વી પ્રકાશનો હતો એટલે તે સહવાર સમજયો. કાશીરામે ઝટ ઉઠીને પોતાની પીછોડી ખાંધે નાખી

અને ચાલવા માડયું. ઝાડી ઘણી ગીચ એટલે સંભાળીને ચાલતાં તેના ગોહ ઉપર કાંઇ અડડયું અને જોયછ તો એક કાઠીયાવાડીનું મડદું ઝાડ સાથે લટકતું હતું. "હાય! હાય! આ શું! ભાય, તારી આ અવસ્થા કોણે કરી હશે. સુક્કો તાટ થઇ ગયલો જણાય છે. કોણ જાણે ક્યારનો લટકતો હશે." કાશીરામે આ લટકતાં મડદાંને આમ તેમ હલાવી જોયો. "અંહ! વાહરે ભાય! નવા દોર જેવા જોડા ક્યાંથી લાવ્યો—ખાસ્સા રૂપયા બેની જોડ દેખાય છે. હવે તને એ શા કામમાં આવનાર છે ને મને તો હજી બાર ગાઉ ચાલી જવું છે, કેમ કો આજ્ઞા?" આમ બોલી કાશીરામે જોડા કાહાડવા માંડયા. પગ આમ ખેંચ્યા અને આમ મરડયા, પણ સજ્જડ થઇ ગયલા એટલે જોડા નીકળે નહીં. તાણી તાણીને થાકયો એટલે મડદાને પડતું નાખી આગળ ચાલવા મંડયો. દસેક ડગલાં ચાલે અને પાછું ફરીને જુએ. આખરે આવા સોના જેવા તતણુખાર જોડાની જોડ મેલીને જવાની કાશીરામની છાતી ચાલી નહીં. તે પાછો ફરયો અને નવરૂં જોઇને પોતાની મસ છરી કાહાડીને ઝટ લઈ મડદાંનાં પગ કાપીને છુટા કીધા. "ઠીક છે, સીધે સીધા નહીં નીકળ્યા તો હળવેથી પછી કાહાડી લઇશ."

મન સાથ મનન યતો કાશીરામ બગલમાં જોડા સાથના કાપેલા પગ મારીને ચાલતો છે એવામાં બનયું આમ કે ચંદ્રમાં વાદળ પાછલ છુપાઇ ગયાથી પાછું અંધકાર થઈ ગયું. કાશીરામને હવે જણાયું કે આતો હજી રાત શીરૂ થાય છે અને સહવાર નથી તેથી મુગો મુગો પાછો અમારા

ઘર ભણી આવ્યો અને ગાય બાંધવાની છાપડીમાં ઘાસ તલે પેલા કાપેલા પગ છુપાવીને ઊંઘી ગયો. ખરેખાત કાશીરામ જેમ બીતો, તેમજ ગોંદળના સીપાઇઓ ચાર વાગતામાં ત્યાં આવી લાગ્યા અને કાશીરામને ધરી ગયા.

* * * *

સહુવારના સર્વે વાળું કરવા બેઠા ત્યારે બાપા કેહ "અસ્યા રામલુ, પેલા કાશીઆએ ગઇ સાંજતું ખાધું નથા તેથી ભુખે મરતો હશે. જા એને તેડી આવ, બાજરાનો રોટલો ખાશે તો પુન્ય લાગશે."

આ આજ્ઞા માથે ચઢાવી હું છાપડીમાં ગયો અને આમ તેમ જોયું તો કાશીરામ ન મળે. મેં કાશીઆ કાશીઆ કરી હાંકો પાડી પણ કાંઇ નહીં. અરે ભાઇ કાશીરામ તું છે ક્યાં, હોય ત્યાંથી બોલી જા. મેં આસપાસ, ઊંચે નીચે નજર દોડાવી તો ઘાસ તળેથી બે પગ જોડા પેહેરેલા નજરે પડયા. અરે શાબાશ રે કાશીરામ! ભાઇને તો તાઢ વાય છે એટલે ઘાસની તળે ભરાઇને પોઢયા છે અને વળી ઉતરે દેતા નથી. ચાલ, હવે આવો બાહાર—આમ બોલી મેં બે પગ પકડી તાણ્યા તો શીવ! શીવ! પગ મારા હાથમાં આવી ગયા અને હું ચતોપાત જમીન ઉપર અફળાયો.

પાછો ઉઠીને જોઊંછું તો લોહીથી ગગડતા બે પગ! જોડા પેહેરેલા! ભગવાન! મારી આંખેતો તમર આવવા માંડી. આ અપસુકનના સાથીઆને ભોંય ઉપર નાખી દઇ હું ગાય ગમ ગયો અને તેના પેટમાં લાત કાઢી બોલ્યો—

" તારૂં સત્યાનાશ થાય, તું ગાય નથી પણ વાઘ છે—ગરીબ બચારા કાશીરામને ખાઇ ગઇ ! જ્યાં છે ત્યાં તારો આત્મા નર્કે જવાનો છે. એ બચારો સારંગી વાળો તારા પેટમાં કેમ પચવાનો હતો ? "

હું તો ધભરાયો, ને પાધરો ઘરે દોડયો અને સઘળી સ્વીતર હકીકત કહી. બાપા તો માને નહીં. " આ છોકરો ગાંડો થયોછ. "

બાઈઓ કેહ " એને દારૂ પીધો હશે, એનું મોહ વાસ મારે છે."—માજી કેહ " અલ્યા રામલુ કાઇ સ્વપનુ તો ન જોયું હોય ! "

મેં રડીને કહ્યું " તમે માનો કે ન માનો પણ છાપડીમાં આવીને જુઓ. જોડા ચવાયા નથી તેથી તે પગ સુધાં રેહવા દીધા છે બાકી બધું ખાઈ ગઇ છે."

" હાય ! હાય ! ને સારંગીનું શું થયું ભાઈ ?"

" અરે તેબી ખાઇ ગઇ બાપા "

" શીવ ! શીવ ! એ આપરે કામની નહીં. એને હમણાંની હમણાં બજારમાં લઇ જઈને વેચી નાખી જોઇએ ! લે રામલુ તુંજ એને પાસેના ગામમાં હાટ ભરાયું છે ત્યાં ભાઈ જા અને જેમ જાય તેમ વેચી આવ. "

આપરે તો ચોખી ના પાડી " ના બાપા, એ રાક્ષશ છે—એના સાથ હું તો ન જાઊં " પણ બાપા સમજયા નહીં,

મને ગાળ બેળ દઈને ઊઠાડયો અને હું આ કડકણી ગાયને લઈને પાસેના ગામમાં વેચવા નીસર્યો.

\+ + + +

હાટમાં હજારો લોક જમા થયું હતું. કોઇ ધોતીયાં તો કોઇ આંગોટાં, કોઇ વાસણ તો કોઇ ઢોર લેવા કડછે પૈસા બાંધીને ઉતરી પડયું હતુ.

" ઓહો ! રામલુ ભાય, આજ કાંઈ એણી મેર પધારયા ? " એકે પુછયું.

" હા ભાઇ, આ ગાય વેચવા આણેલી છે. "

" કેમ એમ કેમ, ખાસ્સી હીરા જેવી ગાયને શીદને વેચો છો ? "

હજુ તો આ પ્રમાણે વાત ચાલે છે એવામાં આઘેથી એક સારંગી વાગવાનો સાદ આવ્યો કે ગાયે કાન ઊંચા કરયા અને દોરડું ખેંચીને ભાગવા કરતી હોય તેમ ચાળા કરવા માંડયા.

" ઓ ધરો રે ભાઇઓ, પકડો પકડો, આ ગાય નથી પણ ભુતડું છે. એ એક સારંગીવાળાને ખાઇ ગઇ છે અને આ બીજાને ખાવા ધાય છે."

મારૂં આ બોલવું સાંભળી સર્વે હસવા પડી ગયા " આજે બાપડા રામલુએ ભાગ પીધી છે ભાંગ. "

" બાપા ન માનો તો તમારી ખુશી પણ ખાધેલા સારંગી વાળાના પગ મેં મારી નજરો નજર દીઠા. ગરીબ બચારો

કાશીરામ, તેને આખો ને આખો સારંગી સુધાં આ સંખની ગળી ગઇ."

"એ મારૂં નામ કોણ બોલ્યું?" આમ લોકની ભીડમાંથી સાદ આવ્યો અને મારી અચરતીનો શો પાર! કાશીરામ લોકને ખસેડીને મારી સામે આવી ઊભો.

હું બુમ મારી ઊઠયો "અરે ધરો રે ભાઇઓ. એનેબી ધરો, એ કાશીરામ નથી પણ ભુત છે. એને તો રાતના આ ગાયે કરડી ખાધેલો મેં મારી નજરે જોયો છે. માત્ર એના પગ બાકી રહ્યા હતા ને અહીં એ જીવતો કયાંથી આવતો હતો?"

પેટ પકડીને કાશીરામ તો હસે અને સાથે લોકોએ હુરી-ઓ કરવા માડયો. કાશીરામે સઘળી ખરી હકીકત માંડીને કહી.

હું તો જંખવાણો પડી ગયો અને લજવાઇને ગાયને પાછો ઘેરે લઇ ગયો જ્યાં મારી એ દાહાડા ઠેકડી થઇ ને જુદી. આ ગાય જ્યારે મરણ પામી ત્યારે તેના ચામડાંના મારે સારૂં જોડા બનાવ્યા જે હજી લગણ હું પેહેરૂં છે. પણ તેમાં શું ગુણ છે! તમે માનતા હો તો માનજો, જ્યારેબી કેડે સારંગી વાગવાનો સાદ આવે છે કે આ જોડા ધરીયા ધરાતા નથી, અને મને પોતાની મેળે નચાવે છે.

સંભાળજો !

મશકરી કરતાં સંભાળજો.

પીરોજા પોતાની સહી આયમાયને હરખથી કેહે છે "આઈ, તું આજે રાતના જમવાની છે તેથી મારો હરખ માયો સમાયો જતો નથી. આજે જો તો ખરી, મારા જાંહાંગીરની કેવી મજાહ કરૂંછ તે. હું રોજ રાતના પાંખરાં તોરીને એવણને સારૂં પુડીંગ બનાઊંછ તે એવણને ભાવતુ નથી. આજે એવણના માણીતાં બેહેન આવેલાં છે તેવણ પાસ ગુપચુપ પુડીંગ કરાવીશીછ. એવણ ખાતી વખત જરૂર ખરવાયાં તોડવાના ને જારે જાણશે કે એતો એવણના લાડક વાયાં બેહેને કીધુંછ તારે કેવા ચાટ પડી જશે !"

રાતના સર્વે જમવા બેઠાં. પુડીંગ જરા ખાઈને જાંહાંગીર બોલ્યા "વાહારે પીલા, તુંતો હવે દાહાડે દાહાડે સુધરતી જાયછ હો—આજનું પુડીંગ કેવું મજાનું બનાવ્યુંછ !"

પીરોજા ચાટ !"

ઈરાનીને હુકમ આપતાં સંભાળજો.

બાઈ ઘણા સુતારાવાળાં હોવાનો દાવો રાખવતાં હતાં. એક દાહાડે પીવાનું પાણી માગ્યું તે નવો ઈરાની હાથમાં ટમલરે પકડીને લઈ આવ્યો તે ઉપરથી બાઈએ શીખામણ દીધી. "હમેંશા જંગલી   પાણી લાવે, જારે કોઈ પીવાનું પાણી માંગે તારે રકાબીમા મેલીને લાવ્યે.

"વોરૂંજી!" ફરી ઇરાનીએ રૂખસદ લીધી. બે ચાર દાહાડા ગયા પછી બાઇને એક સહી મળવા આવ્યાં તેવણે પીવાનું પાણી માગયું. ઇરાનીને હુકમ થયો કે પીવાનું પાણી લાવે. બાપની શરમ અને સહીની અચરતી વચ્ચે ઇરાની હાથમાં એક ઊંડી રકાબી પાણીથી છલાછલ ભરીને આગળ લાવીને ઊભો.

બાઇએ ચીરડાઇને પુછ્યું "જંગલી, ગધેડા, રકાબીમાં તે વરી પાણી કેમ પીવાતું હશે?"

"તે તો હુંબી આયાને પુછેચ કે બોઇ રકાબીમાં પાણી માંગેછ તે બોઇ ગીલા થઇ ગીઆચ?"

નાદાન બચ્ચાંને કબુલાત આપતાં સંભાળજો.

ટેબલ ઉપર બાવાજી, માયજી, નાહાનો સાવીયો અને મી० પેસતનજી પરાણા સાથે બીજા પાંચ છ બાહારના સાહેબો જમવા બેઠા છે. જમણ ખલાસ થવા પછી ફ્રૂટ વગેરે આવ્યું. ટેબલને બે નાકે બે ક્રીસટમાસ કેક મુકેલાં હતાં.

નાહાનો સાવીયો ઊલટભર બોલ્યો "પેસતનજી કાકા, જરા બીજું કેક લેઓની—જરાક લેઓ વારૂં."

"વારૂં દીકરા, તારી એવીજ ખુશી છે તો લાવ, જરા બીજું લઇએ."

"ચાઆઓલો! મમાજી હવે તમે કહયુંતું તેમ કરોની—તમે કેહજે એકજ કેક બધાને ચાલશે તો કંઇ નહીં, પણ જો બીજું કાપવુંજ પડશે તો મને બે કટકા આપશો!"

પેસતનજી, પપા અને મમાના ચહરાનો ફ્રોટોગ્રાફ અમારી પાસે નથી.

નજીની નવી સાડી.

જમસુ કન્નાસ જણુમથીજ કંજુસ હતો. બાળપણુમાં બાઇ બેહેનોના ભાગની ચોરીને ખાઈ જાય અને જારે હોય તારે રડતો ને રડતો.

ત્રીસ વરસની ઉમરે જમશેદ પાસે સારી પુંજી થઇ અને દૈવયોગે તેને શાદી કરવાનું મન થયું. પાસની નજી તેને ઘણી ગમતી હતી, અને નજીબી શેઆની હતી એટલે ચંદરોજમાં આ બેનું જોડું સંધાયું.

નવી શાદીની ધુણમાં પેહલાંતો જમશેદે જરા લગાર હાથ બાહાર કાહાડયો, પણ બધું 'કામન' થઇ જવા પછી તેની આગળી બુરી ટેવે વળી પાછો તેના ભેજાં ઉપર ગજાંઓ કીધો. ગરીબ બચારી નજી ઘણી કાંકણી અને સમજુ હતી. વગર કારણે કાંઇ માંગે એવી તે ન હતી. તેણીની એક પુરી સાડી એવી ચીઠડાં જેવી થઇ ગઇ હતી કે હવે તે પેહરીને રસ્તામાં બાહાર પડવું તેને ભારી પડતું હતું. સપાટ ઉપર સત્તર ઠીગડાં લાગાં હતાં. આખરે એક દાહાડો હીમત ધરીને નજીએ નવી સાડી માંગી.

"જમસેદ, હવે તો એક નવી ટકાઉ સાડી લેજો તો સારૂં. આમાં ચાર પાંચ આંધરાં પડીયાંછ તેથી મન બાહાર કોઇને ઘેર જતાંબી શરમ લાગેછ."

"નજી દીકરા, તું ડાહી થઇને એમ બોલેછ તે મને ગમતું નહીં. આજ કાલની ટચાક છોકરીઓનું એનો કામ. આપરે આપરી સાદી રીત પ્રમાણે રહીએ."

નજીને જરા દુઃખતો લાગ્યું, પણ લોહીનો ગોટ ગળીને હસતું મોહો રાખી બોલી "જેમ તમારી મરજી, પણ તમુને ખરાબ લાગશે કે લખપતી જમશેદજીની બૈરીના આએ અવતાર તો જુઓ."

"ખરાબ શાનું લાગતુતુ. એ કંઇ કાદવ છે કે દીલે વળગી બેસશે ? બોલવાના હોશે તો બોલીને રેહશે. નકામાં દસ પંદર રૂપયા નાખી દેવાના, હમણા એ ચાર મહીના ચલાવ પછી વળી જરા છુટ થશે તારે જોઇશુ."

નજીની આંખમાં આંસુ આવી ગયા જે જોઇ જમશેદ ખશીયાણો પડી બોલ્યો "કરકસર મોટી ચીજ છે, ખાઈ પેહરી લઈએ ને પછી ઘરડે ઘડપણ બીજાને બારણે જઇએ એ વીચારજ ભયંકાર છે. મારી આંખે તો તું પેહરેલી ઓઢેલી છે એટલે બસ, બીજા સાથ તુને શું કામ છે?"

નજી કાંઇ બોલી નહીં. તે માથે હાથ દઇને બેસી રહી. જેમ છાકટ આદમી દારૂના વ્યસનનો ગોલામ છે તેમ એક કંજુસઆી પોતાની આ બદીનો તાબેદાર છે. જમશેદ આવી ડાહી ડાહી વાતો કરતો હતો ખરો પણ પોતાના મન સાથ લજવાતો હતો. ડાહી નજીના જીવને પોતાને ખાતર નહીં પણ જમશેદને ખાતર બળાપો થયો. કંજુસો છતે પૈસે કેવા ભુખે મરી જતા, રખે બતી બળી જાય તે લીધે કેવા અંધારાંમા ગોતાં ખાતા એવી એવી વાતો નજીએ વાંચેલી હતી. તે ગુપચુપ ઊઠીને ગઇ અને પોતાની સાડી અને સપાટ ધણીની સામે લાવીને મુકયાં.

"વાહાલા ધણી, આજ કાલની ચીબાવલી છોકરી હું નથી તેની પુરવારીમાં આએ જુઓ. આએ એકજ સાડી મને પેહરીઆને ચાર વરસ થયાં. બધો એનો રંગ ભંગ ઉડી ગયોછ ને બે ચાર મોટાં ઠીગડાં પડેલાં છે, તેમજ આએ સપાટ હવે કેમ પેહરૂં—પગમાંથી રસતામાં નીકળીબી તો જાયછ. મેં કોઇ દાહાડે તમારી પાસે કપડાંને સારૂં એક દોહોડીયુંબી માગયુંછ ?"

"નહીં—હું કાંહ કેહુંછ ! તું તો ધણી શેઆની છે."

જમસેદે સાડી ફેરવી ફેરવીને જોઇ. લાલ ધાટની સાડી ઉપર કાંદાભાતી લાહેના ઠીગડાં મારેલાં હતાં તેબી ગણુયાં. તે મનથી તો સમજ્યો કે નજી કેહછે તે ખરૂં, પણ પૈસા ! આહ પૈસા !

"જો નજી, બીજા બે મહીના કાહાડી નાખ, ફકત બે મહીના."

"ઠીક છે, તમારી એવીજ ખુશી છે તો તમુને રાજી રાખ-વા હું બે મહીના બાહાર નહીં જવશ."

જમસેદનું દીલ જરા પીગળયું. ટેબલ ઉપર પૈસાની કોઠળી પડી હતી તે ઉપર નજર દોડાવી પણ પૈસા ! પૈસા ! તેની હીમત ચાલી નહીં.

"સબર, નજી, હું પેલું લીલાંઉમાંથી ઇગ્રેજી સોજરનું લાલ વાસકુટ લાયોછ તેને કાપીને તારે દીલ બેસતું આવે એવું કરે તો મજાનું થશે. જા, હું તણુ આના સીલાઈ મારી ગાંઠથી આપશ."

'શ્ચ્યાની સ્ત્રીની ધીરજનેબી કાંઇ હદ હોવી જોઈયે. જમસેદના આ શબ્દોથી નજીની ધીરજની હદ તુટી. તે ત્યાંથી કુદીને ઉઠી અને પોતાની ઠીગડાંવાળી સાડી અને સપાટ લઇને બાહાર જતી રહી. તેના જવા પછી જમસેદે વળી પાછી પોતાની પૈસાની કોઠળી તરફ જોયું. તેના મનમાં આયું કે હવે તો ખરેખર નજીને કાંઇ આપવું જોઈયે નહીં તો વાત બેહુંદી જશે. હું એ બચારીને સમજાવી લેવશ કે તારૂ બીજાન જોવા હું તો મશકરી કરતો હતો. જમસેદ કોઠળી ઊઘાડે અને બંધ કરે પણ રૂપયા કાહાડવાની હીમત ચાલે નહીં, એમ પાંચેક મીનીટ ગઈ હશે એવામાં નજી પાછી ઓરડામાં દાખલ થઇ. તેણીએ પોતાની ફાટેલી ઠીગડાંવાળી સાડી પેહરી હતી અને પગમાં જુની ચીરાયલી સપાટબી હતી.

"જમસેદજી હું જરા મારી બેહેનને ઘેર જાઊંછ, રાતના દીવા વધારવા અગાઊ આવશ."

"બોહોત ખુબ મેમ સાબ," જમસેદે જોયું કે નજીની આંખ આંસુથી ભીંજાયલી અને લાલ થયલી હતી. જમસેદના દીલમાં પસતાવો તો લાગો, પણ પૈસા! આહ! પૈસા તેને કાહડવા ગમ્યા નહીં.

દસ વાગતે પોતે આફીસમાં સીધારયા અને પૈસા નીચવી નીચવીને પેદા કરવામાં દાહાડો કાહાડયો. આફીસમાં તેને નજી પાછી યાદ આવી "નહીં—નહીં આજે સાંજના ઘેર જતાંજ એને કેહું કે એક નવી ટકાઊ પણ સસતી સાડી લે—

આજે સહવારના મેં એને છેક નાશીપાસ કીધી તે ઠીક નહીં કીધું. ચાલો, હવે તો જે બની તે ખરી—સાંજે સમજાવી લઈશું."

સાંજે ઘર જવા જમસેદજી જરા સક્કારેથી નીકળ્યા. તેવણે મન સાથ ઠરાવ કીધો હતો કે હવે કબુ—કબુ—કબુ—નજીને તવલ્લાઊં નહીં—નહીં બસ નહીં. ઓ! પણ આએ મની સ્કુલ આગળ આટલી બધી ગીરદી શાની? શું બનાવ બન્યો છે? લોક ઘભરાયલાં દીસે છે, કનસટેબલો છે અને સીપાઈ-ઓ કોઇને ઉપાડીને એક બાંબુની ઘોલકી ઉપર નાખે છે. તેના ઉપર એક સાડી ઘાંકેલી છે. જમસેદજીએ જોયું. ઓ પેદાના કરનાર! આએ સાડીતો નજીની! આબાદ ડીગડાં, રંગ સર્વે બરાબર ઈધાનીબંધ.

"સબુર—સબુર—સબુર—મને એ બાઇને જોવા દેઓ" જમસેદે ચીશ પાડી.

"એ આદમી તુમારા હય?" એક ગોરા કનસટેબલે પુછ્યું.

જમસેદજીનો જીવ ફરતો હતો. લોકો તેવણુને પકડી રહ્યા. "અમકુ ઉસકા ચેહરા દેખને દેઓ" તેવણ જેમ તેમ બોલ્યા.

લોકોએ ખોલાસો કીધો કે એક ગાડીની નીચે આ બાઈ આવી જવાથી તેણીનો ચેહરો એટલો છુંદાઇ ગયો છે કે બીલકુલ માણુસનો ચેહરો છે એમબી ઓળખાઈ શકાતું નથી.

જમસેદજી માથું કુટવા લાગ્યા "આએ તો મારી ધણી-યાણીજ છે—એની સાડી હું સારી પખે ઓળખુછું."

લોક દીલાસો દીધો "અરે બાવા, સાડીઓ તો ઘણીબી મળતી આવે. આએ તો બચારી છેકજ ચીંઠડેહાલ છે તે તમારી ધણીયાણી કાંહથી હોય? તમારી ધણીયાણી એવી સાત ઠીગડાંની સારી પેહેરેબી?"

આ ઠેકાણે એક સીપાઇ મરનાર બાઈની સપાટ રસતા પરથી ઊંચકી લાવ્યો "બગા શેઠ સાહેબ, એ ફાટકી સપાટ કોણ્ણા ચી?"

તોબાહ! સપાટ જમસેદજીએ તાબડતોબ ઓળખી. નજ-નીજ સપાટ, તેને એક છેડે લાલ ચામડાંની અને બીજે છેડે વારનીસના ચામડાંની ઠીંગડીઓ મારેલી હતી.

"ઓ હું મુઓ—હુ મુઓ—એ તો મારી ધણીયાણીજ છે" એટલું બોલી જમશેદજી બેભાન થઈ ગયા. પણ આ વાર તેવણના કાન પર નીચલો સાદ પડયો. "એની ધણીયા-ણી! અજબ જેવી વાત છે, હુ તો કોઇ ચાકરડી સમજયો."

બીજો કેહ, "અરે તમે એ પારસીને ઓલખોછ કેની, પેલો જમસુ કન્નાસ! બચારી બઇરીને એમજ ફેરવતો હતો!"

સઘળુ સરઘસ રવાનને લઈને જમસેદજીને ત્યાં આવ્યું, કેમજે સહવારના કારોનરની જુરી ભરવાની હતી. લોક જમ-સેદજી ઉપર ફીતકાર નાખતું હતુ. "પૈસા શુ છાતીએ બાંધ-વાનો હતો, સાથે ઘેઆન પર લઈ જવાનો હતો?" ઈત્યાદી અવાજોથી જમસેદનુ મોહોત થયુ. સાંજના સાત વાગેલા હતા. લોક સઘળુ વગે સગે થઈ ગયુ. જમસેદને ઘર કરડવા આવતુ હતું. પોતાના ઓરડામાં એખલો બેસી તે ઝારબેજાર

રડવા લાગો. "ઓ નજી, તેં આખરે મને સજા કીધી, ઓ મારા ફરેસતા, હું કેવો અભાગ્યો કે પંદર વીસ રૂપયાને ખાતર તારી વાજબી માગણી ના પાડી. હવે મારા પૈસામાં કીડા પડે. ઓ એવું જાણતે તો તુને પાંચસો રૂપયાની કસબી સાડી અપાવતે—અરર! મને ઠાર મારી નાખ્યો. હું જુડો તે તારી લાયકી અને કીમત અત્યાર સુધી સમજી નહીં શકયો—હુ હવે શું કરૂં—કાંહ જાણું—નજી મને માફ કરજે—જો તુ બેહસ્તમાં સાંભળતી હોય તો ખરૂં માનજે કે મારો તારા ઉપર જીવ ઘણો હતો. હવે મને મારો જીવ અકારો છે—બસ હવે મારે જીવવું નથી—નજી મારી ઉપર લેઆનત પડી——

"પણ શુ કરવા, મારા જાન" એમ બોલી નજી પછવાડેથી આવીને પોતાના ધણીને વળગી પડી. જમસેદજી તો હબતાઈ ગયા!

નજી બોલી "મારા ધણી, મારા સરદાર, શુ કરવા તું તારા જીવને એટલો જલાવતો હતો? તું મને એટલાં જીગરથી ચાહેછ એ મારે મનથી સો સાડી કરતા વધુ છે. તારૂ મોહોડું કેટલું ઉતરી ગીયુ છ?"

જમસેદ અને નજી એકકને વળગી પડયાં. આખરે નજીએ ખોલાસો કીધો.

"બધો વાંક મારો છે—હુ જારે મારી બેહેનને ઘેર ગઈ તારે મારા દીલમાં ઘણું દુઃખ લાગું હતું. હું બેહેન આગળ ઘણી રડી તારે તેવણે પોતાની એક નવી સાડી ને સપાટની

જોડ કરીને મને પેહરાવી અને રખે આએ જુની ઠીગડાવાળી સારી હું પાછી પેહરૂં કરીને તે અને મારી સપાટ કરીને રોટલી કરવા ડોસી આવી હતી તેને આપી દીધી. આએ ડોસી બચારીને આંખે ઝાંખ મારતું હતું તેને ધોબીતલાવ પર ગાડીનો આંચકો લાગો અને કચડાઇ ગઇ તેટલાં તમે આવી પોંચ્યા અને સાડી તથા સપાટ જોઈને સમજ્યા કે હું મર ગેઈ."

જમસેદજી હવે હરખના આંસુ પાડના લાગા. "મારી નજી બસ આજથી તું માન કે તું મરી નથી ગઇ પણ જમશેદ કનાસ મરી ગીઓ, હવે પછાથી તુ જોજે. મેં એવી સીકસત ખાધી છે કે મારી જીંદગીના છેડા સુધી હું ભુલનાર નથી. તારા ગીયા પછી મને જણાયું કે નાજ મજાહ અને સુખ વગર ખાલી પૈસા નકામા છે."

ઘેર ખાલી કરવાની મજાહ!

"ખાલી કરવાની આપદા શાની! એમાં શું મોટી વાત છે! છટ! છટ! તમે બઇરાંઓ અમથો કાગનો વાઘ કરી મુકોછ. ખાલી કરવામાં એટળી બધી શું મુશકેલી છે જે તું બબે દાહાડા થયા હાય અફસોસ કરે છે. બે ચાર ગાડાં મંગાવ્યાં, ગાંસડા પોતકાં બાંધીને તેમાં ધકેલી દીધાં, ગાડાં હાંકયાં કે ચાલો! લાવની, મને કોઇ સારૂં દામ આપે તો દર આઠ દાહાડે ખાલી કરૂં"—આ પ્રમાણે મેહેરવાનજી બોલ્યા અને ધણીયાંણી સુનાબાઇએ સાંભળ્યું. તે લોકો ઘર ખાલી

કરીને બીજાં ઘરમાં જનાર હતાં તેથી સુનાબાઈને ધરકો પડયો હતો.

"વારૂં ચાલો તારે, આઠ આઠ દાહાડે ખાલી કરતા તો ડોસા થયા પણ આએ વખત જરા હાથ લાગજો, મારે એખલીથી કાંઇ બનવાનું નથી."

"હા—હા ઓ યસ—તુ બસ મને બધું સોંપીને મુગી મુગી બેસ, પછી જો સેવક એક આંખના લેહેજામાં કેવું ટીપ ટાપ કરી નાખેછ તે."

"હા, તમે બધું ખોરપોર કરી નાખો ને પછી બધું વગે સગે કરતાં મારૂં પારસ તેલ નીકળે." સુનાબાઇએ વાંધો લીધો.

"બસ તું મુંગી રેહ. સેવકને તારા કરતાં કાંઇ વધારે અકલ છે."

આતવારને દાહાડે ખાલી કરવાનો દીવસ હતો, અને ભરે-સપતવાર થયો તોબી મેહેરવાનજી તો કાંઈ કરે નહીં તેથી સુનાબાઇએ બે ચાર વાર સુચના કીધી કે થોડું થોડું બાંધ-તાં જઈએ તો સારૂં.

"અત્યારથી શું ધાડ આવીછ? દુન્યાંની મુસાફરી બુસા-ફરીએ નીકલવુંછ કે? નહીં તો વખને જંગબાર જઈને વસવું હોસે. એનું ખાનું ખરાબ થાય એનું. આતવારે જવાનું એટલે સનીવારે સાંજના જે હોય તે વાત."

સુનાબાઇ કાંઇ બોલયાં નહીં, પણુ ઘર ખાલી કરવાની જંજાલ પોતાના ધણી કરતાં વધારે સમજતાં હતાં તેથી મેહેરવાનજી હારીસે સીધારયા પછી થોડું ઘણું કાચકામ આયાની સાથે મળીને વીટાળવા અને પેટીઓમાં ભરવા માડયું અને સાથે સાથે થોડાંક કપડાંબી ભરયાં. સુકરવારે સાંજના સુનાબાઇ બાહાર ગયલાં હતાં તેટલાં મેહેરવાનજી ઝપાટામાં ઘેર આવી લાગ્યા. તેવણુને એક ઠેકાંણે લગણુમાં જવાનું હતું. તુરત પોતાની કુંચી કહાડી અને જામા પીછોડીવાલું ખાતું ઉંધાડયું તે તમામ પરચુટણ સામાણથી તે ભરેલું.

"અંહ! એ રાંડીઆંઓની એજ પીડા—મહીનાં અગાઉથી બધું બાંધી મુકશે. જાણે જામા પીછોડીબી નાહાસી જતા હોય તેમ કોણુ જાણે કાંહ ખોશી મુકયાછ. આયા—આયા—કાંહ ગેઇ રાંડ એ બીલાડી?"

મેહેરવાનજીએ ગોધીઆરૂં કરી મુકયું જે સાંભળીને આયા આવીને ઉભી.

"અંહીં આવ રે, તારાં બાઇ કાંહ સુવાંછ?"

"જી ગીરાન રોડ ગીઆંછ—રાતના આવશે."

"તુંને ખબર છે કે મારો જામો કાંહ સુકયોછ તે?"

"હાજી, તેમાં નો બધાં ગલાસ, ટંબલર લપેટીયાંછ."

"યુ ગધ્ધા, મારા હોકમ વગર મારાં કપડાંને હાથ લગાડવા કોણે કહયું તું—લાવ અત્તર ઘડી મને લગણુમાં જવાનું છે ને વખત થઇ ગીઓ—ચાલ જલદી."

"હું કોહાંથી લાવું જી, મોટી કારી પેટીમાં છેક નીચે છે ને તે ઉપર તો બધી રકાબીઓ ગોઠવી મુકીછ ને કુંચી તો બાઇ પોતાની સાથે લઈ ગીઆંછ."

"અરે તારૂં નખોદ જાયરે તારૂ—પેસતનજી કેવા ગુસ્સો કરશે. વારૂં ધુલ નાખો તમારાં લોકના નામપર બસો ખોબા ભરીને, લાવ એક સોજી ડગલી લાવ, રાતના જમવા જવસ ને જેમ તેમ પેસતનજીને સમજાવશ; બીજુ શું કરૂં."

"જી ડગલીબી એકુ બહાર નથી" આયા ડચાઇને બોલી "બાઈ કહેતાં તાં કે એક દહાડો છે તે કાળો ડગલો ચાલશે તેથી બધી ડગલીઓ તો એક પેટારામા બંધ કરીને ખીલા મારીઆછ. ને તેમાં ઉપરથી બધા ઝુમરના ટાપ મુકેલાં છે."

મેહેરવાનજીને મોહોડે આય સાંભળીને ફીણ ચહડી આવ્યું. તેવણુ ખુનીની પેઠે તકીઓ લઈને આયાને મારના દોડયા "નાપાકની જણી! લાવ એક નવાં મોજાંની જોડ ને મારાં વારનીસના બુટ લાવ, નહીં તો હમણા તોટા પીસસ."

"જી બુટમાંતો ચમચા વીટારીઆછ ને મોજામાં બુચાજીના જરદાળુ બાઈએ ભરીયાંછ.' આટલો ખોલાસો કરીને આયા તાંહાંથી નાહાઠી અને બીકને મારે રાંધણીમાં ભરાઈ ગઈ અને માંહેથી બારણું બંધ કીધુ. મેહેરવાનજીએ આકાળીક કીધું, લગનમાં જવાનો વખત થઇ ગીઓ હતો તેથી નીરાશ થઇને તેવણુ ગાળબેલ દેતા ફરવા ગીયા.

"સારૂં છે કે રોજ ઘેર ખાલી કરવાનું નથી નહીં તો આમેં બાઈરાંઓ સાથ કેમ જીવાય. હવે કાલે બાકીનું પુરૂ કરીને એમથી ને એમબી પીડા કાહાડીએ તો ઠીક. આજેજ ગાડાંનું નક્કી કરતો જાણી."

મેહેરવાનજીએ તાંહના તાંહજ ગાડાં પઠીયાં અને તે લોકના નંબર લઈને જાણે શું એક કામ બજાવ્યુ હોય તેમ નાકના ફીહ્ડાં ફુડકાવતા ઘર આવ્યા. પોતાના કપડાં સામાણો વીટાળવા કામે લીધાં તે બાબે ઘણીયાંણી સાથ થોડીક ટપાટપી થવા પછી મેહેરવાનજીએ જાહેર કીધું કે કાલે સહવારના નવ વાગતે ગાડાં આવશે.

"ગાડાં તો આવશે, પણ સામાણ ભરવા કંઈ માણસનુ કીધું ?" શેઆના સુનાબાઈએ પુછ્યું.

"એક ગામમાં એક કાજીજી વસતાતા—તેની તુંને શું પંચાત ? બાપ લાખ ચાળીશની છોકરી તે વળી સામાણ ભરવા માણસ જોઈયે—બધી ટોંડાળ ખાલી કરવાની છે કેની ! આપરા હાથને શું કુતરાએ કરડયાછ. ગાડાંવાલાઓ છે, આયા છે, હું આરીસમાં નથી જવાનો એટલે વળી બીજા માણસનું શું અચાર કરવાનું છે ?"

"તે તો જેમ તમારી ખુશી—બે હેલકરીઓ હોતે તો દસ આના ખરચ થતે, પણ તે લોકને રાત દીસનો માહાવેરો——

"માહાવેરો ! ગાડાં ભરાવવાનોબી માહાવેરો ! સારૂં ! કાલે ઉઠીને તો તું કેહ તો ખાવા પીવાનોબી માહાવેરો પાડુ—ચાલ.ચાલ જેટલો મોટો અમોરો છે તેટલી તો અક્કળ રાખ."

મેહેરવાનજીને મનથી તો જાણે બધું એવણેજ કીધું—સઘળો સામાણુ પેક થઇ રહયો હતો, પણ ત્રણ ત્રણ દાહાડા સુધી આ પરીણામ લાવવા માટે બચારી સુનાબાઈ પટકાઇ ગઇ હતી. મેહેરવાનજીએ તો આંગળીબી લગાડી ન હતી, પણ તોબી પોતે ઉકમાઇ લેવા લાગ્યા કે "જો, કેટલો વાર લાગો? પેક—પેક—પેક કરયા કરતીતી તારે હવે આએ શું" ઇત્યાદી.

સહવારના ગાડાં આવ્યાં. મોટો મોટો સામાણુ ગાડાંવાળાઓએ મેહેવાનજીની મદદથી ઉતારવા માંડયો. ઈજનેરી સઘળી મેહેરવાનજીના કબજામાં હતી. પેહેલાં મોટી કબટ ઊતારતાંજ દાદરના ત્રણ કટેરાનું ખુન થયું અને કબટની કારનીસ કડાક દઇને ભાંગી. મેહરવાનજી ગુસ્સામાં આવીને અરધે દાદરે ગાડાંવાળાઓને ધપ્પા મારીને બોલવા લાગ્યા એટલે ગાડાંવાળાઓએ કબટ મુકી દાધી અને મેહેરવાનજીના આંગલાંનું સુમારે એક તસુ ગબતરૂં કાહાડીયું. પાણી લાવ—પાણી લાવ—કપરૂં લાવ—કરી મલમ પટો કરીને જેમ તેમ કબટ નીચે ઉતારી. સઘળું ફ્રેંચ પાલીસ ઘસાઈ ગયલું અને બારણા ઊઘડી ગયલાં જોઇ સુનાબાઇ જીવ સાથ બળાપો કરી મુગાં બેઠાં.

મેહેરવાનજી જીદે પડયા હતા. તેવણ યા હોમ ધોળીયાની છત્રીઓ ઊચકીને પોતે ઉતરાવા જતા હતા તેટલાં ચાલગાં ટાંગેલી હાંડીને છેડો લાગો અને ટરાક દેતી હાંડી ગેબ થઇ ગઇ. શું થસું તે જોવા માટે પોતે ફરીઆ તો ગાડાંવાળાની બંદીમાં છત્રીનો સલીઓ ધુસાડી તેમાં કામ કાહાડીયું. હવે મેહેરવાનજીનું લોહી ઉકળવા માંડીયું હતું. ચાટ પડીને તેવણ

વધારે હુશીયારી બતાવવા ગયા. કાચની કબટનું એક ફરકું એખલે હાથે ઊંચકી નીચે લઇ જતા હતા. તેટલાં કબટ માંથાં ઉપર પડી અને કાચ ભાંગીને મેહેરવાનજીના ગળામાં કબટ ઓળવાઇ ગઇ. કાચની અણી અણીમેર પેળી મેર લાગી ને મેહેરવાનજીના ગળાંમાંથી લોહી નીકળવા લાગું. કલા બફોર થઇ ગઇ અને સુનાબાઇએ હાકમી પોતાના હાથમાં લઇને એક વીકટોરીયા ગાડી મંગાવીને તેમાં પેહેલે મારના ભાડુત સાથ મેહેરવાનજીને લોહીથી ઝઝરતા ડાકટરને ઘેર મોકલાવી દીધા.

સાંજના મેહેરવાનજી પાટાપુટી બાંધેલા ઘર આવ્યા ત્યારે સુનાબાઈએ અને આયાએ ઘણો ખરો સામાણ વગે સગે કીધો હતો. મેહેરવાનજીની હુશીયારીથી જેટલાં સામાણનું ખુન થયું હતું તે સઘળો સામાણ એક બાજુએ મુકેલો હતો.

"મેં તમુને કહયુંની—જો દસ આના આ... બે હેલકરી રાખ્યા હતે તો કેવું બધું બરાબર થતે?" સુનાબાઇની હવે બોલવાની વારી આવી.

"અં—અં—તમે બઇરાંઓનો બધો વાંક છે—અં—ઓ—હ—તમે લોક દમપર ઉભાં રહો તે નહીં ઉતા હાથ ધુજે—અં—અં."

મેહેરવાનજીને સેજ બોખાર ચહડી હતી તેથી જઇને સુઈ ગયા. તેવણે મન સાથ સોગંદ લીધા "હવે ઘેરવાલો જોઇએ તો ચાલીસના એંસી ભાડું વધારે પણ મેહેરવાનજી બંદા ઘેર ખાલી કરવાના નથી—ના રેબા!"

ધણીયાણીની સીફતમાં.

નાટક ફાટક ફરતાં લાલ,
વાડી વંતરનો સુકાલ,
લાગે ત્યારે સેહેલું યાર,
શું છે મોહોરદારની દરકાર !

પણ રાતે આવે નવડી વેળ,
હાજર નહીં હોય નવો ખેલ,
વરસાદ પડતો ભારો ભાર,
ત્યારે મોહોરદાર યાદ રે યાર !

કપડાં જ્યા વેર હોય ભરપુર,
સોય દોરાની નહીં જરૂર,
પૈસાની રેલ ભારો ભાર,
શું કામની ત્યારે મોહોરદાર !

પણ ઠીગડાં લાગે બા જે વાર,
તુટે બટન બેસુમાર,
ત્યારે આવે નવો વીચાર,
વન મોહોરદાર સુનો સંસાર !

દોસ્તની ખુબી ન્યારી છે,
પીત્રાઈ બેહેનો પ્યારી છે,
જ્યાં સુધી એ સહુ તૈયાર,
મોહોરદારને જા આગ લગાર !

પણ દોસ્તો જ્યારે દુશ્મન થાય,
પીત્રાઈ એહેનો પરણી જાય,
દીલ જ્યારે ગમગીન અપાર,
વન મોહોરદાર કાંઈ થાશે ઠાર!

જર જોબન સુધી તો ઠીક,
ઉમર મોટી પડશો સીક,
આંખે ઝાંખ ને હાલ હવાલ,
છે મોહોરદાર વન કેમ નીકાલ!

ઘરડા ખખ થઈ જાશો જેમ,
દુકતીઓ ત્યારે આવશે કેમ,
મુવા ડોસાનું શું ભરૂં અચાર,
એમ કેહશે લાયક મોહોરદાર!

ત્યારે વેકો વેહલા શેઆના જન,
લાયક નારસે કરો લગણ,
સંસારનું મોટું સુખ અપાર,
બેશક છે રૂડી મોહોરદાર!

મતફેર.

ઉડાઉ—અરે યાર, પૈસા ગોળ છે તેની મતલબજ એકે [illegible] ગગરી જાય.

કંજુસ—છટ; હું કહુંછ કે પૈસા સરખા ચપટા કીધેલા છે તેની મતલબ એકે એકેક ઉપર ચોડા કરીને ઢગળી થાય.

ઉખાણાનું.

ચાલો બોલો શું સગાઈ?

હું એક વીધવા સાથ પરણ્યો. તેણીને પેટ આગળ ઘેરની એક છોકરી હતી. મારા બાપને શું ભોગ લાગ્યાં કે ઘરડે ઘડપણ આ છોડી સાથ પરણી બેઠા. ત્યારે હવે બન્યું એમ કે મારા પોતાના બાપ મારા જમાઈ થયા, અને મારી પોતાની સાવકી છોકરી મારી સાવકી મા થવા પામી. એકજ સ્ત્રી મારી માયબી થાય ને દીકરીબી થાય, કેમ ખરૂ કેની?

વારૂં આગળ ચાલો. ચંદરોજમાં મારી નવી ધણીયાંણીએ એક દીકરો જણ્યો. મારો આ દીકરો તે મારા બાપનો સાળો થાય, અને સાથે લાગો મારાજ દીકરો મારો સાવકો મામોબી થાય. જરા હવે ગુંચવણ વધવા માંડી છે. મારી સાવકી છોકરી સાથ મારા બાપ પરણ્યા તેઓને તાંહાંબી એક છોકરો આવ્યો. હવે એ મારા બાપનો છોકરો એટલે મારો ભાઈ થયો કેની, તેમજ મારી સાવકી છોકરીનો છોકરો એટલે હું તેનો મમાવો લાગું. માટે રે વાંચનાર, મારી દીકરીનો દીકરો તે મારો ભાઇ! મારી સાવકી માની મા તે મારી મમાઈ, પણ અહીતો મારી મમાઈજ મારી ધણીયાંણી છે તેનું કેમ? હવે બધીતો વાત રહી, પણ હું મારો પોતાનો શું સગો થાઉં?

એક સ્ત્રીનો ખુશીમાં ખુશી દાહાડો એ કે, જે દાહાડે તેણીના લગણના ગીત ચાર દાહાડા આગમજથી ગવાતાં હોય, અને દલગીરમાં દલગીર દાહાડો એ કે, જે દાહાડે તેણીનો એકપુરો ખુચો પાછો થાય.

કંજુસના કરમની કાંહાણી.

પેસતનજી સુમદાસની આંખે મોતીયા પાકા. પાસે નાહાની જેવી પાંચ દસ લાખની પુંજી, એટલે ઘણાં મહીના વીચાર કરી કરીને મોટા ડાકટરને રૂ૨૦૦ આપવાનાં પહીને બેહુ આંખના મોતીયા કહડાવવાનું ઠરાવ્યું. પેસતનજીને જીવે છરી ફરી, પણ તદન અપંગ થઈ ગયા એટલે ઉપાય રહયો નહીં. ડાકટર આવ્યા અને ફતેહમંદીથી એક આંખનો મોતીયો કાહાડયો. પેસતનજી ખુશી થઇ ગયા. " આહ ! હવે મને દેખાયછ, જો મારી તીજોરી સાંમે મુકેલી કેવી સાફ જણાયછ."

આ વાર ડાકટરે તાકીદ કરી કે જલદીથી બીજી આંખનોબી કાહાડી નાંખે તો નીકાલ પને.

"નહીં, બા નહીં - પૈસા કંઇ મફતના આયાછ કે! એક આંખે દેખાયછ ને મારૂં કામ ચાલેછ તારે નકામા રૂ૧૦૦ નાખી દેવાના! નહીં બા, મને એક આંખેજ ચાલશે."

"તું સરસ કે હું."

"અરે ભાઈ શું વાત કરૂં. અમારા બોતાડ ગામમાં ઘણી થાયની ઘણી તે એકક દાનો નરો ખજુરના ઠડીયા જેવડો." મોરારજીની આ ટોપ સાંભળી મુબઈગરા મનચીનું પાકી આવ્યું. તે ઠાવકું મોંહ કરી બોલ્યો "હા ભાઇ હશે એમાં નવાઇ નહીં. એમાંના થોડા ઘણી મારા કાકા પરારને સાલ લાવ્યા હતા તે મુંબઇમાં અમારી વાડીમાં વાવ્યા તો ચોમાસાં પછી ખાસ્સાં પાણી ઉગી નીકળ્યાં અને તે વળી ઉપર માખણ ચોપડેલાં તૈયાર!"

સમજે તેનું મોહોત.

એકવાર હું બાલીવાલાની નાટકશાળામાં એક ઉર્દુ ખેલ જોવા ગયો. આ વાર મારી પાસે એક ઇચમજી જેવો પારસી બેસીને કમકમાટ ઉપજાવે એવી રીતે મોહોડેથી સીસોડી વજાડયા કરતો હતો. આથી મારૂં ઘણુંજ પાકી આવ્યું તેથી તેના ગમ ફરીને બોલ્યો "અંહંહંહં! આએ પીડા તે કેમ ખમાય?"

પેલાએ ડોળા ચહડાવી મારી ગમ જોઇને પુછયું "શું છે? વળી તમુને શું ઓછું પડયું?"

મેં કહયું "મને પેલા બાલીવાલાપર એવી ચીઢ લાગે છે કે જાણે હમણાં ઉઠીને તોફાન કરૂં."

"કાંય વારૂં કાંય?"

"તો જુઓની, કયારનો સ્ટેજ ઉપર આવીને બકબક કરયા કરેછ તેથી તમારી સુંદર સીસોડી મને બરાબર સાંભળવાની તક મલતી નથી."

સમાપ્ત.